પહેલાથી જ બજારનું પરીક્ષણ કર્યું છે. પ્રથમ બેચ પહેલેથી જ વેચાઈ ગઈ છે." દાદલાણીએ તેમની પોસ્ટમાં આ વાત પર ભાર મૂક્યો હતો, જેમાં તેમણે આનંદના યુએસમાં સારા પગારવાળી નોકરી છોડીને વ્યવસાય બનાવવા માટે ભારત પાછા ફરવાના નિર્ણયની પણ પ્રશંસા કરી હતી. એક અલગ લિંક્ડઇન પોસ્ટમાં, તેમણે આનંદને એવા NRIs માટે પ્રેરણા તરીકે વર્ણવ્યું હતું જેઓ ભારત પાછા આવવા અને પોતાનું કંઈક શરૂ કરવા માંગે છે. "આનંદ દરેક NRI માટે પ્રેરણા છે જે ભારત પાછા આવવાનું અને પોતાનું કંઈક બનાવવાનું સ્વપ્ન જુએ છે," દાદલાણીએ લખ્યું. તેમણે ઉમેર્યું કે આનંદ તેઓ ફક્ત ભારતની ઉત્પાદન ક્ષમતા વિશે વાત કરી રહ્યા ન હતા, પરંતુ જોખમ લઈ રહ્યા હતા અને વ્યવસાય બનાવવા માટે પોતાના પૈસા અને પ્રયત્નો લગાવી રહ્યા હતા. "ભારતની ઉત્પાદન ક્ષમતા વિશે વાત કરવાને બદલે, તેઓ રમતમાં ત્વચા લગાવી રહ્યા છે અને તેનું નિર્માણ કરી રહ્યા છે," તેમણે કહ્યું. દદલાણીએ બાઇટડાન્સના ઉત્પાદન ભાગીદાર હોવાનો ગર્વ પણ વ્યક્ત કર્યો, ઉમેર્યું કે ભારતને આનંદ જેવી વધુ વાર્તાઓની જરૂર છે. આ ભાગીદારી એવા ઉદ્યોગસાહસિકો માટે ઉત્પાદન સહાયના વધતા મહત્વને પ્રતિબિંબિત કરે છે જેઓ ભારતમાં પોતાના ઉત્પાદનો વિકસાવવા અને ઉત્પન્ન કરવા માંગે છે. નવા વ્યવસાય માટે, ડિઝાઇન ટેબલથી ઉત્પાદન તબક્કા સુધી ઉત્પાદન મેળવવું પડકારજનક હોઈ શકે છે. ઉત્પાદન ભાગીદારો, ટૂલિંગ સુવિધાઓ અને તકનીકી કુશળતાની એક્સેસ નોંધપાત્ર ફરક લાવી શકે છે. દદલાણીએ કહ્યું કે ટોપસેલ આ સફરમાં ઉદ્યોગસાહસિકોને મદદ કરવા માંગે છે, ઉત્પાદન ડિઝાઇન, ટૂલિંગ, ઉત્પાદન અને ઉત્પાદનમાં સહાય પ્રદાન કરે છે. "આપણને આનંદ જેવા વધુ લોકોની જરૂર છે જે ફક્ત ભારતને ઉત્પાદન કેન્દ્ર બનાવવાની વાત કરતા નથી. તેઓ ખરેખર નિર્માણ કરે છે," તેમણે X પર લખ્યું. મોલ્ડ તૈયાર થયા પછી, પ્રથમ બેચ વેચાઈ ગઈ અને ભારતમાં ઉત્પાદન આગળ વધ્યું એજન્ડામાં, આનંદનું સાહસ એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશી રહ્યું છે. દાદલાણીએ કહ્યું તેમ, ધ્યેય ભારતના ઉત્પાદન ક્ષેત્ર વિશે વાત કરવાથી આગળ વધવાનો છે. દેશમાં જ ઉત્પાદનો બનાવવાનું અને ખરેખર બનાવવાનું. "ભારતમાં બિલ્ડ," તેમણે નિષ્કર્ષ કાઢ્યો.

૧૬ વર્ષનો ભારતીય છોકરો પોતાનું જાર્વિસ બનાવે છે, જે એક ઓફલાઇન વૉઇસ-નિયંત્રિત સ્માર્ટ હોમ છે

**૧૬ વર્ષનો ભારતીય ટેક ઉત્સાહી વ્યક્તિએ લાઇટ અને પંખા ચલાવવા માટે ઑફલાઇન, વૉઇસ-નિયંત્રિત JARVIS સિસ્ટમ બનાવી છે, આયર્ન મે

ધારાસભ્ય કિરીટસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને

ધોળકા શહેરના વિકાસકાર્યો અને નાગરિકોની સુવિધાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઇ

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૧૮

આજ રોજ ધોળકા સર્કિટ હાઉસ ખાતે GUDC, ધોળકા નગરપાલિકા તથા UGVCLના અધિકારીઓ સાથે બેઠક યોજી ધોળકા શહેરના વિવિધ પ્રશ્નો અને વિકાસકાર્યો અંગે ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ સમીક્ષા કરી હતી. આ બેઠકમાં GUDC દ્વારા નવા STP પ્લાન્ટનું કામ ઝડપથી પૂર્ણ કરવા તેમજ ધોળકા તાલુકા સેવા સદનથી મેનાબેન ટાવર, ગધેમારથી સ્મશાનગૃહ, રાંદલમાતા રોડ, સાઇ દર્શન સહિતના ધોળકા શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર નેટવર્કની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા, જેથી ગટર ઊભરાવવાની અને ગંદા પાણીની સમસ્યામાંથી શહેરીજનોને રાહત મળે. સાથે જ UGVCLના ધોળકા શહેર, રૂરલ, કોઠ અને બાવળા



(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

વિભાગના અધિકારીઓને વીજળી સંબંધિત પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા અને નાગરિકોને અગવડતા ન પડે તે માટે સૂચના આપી. ધોળકા નગરપાલિકાને શહેરમાં સ્વચ્છતા પાલન કરાવવા નિર્દેશ કર્યો. આ બેઠકમાં ધોળકા નગરપાલિકાના પ્રમુખ અનામિકાબેન ભટ્ટ, કારોબારી ચેરમેન અનિલભાઇ વાઘેલા, ભાજપ અગ્રણીઓ રાજુભાઇ દેસાઇ, જે.ડી. પટેલ, સંજયભાઇ પટેલ, અશોકભાઇ મકવાણા, GUDC અને UGVCLના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિકોએ માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું

વડોદરામાં કુંભારવાડા વિસ્તારમાં ડહોળા પાણીની સમસ્યાથી લોકો ત્રસ્ત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૮

વડોદરા શહેરના વોર્ડ નંબર-૬ના કુંભારવાડા વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યાને કારણે સ્થાનિક રહીશો પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા એક મહિનાથી ઘરોમાં ડહોળું પાણી આવતું હોવાની રહીશોની ફરિયાદ છે. આ પાણી પીવા લાયક તો નથી જ, પરંતુ અન્ય ઘરવપરાશ માટે પણ ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં નથી. વારંવાર ફરિયાદો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવતાં આજે સ્થાનિક રહીશોએ એકત્ર થઈ માટલાં ફોડી મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે આ સમસ્યા અંગે અનેક વખત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લેખિત તેમજ ઓનલાઇન ફરિયાદો કરવામાં આવી છે. સ્થાનિક કાઉન્સિલરને પણ વારંવાર રજૂઆત કરી છે, તેમ છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. બીજી તરફ, વિસ્તારમાં ગટરના પાણી ઉભરાવાની સમસ્યા પણ યથાવત્ છે. દૂષિત પાણીના કારણે પીવા માટે બહારથી મોંઘા ભાવે પાણીના જગ ખરીદવા પડે છે, જે મોંઘવારીના સમયમાં પરિવારો માટે વધારાનો આર્થિક બોજ બની રહ્યો છે. રહીશોની માગ છે કે, જૂની પાણીની લાઇનની જગ્યાએ નવી પાણીની લાઇન નાખવામાં આવે અને ગટર તથા પાણીની લાઇનની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવતી ન હોવાના કારણે આજે રહીશોએ માટલાં ફોડી વિરોધ નોંધાવ્યો હતો.

જૂનાગઢ જિલ્લા જેલમાં કેદીની મુલાકાતે આવેલા શખ્સોએ ધમાલ મચાવી; કેદી સહિત ૪ સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લા જેલમાં કેદીની મુલાકાતે આવેલ ૩ શખ્સો સહિત કેદીએ ધમાલ મચાવી ખોટી ફરિયાદો કરવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી જેલની સુરક્ષા વ્યવસ્થાને જોખમમાં મુકયાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડિવિઝન પોલીસ મથકે નરેશભાઈ પી.સાંખટ જેલ ગ્રુપ-૨, જૂનાગઢ જિલ્લાજેલએ સંધાર ઉવેશ શરીફભાઈ, અલ્વી સોહિલ ખાલીક હુસેન, ઓસમાન રફીકભાઈ અને એશાન બાબુ મડમ વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે સાંજે ૫:૪૫ કલાકે જૂનાગઢ જિલ્લા જેલ ખાતે કાચા કામના આરોપી એશાન બાબુ મડમની મુલાકાત દરમિયાન આરોપીઓ સંધાર ઉવેશ શરીફભાઈ, (રહે. અગતરાઈ), અલ્વી સોહિલ ખાલીક હુસેન, (રહે. લાખાપીરની દરગાહ પાસે, જૂનાગઢ) ઓસમાન રફીકભાઈ સમા, (રહે. જૂનાગઢ) અને એશાન બાબુ મડમ (હાલ જૂનાગઢ જિલ્લા જેલ)એ એકબીજાની મદદગારી અને ઉશ્કેરણીથી જેલની શાંતિ, શિસ્ત તથા સુરક્ષા વ્યવસ્થાને અસર થાય તેવું વર્તન કરી જેલના ફરજ પરના અધિકારી તથા કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરેલ. જેમાં આરોપી સંધાર ઉવેશ અને અલ્વી સોહિલે કાચા કામના આરોપી એશાન બાબુ મડમને જેલના કર્મચારીઓને ફસાવવા ગળે ફાંસો ખાવા અથવા ફીનાઈલ પીવા ઉશ્કેરેલ તથા જેલ કર્મચારીઓને જાનથી મારી નાખવાની, બહાર જોઈ લેવાની અને ખોટી ફરિયાદોમાં ફસાવી દેવાની ધમકીઓ આપી ઉશ્કેરણીજનક વાતચીત કરી ગાળાગાળી અને ધૂમબરાડા કરતા જેલની શિસ્ત અને સલામતીના કારણોસર મુલાકાત અટકાવવામાં આવતા બંને આરોપીઓએ મુલાકાત રેકોર્ડ કરવાના હેતુથી કર્મચારી પાસેથી જમા રાખેલ મોબાઈલ ફોન બળજબરીથી મેળવવાનો પ્રયાસ કરી ફરજમાં અવરોધ ઊભો કરેલ. જેલર દ્વારા મુલાકાત પૂર્ણ કરી બહાર નીકળી જવાની સૂચના આપવા છતાં તેનું પાલન ન કરી બળજબરીપૂર્વક મુલાકાત ચાલુ રાખી આરોપી સંધાર ઉવેશ શરીફભાઈએ જાહેરમાં ગાળો બોલી 'મને મારો, મને મારો' તેવી બૂમો પાડી પોતાના જ માથા ઉપર મુક્કા મારી જેલ કર્મચારીઓ દ્વારા મારપીટ કરવામાં આવી હોવાની ખોટી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. આમ ઉપરોક્ત ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી અને ઉશ્કેરણીથી જેલના અધિકારી તથા કર્મચારીઓને ધાકધમકી આપી, ગાળાગાળી કરી, ફરજમાં રૂકાવટ ઊભી કરી તથા જેલની શાંતિ, શિસ્ત અને સુરક્ષા વ્યવસ્થાને જોખમમાં મૂકયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એશિયાનું સૌથી મોટું અને સૌરાષ્ટ્રનું પાણિયારું ગણાતા

ઢાંકી પમ્પિંગ સ્ટેશનમાંથી પીવા અને સિંચાઈ માટે પાણી છોડવાની શરૂઆત

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૮

સૌરાષ્ટ્રની તરસ છીપાવવા માટે આખરે મોટા સમાચાર આવ્યા છે. એશિયાના સૌથી મોટા ઢાંકી પમ્પિંગ સ્ટેશનથી દૈનિક ૭ હજાર ક્યુસેક પાણી છોડવાની શરૂઆત કરવામાં આવી છે. આ નિર્ણયથી સૌરાષ્ટ્રભરના ખેડૂતો અને સ્થાનિક લોકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો છે. ઢાંકી પમ્પિંગ સ્ટેશનને સૌરાષ્ટ્રનું પાણિયારું ગણવામાં આવે છે. અહીંથી છોડવામાં આવતું પાણી સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓ સુધી પહોંચે છે અને લાખો લોકોની પાણીની જરૂરિયાત પૂરી કરે છે. ખેતી માટે, પીવા માટે અને પશુધન માટે આ પાણી જીવાદોરી સમાન છે. આ વર્ષે કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદની અછત જોવા મળી હતી, જેના કારણે ખેડૂતો અને લોકો ચિંતામાં હતા. ત્યારે ઢાંકી પમ્પિંગ સ્ટેશનથી પાણી છોડવાની શરૂઆત થતા લોકોએ હાશકારો અનુભવ્યો છે.

આ વખતે વલભીપુર, મોરબી, માળિયા, લીંબડી, બોટાદ, નરસિંહપુરા સહિતની ૯ કેનાલમાં પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કેનાલો મારફતે પાણી સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામડાઓ સુધી પહોંચશે. જે ગામોમાં અત્યાર સુધી પાણીની તંગી હતી, ત્યાં હવે કેનાલમાં પાણી આવતા ખેડૂતો વાવેતર કરી શકશે. પીવાના પાણીની સમસ્યા પણ ઘણી હદ સુધી હલ થશે. સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદ ઓછો થવાના કારણે ડેમો અને જળાશયોમાં પાણીનું સ્તર નીચું ગયું હતું. ખેડૂતોને શિયાળુ પાકના વાવેતર માટે પાણી મળશે કે કેમ તે મોટો પ્રશ્ન હતો. પરંતુ નર્મદા વિભાગે સમયસર નિર્ણય લઈને ઢાંકી પમ્પિંગ સ્ટેશનથી પાણી છોડવાનું શરૂ કર્યું છે. આ પાણી માર્ચ મહિના સુધી છોડવામાં આવશે, જેથી શિયાળુ પાકને પૂરતું પાણી મળી રહે.

ખેડૂતોનું કહેવું છે કે, કેનાલમાં પાણી આવતા જ તેમનામાં નવો ઉત્સાહ આવ્યો છે. ઘણા ખેડૂતોએ પાણીની રાહ જોઈને વાવેતર રોકી રાખ્યું હતું. હવે પાણી આવતા જ તેઓએ ઘઉં, ચણા, જીરું, વરિયાળી જેવા શિયાળુ પાકનું વાવેતર શરૂ કરી દીધું છે. પાણી મળવાથી પાકનું ઉત્પાદન પણ સારું થશે અને ખેડૂતોની આવકમાં વધારો થશે.

ડભોઈમાં રેલવેના પીએસઆઈ એકતા પંડ્યા રૂા.૨૦ હજારની લાંચ લેતા ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૮

ડભોઈ રેલવેના પી.એસ.આઈ. એકતા પંડ્યા રૂા.૨૦,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા છે. ફરિયાદી વિરૂદ્ધ ડભોઈ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલ હતો. જે ગુનાની તપાસ પો.સ.ઈ. એકતા પંડ્યા કરતા હતા. જે પ્રોહીબિશનના ગુનાના કામે આ કામના ફરીયાદી ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતેથી આગોતરા જામીન મંજુર કરાવી ડભોઈ રેલવે પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ. જે વખતે પો.સ.ઈ એકતા પંડ્યાએ ફરીયાદીનો મોબાઈલ ફોન લઈ લીધેલ અને જણાવેલ કે આ મોબાઈલ ફોન જોઈતો હોય તો રૂા.૨૦,૦૦૦/- આપવા તમારે પડશે. જે લાંચની રકમ આ કામના ફરીયાદી આપવા માંગતા ન હોય તેઓએ



એ.સી.બી.નો સંપર્ક કરતા ફરીયાદીની ફરીયાદ આધારે લાંચના છટકાનું આયોજન કરવામાં આવેલ. ટ્રેપ દરમ્યાન ફરીયાદી પાસેથી આરોપીએ રૂા.૨૦,૦૦૦/- લાંચની રકમ માંગણી કરી સ્થળ પર સ્વીકારી પકડાઈ જઈ ગુનો કરેલ છે. આ કેસના ટ્રેપીંગ અધિકારી એસ.કે.ચારેલ પી.આઈ. છોટાઉદેપુર તથા એ.સી.બી. સ્ટાફએ કામગીરી બજાવી છે.

નવસારી : વિદેશી દારૂ સાથે બે આરોપી ઝડપાયા : બે વોન્ટેડ



(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૧૮

નવસારી રૂરલ પોલીસ સ્ટેશને દારૂની ડેરાફેરી સામે મોટી સફળતા મેળવી રૂા.૫,૧૮,૦૦૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે ગણદેવા ખારેલથી સુરત તરફ જતાં એક્સપ્રેસ હાઇવે પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળી સફેદ રંગની મહિન્દ્રા XUV 300 (રજી. નં. GJ-15-CJ-4317) કારને અટકાવી તલાશી લેતાં ગાડીમાં ચોરખાના બનાવી છૂપાવેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હિસ્કીની નાની પ્લાસ્ટિકની કુલ ૮૧૬ બોટલો (કિંમત રૂા.૨,૬૦,૪૦૦/-) મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો, બે મોબાઈલ ફોન અને ગાડી સહિત કુલ રૂા.૫,૧૮,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં શાનુ ઉર્ફે સંજય બિરેન્દ્રભાઈ ચૌબે (રહે. સુરત, મૂળ જબલપુર) અને હરેશભાઈ હિંમતભાઈ ગજેરા (રહે. સુરત, મૂળ ભાવનગર) નામના બે ઈસમોને પકડી પાડવામાં આવ્યા છે. જ્યારે દારૂ ભરી આપનાર વિશાલભાઈ (રહે. દમણ) અને મંગાવનાર શની આસોદરિયા (રહે. ગોડલ)ને વોન્ટેડ જાહેર કરી આગળની કાયદેસરની તપાસ પીએસઆઈ કે.એમ. પાટીલ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી. ભરવાડ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી છે.

વેરાવળમાં જલારામ જયંતી નિમિત્તે શોભાયાત્રા, બાઈક રેલી, રક્તદાન કેમ્પ અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૧૮

વેરાવળ શ્રી લોહાણા મહાજન અને શ્રી ભગવાનજી સુંદરજી નથવાણી વિદ્વાન આશ્રમ સંચાલિત નૂતન જલારામ મંદિરના સંયુક્ત ઉપક્રમે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તે શહેરના મુખ્ય રસ્તાઓ પરથી પસાર થઈ હતી. તેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને ભક્તો જોડાયા હતા. એક દિવસ પહેલાં નૂતન જલારામ મંદિરથી બાઇક રેલી કાઢવામાં આવી હતી. જન્મજયંતિના દિવસે સવારે જલારામ મંદિરમાં પૂજન અને આરતી બાદ સમૂહ જ્ઞાતિ ભોજન કરાયું હતું. બપોરે જલારામ મંદિરથી નગર શોભાયાત્રા નીકળી હતી. શહેરના વિવિધ સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો અને વેપારીઓએ તેનું સ્વાગત કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીએ જલારામ મંદિર સામે રક્તદાન કેમ્પ યોજ્યો હતો.સાંજે લોહાણા બોર્ડિંગ ખાતે સમૂહ જલારામ પ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું. દિવાળી દરમિયાન લોહાણા મહાજને યોજેલી રંગોળી સ્પર્ધાની વિજેતા દીકરીઓને સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરાઇ હતી.

બોડેલીમાં સ્ટ્રીટલાઈટના થાંભલાનું તકલાદી કામ ?

બોડેલી, તા.૧૮

બોડેલી નગરપાલિકાએ લાખો રૂપિયાના ખર્ચે સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ઊભા કર્યા છે. જેની તકલાદી કામગીરીને લઈને લોકબૂમો ઊઠી છે. જેમાં બોડેલી સેવાસદન સામેના એક સ્ટ્રીટલાઈટ થાંભલાના ફાઉન્ડેશનના બોલ્ટ તૂટી જતાં થાંભલો નમી પડ્યો હતો. થાંભલાને સીધો ઊભો રાખવા નીચે નાના-નાના પથ્થર મૂકીને ઊભો રખાયો છે જે ગમે ત્યારે પડી જાય તેવી હાલતમાં છે.

જૂનાગઢ જિલ્લાની સેવામંડળના સેક્રેટરી હેતલ પવારે નડિયાદમાં મેડિકલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૧૮

નાલસા પ્રોગ્રામ અંતર્ગત ૧૦૦ દિવસિય બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન અને પોક્સો અવેરનેસ વીક હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ (ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ)ના મેમ્બર સેક્રેટરી (પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ) હેતલ એમ.પવારની મુખ્ય અધ્યક્ષતામાં ખેડા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજ, નડિયાદ ખાતે પોક્સો એક્ટ અને મેડિકો-લીગલ અવેરનેસ વિષય પર કાર્યક્રમ યોજાયો હતો તેમજ ગુતાલ ગ્રામ પંચાયત ખાતે બાળ કલ્યાણ સંબંધિત વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.



(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદ અને એન.ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડિયાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં એન.ડી. દેસાઈ કોલેજના ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના મેમ્બર સેક્રેટરી હેતલ એમ.પવારે મેડિકલ વિદ્યાર્થીઓ અને તબીબી ઈન્ટર્ન્સને પોક્સો એક્ટ તેમજ તેને સંબંધિત કાયદાકીય અને તબીબી (મેડિકો-લીગલ) બાબતો વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી.

આ પ્રસંગે મેડિકલ વિદ્યાર્થી હર્ષ પારેખે પોક્સો એક્ટ અંતર્ગત મળેલ મહત્ત્વપૂર્ણ જાણકારી બદલ કોલેજ પ્રશાસન અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીનો આભાર માન્યો હતો. ઉપરાંત ગુતાલ ગ્રામ પંચાયત ખાતે આયોજિત બેઠકમાં હેતલ એમ.પવારે હાજર તમામ વિભાગના અધિકારીઓને ખેડા જિલ્લામાં સુરક્ષિત બચપન અભિયાન અંતર્ગત પોક્સો એક્ટ, બાળ વિવાહ મુક્ત ભારત તથા નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત અસરકારક કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમોમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના મેમ્બર સેક્રેટરી (પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ) હેતલ એમ.પવાર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદના ફૂલ ટાઇમ સેક્રેટરી (સિનિયર સિવિલ જજ કેડર) જે.જે. જાદવ, એન.ડી. દેસાઈ કોલેજના ડીન અરૂણ વ્યાસ, એડિશનલ ડીન રવિ ઠક્કર, વકીલ યોગીબેન બારોટ સહિત મોટી સંખ્યામાં મેડિકલ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરામાં કીર્તિસ્તંભ વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા ચોખ્ખું પાણી ગટરમાં વહી રહ્યું છે...!!

ચોખ્ખા પાણીના બગાડ સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૮

વડોદરા શહેરમાં રસ્તાઓ પર વારંવાર ખોદકામ અને સમારકામની કામગીરી નાગરિકો માટે માથાનો દુખાવો બની રહી છે. એક જ સ્થળે થોડા દિવસોના અંતરે ફરી ખોદકામ કરવાની નોબત આવતી હોવાથી નાગરિકોને હાલાકી ભોગવવી પડે છે, તો બીજી તરફ જાહેર નાણાંનો પણ વેડફાટ થઈ રહ્યો હોવાના સવાલો ઊઠી રહ્યા છે. ખાસ કરીને મુખ્ય પાણીની ટાંકીઓની આસપાસ દર મહિને રસ્તા ખોદવા અને સમારકામ કરવાની જાણે પરંપરા બની ગઈ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.આજે કીર્તિસ્તંભ પાસે મુખ્ય માર્ગ પર પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા પીવાનું ચોખ્ખું પાણી રસ્તા પરથી વહીને ગટરમાં જઈ રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે સ્થળે પાણીની લાઈન તૂટી છે ત્યાં માત્ર ૧૫ દિવસ અગાઉ જ સમારકામ કરવામાં આવ્યું હતું.

એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં ઓછા દબાણે અને ઓછા સમય માટે પાણી મળતું હોવાની ફરિયાદો છે, ત્યારે બીજી તરફ ચોખ્ખા પીવાના પાણીનો આ રીતે બગાડ થઈ રહ્યો છે. વારંવાર એક જ સ્થળે ખોદકામ અને સમારકામ કરવાની કામગીરીથી વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

બીજી તરફ પાણી અને ડ્રેનેજની લાઈનમાં ભંગાણ કે અન્ય ખામી સર્જાય તો તેનું સમયસર નિરીક્ષણ અને નિરાકરણ લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આશરે રૂા.૨૦ કરોડના ખર્ચે જીપીએસ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. તેમ છતાં કીર્તિસ્તંભ પાસે વારંવાર સર્જાતી સમસ્યામાં આ ટેકનોલોજીનો કોઈ અસરકારક ઉપયોગ થતો ન હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે. નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે કરોડોના ખર્ચે આધુનિક ટેકનોલોજી વસાવ્યા બાદ પણ જો એક જ સ્થળે વારંવાર પાણીની લાઈન તૂટે અને સમારકામ કરવું પડે તો આવી સિસ્ટમનો ઉપયોગ શું ? વારંવાર ખોદકામ કરવાને બદલે કાયમી ઉકેલ લાવવામાં આવે અને અગાઉ થયેલા સમારકામની ગુણવત્તાની તપાસ કરવામાં આવે તેવી માગ ઊઠી રહી છે.

વેરાવળ : વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

વેરાવળ, તા.૧૮

ગીર સોમનાથ એલસીબીએ વિદેશી દારૂની ૧૦૩ બોટલ સાથે ત્રણ જણને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.ગીર સોમનાથ એલ.સી.બી.પીઆઈ એમ.કે. વણારકાની રાહબારી હેઠળ વેરાવળ સિટી પોલીસ સ્ટાફ શહેરમાં પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન હમીરભાઈને સંયુકતમાં બાતમીન આધારે હુડકો સોસાયટી રોડ પરથી તેજલબેન કાનાભાઈ સોલંકી દે.પુ., રેખાબેન વા/ઓ કાનાભાઈ મેરવાડા દે.પુ. રહે.બન્ને વેરાવળ મફતિયાપરા રિંગરોડવાળા પાસેથી વિદેશી દારૂની બોટલો નં.૯૫ કિં.રૂા.૧૬,૯૪૦/ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન પકડી પાડી ધોરણસરની હાથ ધરી છે. તેમજ હુડકો સોસાયટી રોડ પરથી સુરેશ ભાણાભાઈ બારિયા દે.પુ.રહે. વેરાવળને વિદેશી દારૂ બોટલો નં.૮ કિં.રૂા.૪,૨૬૦/ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોઈના હાંસાપુરાની સગીરાના અપહરણની આશંકા

ડભોઈ, તા.૧૮

ડભોઈ તાલુકાના હાંસાપુરા ગામના રાઠોડિયા દિલીપ અમૃત લાલની સગીર દીકરી ફરતીકુઈ મજૂરી કામે ગયેલ. જે દાદીને મળવા જાઉ છું કહી તા.૬/૧૧/૨૬ના રોજ સવારે દશ વાગ્યે ઘેરથી નિકળેલ દીકરી શોધખોળ કરતા પરત ના આવતા ડભોઈ પોલીસમાં રાવ કરવામાં આવી છે.

બનાવની વિગત પ્રમાણે તા.૬/૧૧/૨૬ના રોજ પોતાના દાદી ફરતીકુઈ ખાતે મજૂરી ગયેલા હોય સગીર યુવતી મળવા ગયેલ જેની તપાસ કરતા દાદીને મળવા આવેલ નથી એમ જાણ થતાં સગાસંબંધીઓમાં તપાસ કરતા સગીર યુવતી મળી ના આવતા ડભોઈ પોલીસને જાણ કરવામાં આવી છે. ડભોઈ પોલીસે બી ગુનો નોંધી તપાસ આદરી છે. ડભોઈ પોલીસ મામલાની ગંભીરતા સમજી ઝીણવટભરી તપાસ આદરે તેવી પરિવારજનોની લાગણી છે.

ચોરવાડના ખેરા નજીક અકસ્માતમાં એકનું મોત

જૂનાગઢ, તા.૧૮

ચોરવાડના ખેરા ગામ નજીક બે મોટર સાયકલો વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં એકનું મોત નિપજયાનો બનાવ ચોરવાડ પોલીસ મથકે નોંધાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે અર્પીતભાઈ બચુભાઈ પરમારે સ્કૂટી નં. જીજે-૧૧-સીકે-૦૬૩૯ના ચાલક વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી સ્કૂટી પુરઝડપે અને ગફલત રીતે ચલાવી ઓવરટેક કરતી વખતે ફરિયાદીના ભાઈ સુમીતભાઈની બુલેટ સાથે ભટકાવતા ફરિયાદીના ભાઈ નીચે પડી જતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજયું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા નજીક બોલેરો ડિવાઈડર કૂદી આઈશર સાથે અથડાતા એકનું મોત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૮

વડોદરા નજીક નેશનલ હાઈવે-૪૮ પર અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં બે અકસ્માત સર્જાતાં હાઈવે પર વાહનચાલકોની સલામતી સામે સવાલો ઊભા થયા છે. એક અકસ્માતમાં બોલેરો ડિવાઈડર કૂદીને સામેથી આવી રહેલા આઈશર સાથે અથડાતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે આઈસરચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, નાઈટ્રોજન ગેસ ભરી આવતું આઈશર ટેમ્પો હાલોલથી સુરત તરફ જઈ રહ્યું હતું ત્યારે સામેથી આવતા બોલેરો વાહનચાલકે કાબૂ ગુમાવતાં વાહન ડિવાઈડર કૂદીને બીજી તરફ પહોંચી ગયું હતું અને સામેથી આવી રહેલા આઈસર સાથે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતને પગલે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું અને ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત આઈશરચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે અકસ્માતમાં બોલરોના ચાલકનું મોત નીપજ્યું હતું. હરણી પોલીસે બનાવ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજા બનાવમાં તરસાલી ચોકડી પાસે દાવત રેસ્ટોરન્ટ સામે એક ૩૦ વર્ષીય અજાણ્યો યુવક રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે એક અજાણ્યા વાહને તેને ટક્કર મારતા યુવકનું મોત નીપજ્યું હતું. વડોદરા નજીક નેશનલ હાઈવે-૪૮ પર ૨૪ કલાકમાં બે અકસ્માત સર્જાતાં હાઈવે પર વાહનચાલકોની સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાને લઈને ચિંતા વધી છે. વારંવાર સર્જાતા અકસ્માતોને રોકવા માટે વાહનચાલકોમાં જાગૃતિ અને માર્ગ સલામતીના નિયમોનું પાલન જરૂરી બન્યું છે.

CNGના ભાવ વધતાં ભરૂચ જિલ્લાના રિક્ષાચાલકોની કલેક્ટરને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૮

CNGના સતત વધી રહેલા ભાવના વિરોધમાં ભરૂચના રિક્ષાચાલકો રિક્ષા સાથે કલેક્ટર ઓફિસ પહોંચ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

CNG ગેસના સતત વધતા ભાવથી ભરૂચ જિલ્લાના રિક્ષાચાલકોની આર્થિક સ્થિતિ કફોડી બની હોવાના આક્ષેપ સાથે જય ભારત ઓટો રિક્ષા એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. એસોસિએશનના પ્રમુખ આબિદ મિર્ઝાની આગેવાની હેઠળ રિક્ષાચાલકોએ રજૂઆત કરી હતી કે ગુજરાત ગેસનો CNG ભાવ પ્રતિ કિલો રૂા.૯૩.૭૬ અને અદાણી CNGનો ભાવ રૂા.૧૦૦ સુધી પહોંચતા રિક્ષાચાલકો માટે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. જેથી CNGના ભાવમાં ઘટાડો કરવામાં આવે અથવા રિક્ષાચાલકોને ગેસમાં સબસ

મોંઘવારી-બેરોજગારી મુદ્દે સરકારને ઘેરવાની તૈયારી

કોંગ્રેસ પ્રભારી સૂરજેવાલાની અગ્રણી નેતાઓ સાથે બેઠક : ચૂંટણી માટે રોડમેપ તૈયાર

ખેડૂતો લોહીના આંસુથી રડી રહ્યા છે : કોંગ્રેસ પ્રભારી સૂરજેવાલા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં આગામી રાજકીય લડાઈ માટે કોંગ્રેસે જનતાને સ્પર્શતા પ્રશ્નોને કેન્દ્રમાં રાખવાની કવાયત શરૂ કરી છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપ સિંહ સૂરજેવાલા બે દિવસીય ગુજરાત પ્રવાસે અમદાવાદ પહોંચ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની સમસ્યાઓ અને ખેતમજૂરોના પ્રશ્નો મુદ્દે રાજ્ય સરકારને ઘેરવા માટે પક્ષના નેતાઓ સાથે રણનીતિ ઘડી રહ્યા છે.

અમદાવાદ આગમન બાદ સૂરજેવાલાએ મોંઘવારીના મુદ્દે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ૨૫થી ૪૦ ટકા સુધીનો વધારો થયો છે. પરિણામે સામાન્ય પરિવારો અને ખાસ કરીને ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે, ઓઈલ કંપનીઓએ રૂા.૩૫ હજાર કરોડનો નફો કમાયો છે, જ્યારે મોંઘવારીનો બોજ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહ્યો છે. સુરજેવાલાના બે દિવસીય પ્રવાસ દરમિયાન પ્રદેશ કોંગ્રેસની પોલિટિકલ અફેર્સ કમિટી, ધારાસભ્યો અને પૂર્વ સાંસદો સાથે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોમાં રાજ્ય અને દેશને અસર કરતા વિવિધ જનહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. ખાસ કરીને વધતી મોંઘવારી, યુવાનોમાં બેરોજગારી, ખેડૂતોની પડતર સમસ્યાઓ અને ખેતમજૂરોની સ્થિતિ જેવા મુદ્દાઓ પર પક્ષના નેતાઓ સાથે મંથન કરવામાં આવી રહ્યું છે. આ પ્રશ્નોને સંગઠનાત્મક અને રાજકીય સ્તરે કેવી રીતે ઉઠાવવા તથા જનતા સુધી પહોંચાડવા તે અંગે પણ ચર્ચા થવાની છે.

કોંગ્રેસ આગામી સમયમાં મોંઘવારી અને બેરોજગારી સહિતના મુદ્દાઓને વધુ આક્રમક રીતે ઉઠાવવાની તૈયારીમાં છે. પક્ષનું માનવું છે કે, સામાન્ય નાગરિકોને અસર કરતા પ્રશ્નોને રાજકીય ચર્ચાના કેન્દ્રમાં લાવી સરકારને જવાબ આપવા માટે મજબૂર કરી શકાય. સુરજેવાલાના આ પ્રવાસને ગુજરાતમાં કોંગ્રેસની આગામી રાજકીય અને સંગઠનાત્મક તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે.

ગુજરાતમાં વધતી મોંઘવારીને લઈને લોકો ચિંતિત બન્યા છે. ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, પેટ્રોલ-ડીઝલ, CNG અને PNG સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થતાં સામાન્ય પરિવારોના ઘરગથ્થુ બજેટ પર વધતો બોજ પડ્યો હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. વધતા ખર્ચ વચ્ચે મધ્યમ વર્ગ અને ગૃહિણીઓ માટે રોજિંદા જીવનનું સંચાલન મુશ્કેલ બની રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. મોંઘવારીના મુદ્દે સરકાર સામે આક્રમક વલણ અપનાવતા કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે, જીવનજરૂરી વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્યતેલના ભાવમાં થયેલા વધારા સાથે પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવની અસર પણ પરિવહન તથા અન્ય ચીજવસ્તુઓના ખર્ચમાં જોવા મળી રહી છે. ખાસ કરીને ઈંધણના ભાવ વધવાથી માલસામાનના પરિવહન ખર્ચમાં વધારો થઈ શકે છે, જેનો સીધો કે આડકતરો પ્રભાવ ગ્રાહકોના બજેટ પર પડે છે. રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ પ્રાથમિક ચીજવસ્તુઓમાં મોંઘવારીનો દર સપ્ટેમ્બરના ૮.૬૩ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૯.૨૪ ટકા થયો હોવાનો દાવો છે. ઈંધણ અને વીજળી ક્ષેત્રે પણ વધારો દર્શાવવામાં આવ્યો છે. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ તથા વીજદરમાં વધારા અંગે પણ સરકારની નીતિઓ સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

પ્રેરણા સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે અધ્યક્ષે કર્યો સંવાદ

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ઐતિહાસિક નગરી વડનગરના વિવિધ સ્થળોની લીધી મુલાકાત

આર્કિયોલોજિકલ મ્યુઝિયમ અને રેલવે સ્ટેશન સહિતના પ્રકલ્પો નિહાળ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે ઐતિહાસિક નગરી વડનગર ખાતે આયોજિત વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં સહભાગી થયા હતા. આ ગરિમામય અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન અધ્યક્ષે વડનગરના પૌરાણિક અને વિકાસલક્ષી સ્થળોનું નિરીક્ષણ કરીને અહીંની વિરાસત અંગે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઓમ બિરલાએ વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ પ્રેરણા સ્કૂલ પહોંચ્યા હતા. પ્રેરણા સ્કૂલમાં અધ્યક્ષે વિદ્યાર્થીઓ સાથે અત્યંત મૈત્રીપૂર્ણ અને સહજ વાતાવરણમાં સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓના શિક્ષણ અને તેમની પ્રવૃત્તિઓ વિશે વિગતો મેળવીને તેમને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ લોકસભા અધ્યક્ષે વડનગરની કલા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરતા 'મ્યુઝિક ઓફ મ્યુઝિક', બી.એન. હાઈસ્કૂલ તેમજ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, તેમણે આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમની મુલાકાત લઈને વડનગરના હજારો વર્ષ જૂના પુરાતત્વીય ઈતિહાસ અને ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષો વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. સમગ્ર મુલાકાત દરમિયાન વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વડનગરના વિવિધ પ્રકલ્પોની વિશેષતાઓથી લોકસભા અધ્યક્ષને અવગત કર્યા હતા.



ગુજરાત MD ડ્રગ્સના તાર રાજસ્થાન સુધી

પ્રતાપગઢના જંગલમાંથી NCBએ બે ડ્રગ્સ માફિયા ઝડપ્યા : અમદાવાદ લવાશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

અમદાવાદના સરખેજમાં ઝડપાયેલી MD ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીના તાર હવે રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી પહોંચ્યા છે. NCBએ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના જંગલોમાં મોડી રાત્રે સર્ચ ઓપરેશન હાથ ધરી નાર્કોટિક્સના ટ્રેઈન્ડ ડોગની મદદથી બે ડ્રગ્સ માફિયા અખ્તર અને જુનેદને ઝડપી પાડ્યા છે. બંને આરોપીઓને અમદાવાદ લાવવા માટે ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ધરપકડથી ગુજરાત અને રાજસ્થાન વચ્ચે કાર્યરત ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે. અમદાવાદના સરખેજ ખાતે આવેલા બંગલાના ભોયરામાંથી NCBએ MD ડ્રગ્સ બનાવવાની મીની ફેક્ટરી ઝડપી પાડી હતી. દરોડામાં ૧૩૦ કિલો ડ્રગ્સ બનાવવાનું મટીરિયલ, કેમિકલ્સ અને સાધનસામગ્રી જપ્ત કરી મુદ્દસર પઠાણની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા શખ્સોનાં નામ સામે આવ્યાં હતાં. ત્યારબાદ અમદાવાદ અને રાજસ્થાન NCBની ટીમોએ સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. ત્યારે અખ્તર અને જુનેદની ધરપકડ બાદ હવે રાજસ્થાનના અક્રમ અને મધ્યપ્રદેશના મંદસોરના દાનિશને પકડવા NCBની ત્રણ ટીમો દોડધામ કરી રહી છે. આ બંનેની ધરપકડ થાય તો MD ડ્રગ્સના ઉત્પાદનથી લઈને સપ્લાય સુધીની આખી કડી ખુલવાની શક્યતા છે. બીજી તરફ મુદ્દસરની કોલ ડિટેઈલ્સ અને પૂછપરછના આધારે ડ્રગ્સ કોને સપ્લાય કરવાનું હતું તેની તપાસ ચાલી રહી છે. જપ્ત કરાયેલા કેમિકલ્સમાંથી કેટલા પ્રમાણમાં MD ડ્રગ્સ તૈયાર થઈ શકતું હતું અને અન્ય નશાકારક પદાર્થો બનાવવાની ક્ષમતા હતી કે કેમ તે FSL રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. માત્ર ત્રણ દિવસમાં બે મુખ્ય આરોપીઓને ઝડપી લેતાં NCBની કાર્યવાહીથી ડ્રગ્સ નેટવર્કમાં ફફડાટ ફેલાયો છે. NCBના ઝોનલ ડાયરેક્ટર ધનશ્યામ સોનીએ જણાવ્યું હતું કે, બંને આરોપીને અમદાવાદ NCBની ટીમે ઝડપ્યા છે. બંને આરોપીને આવતીકાલે અમદાવાદ લાવીને તપાસ કરવામાં આવશે.

નિર્ણયનગરમાં ભીષણ આગ બાદ કેમિકલનાં ડ્રમમાં બ્લાસ્ટ થતાં અફરાતફરીનો માહોલ

● આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી ફેલાતાં ભયનો માહોલ ● ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

અમદાવાદ : શહેરના નિર્ણયનગર વિસ્તારમાં બુધવારે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. ત્રિશા હોસ્પિટલ પાસે આવેલા ખુલ્લા મેદાનમાં રોડ બનાવવાના સામાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. દરમિયાન કેમિકલ ભરેલા ડ્રમમાં બ્લાસ્ટ થતાં લોકોમાં દોડધામ મચી હતી. જોકે, ફાયર વિભાગની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

મળતી માહિતી મુજબ, નિર્ણયનગરમાં કોર્પોરેશનના પ્લોટ નજીક રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ વિજય ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડને આપવામાં આવ્યો હતો. આ કામગીરી માટે ઉપયોગમાં લેવાતી રબરની રિંગો, કેમિકલ અને અન્ય સામગ્રીનો વધારાનો જથ્થો ખુલ્લા મેદાનમાં રાખવામાં આવ્યો હતો. આ સામાનમાં અચાનક આગ લાગતાં જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ સ્થળ ફટાકડાની દુકાનની પાછળ હોવાથી પણ ચિંતાનો માહોલ સર્જાયો હતો. આગ દરમિયાન ઘટનાસ્થળે પડેલા કેમિકલના ડ્રમમાં બ્લાસ્ટ થયો હોવાનું ફાયર વિભાગે જણાવ્યું હતું. બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી ફેલાતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાસ્થળે હાજર સિક્યુરિટી ગાર્ડે ધુમાડો અને આગ દેખાતાં તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ એક મિની ફાયર ફાઈટર અને એક ગજરાજ સહિત બે વાહનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી.

ડિવિઝનલ ફાયર ઓફિસર અને સ્ટેશન ફાયર ઓફિસરની હાજરીમાં ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવામાં આવતાં મોટી દુર્ઘટના ટળી છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું સામે આવ્યું છે. હવે આગ લાગવાના કારણ અને નુકસાન અંગે વધુ વિગતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આદિજાતિ ખેડૂતો માટે મહત્ત્વનો નિર્ણય

રાજ્યના આદિજાતિ ખેડૂતોને હવે રવિ પાક માટે પણ કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ

ખેડૂતોને બિયારણ અને ખાતરની કિટનું વિતરણ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં આદિજાતિ ખેડૂતોનાં વિકાસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. રાજ્યની કૃષિ વૈવિધ્યીકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ખરીફ ઋતુમાં જેમ બિયારણ અને ખાતરની સહાય આપવામાં આવે છે એ જ રીતે ચાલુ વર્ષથી આ સહાય રવિ પાક માટે આપવામાં આવશે.

જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭માં કૃષિ વૈવિધ્યકરણ યોજના (રવિ ઋતુ) હેઠળ આ યોજનાનો અમલ શરૂ થઈ ગયો છે. ચાલુ વર્ષે આદિજાતિ ખેડૂતો પાસેથી રવિ પાક માટે સહાય મેળવવા માટે અરજીઓ મંગવવામાં આવી હતી. આ યોજના હેઠળ ૪૮,૧૯૦ ખેડૂતોને લાભ આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા આદિજાતિ ખેડૂત માટે કૃષિ વૈવિધ્યીકરણ યોજના વર્ષ ૨૦૧૨થી શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત અત્યારસુધીમાં ૧૫.૭૦ લાખ આદિજાતિ ખેડૂતોને લાભ મળ્યો છે. યોજના હેઠળ ખેડૂતોને બિયારણ અને ખાતરની કિટ પૂરી પાડવામાં આવે છે, જેથી આદિવાસી વિસ્તારોમાં કૃષિ ઉત્પાદકતામાં વધારો થાય અને પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન મળે. આદિજાતિ ખેડૂતોને ખરીફ પાકની જેમ રવિ પાકમાં બિયારણ અને ખાતરની સહાય મળે તેવી યોજના ગોઠવવામાં આવી છે. રાજ્યનાં આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં બિયારણ અને ખાતરનાં વિતરણની શરૂઆત થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૨-૨૩થી કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ખરીફ ઋતુ હેઠળ આદિજાતિ ખેડૂતોને મગફળી, સોયાબીન, જુવાર, ડાંગર, રીંગણ, અડદ, તુવેર, રાગી (નાગલી), ભીંડા અને બાજરી સહિતના પાકોમાંથી કોઈ એક પાકના બિયારણની સહાય આપવામાં આવે છે. પસંદ કરેલા પાક મુજબ એક એકર જમીનમાં વાવેતર માટે જરૂરી બિયારણ તથા ખાતરનો જથ્થો આપવામાં આવે છે. આ સહાયનો હેતુ ખેડૂતોના ખેતી ખર્ચનો બોજ ઘટાડવા, કૃષિ ઉત્પાદકતા વધારવા અને આદિવાસી વિસ્તારોમાં પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન આપવાનો છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં: મુખ્ય પાકમાં ઘઉં, ચણા અને મકાઈ પૈકી કોઈ એક બિયારણ અને તેની સાથે ટામેટા, ભીંડા અને રીંગણનું બિયારણ. ખાતરમાં (પ્રોમ ૫૦ કિલો ૧ બેગ, એમોનિયમ સલ્ફેટ-૫૦ કિલો ૧ બેગ તથા એન.પી.કે. કોમ્પોર્ટિયા બોટલ) આપવામાં આવશે.

ભરબજારમાં જ્વેલર્સ પર હુમલાથી ચકચાર

વાપીમાં જ્વેલર્સ પર જીવલેણ હુમલો, રૂા.૫ કરોડની ખંડણી માટે ધમકી !

એક આરોપીને લોકોએ ઝડપી લીધો; ફરાર બંને આરોપીઓ પણ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

વાપી ટાઉનની મહાત્મા ગાંધી માર્કેટમાં અભિષેક જ્વેલર્સના સંચાલક લલિત જૈન પર મંગળવારે બપોરે છરા વડે જીવલેણ હુમલો થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, લલિત જૈન માર્કેટના પહેલા માળે આવેલા શૌચાલયમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે ત્રણ શખ્સોએ તેમને ઘેરી લીધા હતા. આરોપીઓએ કોઈ તક આપ્યા વિના તેમના શરીરના જુદા-જુદા ભાગો પર સાતથી વધુ વખત છરાના ઘા ઝીંક્યા હતા અને ત્યારબાદ ફરાર થઈ ગયા હતા. હુમલા બાદ ત્રણેય આરોપીઓ ભાગવા લાગ્યા હતા. આ દરમિયાન માર્કેટમાં હાજર લોકોએ 'ચોર-ચોર'ની બૂમો પાડી એક આરોપીને ઝડપી લીધો હતો અને તેને પોલીસને સોંપ્યો હતો. ગંભીર રીતે ઘાયલ લલિત જૈનને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વાપી ટાઉન પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે આસપાસની દુકાનોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજની તપાસ શરૂ કરી હતી. ફરાર બે આરોપીઓને ઝડપી પાડવા LCB અને સ્થાનિક પોલીસની ટીમોએ શોધખોળ હાથ ધરી હતી. બાદમાં બંને આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, થોડા મહિના અગાઉ અભિષેક જ્વેલર્સના પ્રદીપ જૈનના મોબાઈલ પર રૂા.૫ કરોડની ખંડણીની માંગ સાથે ધમકીભર્યા ફોન કરવામાં આવ્યા હતા. હાલના હુમલાનું કથિત કારણ આ ખંડણીનો મામલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. જોકે સમગ્ર ઘટનાના કારણો અને આરોપીઓની ભૂમિકા અંગે વધુ તપાસ ચાલી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ત્રણેય આરોપીઓ છેલ્લા બે-ત્રણ દિવસથી માર્કેટની આસપાસ શંકાસ્પદ રીતે બેસીને રેકી કરતા હતા. કેટલાક વેપારીઓએ પણ તેમને અગાઉ જોયા હોવાનું જાણવા મળે છે. ભરચક બજારમાં બનેલી આ ઘટનાથી વેપારીઓ અને સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે. પોલીસે આરોપીઓની પૂછપરછ સાથે સમગ્ર ખંડણી કાવતરાની વધુ તપાસ હાથ ધરી છે.

રિવરફ્રન્ટ પર અસામાજિક તત્વોનો આતંક

અટલ બ્રિજ નજીક યુવકને ઘેરી લઈ ૬-૭ શખ્સોએ જાહેરમાં માર માર્યો

વીડિયો વાઈરલ થતાં પોલીસે CCTVને આધારે તપાસ શરૂ કરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર અસામાજિક તત્વોની દાદાગીરીની વધુ એક ઘટના સામે આવી છે. રિવરફ્રન્ટ ઈસ્ટ પર અટલ બ્રિજની શરૂઆત નજીકના વૉક-વે પર ૬થી ૭ જેટલા શખ્સોએ એક યુવકને ઘેરીને જાહેરમાં માર માર્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ભરચક અને પ્રવાસીઓની અવરજવર ધરાવતા વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. વાયરલ થયેલા વીડિયોમાં કેટલાક શખ્સો યુવકને ઘેરીને તેની સાથે મારપીટ કરતા જોવા મળે છે. મળતી માહિતી મુજબ, ટોળકીએ યુવકને અનેક લાફા માર્યા હતા. યુવક પ્રતિકાર કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાનું અને જાહેરમાં તેની સાથે મારપીટ કરવામાં આવી હોવાનું વીડિયોમાં જોવા મળે છે.

આ ઘટના ૧૭ નવેમ્બરે બની હોવાનો પ્રાથમિક અંદાજ છે. જોકે, હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો હતો અને યુવક તથા હુમલાખોરો વચ્ચે અગાઉ કોઈ વિવાદ હતો કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અમદાવાદ પોલીસ હરકતમાં આવી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. વીડિયોમાં દેખાતા શખ્સોની ઓળખ કરવા માટે રિવરફ્રન્ટ અને આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. પોલીસ મારનો ભોગ બનેલા યુવકની ઓળખ તેમજ હુમલાનું ચોક્કસ કારણ જાણવા પણ પ્રયાસ કરી રહી છે. આરોપીઓની ઓળખ થયા બાદ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદનું મુખ્ય પ્રવાસન સ્થળ છે અને અહીં મોટી સંખ્યામાં પરિવારો તથા સહેલાણીઓની અવરજવર રહે છે. આવા જાહેર સ્થળે ટોળકી દ્વારા મારામારીની ઘટના સામે આવતાં સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઈ છે. સિક્યુરિટી ગાર્ડ અને CCTV વ્યવસ્થા હોવા છતાં આવી ઘટના કેવી રીતે બની તે અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. પોલીસે આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

ફુગ્ગાની લાલચ આપી બાળકને ઘરે બોલાવ્યો

અમદાવાદમાં ૬ વર્ષના બાળક સાથે દુષ્કર્મ કરનાર યુવકને ૨૦ વર્ષની જેલ

આ ચુકાદા દ્વારા બાળ સુરક્ષા અને સગીર બાળકો વિરૂદ્ધના જાતીય ગુનાઓમાં કાયદાકીય કાર્યવાહીનું મહત્ત્વ ફરી એકવાર સામે આવ્યું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં માસૂમ બાળકોની સુરક્ષાને લઈને ચિંતાજનક કિસ્સામાં અમદાવાદની પોક્સો વિશેષ અદાલતે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

નારણપુરા વિસ્તારમાં છ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવાના કેસમાં ૨૬ વર્ષીય આરોપી ગૌતમ ઠાકોરને કોર્ટે ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે. આરોપીએ બાળકને ફુગ્ગો અપાવવાની લાલચ આપીને પોતાના ઘરે બોલાવ્યો હતો અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. કોર્ટે પીડિત બાળકને રૂા.૪ લાખનું વળતર ચૂકવવા માટે પણ આદેશ કર્યો છે.

કેસની વિગતો મુજબ, આરોપી ગૌતમ ઠાકોર છ વર્ષના બાળકની પડોશમાં રહેતો હતો. આ ઓળખાણનો લાભ લઈને તેણે બાળકને ફુગ્ગો અપાવવાની લાલચ આપી પોતાના ઘરે બોલાવ્યો હતો. ત્યારબાદ આરોપીએ માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ ઘટનાને કારણે બાળકને ભારે શારીરિક અને માનસિક પીડા થઈ હતી.

ઘટના બાદ પીડિત બાળક પીડા અને ગભરાટની સ્થિતિમાં પોતાના ઘરે દોડી આવ્યું હતું. ત્યારબાદ તે ઊંઘું સૂઈ ગયું હતું. બાળકના વર્તનમાં ફેરફાર અને તેની ગભરાયેલી સ્થિતિ જોઈ માતાએ પૂછપરછ કરી હતી. આ દરમિયાન બાળકે પોતાની સાથે બનેલી સમગ્ર ઘટનાની હકીકત માતાને જણાવી હતી. જેથી માતાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. આ મામલે નારણપુરા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ BNS અને પોક્સો એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટની પોક્સો વિશેષ અદાલતમાં ચાલ્યો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરે રજૂ કરેલી દલીલો, સાક્ષીઓ અને પુરાવાઓને ધ્યાનમાં રાખીને વિશેષ જજ એચ.એન. દેસાઈએ આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

કોર્ટે આરોપી ગૌતમ ઠાકોરને ૨૦ વર્ષની જેલની સજા ફટકારવાની સાથે પીડિત બાળકને રૂા.૪ લાખનું વળતર ચૂકવવા સંબંધિત ઓથોરિટીને આદેશ કર્યો છે. આ ચુકાદા દ્વારા બાળ સુરક્ષા અને સગીર બાળકો વિરૂદ્ધના જાતીય ગુનાઓમાં કાયદાકીય કાર્યવાહીનું મહત્ત્વ ફરી એકવાર સામે આવ્યું છે.

રાજકોટમાં ચાલુ ટ્રેનમાંથી યુવક નીચે પટકાયો : બન્ને પગ કપાતા કમકમાટી ભર્યું મોત

(સંવાદદાતા દ્વારા) તા.૧૮

જબલપુરથી રાજકોટ આવતી ટ્રેન ભગવતીપરા પુલ નીચેથી પસાર થતી વખતે કોચના દરવાજા પાસે ઉભેલો યુવક અચાનક નીચે પટકાતા યુવકના બંને પગ કપાઈ જતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ, બેડી માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કામ કરતો અને ઓરડીમાં ભાઈઓ સાથે રહેતો રામચંદ્ર ગયાપ્રસાદ (ઉ.વ.૨૬)નો યુવક ગઈકાલે બપોરે બારેક વાગ્યે જબલપુર-સોમનાથ ટ્રેનમાં બંને ભાઈ સાથે વતનથી રાજકોટ આવી રહ્યો હતો ત્યારે ટ્રેન ભગવતીપરા બ્રિજ નીચેથી પસાર થઈ રહી હતી ત્યારે યુવક કોચમાંથી નીચે પટકાતા બંને પગ કપાઈ ગયા હતા. યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ થતા બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી. રામચંદ્ર અને તેના બે ભાઈઓ દિવાળી હોવાથી વતનમાં ગયા હતા અને ગઈકાલે જ રાજકોટ પરત આવવા નીકળ્યા હતા. ટ્રેનમાં ટ્રાફિક હોવાથી કોચના દરવાજા પાસે અમે ઊભા હતા દરમિયાન કોઈએ ધક્કો મારી દેતા ભાઈ નીચે પડી ગયો હતો. અમે ત્રણેય ભાઈઓ બેડી માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કામ કરીએ છીએ અને મૂળ ઉત્તરપ્રદેશના ચિત્રકૂટના રહેવાસી છે. યુવકના મૃત્યુથી પાંચ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

વસ્ત્રાપુરમાં રિક્ષામાં બેઠેલા રાજસ્થાની દંપતીને છરી બતાવી લૂંટી લેનાર ત્રણ આરોપી ઝડપાયા

ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી બોડકદેવ જતાં દંપતીને નિશાન બનાવી ૫.૫૫ લાખની લૂંટ કરી હતી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

શહેરમાં રિક્ષામાં મુસાફરી કરતા મુસાફરોની સુરક્ષાને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. વસ્ત્રાપુર વિસ્તારમાં રિક્ષામાં મુસાફરી કરી રહેલા રાજસ્થાની દંપતીને લૂંટારૂઓએ નિશાન બનાવી છરી બતાવી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂા.૫.૫૫ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી સહિત અન્ય સંડોવાયેલા શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાનથી અમદાવાદ આવેલું દંપતી ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પર ઉતર્યા બાદ રિક્ષામાં બેસીને બોડકદેવ જવા નીકળ્યું હતું. દરમિયાન ગુરૂદ્વારા ચાર રસ્તા પાસેથી આગળ રિક

ઈરાન યુદ્ધ લાઈવઃ ગલ્ફ દેશોએ કુવૈત અને બહેરીન પર ઈરાની હુમલાઓની નિંદા કરી

● GCC, કતાર અને UAEએ કુવૈત અને બહેરીન પર થયેલા ઈરાની હુમલાઓની નિંદા કરી છે. કુવૈતે ડ્રોન હુમલાઓને "તેની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન" ગણાવ્યું છે, જ્યારે બહેરીને ઈરાન પર "ગુનાહિત હુમલા" કરવાનો આરોપ લગાવ્યો છે. તેહરાનનું કહેવું છે કે તેણે કુવૈતમાં અમેરિકાના એક મથકને નિશાન બનાવ્યું છે. ● ઈરાનના આર્મી ચીફ, મેજર-જનરલ અમીર હાતામીએ જણાવ્યું છે કે, આ ક્ષેત્રમાં અમેરિકાના ત્રીજા એરક્રાફ્ટ કેરિયર (વિમાનવાહક જહાજ)ના આગમન બાદ, તેમના દળો દુશ્મનની હિલચાલ પર ચાંપતી નજર રાખી રહ્યા છે

(એજન્સી) તા.૧૮

ઈરાનનું માનવું છે કે IAEA તેના પરમાણુ મથકો અંગેની માહિતી અમેરિકા અને ઈઝરાયેલ સાથે શેર કરી રહ્યું હતું વિયેનામાં યોજાનારી IAEA (આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી)ના બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠક ખાસ કરીને ઈરાન વિશે નથી, પરંતુ એવી અપેક્ષા છે કે આ બેઠકમાં ઈરાન અંગે ચર્ચા કરવામાં આવશે. આનું કારણ એ છે કે જૂન ૨૦૨૫માં જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન અને ખાસ કરીને તેના પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો... ત્યારથી ઈરાને IAEAના આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને દેશમાં પ્રવેશવા અને તેના પરમાણુ મથકોની તપાસ કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. તેથી હવે, IAEAનું કહેવું છે કે તેમને ખાતરી નથી કે જાહેર કરાયેલી પરમાણુ સામગ્રીનો શાંતિપૂર્ણ પરમાણુ પ્રવૃત્તિઓ સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ (ડાયવર્ઝન) કરવામાં આવ્યો છે કે કેમ, કારણ કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હવે સંપૂર્ણપણે અંધારામાં (ગુમ) છે. આથી આજે, IAEA જણાવી રહ્યું છે કે તેઓ 'સેફગાર્ડ એગ્રીમેન્ટ' (સુરક્ષા કરાર)ના અમલીકરણ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની સંબંધિત જોગવાઈઓ પર ચર્ચા કરવા જઈ રહ્યા છે... સાથે જ તેઓ ઈરાનને એવા પગલાં લેવા માટે આગ્રહ કરશે કે જેથી નિરીક્ષકો દેશના મુખ્ય પરમાણુ મથકોની તપાસ કરી શકે. પરંતુ ઈરાની પક્ષનું કહેવું છે કે અત્યારે યુદ્ધ ચાલી રહ્યું છે, અને સૌથી પહેલા આ યુદ્ધનો અંત આવવો જોઈએ. બીજું, તેહરાન એવી ખાતરી પણ માંગે છે કે અમેરિકા તેના ત્રણ પરમાણુ મથકો પર ફરીથી હુમલો નહીં કરે. અહીં (ઈરાનમાં) અધિકારીઓ એવું પણ માને છે કે લાંબા સમયથી, IAEAના આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો તેના પરમાણુ સુવિધાઓ પર ડેટા એકત્રિત કરી રહ્યા હતા અને તે માહિતી યુએસ અને ઈઝરાયેલ સાથે શેર કરવામાં આવી હતી. તેથી આ અવિશ્વાસ પણ એક બીજો અવરોધ છે. વફા સમાચાર એજન્સી અનુસાર, ઈઝરાયેલી દળોએ તુલ્કરેમ અને નજીકના બલા શહેરમાં ઘરો પર દરોડા પાડ્યા અને તેમની સામગ્રીને નુકસાન પહોંચાડ્યા બાદ એક મહિલા સહિત ૧૪ પેલેસ્ટીનીઓની ધરપકડ કરી. જેનિનની દક્ષિણે આવેલા અરાબેહમાં એક અલગ ઘટનામાં પેલેસ્ટીની સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે સૈનિકોએ રાહલ પરિવારના ઘણા ઘરો પર દરોડા પાડ્યા, સંબંધીઓ પર હુમલો કર્યો, અંદર સ્ટન ગ્રેનેડ ફેંક્યા, સર્વેલન્સ કેમેરા તોડી નાખ્યા અને રેકોર્ડિંગ્સ જપ્ત કર્યા. ત્યારબાદ ઈઝરાયેલી સૈન્યએ બે પરિવારના સભ્યોની ધરપકડ કરી. ઈઝરાયેલી વસાહતીઓએ ઓલિવ પાકતી વખતે પરિવાર પાસેથી કાપણીના સાધનો ચોરી લીધા બાદ આ દરોડો પાડવામાં આવ્યો હતો, ત્યારબાદ ઈઝરાયેલી દળોને બોલાવવામાં આવ્યા હતા, એમ વફાએ જણાવ્યું હતું. જોર્ડને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ગેરકાયદેસર વસાહતોના વિસ્તરણ પર આઠ ઈઝરાયેલી બાંધકામ કંપનીઓ અને ગાઝાને સહાયમાં અવરોધ લાવવા બદલ ઈઝરાયેલી જૂથ પર પ્રતિબંધોનું સ્વાગત કર્યું છે. અમાને પણ વસાહત વિસ્તરણ અને પેલેસ્ટીનીઓ સામે માનવાધિકાર ઉલ્લંઘન પર ઈઝરાયેલી વ્યક્તિઓ અને સંસ્થાઓ પર ઓસ્ટ્રેલિયન પ્રતિબંધોનું સ્વાગત કર્યું છે. જોર્ડનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ફુઆદ અલ-મજાલીએ પ્રતિબંધોને "આંતરરાષ્ટ્રીય કાયદા સાથે સુસંગત મહત્ત્વપૂર્ણ પગલાં" ગણાવ્યા અને કહ્યું કે તેઓ "બે-રાજ્ય ઉકેલને નબળી પાડતા ગેરકાયદેસર ઈઝરાયેલી પગલાં"નો સામનો કરવામાં મદદ કરે છે. અલ-મજાલીએ "સ્વતંત્ર, સાર્વભૌમ" પેલેસ્ટીની રાજ્ય માટે જોર્ડનના સમર્થનને પણ પુનઃપુષ્ટિ આપી. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના સેક્રેટરી જનરલે કુવૈત પર ઈરાનના હુમલાઓની સખત નિંદા કરતા એક નિવેદન બહાર પાડ્યું છે, જેમાં ઈરાનને "આ ઉગ્રતા અને પ્રાદેશિક સુરક્ષા પર તેના પરિણામો માટે જવાબદાર" ઠેરવ્યું છે. કુવૈતીના જાસેમ મોહમ્મદ અલ્બુદાઈવીએ દેશ પર "સતત ગુનાહિત ઈરાની હુમલાઓની" સૌથી કડક શબ્દોમાં નિંદા કરી છે, જેમાંથી તાજેતરનો હુમલો રાત્રે થયો હતો. "ઈરાનના સતત હુમલાઓ પરિસ્થિતિને ઓછી કરવાના પ્રયાસોને નબળા પાડવાના તેના દૃઢ નિશ્ચય અને સારા પડોશીપણાના સિદ્ધાંતો, આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમો અને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર પ્રત્યેની તેની અવગણનાને પ્રતિબિંબિત કરે છે," અલ્બુદાઈવીએ કહ્યું, જેમ તેમણે આવા હુમલાઓ સામે GCC રાજ્યોના સંયુક્ત સમર્થન પર ભાર મૂક્યો. કુવૈતના વિદેશ મંત્રાલયે ગલ્ફ દેશ પર ઈરાનના ડ્રોન હુમલાની નિંદા કરી છે તેને "તેની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન" ગણાવ્યું છે અને"તેની સુરક્ષા અને સ્થિરતા માટે સીધો ખતરો". યમનની સરકારને ટેકો આપતી સાઉદીની આગેવાની હેઠળની ગઠબંધન કંપનીએ જણાવ્યું છે કે તેણે યમનના હુથી બળવાખોરો દ્વારા રિયાધ તરફ છોડવામાં આવેલી મિસાઈલને અટકાવી અને તોડી પાડી. લશ્કરી દળોને લક્ષ્ય બનાવીને તોપખાના અને હવાઈ બોમ્બમારા વચ્ચે લાહિજ પ્રાંતના તુર અલ-બહાહમાં યમનના સરકારી દળો અને હુથીઓ વચ્ચે લડાઈ ફરી શરૂ થઈ છે. અબુ ધાબી નેશનલ ઓઈલ કંપનીએ જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતી વખતે તેના એક જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ૧૧ ક્રૂ સભ્યો ઘાયલ થયા હતા અને એક વ્યક્તિ ગુમ થયો હતો. ગાઝા પર અલગ અલગ ઈઝરાયેલી ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા છે. અગાઉના ઈઝરાયલી હુમલામાં થયેલા ઘાયલોથી ત્રીજા વ્યક્તિનું મૃત્યુ થયું છે. કુવૈત અને બહેરીન પરના હુમલાઓ બાદ, કતારના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે "ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન દ્વારા ફરી કરવામાં આવેલા હુમલાઓ ... એક ખતરનાક ઉગ્રતા બનાવે છે" અને "પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવાના રાજકીય અને રાજદ્વારી પ્રયાસોને નબળા પાડવાનું જોખમ ધરાવે છે". એક નિવેદનમાં, મંત્રાલયે કહ્યું કે તે "તેમને બંને દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સ્પષ્ટ ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન" માને છે. મંત્રાલયે પડોશી ગલ્ફ રાજ્યો સાથે પણ પોતાની એકતા વ્યક્ત કરી અને "આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોનું પાલન કરવાની અને સંવાદ અને રાજદ્વારી ઉકેલોને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત" જાહેર કરી. અગાઉ, ઈરાને કહ્યું હતું કે તેણે કુવૈતમાં એક યુએસ બેઝને નિશાન બનાવ્યું છે.

ઈરાને બહેરીનમાં યુએસ સંપત્તિને નિશાન બનાવીઃ રિવોલ્યુશનરી ગાર્ડે કહ્યું કે તેણે રડાર સિસ્ટમનો નાશ કર્યો. X પર એક નિવેદનમાં, સાઉદી અરેબિયાની નાગરિક સંરક્ષણ એજન્સીએ કહ્યું છે કે જાઝાન પ્રાંત, નજરાન અને ખામિસ મુશૈત ગવર્નરેટ માટે ભય હવે પસાર થઈ ગયો છે. સાઉદી અરેબિયાએ જાઝાન, નજરન અને ખમીસ મુશૈત માટે જોખમ અંગેની ચેતવણીઓ જાહેર કરી છે. સાઉદી અરેબિયાના સિવિલ ડિફેન્સ (નાગરિક સુરક્ષા વિભાગ) દ્વારા જાઝાન, નજરન અને ખમીસ મુશૈત માટે જોખમ અંગેની ચેતવણીઓ જારી કરવામાં આવી છે. યમનના હૌથી વિદ્રોહીઓ સાથે તણાવ વધવાને પગલે, સાઉદી અરેબિયાએ દેશના કેટલાક વિસ્તારો માટે "સંભવિત જોખમ" અંગે ચેતવણીઓ આપી છે. 'X' (ટ્વિટર) પરના નિવેદનોમાં સાઉદી સિવિલ ડિફેન્સ યુનિટે જાઝાન પ્રાંત, નજરન અને ખમીસ મુશૈત ગવર્નોરેટ (પ્રશાસકીય ક્ષેત્ર) માટે ચેતવણીઓ જાહેર કરી છે. સાઉદી અરેબિયાના સિવિલ ડિફેન્સ દ્વારા જાઝાન, નજરન અને ખમીસ મુશૈત માટે જોખમ અંગેની ચેતવણીઓ જારી કરવામાં આવી છે. સાઉદીના નેતૃત્વ હેઠળના ગઠબંધનનું કહેવું છે કે તેમણે રિયાધ તરફ છોડવામાં આવેલી હુથીઓની ક્રૂઝ મિસાઈલને આંતરીને નિષ્ફળ બનાવી દીધી છે. યમનની સરકારને સમર્થન આપતા સાઉદી-આગેવાની હેઠળના ગઠબંધનના પ્રવક્તા, કર્નલ તુર્કી અલ-માલ્કીએ જણાવ્યું છે કે હૌથીઓ દ્વારા રિયાધ તરફ છોડવામાં આવેલી એક ક્રૂઝ મિસાઈલને ગઠબંધન દળોએ હવામાં જ આંતરીને નષ્ટ કરી દીધી છે. સાઉદી-આગેવાની હેઠળના ગઠબંધનનું કહેવું છે કે તેમણે રિયાધ તરફ છોડવામાં આવેલી હુથીઓની ક્રૂઝ મિસાઈલને આંતરીને નિષ્ફળ બનાવી દીધી છે.

લેબનોનની નેશનલ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબનોનમાં અલ-મન્સૂરી નગર અને બેઈત લીફ નગરના બાહ્ય વિસ્તારોમાં તોપમારો કર્યો છે.

ગયા જૂનમાં અમેરિકાની મધ્યસ્થીથી લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે એક સમજૂતી થઈ હોવા છતાં, ઈઝરાયેલ આ વર્ષે ૨ માર્ચથી દક્ષિણ લેબનોન પર હુમલા કરી રહ્યું છે.

ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબનોનના અલ-મન્સૂરી અને બેઈત લીફના બાહ્ય વિસ્તારોમાં તોપમારો કર્યો છે.

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ કુવૈત પર થયેલા ડ્રોન હુમલાની "કઠોર શબ્દોમાં" નિંદા કરી છે.

UAEના વિદેશ મંત્રાલયે આ હુમલાને "કુવૈત રાજ્યની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન અને તેની સુરક્ષા તથા સ્થિરતા માટે ખતરો" ગણાવ્યો છે.

તેમણે કુવૈત સાથે "પૂર્ણ એકતા" વ્યક્ત કરી છે અને તેની સુરક્ષાના રક્ષણ માટે લેવામાં આવતા પગલાંને સમર્થન આપ્યું છે. બુધવારે અગાઉ, કુવૈતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ડ્રોન હુમલો ઈરાની હુમલાઓની શ્રેણીમાં નવીનતમ હતો અને ચેતવણી આપી હતી કે તેઓ પ્રાદેશિક તણાવ ઓછો કરવા માટેના રાજદ્વારી પ્રયાસોને નબળા પાડી રહ્યા છે.

ઈરાને કુવૈતમાં એક અમેરિકન બેઝને નિશાન બનાવ્યું હોવાનું કહ્યું તે પછી આ આવ્યું છે.

સંબંધનો નિયમ હવે બદલાઈ ગયો છે અને ઈરાન એક નવા સિદ્ધાંત સાથે બહાર આવી રહ્યું છે. તેઓ કહે છે કે તેઓ "યુદ્ધ નહીં, શાંતિ નહીં" ની સ્થિતિ સ્વીકારશે નહીં કારણ કે તે ટકાઉ નથી.

તેઓ ડરે છે કે હોર્મુઝ સ્ટ્રેટ પર (યુએસ નૌકાદળ) નાકાબંધી અને સેન્ટકોમ (યુએસ સેન્ટ્રલ કમાન્ડ) દ્વારા કેસ્પિયન સમુદ્ર દ્વારા ઈરાની ભૂમિ માર્ગો અને વેપાર માર્ગો પર એક નવી ટાસ્ક ફોર્સની સ્થાપના સાથે, તેહરાન સંપૂર્ણ નાકાબંધી હેઠળ આવી રહ્યું છે, અને તે એવી પરિસ્થિતિ નથી જે સ્વીકાર્ય હોય.



ઈરાન-અમેરિકા સંઘર્ષ વકર્યો : કુવૈત અને બહેરીન પર ડ્રોન હુમલા

પરંતુ ઈરાનીઓ કહી રહ્યા છે કે તેઓ પ્રતિબંધ ફરીથી સ્થાપિત કરવા જઈ રહ્યા છે ... અને આ નાકાબંધી સ્થાને રહેશે નહીં.

એટલા માટે, હુમલો થવાની રાહ જોવાને બદલે અને પછી જવાબ આપવાને બદલે, ઈરાનીઓ યથાસ્થિતિ તોડવા માટે હુમલાઓ વધારી રહ્યા છે. તેહરાન માને છે કે તણાવ વધારવાની કિંમત નાકાબંધીના ખર્ચ કરતાં ઓછી છે.યથાવત્ સ્થિતિ કાયમી બની રહી છે.

લશ્કરી દળોને લક્ષ્ય બનાવીને તોપખાના અને હવાઈ બોમ્બમારા વચ્ચે લાહિજ પ્રાંતના તુર અલ-બહાહમાં યમનના સરકારી દળો અને હૌથીઓ વચ્ચે લડાઈ ફરી શરૂ થઈ છે, અલ જઝીરાના હદીલ અલ-યામાનીએ તાઈઝથી અહેવાલ આપ્યો છે.

જમીન પર, સરકારી દળો અને હૌથી જૂથ વચ્ચે ભીષણ લડાઈઓ થઈ રહી છે,' અલ-યામાનીએ જણાવ્યું હતું. સ્થાનિક અધિકારીઓ હૌથી જૂથ પર નાગરિકો અને રહેણાંક વિસ્તારો પર ગોળીબાર કરવાનો આરોપ લગાવે છે. ''જબલ સબરના આ ગામો સંપૂર્ણ ઘેરાબંધી હેઠળ છે. નાગરિકો માટે સલામત કોરિડોર ખોલવા માટે તાત્કાલિક અપીલ કરવામાં આવી છે, અને નાગરિકોને લક્ષ્ય બનાવીને દરરોજ સ્નાઈપર હુમલા કરવામાં આવી રહ્યા છે. લોકો માર્યા ગયા અને ઘાયલ થયા, મુખ્યત્વે બાળકો અને મહિલાઓ.'' લાહિજ પ્રાંતમાં હૌથીઓ અને યમનની સરકારી દળો વચ્ચે ફરીથી લડાઈ શરૂ થઈ છે. કુવૈતે ઈરાન દ્વારા વારંવાર કરવામાં આવતા હુમલાઓની નિંદા કરી છે. કુવૈતના વિદેશ મંત્રાલયનું કહેવું છે કે ગલ્ફ દેશ પર થયેલા ડ્રોન હુમલા એ તેની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન છે અને તેની સુરક્ષા તથા સ્થિરતા માટે સીધો ખતરો છે. હવે, આવા હુમલાઓના સંદર્ભમાં આ પ્રકારની નિંદા એક સામાન્ય બાબત બની ગઈ છે. ગલ્ફ દેશો તરફથી એવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે કે આ સંઘર્ષમાં ઈરાન આક્રમક પક્ષ છે, અને આપણે એક એવા ચક્રમાં ફસાયેલા જણાઈએ છીએ — હુમલા અને વળતા હુમલાનું એક સતત ચક્ર. હવે, હુમલો કોણ કરી રહ્યું છે અને વળતો હુમલો કોણ કરી રહ્યું છે, તે તમે કોને પૂછો છો તેના પર આધાર રાખે છે.

હમાસે 'બોર્ડ ઓફ પીસ' (Board of Peace) પર ઈઝરાયેલનો પક્ષ લેવાનો આરોપ લગાવ્યો; ભ્રામક દાવાઓ બંધ કરવા અને પોતાની નિષ્ફળતાઓ છુપાવવાનું બંધ કરવા તાકીદ કરી

(એજન્સી) તા.૧૮

૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ઉત્તર ગાઝા પટ્ટી (પેલેસ્ટીન)ના જબાલિયામાં ઈઝરાયેલી હુમલાઓ અને નાકાબંધી વચ્ચે પોતાના નાશ પામેલા ઘરોના કાટમાળમાં તંબુ નાખીને જીવન ટકાવી રાખવા સંઘર્ષ કરી રહેલા વિસ્થાપિત પેલેસ્ટીનીઓ ઠંડીથી બચવા માટે કામચલાઉ ચૂલાઓમાં આગ સળગાવી રહ્યા છે. હમાસે 'બોર્ડ ઓફ પીસ' પર ઈઝરાયેલનો પક્ષ લેવાનો આરોપ લગાવતા તેને જનતાને ગેરમાર્ગે દોરવાનું અને પોતાની ભૂમિકા નિભાવવામાં મળેલી નિષ્ફળતાને છુપાવવાનું બંધ કરવા જણાવ્યું છે. મંગળવારે જારી કરાયેલા અને 'સફા' (Safa) સમાચાર એજન્સીને પ્રાપ્ત થયેલા એક નિવેદનમાં, હમાસના પ્રવક્તા હાઝેમ કાસેમે 'બોર્ડ'ના સૂત્રો દ્વારા કરવામાં આવેલી એવી ટિપ્પણીઓને "સ્પષ્ટ ગેરમાહિતી અને સંપૂર્ણપણે ખોટા દાવા" ગણાવ્યા, જેમાં ગાઝાને નિઃશસ્ત્ર કરવાની અને હમાસ દ્વારા સત્તા છોડી દેવાની વાત કરવામાં આવી હતી. કાસેમે જણાવ્યું હતું કે, હમાસ અને અન્ય પેલેસ્ટીની જૂથો અગાઉ 'બોર્ડ' સાથે પેલેસ્ટીની ક્ષેત્રમાં હથિયારોના મુદ્દાને ઉકેલવા માટેની કાર્યપદ્ધતિ અંગે સમજૂતી પર પહોંચ્યા હતા. તેમણે ઉમેર્યું કે, આ સમજૂતીમાં 'ટેકનોક્રેટિક સમિતિ'



(નિષ્ણાતોની સમિતિ) દ્વારા ગાઝા પટ્ટીના વહીવટનો પણ સમાવેશ થતો હતો. હમાસે આ પ્રદેશનો વહીવટ તે સમિતિને સોંપવા માટે સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી અને આ દિશામાં વ્યવહારુ પગલાં પણ લીધા હતા, તેમ તેમણે કહ્યું. કાસેમે 'બોર્ડ'ને ગેરમાહિતી ફેલાવવાનું બંધ કરવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું કે, 'બોર્ડ'ના નિવેદનોનો મુખ્ય ઉદ્દેશ્ય પોતાની ભૂમિકા નિભાવવામાં મળેલી નિષ્ફળતાને છુપાવવાનો અને ઈઝરાયેલના વલણ સાથેની તેમની સ્પષ્ટ સાંઠગાંઠને ઢાંકવાનો છે.

ઈઝરાયેલના વિદેશ પ્રધાને બ્રિટનને પ્રતિકૂળ પગલાં લેવાની ધમકી આપી, વસાહત વિસ્તરણને વધારવાનું વચન આપ્યું

(એજન્સી) તા.૧૮

ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સા'આરે મંગળવારે કબજા હેઠળના પશ્ચિમ કાંઠે વસાહત બાંધકામમાં સામેલ આઠ ઈઝરાયેલી કંપનીઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધોના જવાબમાં બ્રિટન સામે પ્રતિકૂળ પગલાં લેવાની ધમકી આપી હતી. તેમણે જાહેરાત કરી હતી કે ઈઝરાયલ વસાહતોને મજબૂત બનાવવા અને તેમના વિકાસમાં સામેલ લોકોને સુરક્ષિત રાખવા માટે વધારાના રસ્તાઓ પર વિચાર કરશે, ભાર મૂક્યો હતો કે તે બાહ્ય દબાણના જવાબમાં તેની નીતિઓમાં ફેરફાર કરશે નહીં. સા'આરે બ્રિટિશ લેબર સરકાર દ્વારા જાહેર કરાયેલા પ્રતિબંધોને "ખાનગી, કાયદાનું પાલન કરતી કંપનીઓને લક્ષ્ય બનાવતી પ્રતિકૂળ કાર્યવાહી" તરીકે વર્ણવ્યા હતા, અને ઉમેર્યું હતું કે "ઈઝરાયેલ બ્રિટિશ લેબર સરકાર દ્વારા આજે જાહેર કરાયેલા વધારાના પ્રતિબંધોને અત્યંત ગંભીરતાથી જુએ છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "ઈઝરાયેલ બાહ્ય દબાણ સામે ઝૂકશે નહીં અથવા પરિણામે તેની નીતિઓમાં ફેરફાર કરશે નહીં." "તેનાથી વિપરીત, અમે જુડિયા અને સમરિયામાં યહૂદી સમુદાયોને મજબૂત બનાવવાના નવા રસ્તાઓ પર વિચાર કરીશું અને સરકારી નિર્ણયો અનુસાર, ઈઝરાયેલની ભૂમિ પર વિકાસ અને નિર્માણમાં સામેલ લોકોને નુકસાન પહોંચાડવાના પ્રયાસોથી બચાવવા માટે કાર્ય કરીશું," તેમણે ઉમેર્યું. સા'આરે દાવો કર્યો હતો કે "યહૂદી લોકોને તેમના ઐતિહાસિક વતનમાં રહેવાનો અધિકાર છે" અને ઉમેર્યું હતું કે "જુડિયા અને સમરિયામાં યહૂદી લોકોના ઐતિહાસિક અધિકારો હજારો વર્ષ જૂના છે". તેમણે કહ્યું કે આ અધિકારોને બાલ્ફોર ઘોષણાપત્ર અને બ્રિટિશ આદેશમાં માન્યતા આપવામાં આવી હતી.



નેતાન્યાહૂના પતનને નજીક લાવવા માટે નેસેટે નવા સ્પીકરની પસંદગી કરી

(એજન્સી) જેરુસલેમ, તા.૧૮

ઈઝરાયેલના રાજકીય વિપક્ષે મંગળવારે પોતાના એક સાથીને નેસેટના સ્પીકર તરીકે ચૂંટીને, વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂને સત્તા પરથી હટાવવાની દિશામાં વધુ એક ડગલું આગળ વધાર્યું છે. વિપક્ષના નેતા ગાડી આઈઝનકોટ દ્વારા નામાંકિત કરાયેલા મતાન કહાના, બે આરબ રાજકીય પક્ષો - 'જોઈન્ટ લિસ્ટ' (Joint List) અને 'રામ' (Ra'am)ના સમર્થનથી વિજયી બન્યા. આ બંને પક્ષોએ નેતન્યાહૂ અને તેમના કટ્ટરપંથી સમર્થકો ઇતામાર બેન ગ્વીર તથા બેઝાલેલ સ્મોટ્રિચની વિરુદ્ધ કામ કરવાનું વચન આપ્યું હતું. સાંસદોએ કહાનાની તરફેણમાં ૬૮ મત આપ્યા, જ્યારે નેતાન્યાહૂના ઉમેદવાર ઓફિર કાત્ઝને ૫૨ મત મળ્યા. 'જોઈન્ટ લિસ્ટ'ના અધ્યક્ષ યુસેફ જબરીને કહ્યું, "અમે નિર્ણાયક બનવાનું વચન આપ્યું હતું, અમે અમારા મતદારો માટે



પરિવર્તન લાવવાનું વચન આપ્યું હતું, અને અમે તે પૂરું કરી રહ્યા છીએ." તેમણે વધુમાં કહ્યું, "અમે અમારા મતદારો માટે અને દેશના એ દરેક નાગરિક માટે એક સુરક્ષા કવચ (safety net) તરીકે કામ કરવાનું ચાલુ રાખીશું, જેઓ નેતાન્યાહૂ, બેન ગ્વીર અને સ્મોટ્રિચની સરકારને બદલવા માંગે છે." 'રામ' પક્ષે પણ કહાનાને સમર્થન આપ્યું હતું, જેમણે નેતાન્યાહૂના 'લિકુદ' (Likud) પક્ષના ઉમેદવાર ઓફિર કાત્ઝને પરાજય આપ્યો. પક્ષે જણાવ્યું કે, "અમે નેસેટમાં ફરીથી સંસદીય ગરિમા અને વ્યવસ્થા સ્થાપિત કરીશું." નેસેટના સ્પીકરનું પદ અત્યંત મહત્વપૂર્ણ હોય છે, કારણ કે તેઓ સંસદીય કામકાજનું સમયપત્રક નક્કી કરે છે. આથી, તેઓ પ્રસ્તાવિત કાયદાઓ પરની ચર્ચાઓ કે મતદાન પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે અથવા તેમાં વિલંબ પણ કરી શકે છે. કહાના બુધવારથી કામ શરૂ કરશે, જેનો ઉદ્દેશ્ય નેતન્યાહૂના એજન્ડાના મોટા ભાગના નિર્ણયોને ઉલટાવવાનો રહેશે. નવી નેસેટ (ઈઝરાયેલી સંસદ) સૌપ્રથમ ન્યાયતંત્રની સ્વતંત્રતા ઘટાડવા માટેના વ્યાપક સુધારાઓને રદ કરે તેવી અપેક્ષા છે. આ સુધારાઓ નેતન્યાહૂ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા, જેઓ પોતાની સામેના ભ્રષ્ટાચારના આરોપોને લઈને અત્યંત રોષે ભરાયેલા છે; જો તેઓ સત્તા ગુમાવે છે, તો આ આરોપોને કારણે તેમને જેલ પણ થઈ શકે છે. ડિસેમ્બર ૨૦૨૨માં નેતાન્યાહૂએ સત્તા સંભાળ્યાના થોડા સમય બાદ જ આ સુધારાઓ શરૂ કરવામાં આવ્યા હતા, જેના કારણે ઈઝરાયેલમાં અત્યાર સુધીના સૌથી મોટા વિરોધ પ્રદર્શનો થયા હતા.

વસાહતો અને વસાહતી હિંસા બદલ ઓસ્ટ્રેલિયાએ ૩ ઈઝરાયેલીઓ, ૪ સંગઠનો પર પ્રતિબંધો લાદ્યા

૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં પેલેસ્ટીની તરફી વિરોધ પ્રદર્શન માટે લોકો એકઠા થયા

(એજન્સી) તા.૧૮

ઓસ્ટ્રેલિયાએ બુધવારે કબજા હેઠળના પશ્ચિમ કાંઠે વસાહત વિસ્તરણ અને પેલેસ્ટીનીઓ વિરુદ્ધ વસાહતી હિંસા બદલ ત્રણ ઈઝરાયેલીઓ અને ચાર સંગઠનો પર પ્રતિબંધો લાદ્યા અને કહ્યું કે આ પ્રવૃત્તિઓ બે-રાજ્ય ઉકેલની સંભાવનાઓને નબળી પાડે છે. બ્રિટેને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે વસાહતો બનાવવામાં સામેલ થવા બદલ આઠ ઈઝરાયેલી બાંધકામ કંપનીઓ સામે પ્રતિબંધોની જાહેરાત કર્યાના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન પેની વોંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રતિબંધો દ્વારા લક્ષિત વ્યક્તિઓ અને સંગઠનો નવી વસાહતોનું આયોજન અને બાંધકામ પ્રવૃત્તિઓનું સંકલન કરવામાં સામેલ હતા, જેમાં ભંડોળ એકત્ર કરવા, સ્વયંસેવકોની ભરતી કરવા અને પેલેસ્ટિનિયનો વિરુદ્ધ હિંસા કરનારા વસાહતીઓને ટેકો આપવાનો સમાવેશ થાય છે. જે લોકોને નિશાન બનાવવામાં આવ્યા છે તેમાં ગાઝા પટ્ટીમાંથી પેલેસ્ટીનીઓને વિસ્થાપિત કરવાના આહવાન માટે જાણીતા



ઈઝરાયેલી વસાહતી ચળવળ, નાચાલાના વડા ડેનિએલા વેઈસ અને તેમની બાંધકામ કંપની દ્વારા પશ્ચિમ કાંઠે વસાહત વિસ્તરણ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપનારા એલિયાવ લેવીનો સમાવેશ થાય છે. આ પ્રતિબંધો ઓસ્ટ્રેલિયન વ્યક્તિઓ અને કંપનીઓને સૂચિબદ્ધ વ્યક્તિઓ સાથે વ્યવસાય કરવા અથવા તેમને કોઈપણ સહાય પૂરી પાડવા પર પ્રતિબંધ મૂકે છે.

ઈઝરાયેલી સેનાએ ચહેરાની ઓળખ માટે એમેઝોન પર ૩૫ લાખ પેલેસ્ટીનીઓના ફોટા અપલોડ કર્યા

(એજન્સી) તા.૧૮

બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયનના સોમવારે અહેવાલ મુજબ, ઈઝરાયેલી સેનાએ ચહેરાની ઓળખ અને પેલેસ્ટીનીઓ છબીઓના વિશ્લેષણ માટે એમેઝોનના ક્લાઉડ પ્લેટફોર્મ પર ૩૫ લાખ ફોટોગ્રાફ્સ અપલોડ કર્યા હતા. લીક થયેલા દસ્તાવેજો અને લશ્કરી સ્ત્રોતોને ટાંકીને, અખબારે જણાવ્યું હતું કે છબીઓ ૨૦૨૪ની શરૂઆતમાં રોલિંગ સ્ટોન તરીકે ઓળખાતા ઈઝરાયેલી લશ્કરી વિભાગ દ્વારા તેલ અવીવ નજીક એક એમેઝોન ડેટા સેન્ટરમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. ગાઝા અને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ પર વ્યાપક ડેટાભેગ જાળવતા વિભાગે એમેઝોનને જાણ કરી હતી કે તે ચહેરાની ઓળખ માટે કંપનીની કૃત્રિમ બુદ્ધિ-સંચાલિત છબી વિશ્લેષણ સેવા, રેકોગ્નિશનનો ઉપયોગ કરવાનો ઇરાદો ધરાવે છે, અહેવાલમાં જણાવાયું છે. ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલના ગાઝા પરના ભૂમિ આક્રમણ પછી ઈઝરાયેલી દળો નિયમિતપણે લશ્કરી ચોકીઓમાંથી પસાર થતા વ

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

નિકાસના રેકોર્ડ પાછળ છુપાયેલું આયાતનું ભારણ

દેશના અર્થતંત્રની તંદુરસ્તી માપવાનું એક મહત્ત્વનું માપદંડ વિદેશી વેપારનું સંતુલન છે. ભારતે ઓક્ટોબર મહિનામાં માલસામાનની નિકાસમાં અત્યાર સુધીનો સૌથી ઊંચો આંકડો નોંધાવ્યો છે, તે ચોક્કસ આવકારદાયક છે. નિકાસ ૪૯.૪૭ અબજ ડોલર સુધી પહોંચી છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ નોંધપાત્ર વધારો છે. પરંતુ આ આવકારની સાથે જ એક ગંભીર સવાલ ઊભો થાય છે: જ્યારે નિકાસ વધી રહી છે ત્યારે આયાત પણ ૮૯.૩૫ અબજ ડોલર સુધી પહોંચી જાય અને વેપાર ખાધ લગભગ ૩૯.૮૮ અબજ ડોલર થઈ જાય ત્યારે આર્થિક સફળતાનો સાચો અર્થ શું ગણવો? રેકોર્ડ નિકાસના આંકડા સામે આયાતનું વધતું ભારણ દેશની આર્થિક નીતિ માટે ચેતવણી સમાન છે.

નિકાસમાં વૃદ્ધિ થવી એ દેશની ઉત્પાદન ક્ષમતા, ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા અને વૈશ્વિક બજારમાં સ્વીકાર્યતા વધતી હોવાનો સંકેત છે. પેટ્રોલિયમ ઉત્પાદનો, ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ સામાન, રત્નો અને આભૂષણોની નિકાસમાં થયેલો વધારો આ દિશામાં આશાસ્પદ છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભારતીય ઉત્પાદકોને મળતી તકનો લાભ દેશે વધુ સારી રીતે લેવો જોઈએ. પરંતુ નિકાસના આંકડાની ચમકથી આયાતની રચના અને તેના જોખમો નજરચૂક ન થવા જોઈએ. કારણ કે વેપાર ખાધનો અર્થ માત્ર બે આંકડાઓ વચ્ચેનો તફાવત નથી; તે દેશને વિદેશી ચલણની કેટલી જરૂર પડે છે, વૈશ્વિક ભાવોની અસ્થિરતા સામે તે કેટલો સંવેદનશીલ છે અને સ્થાનિક ઉત્પાદન કેટલું આત્મનિર્ભર છે તેનો પણ અરીસો છે.

ભારતની સૌથી મોટી નબળાઈ ઊર્જા ક્ષેત્રે આયાત પરની ભારે નિર્ભરતા છે. દેશ પોતાની જરૂરિયાતના મોટા ભાગના ક્રૂડ ઓઇલ માટે વિદેશી બજારો પર આધાર રાખે છે. પશ્ચિમ એશિયામાં તણાવ વધે, સમુદ્રી માર્ગોમાં અવરોધ ઊભો થાય અથવા તેલના ભાવમાં ઉછાળો આવે તો તેની અસર સીધી ભારતના આયાત બિલ પર પડે છે. ઓઇલ મોંઘું થાય એટલે માત્ર પેટ્રોલ-ડીઝલ જ મોંઘાં થતાં નથી; પરિવહન, ખેતી, ઉદ્યોગ, વીજ ઉત્પાદન અને રોજિંદા વપરાશની અનેક ચીજવસ્તુઓના ખર્ચમાં વધારો થાય છે. અંતે આ ભાર સામાન્ય નાગરિકના ખિસ્સા પર પડે છે. એટલે ઊર્જા સુરક્ષા હવે માત્ર વિદેશ નીતિનો મુદ્દો નથી, તે મોંઘવારી અને ઘરેલુ અર્થતંત્રનો પણ પ્રશ્ન છે.

આયાતમાં વધારો માત્ર પેટ્રોલિયમ પૂરતો મર્યાદિત નથી. ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી, સોના સહિતની કિંમતી ધાતુઓ અને ઔદ્યોગિક કાચા માલની આયાત પણ વિદેશી ચલણનો મોટો હિસ્સો વાપરે છે. તેમાંની કેટલીક આયાત વિકાસ માટે અનિવાર્ય છે. આધુનિક મશીનો, ટેક્નોલોજી અને ઉત્પાદન માટે જરૂરી ઘટકો વિદેશથી મંગાવવાથી ઉદ્યોગોની ક્ષમતા વધી શકે છે. તેથી દરેક આયાતને ખરાબ ગણવી યોગ્ય નથી. પરંતુ જે વસ્તુઓનું ઉત્પાદન દેશમાં શક્ય છે, અથવા થોડા વર્ષોની સુનિયોજિત નીતિથી શક્ય બની શકે છે, તેના માટે સતત વિદેશ પર આધાર રાખવો સમજદારી નથી. આયાત ઘટાડવાનો અર્થ વેપાર બંધ કરવો નહીં, પરંતુ સ્થાનિક ઉત્પાદનને એટલું સક્ષમ બનાવવું કે દેશની જરૂરિયાતનો મોટો હિસ્સો દેશમાંથી જ પૂરો થઈ જાય.

આ બાબતથી સરકારની ઔદ્યોગિક નીતિની કસોટી થાય છે. ઉત્પાદન વધારવા માટે માત્ર પ્રોત્સાહન યોજનાઓ અને મોટા રોકાણના દાવા પૂરતા નથી. નાના અને મધ્યમ ઉદ્યોગોને સસ્તું ધિરાણ, વિશ્વસનીય વીજળી, આધુનિક ટેક્નોલોજી, કુશળ કામદારો અને સરળ નિયમન વ્યવસ્થા મળવી જોઈએ. આયાતી ઘટકો પર આધારિત એસેમ્બલીગને જ ઉત્પાદનની સફળતા ગણવાથી લાંબા ગાળે આત્મનિર્ભરતા નહીં આવે. સંશોધન, ડિઝાઇન, ઘટકોનું સ્થાનિક ઉત્પાદન અને ગુણવત્તા સુધારવા પર ભાર મૂકવો પડશે. ખાસ કરીને સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક ઘટકો, સૌર ઊર્જા સાધનો, બેટરી, ઔદ્યોગિક મશીનરી અને રાસાયણિક કાચા માલ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક ક્ષમતા વિકસાવવી જરૂરી છે.

નિકાસ વધારવા માટે પણ માત્ર એકાદ મહિનાના રેકોર્ડથી સંતોષ માનવો ન જોઈએ. ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં ટકાઉ સ્થાન અપાવવા માટે ગુણવત્તા, સમયસર પુરવઠો, સ્પર્ધાત્મક ભાવ અને વેપારની સ્થિર નીતિ જરૂરી છે. નાના નિકાસકારોને બંદરો, પરિવહન, વેરહાઉસિંગ અને ક્સ્ટમ્સ પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ ઘટાડવી જોઈએ. વૈશ્વિક બજારમાં થોડા દેશો પર અતિશય નિર્ભર રહેવાને બદલે નવા બજારો શોધવા જોઈએ. વેપાર કરારોનો લાભ મોટા ઉદ્યોગો સુધી જ સીમિત ન રહે, પરંતુ નાના ઉત્પાદકો અને રોજગાર સર્જતા ક્ષેત્રો સુધી પહોંચે તેની ખાતરી કરવી પણ એટલી જ જરૂરી છે.

આજે જરૂર છે કે સરકાર રેકોર્ડ નિકાસને અંતિમ સિદ્ધિ નહીં, પરંતુ વધુ મોટા લક્ષ્યની શરૂઆત માને. દેશે નક્કી કરવું પડશે કે આગામી વર્ષોમાં કઈ આવશ્યક ચીજોની આયાત સ્થાનિક ઉત્પાદનથી બદલી શકાય, કયા ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી વિકસાવી શકાય અને કઈ નિકાસને વધુ મૂલ્યવર્ધિત બનાવી શકાય. ઊર્જાના ક્ષેત્રે નવીનીકરણીય સ્ત્રોતો, સંગ્રહ ક્ષમતા અને વૈકલ્પિક ઈંધણમાં રોકાણ વધારવું પડશે. સાથે જ વ્યૂહાત્મક રીતે જરૂરી આયાત માટે પુરવઠાના વિવિધ દેશો અને માર્ગો તૈયાર રાખવા પડશે.

રેકોર્ડ નિકાસ દેશની ક્ષમતાનો પુરાવો બની શકે છે પરંતુ વધતી આયાત અને ઊંચી વેપાર ખાધ દેશની નબળાઈઓ પણ બતાવે છે. સાચી આર્થિક સફળતા ત્યારે ગણાય, જ્યારે ભારત દુનિયાને વધુ માલસામાન વેચે, પરંતુ પોતાની મૂળભૂત જરૂરિયાતો માટે સતત દુનિયા સામે હાથ ફેલાવવો ન પડે. વિકાસનો અર્થ માત્ર મોટા આંકડા રજૂ કરવાનો નથી; તેનો અર્થ છે મજબૂત સ્થાનિક ઉત્પાદન, સ્થિર ભાવ, રોજગાર અને વૈશ્વિક આંચકાઓ સામે ટકી શકે તેવું અર્થતંત્ર. નિકાસનો વિક્રમ ઉજવવો જોઈએ પરંતુ આયાતના ભારણ અંગે આંખ બંધ કરીને નહીં. આ જ સમયે આત્મનિર્ભરતાના નારાને નીતિ, રોકાણ અને ઉત્પાદનના નક્કર પરિણામોમાં ફેરવવાની જરૂર છે.

અશાંતધારો : કોમી શાંતિનું રક્ષણ કે લઘુમતી સમાજના સામાજિક અને આર્થિક એકીકરણ સામે અવરોધ ?

મુસ્લિમોને મુખ્ય ધારા સાથે જોડતા રોકતો કાયદો ? કાયદાનો હેતુ શાંતિ સ્થાપવાનો હોવો જોઈએ, નહીં કે નાગરિકો વચ્ચે અંતર ઊભું કરવાનો !

ગુજરાતમાં અશાંતધારા (Disturbed Areas Act) અંગે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. સરકાર દ્વારા 'સ્પેસિફાઇડ એરિયા' અંગે નવા નિયમો અને મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની વ્યવસ્થા અમલવારીની વચ્ચે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે કે શું કોઈ કાયદો કોમી શાંતિ અને મિલકતના વ્યવહારોમાં પારદર્શિતા જાળવવા માટે હોવો જોઈએ કે પછી અજાણતાં જ સમાજના એક વર્ગ માટે સામાજિક અને આર્થિક અવરોધ બની શકે છે? આ પ્રશ્ન ખાસ કરીને મુસ્લિમ લઘુમતી સમાજના નાગરિકો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. મારો પોતાનો દાખલો છે. મારે વકાલત માટે ઓફિસ વિશાલા જે કોમ્પલેક્ષમાં ૭૦% ટકા મુસ્લિમ સમાજની ઓફિસ છે ત્યાં એક હિન્દુ ઓળખીતા ભાઈ પાસેથી લેવામાં જે મુશ્કેલી પડી છે તે જોઇ લાગે છે એક મુખ્ય ધારાના સરકાર સપોર્ટીગ કાર્યકર તરીકે સમાજમાં સમાનતા, બંધારણીય અધિકારો અને સામાજિક એકતા માટે અવાજની ગુંજ સરકાર સુધી પહોંચતી થવી જોઇએ.

અશાંતધારો એટલે શું?

ગુજરાતમાં વર્ષો પહેલાં થયેલા કોમી રમખાણો અને તેના પરિણામે ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અશાંતધારા કાયદો અમલમાં આવ્યો હતો. તેનો મુખ્ય હેતુ કોમી તણાવગ્રસ્ત વિસ્તારોમાં મિલકતના વ્યવહારો દરમિયાન દબાણ, ધાકધમકી કે અન્યાયી સંજોગોમાં થતી મિલકતની હેરફેર અટકાવવાનો અને મિલકતના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો હતો. આ કાયદા હેઠળ જાહેર કરાયેલા અશાંત વિસ્તારમાં મિલકતના વેચાણ, ખરીદી કે ટ્રાન્સફર માટે કાયદામાં નિર્ધારિત મંજૂરીની પ્રક્રિયા અનુસરવી પડે છે. તેમાં સંબંધિત સત્તાધિકારી સમક્ષ વિગતો રજૂ કરવી, વ્યવહારની પરિસ્થિતિ તપાસવી અને કાયદા મુજબ નિર્ણય લેવાની જોગવાઈ છે. સરકારનો હેતુ જો નાગરિકોની સુરક્ષા અને મિલકતના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો હોય તો તે આવકાર્ય છે. પરંતુ કોઈપણ કાયદાનો અમલ એવો ન હોવો જોઈએ કે એક ચોક્કસ સમાજના નાગરિકોને તેમની પસંદગીના વિસ્તારમાં રહેવા, મિલકત ખરીદવા કે વેચવા માટે વ્યવહારમાં અસમાનતા અનુભવવી પડે.

શું અશાંતધારો મુસ્લિમ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવાના માર્ગમાં અવરોધ બની રહ્યો છે?

આજે મુસ્લિમ સમાજના અનેક પરિવારો શિક્ષણ, વ્યવસાય, નોકરી અને સામાજિક વિકાસ દ્વારા સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડાવા ઇચ્છે છે. દરેક નાગરિકની જેમ તેમને પણ પોતાની આર્થિક ક્ષમતા અને પસંદગી મુજબ રાજ્યના કોઈપણ વિસ્તારમાં ઘર ખરીદવાની અને સન્માનપૂર્વક રહેવાની અપેક્ષા હોય છે. પરંતુ જ્યારે કોઈ વિસ્તારમાં અશાંતધારો લાગુ પડે છે ત્યારે મિલકતના વ્યવહારમાં વધારાની કાયદાકીય પ્રક્રિયા અને મંજૂરીની જરૂરિયાત ઊભી થાય છે. આ પ્રક્રિયા જો લાંબી, અનિશ્ચિત અથવા પક્ષપાતપૂર્ણ બને તો મિલકત ખરીદનાર અને વેચનાર બંને માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

અહીં એક ગંભીર પ્રશ્ન વિચારવા જેવો છે: જો કોઈ મુસ્લિમ પરિવાર પોતાની મહેનતથી કમાયેલા પૈસાથી અન્ય વિસ્તારમાં મકાન ખરીદવા માંગે, તો શું તેને પણ અન્ય નાગરિકોની જેમ સમાન તક અને કાયદેસર પ્રક્રિયાની ખાતરી મળવી ન જોઈએ? ભારતનું બંધારણ દરેક નાગરિકને સમાનતાનો અધિકાર આપે છે. ધર્મના આધારે ભેદભાવ વિના કાયદાનું સમાન રક્ષણ મળવું જોઈએ. દેશના નાગરિકોને સમગ્ર ભારતમાં વસવાટ કરવાનો અને મિલકત મેળવવાનો અધિકાર પણ કાયદાકીય મર્યાદાઓને આધીન છે. તેથી અશાંતધારાની દરેક જોગવાઈ અને તેના અમલીકરણની બંધારણીય સમાનતા, ન્યાયસંગતતા અને પ્રમાણસરતાની કસોટી પર સમીક્ષા થવી જરૂરી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના : શું દરેક નાગરિકને સમાન તક મળે છે?

આ ચર્ચા માત્ર મિલકત ખરીદવા કે વેચવા પૂરતી મર્યાદિત નથી. તાજેતરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજાયેલા આવાસ ફાળવણીના ડ્રો અંગે પણ કેટલાક નાગરિકોમાં પ્રશ્નો અને અસંતોષ જોવા મળ્યો હોવાના અહેવાલો તથા રજૂઆતો સામે આવે છે. ખાસ કરીને સરખેજ–જુહાપુરા વિસ્તારમાં બનેલી આવાસ યોજનાઓમાં મુસ્લિમ પરિવારોને ફાળવણીના ડ્રોમાં પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું , પસંદગીની પ્રક્રિયા કેટલી પારદર્શક હતી અને પાત્ર અરજદારોને તેમ છતાંય સમાન તક ન મળી તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સત્તાવાર વિગતો જાહેર થવી જોઈએ. આ બાબતે એક નાગરિક તરીકે પ્રશ્ન પૂછવો જરૂરી છે કે જો સરકારી આવાસ યોજના દરેક પાત્ર અને જરૂરિયાતમંદ નાગરિક માટે હોય, તો તેમાં ધર્મ કે સામાજિક ઓળખના આધારે કોઈને પણ વંચિત રાખવામાં ન આવવો જોઈએ. જો કોઈ મુસ્લિમ પરિવારને અન્ય વિસ્તારમાં આવાસ ફાળવવામાં આવે તો તેને લઈને રાજકીય કે સામાજિક વિરોધ ઊભો થાય અને બીજી તરફ મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં અન્ય સમાજના પરિવારોને આવાસ મળે ત્યારે તેને અલગ રાજકીય દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવે, તો સમાજમાં સમાનતા અને પરસ્પર વિશ્વાસ અંગે પ્રશ્નો ઊભા થઈ શકે છે. આથી આવાસ ફાળવણીની પ્રક્રિયા, ડ્રોની વિગતો, પાત્ર અરજદારોની સંખ્યા અને ફાળવણીના પરિણામો પારદર્શક રીતે જાહેર થવા જોઈએ. પુરાવા અને આંકડાઓના આધારે જ કોઈ ભેદભાવ થયો છે કે નહીં તેનો નિર્ણય થવો જોઈએ.

કાયદો કોમી સૌહાર્દ માટે હોવો જોઈએ, સામાજિક અંતર માટે નહીં

કોઈપણ કાયદાનો મૂળ હેતુ સમાજમાં શાંતિ, સુરક્ષા અને ન્યાય સ્થાપવાનો હોવો જોઈએ. પરંતુ જો કોઈ કાયદાની જોગવાઈઓના અમલથી નાગરિકોમાં એવી લાગણી ઊભી થાય કે તેમના માટે અમુક વિસ્તારોમાં વસવાટ કરવો કે મિલકત ખરીદવી મુશ્કેલ છે, તો તે બાબત સરકાર અને નીતિ ઘડનારાઓએ ગંભીરતાથી સાંભળવી જોઈએ. શું આપણે એવું ગુજરાત ઇચ્છીએ છીએ જ્યાં લોકોની ઓળખ તેમના ધર્મના આધારે રહેઠાણની પસંદગીથી નક્કી થાય? કે પછી એવું રાજ્ય ગુજરાત ઇચ્છીએ છીએ જ્યાં હિન્દુ, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તી અને અન્ય તમામ સમાજના લોકો પરસ્પર વિશ્વાસ સાથે સાથે રહી શકે?

આપણી સામાજિક એકતાની સાચી કસોટી એ છે કે એક સમાજનો નાગરિક બીજા સમાજના વિસ્તારમાં રહે ત્યારે તેને અસુરક્ષિત કે અનિચ્છનીય હોવાની લાગણી ન થાય. કોમી શાંતિ માટે જરૂરી હોય ત્યાં કાયદેસર નિયંત્રણો હોઈ શકે, પરંતુ તે નિયંત્રણોનો અમલ નિષ્પક્ષ, પારદર્શક, સમયબદ્ધ અને પુરાવા આધારિત હોવો જોઈએ. કોઈ વિસ્તાર કે સમાજને કાયમી શંકાની નજરે જોવાની માનસિકતા લોકશાહી અને સામાજિક એકતા માટે યોગ્ય નથી.

સામાજિક સંસ્થાઓ અને આગેવાનો હવે આગળ આવે

આ મુદ્દો કોઈ એક રાજકીય પક્ષ કે વ્યક્તિનો નથી. આ મુદ્દો નાગરિકોના બંધારણીય અધિકારો, સમાન તક અને સામાજિક એકતાનો છે. મુસ્લિમ સમાજની સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વકીલો, બુદ્ધિજીવીઓ, ધાર્મિક આગેવાનો અને યુવા સંગઠનોએ આ મુદ્દે એક મંચ પર આવીને કાયદાકીય તથા લોકશાહી માર્ગે ચર્ચા શરૂ કરવી જોઈએ. માત્ર સોશિયલ મીડિયા પર વિરોધ કરવાથી પરિવર્તન નહીં આવે. આ માટે વ્યવસ્થિત અભ્યાસ, કાયદાકીય સંશોધન, અસરગ્રસ્ત નાગરિકોના અનુભવો અને સરકારી આંકડાઓના આધારે મજબૂત રજૂઆત કરવાની જરૂર છે. આપણે નીચેની માગણીઓ સાથે સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઈએ:

૧. અશાંતધારા હેઠળ જાહેર કરાયેલા વિસ્તારો અને તેની પાછળનાં કારણોની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે.
૨. નવા 'સ્પેસિફાઇડ એરિયા' જાહેર કરતાં પહેલાં પારદર્શક માપદંડો અને સ્થાનિક નાગરિકોના અભિપ્રાયને યોગ્ય સ્થાન આપવામાં આવે.
૩. મિલકતના વ્યવહારો માટેની મંજૂરી પ્રક્રિયા સમયબદ્ધ, નિષ્પક્ષ અને કારણદર્શક બનાવવામાં આવે તેમજ ઓનલાઇન અને ટ્રાન્સફરન્સ હોવી જોઇએ જે સમય મર્યાદામાં નક્કી કરવામાં આવે.
૪. કાયદાના અમલમાં કોઈપણ પ્રકારના ધાર્મિક કે સામાજિક ભેદભાવને સ્થાન ન મળે.
૫. પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની સરકારી યોજનાઓમાં તમામ પાત્ર નાગરિકોને સમાન તક મળે તેની ખાતરી કરવામાં આવે.
૬. અશાંતધારાની બંધારણીય માન્યતા, જરૂરિયાત અને સામાજિક અસરો અંગે સ્વતંત્ર કાનૂની તથા નીતિગત સમીક્ષા કરવામાં આવે.
૭. કાયદો જો તેના મૂળ હેતુથી વિપરીત સામાજિક વિભાજન કે ભેદભાવનું કારણ બની રહ્યો હોય તો તેમાં જરૂરી સુધારા કરવામાં આવે અથવા તેને રદ કરવાની માગણી પર ગંભીરતાથી વિચાર કરવામાં આવે.

જનઆંદોલનનો માર્ગ : વિરોધ નહીં, બંધારણીય અધિકારો માટેનો સંઘર્ષ

મારી દૃષ્ટિએ હવે સમગ્ર ગુજરાતમાં આ મુદ્દે એક શાંતિપૂર્ણ અને સંગઠિત જનજાગૃતિ અભિયાનની જરૂર છે. આ અભિયાન કોઈ ધર્મ કે સમાજની વિરુદ્ધ ન હોવું જોઈએ. હિન્દુ સમાજના ન્યાયપ્રિય નાગરિકો, સામાજિક આગેવાનો અને લોકશાહીમાં વિશ્વાસ ધરાવતા તમામ વર્ગોને પણ આ ચર્ચામાં જોડવા જોઈએ. કારણ કે સમાનતાનો અધિકાર માત્ર એક સમાજ માટે નથી; તે દરેક ભારતીય નાગરિકનો અધિકાર છે. આપણે સરકાર સમક્ષ લોકશાહી ઢબે આવેદનપત્રો આપીએ, જાહેર ચર્ચાઓ યોજીએ, કાયદાકીય અભ્યાસ કરીએ અને જરૂર પડે તો બંધારણીય ઉપાયો દ્વારા ન્યાય મેળવવાનો પ્રયાસ કરીએ. કોઈપણ કાયદો જનતાથી મોટો નથી અને કોઈપણ સરકાર બંધારણીય જવાબદારીથી પર નથી.

અંતિમ વાત : ગુજરાતને જોડવાનું છે, વર્હેંચવાનું નથી!

ગુજરાતની ઓળખ વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, વિકાસ અને સામાજિક સૌહાર્દથી છે. આ ઓળખને વધુ મજબૂત બનાવવાની જવાબદારી સરકારની પણ છે અને સમાજની પણ છે. અમે એવો સમાજ ઇચ્છીએ છીએ જ્યાં મુસ્લિમ યુવાન હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારમાં આત્મવિશ્વાસથી ઘર ખરીદી શકે અને હિન્દુ પરિવાર મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં કોઈ ભય કે ભેદભાવ વિના રહી શકે. આ જ સાચું ભારત છે, આ જ બંધારણીય લોકશાહી છે અને આ જ સામાજિક એકતાનો સંદેશ છે. અશાંતધારાનો હેતુ જો કોમી શાંતિ અને મિલકતના માલિકોનું રક્ષણ કરવાનો હોય તો તેની અમલવારીમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. પરંતુ જો તેની જોગવાઈઓ કે અમલ નાગરિકોની સમાન તક, પસંદગી અને સામાજિક એકીકરણને અવરોધે છે, તો તેના પર ખુલ્લી ચર્ચા અને કાયદાકીય સમીક્ષા થવી જ જોઈએ. અમારી માગણી કોઈ વિશેષાધિકારની નથી; અમારી માગણી સમાન અધિકાર, સમાન તક અને સન્માનપૂર્વક જીવન જીવવાની છે. ચાલો, સમગ્ર ગુજરાતમાં એક અવાજ ઉઠાવીએ:

અશાંતધારાની નિષ્પક્ષ સમીક્ષા કરો! નાગરિકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરો!

ધર્મના આધારે નહીં, ન્યાયના આધારે વહીવટ કરો! ગુજરાતને જોડો, સમાજને વહેંચો નહીં!

- ગુલમોઈન ખોખર (એડવોકેટ)
(gulmoin@gmail.com
Mo.9825868421

જૈનાબાદમાં મુસ્લિમ સમાજનો સાતમો સમૂહલગ્ન યોજાયો



(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૮

મુસ્લિમ સમાજ સમૂહલગ્ન સમિતિ જૈનાબાદ દ્વારા જૈનાબાદ મુકામે સાતમો સમૂહલગ્ન યોજાયો હતો. કાર્યક્રમમાં સમાજમાં ખોટા ખર્ચ અને કુરિવાજો છોડીને શિક્ષણ તથા આરોગ્ય પર ધ્યાન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ખોટા ખર્ચથી સમાજને નુકસાન થાય છે.

સમૂહલગ્ન જેવા કાર્યક્રમોથી સમાજમાં જાગૃતિ આવે અને સમાજની પ્રગતિ થાય, તેવો હેતુ હોવાનું જણાવાયું. કાર્યક્રમમાં બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબહેન ઠાકોર, દસાડા-લખતરના પૂર્વ ધારાસભ્ય અને સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નૌશાદ સોલંકી, જૈનાબાદ સ્ટેટના સબીર મહંમદ ખાનજી, મુસ્લિમ સમાજના આગેવાનો અને સમિતિના આયોજકો હાજર રહ્યા હતા.સમૂહલગ્ન સમિતિ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ ગેનીબહેન ઠાકોરનું ઢોલ-નગારાં વગાડીને અને તલવારો સાથે સ્વાગત કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા જૈનાબાદ ગામના દરેક સમાજના લોકોએ મહેનત કરી.

વડોદરાનો ચર્ચાસ્પદ ASI દીપુ સસ્પેન્ડ, દ્વારકા હેડક્વાર્ટર ખાતે મૂકાયો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

વડોદરામાં ચર્ચાસ્પદ પોલીસ કર્મચારી ASI દીપુ સામે કાર્યવાહી કરવામાં આવી છે. નંદેસરી વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા રૂા.૧.૪૦ કરોડનો દારૂ ઝડપવાના કેસ બાદ ASI દીપુને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. સાથે જ તેમને દ્વારકા હેડક્વાર્ટર ખાતે મૂકવાનો આદેશ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. નંદેસરી વિસ્તારમાં SMC દ્વારા દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ પોલીસ વિભાગમાં આ કાર્યવાહી ચર્ચાનો વિષય બની હતી. દારૂના આ કેસને પગલે સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા હતા. સમગ્ર મામલે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. DGPના આદેશથી ASI દીપુને સસ્પેન્ડ કરી દ્વારકા હેડક્વાર્ટર ખાતે મૂકવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચ્યો છે. નંદેસરીમાં રૂા.૧.૪૦ કરોડના દારૂના જથ્થા સાથે જોડાયેલા કેસ બાદ કરવામાં આવેલી આ કાર્યવાહી પોલીસ વિભાગમાં જવાબદારી અને કામગીરી અંગે ફરી ચર્ચા જગાવી રહી છે.

બોડેલીના વાઘવા પાસે હાઈવા ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૧૮

બોડેલી તાલુકાના વાઘવા ગામ પાસે ડોલોમાઈટ પાવડર ભરેલી હાઈવા ટ્રક અને બજાજ સિટી બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે બાઈક પર સવાર અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં મૃત્યુ પામનાર યુવાનની ઓળખ ઉદયસિંહભાઈ આપસિંહભાઈ રાઠવા તરીકે થઈ છે. તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બાઈક પર સવાર અન્ય વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં આસપાસના ગામોના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. ગ્રામજનોએ બચાવ કામગીરીમાં મદદ કરી હતી. પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વિસ્તારમાં બેફામ ગતિએ દોડતા ભારે વાહનોને કારણે અવારનવાર અકસ્માતો સર્જાતા હોવાનું લોકો જણાવી રહ્યા છે અને આવા વાહનો પર અંકુશ મુકવા તંત્ર પાસે માંગ કરી રહ્યા છે.

વડોદરામાં અગ્નિસ્નાન કરનાર વેપારીનું સારવાર દરમ્યાન મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૮

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં રહેતા અને સ્કૂલ યુનિફોર્મનું મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવતા ૪૫ વર્ષના વેપારીએ દેવાના બોજ તળે દબાઈને ડીઝલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. સારવાર દરમિયાન તેઓનું મોત થયું છે. જે અંગે મકરપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તરસાલી સિદ્ધેશ્વર હાઈટ્સમાં પત્ની અને સંતાનો સાથે રહેતા દેવેશ કાલીચરણ મિશ્રા (ઉ.વ.૪૫) નેશનલ હાઈવે નજીક દુકાન ભાડે રાખીને સ્કૂલના વિદ્યાર્થીઓના યુનિફોર્મ, ટાઈ અને બેલ્ટ બનાવવાનું કામ કરતા હતા. કોરોનાકાળ દરમિયાન સ્કૂલો બંધ રહેતા દોઢ વર્ષ સુધી કામકાજ ઠપ થઈ ગયું હતું. હોમ લોન તેમજ રોકાણકારોના નાણાં મળીને તેમના માથે અંદાજે ૩૦થી ૪૦ લાખનું દેવું થઈ ગયું હતું. જેના કારણે તેઓ સતત માનસિક તણાવમાં રહેતા હતા. દેવાની ચૂકવણી માટે થોડા સમય પહેલા તેમણે જરોદ ખાતે એક કંપનીમાં માસિક ૨૦ હજારના પગારની નોકરી પણ શરૂ કરી હતી, પરંતુ લોનના મોંઘા હપ્તા સામે આવક ઓછી પડતા તેઓ આર્થિક ભીંસમાં ફસાયા હતા. ગત તા.૧૯ ઓક્ટોબરના રોજ નવરાત્રિના છેલ્લા નોરતે તેમણે ઘરમાં પોતાની જાતે ડીઝલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં તેઓને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ગઈકાલે તેઓનું મોત થયું છે.

પીલવાઈ ગામેથી થયેલી ભેંસ ચોરીનો ભેદ ઉકેલાયો, બે શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
મહેસાણા, તા.૧૮

વિજાપુર તાલુકાના પીલવાઈ ગામેથી થયેલી ભેંસ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં વિજાપુર પોલીસને સફળતા મળી છે. ટેકનિકલ ઈન્ટેલિજન્સ અને બાતમીના આધારે પોલીસે નંદાસણ અને અમદાવાદના એમ બે શખ્સોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ચોરી થયેલી ભેંસ, ગુનામાં વપરાયેલું પીકઅપ ડાલું, મોબાઈલ ફોન અને હથિયારો સહિત કુલ રૂા.૧.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પીલવાઈ ગામેથી ચોરાયેલી ભેંસ નંદાસણના ઈન્દિરાવાસ વિસ્તારમાં એક રહેણાક મકાન આગળના વાડામાં હોવાની માહિતી પોલીસને મળી હતી. જેના

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

નિકાસના રેકોર્ડ પાછળ છુપાયેલું આયાતનું ભારણ

દેશના અર્થતંત્રની તંદુરસ્તી માપવાનું એક મહત્ત્વનું માપદંડ વિદેશી વેપારનું સંતુલન છે. ભારતે ઓક્ટોબર મહિનામાં માલસામાનની નિકાસમાં અત્યાર સુધીનો સૌથી ઊંચો આંકડો નોંધાવ્યો છે, તે ચોક્કસ આવકારદાયક છે. નિકાસ ૪૯.૪૭ અબજ ડોલર સુધી પહોંચી છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ નોંધપાત્ર વધારો છે. પરંતુ આ આવકારની સાથે જ એક ગંભીર સવાલ ઊભો થાય છે: જ્યારે નિકાસ વધી રહી છે ત્યારે આયાત પણ ૮૯.૩૫ અબજ ડોલર સુધી પહોંચી જાય અને વેપાર ખાધ લગભગ ૩૯.૮૮ અબજ ડોલર થઈ જાય ત્યારે આર્થિક સફળતાનો સાચો અર્થ શું ગણવો? રેકોર્ડ નિકાસના આંકડા સામે આયાતનું વધતું ભારણ દેશની આર્થિક નીતિ માટે ચેતવણી સમાન છે.

નિકાસમાં વૃદ્ધિ થવી એ દેશની ઉત્પાદન ક્ષમતા, ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા અને વૈશ્વિક બજારમાં સ્વીકાર્યતા વધતી હોવાનો સંકેત છે. પેટ્રોલિયમ ઉત્પાદનો, ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ સામાન, રત્નો અને આભૂષણોની નિકાસમાં થયેલો વધારો આ દિશામાં આશાસ્પદ છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભારતીય ઉત્પાદકોને મળતી તકનો લાભ દેશે વધુ સારી રીતે લેવો જોઈએ. પરંતુ નિકાસના આંકડાની ચમકથી આયાતની રચના અને તેના જોખમો નજરચૂક ન થવા જોઈએ. કારણ કે વેપાર ખાધનો અર્થ માત્ર બે આંકડાઓ વચ્ચેનો તફાવત નથી; તે દેશને વિદેશી ચલણની કેટલી જરૂર પડે છે, વૈશ્વિક ભાવોની અસ્થિરતા સામે તે કેટલો સંવેદનશીલ છે અને સ્થાનિક ઉત્પાદન કેટલું આત્મનિર્ભર છે તેનો પણ અરીસો છે.

ભારતની સૌથી મોટી નબળાઈ ઊર્જા ક્ષેત્રે આયાત પરની ભારે નિર્ભરતા છે. દેશ પોતાની જરૂરિયાતના મોટા ભાગના ક્રૂડ ઓઇલ માટે વિદેશી બજારો પર આધાર રાખે છે. પશ્ચિમ એશિયામાં તણાવ વધે, સમુદ્રી માર્ગોમાં અવરોધ ઊભો થાય અથવા તેલના ભાવમાં ઉછાળો આવે તો તેની અસર સીધી ભારતના આયાત બિલ પર પડે છે. ઓઇલ મોંઘું થાય એટલે માત્ર પેટ્રોલ-ડીઝલ જ મોંઘાં થતાં નથી; પરિવહન, ખેતી, ઉદ્યોગ, વીજ ઉત્પાદન અને રોજિંદા વપરાશની અનેક ચીજવસ્તુઓના ખર્ચમાં વધારો થાય છે. અંતે આ ભાર સામાન્ય નાગરિકના ખિસ્સા પર પડે છે. એટલે ઊર્જા સુરક્ષા હવે માત્ર વિદેશ નીતિનો મુદ્દો નથી, તે મોંઘવારી અને ઘરેલુ અર્થતંત્રનો પણ પ્રશ્ન છે.

આયાતમાં વધારો માત્ર પેટ્રોલિયમ પૂરતો મર્યાદિત નથી. ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી, સોના સહિતની કિંમતી ધાતુઓ અને ઔદ્યોગિક કાચા માલની આયાત પણ વિદેશી ચલણનો મોટો હિસ્સો વાપરે છે. તેમાંની કેટલીક આયાત વિકાસ માટે અનિવાર્ય છે. આધુનિક મશીનો, ટેક્નોલોજી અને ઉત્પાદન માટે જરૂરી ઘટકો વિદેશથી મંગાવવાથી ઉદ્યોગોની ક્ષમતા વધી શકે છે. તેથી દરેક આયાતને ખરાબ ગણવી યોગ્ય નથી. પરંતુ જે વસ્તુઓનું ઉત્પાદન દેશમાં શક્ય છે, અથવા થોડા વર્ષોની સુનિયોજિત નીતિથી શક્ય બની શકે છે, તેના માટે સતત વિદેશ પર આધાર રાખવો સમજદારી નથી. આયાત ઘટાડવાનો અર્થ વેપાર બંધ કરવો નહીં, પરંતુ સ્થાનિક ઉત્પાદનને એટલું સક્ષમ બનાવવું કે દેશની જરૂરિયાતનો મોટો હિસ્સો દેશમાંથી જ પૂરો થઈ જાય.

આ બાબતથી સરકારની ઔદ્યોગિક નીતિની કસોટી થાય છે. ઉત્પાદન વધારવા માટે માત્ર પ્રોત્સાહન યોજનાઓ અને મોટા રોકાણના દાવા પૂરતા નથી. નાના અને મધ્યમ ઉદ્યોગોને સસ્તું ધિરાણ, વિશ્વસનીય વીજળી, આધુનિક ટેક્નોલોજી, કુશળ કામદારો અને સરળ નિયમન વ્યવસ્થા મળવી જોઈએ. આયાતી ઘટકો પર આધારિત એસેમ્બલીગને જ ઉત્પાદનની સફળતા ગણવાથી લાંબા ગાળે આત્મનિર્ભરતા નહીં આવે. સંશોધન, ડિઝાઇન, ઘટકોનું સ્થાનિક ઉત્પાદન અને ગુણવત્તા સુધારવા પર ભાર મૂકવો પડશે. ખાસ કરીને સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક ઘટકો, સૌર ઊર્જા સાધનો, બેટરી, ઔદ્યોગિક મશીનરી અને રાસાયણિક કાચા માલ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક ક્ષમતા વિકસાવવી જરૂરી છે.

નિકાસ વધારવા માટે પણ માત્ર એકાદ મહિનાના રેકોર્ડથી સંતોષ માનવો ન જોઈએ. ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં ટકાઉ સ્થાન અપાવવા માટે ગુણવત્તા, સમયસર પુરવઠો, સ્પર્ધાત્મક ભાવ અને વેપારની સ્થિર નીતિ જરૂરી છે. નાના નિકાસકારોને બંદરો, પરિવહન, વેરહાઉસિંગ અને ક્સ્ટમ્સ પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ ઘટાડવી જોઈએ. વૈશ્વિક બજારમાં થોડા દેશો પર અતિશય નિર્ભર રહેવાને બદલે નવા બજારો શોધવા જોઈએ. વેપાર કરારોનો લાભ મોટા ઉદ્યોગો સુધી જ સીમિત ન રહે, પરંતુ નાના ઉત્પાદકો અને રોજગાર સર્જતા ક્ષેત્રો સુધી પહોંચે તેની ખાતરી કરવી પણ એટલી જ જરૂરી છે.

આજે જરૂર છે કે સરકાર રેકોર્ડ નિકાસને અંતિમ સિદ્ધિ નહીં, પરંતુ વધુ મોટા લક્ષ્યની શરૂઆત માને. દેશે નક્કી કરવું પડશે કે આગામી વર્ષોમાં કઈ આવશ્યક ચીજોની આયાત સ્થાનિક ઉત્પાદનથી બદલી શકાય, કયા ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી વિકસાવી શકાય અને કઈ નિકાસને વધુ મૂલ્યવર્ધિત બનાવી શકાય. ઊર્જાના ક્ષેત્રે નવીનીકરણીય સ્ત્રોતો, સંગ્રહ ક્ષમતા અને વૈકલ્પિક ઈંધણમાં રોકાણ વધારવું પડશે. સાથે જ વ્યૂહાત્મક રીતે જરૂરી આયાત માટે પુરવઠાના વિવિધ દેશો અને માર્ગો તૈયાર રાખવા પડશે.

રેકોર્ડ નિકાસ દેશની ક્ષમતાનો પુરાવો બની શકે છે પરંતુ વધતી આયાત અને ઊંચી વેપાર ખાધ દેશની નબળાઈઓ પણ બતાવે છે. સાચી આર્થિક સફળતા ત્યારે ગણાય, જ્યારે ભારત દુનિયાને વધુ માલસામાન વેચે, પરંતુ પોતાની મૂળભૂત જરૂરિયાતો માટે સતત દુનિયા સામે હાથ ફેલાવવો ન પડે. વિકાસનો અર્થ માત્ર મોટા આંકડા રજૂ કરવાનો નથી; તેનો અર્થ છે મજબૂત સ્થાનિક ઉત્પાદન, સ્થિર ભાવ, રોજગાર અને વૈશ્વિક આંચકાઓ સામે ટકી શકે તેવું અર્થતંત્ર. નિકાસનો વિક્રમ ઉજવવો જોઈએ પરંતુ આયાતના ભારણ અંગે આંખ બંધ કરીને નહીં. આ જ સમયે આત્મનિર્ભરતાના નારાને નીતિ, રોકાણ અને ઉત્પાદનના નક્કર પરિણામોમાં ફેરવવાની જરૂર છે.

અશાંતધારો : કોમી શાંતિનું રક્ષણ કે લઘુમતી સમાજના સામાજિક અને આર્થિક એકીકરણ સામે અવરોધ ?

મુસ્લિમોને મુખ્ય ધારા સાથે જોડતા રોકતો કાયદો ? કાયદાનો હેતુ શાંતિ સ્થાપવાનો હોવો જોઈએ, નહીં કે નાગરિકો વચ્ચે અંતર ઊભું કરવાનો !

ગુજરાતમાં અશાંતધારા (Disturbed Areas Act) અંગે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. સરકાર દ્વારા 'સ્પેસિફાઇડ એરિયા' અંગે નવા નિયમો અને મોનિટરિંગ એન્ડ એડવાઇઝરી કમિટીની વ્યવસ્થા અમલવારીની વચ્ચે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે કે શું કોઈ કાયદો કોમી શાંતિ અને મિલકતના વ્યવહારોમાં પારદર્શિતા જાળવવા માટે હોવો જોઈએ કે પછી અજાણતાં જ સમાજના એક વર્ગ માટે સામાજિક અને આર્થિક અવરોધ બની શકે છે? આ પ્રશ્ન ખાસ કરીને મુસ્લિમ લઘુમતી સમાજના નાગરિકો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. મારો પોતાનો દાખલો છે. મારે વકાલત માટે ઓફિસ વિશાલા જે કોમ્પલેક્ષમાં ૭૦% ટકા મુસ્લિમ સમાજની ઓફિસ છે ત્યાં એક હિન્દુ ઓળખીતા ભાઈ પાસેથી લેવામાં જે મુશ્કેલી પડી છે તે જોઈ લાગે છે એક મુખ્ય ધારાના સરકાર સપોર્ટીંગ કાર્યકર તરીકે સમાજમાં સમાનતા, બંધારણીય અધિકારો અને સામાજિક એકતા માટે અવાજની ગુંજ સરકાર સુધી પહોંચતી થવી જોઈએ.

અશાંતધારો એટલે શું?

ગુજરાતમાં વર્ષો પહેલાં થયેલા કોમી રમખાણો અને તેના પરિણામે ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અશાંતધારા કાયદો અમલમાં આવ્યો હતો. તેનો મુખ્ય હેતુ કોમી તણાવગ્રસ્ત વિસ્તારોમાં મિલકતના વ્યવહારો દરમિયાન દબાણ, ધાકધમકી કે અન્યાયી સંજોગોમાં થતી મિલકતની હેરફેર અટકાવવાનો અને મિલકતના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો હતો. આ કાયદા હેઠળ જાહેર કરાયેલા અશાંત વિસ્તારમાં મિલકતના વેચાણ, ખરીદી કે ટ્રાન્સફર માટે કાયદામાં નિર્ધારિત મંજૂરીની પ્રક્રિયા અનુસરવી પડે છે. તેમાં સંબંધિત સત્તાધિકારી સમક્ષ વિગતો રજૂ કરવી, વ્યવહારની પરિસ્થિતિ તપાસવી અને કાયદા મુજબ નિર્ણય લેવાની જોગવાઈ છે. સરકારનો હેતુ જો નાગરિકોની સુરક્ષા અને મિલકતના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો હોય તો તે આવકાર્ય છે. પરંતુ કોઈપણ કાયદાનો અમલ એવો ન હોવો જોઈએ કે એક ચોક્કસ સમાજના નાગરિકોને તેમની પસંદગીના વિસ્તારમાં રહેવા, મિલકત ખરીદવા કે વેચવા માટે વ્યવહારમાં અસમાનતા અનુભવવી પડે.

શું અશાંતધારો મુસ્લિમ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવાના માર્ગમાં અવરોધ બની રહ્યો છે?

આજે મુસ્લિમ સમાજના અનેક પરિવારો શિક્ષણ, વ્યવસાય, નોકરી અને સામાજિક વિકાસ દ્વારા સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડાવા ઇચ્છે છે. દરેક નાગરિકની જેમ તેમને પણ પોતાની આર્થિક ક્ષમતા અને પસંદગી મુજબ રાજ્યના કોઈપણ વિસ્તારમાં ઘર ખરીદવાની અને સન્માનપૂર્વક રહેવાની અપેક્ષા હોય છે. પરંતુ જ્યારે કોઈ વિસ્તારમાં અશાંતધારો લાગુ પડે છે ત્યારે મિલકતના વ્યવહારમાં વધારાની કાયદાકીય પ્રક્રિયા અને મંજૂરીની જરૂરિયાત ઊભી થાય છે. આ પ્રક્રિયા જો લાંબી, અનિશ્ચિત અથવા પક્ષપાતપૂર્ણ બને તો મિલકત ખરીદનાર અને વેચનાર બંને માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

અહીં એક ગંભીર પ્રશ્ન વિચારવા જેવો છે: જો કોઈ મુસ્લિમ પરિવાર પોતાની મહેનતથી કમાયેલા પૈસાથી અન્ય વિસ્તારમાં મકાન ખરીદવા માંગે, તો શું તેને પણ અન્ય નાગરિકોની જેમ સમાન તક અને કાયદેસર પ્રક્રિયાની ખાતરી મળવી ન જોઈએ? ભારતનું બંધારણ દરેક નાગરિકને સમાનતાનો અધિકાર આપે છે. ધર્મના આધારે ભેદભાવ વિના કાયદાનું સમાન રક્ષણ મળવું જોઈએ. દેશના નાગરિકોને સમગ્ર ભારતમાં વસવાટ કરવાનો અને મિલકત મેળવવાનો અધિકાર પણ કાયદાકીય મર્યાદાઓને આધીન છે. તેથી અશાંતધારાની દરેક જોગવાઈ અને તેના અમલીકરણની બંધારણીય સમાનતા, ન્યાયસંગતતા અને પ્રમાણસરતાની કસોટી પર સમીક્ષા થવી જરૂરી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના : શું દરેક નાગરિકને સમાન તક મળે છે?

આ ચર્ચા માત્ર મિલકત ખરીદવા કે વેચવા પૂરતી મર્યાદિત નથી. તાજેતરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજાયેલા આવાસ ફાળવણીના ડ્રો અંગે પણ કેટલાક નાગરિકોમાં પ્રશ્નો અને અસંતોષ જોવા મળ્યો હોવાના અહેવાલો તથા રજૂઆતો સામે આવે છે. ખાસ કરીને સરખેજ–જુહાપુરા વિસ્તારમાં બનેલી આવાસ યોજનાઓમાં મુસ્લિમ પરિવારોને ફાળવણીના ડ્રોમાં પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું , પસંદગીની પ્રક્રિયા કેટલી પારદર્શક હતી અને પાત્ર અરજદારોને તેમ છતાંય સમાન તક ન મળી તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સત્તાવાર વિગતો જાહેર થવી જોઈએ. આ બાબતે એક નાગરિક તરીકે પ્રશ્ન પૂછવો જરૂરી છે કે જો સરકારી આવાસ યોજના દરેક પાત્ર અને જરૂરિયાતમંદ નાગરિક માટે હોય, તો તેમાં ધર્મ કે સામાજિક ઓળખના આધારે કોઈને પણ વંચિત રાખવામાં ન આવવો જોઈએ. જો કોઈ મુસ્લિમ પરિવારને અન્ય વિસ્તારમાં આવાસ ફાળવવામાં આવે તો તેને લઈને રાજકીય કે સામાજિક વિરોધ ઊભો થાય અને બીજી તરફ મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં અન્ય સમાજના પરિવારોને આવાસ મળે ત્યારે તેને અલગ રાજકીય દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવે, તો સમાજમાં સમાનતા અને પરસ્પર વિશ્વાસ અંગે પ્રશ્નો ઊભા થઈ શકે છે. આથી આવાસ ફાળવણીની પ્રક્રિયા, ડ્રોની વિગતો, પાત્ર અરજદારોની સંખ્યા અને ફાળવણીના પરિણામો પારદર્શક રીતે જાહેર થવા જોઈએ. પુરાવા અને આંકડાઓના આધારે જ કોઈ ભેદભાવ થયો છે કે નહીં તેનો નિર્ણય થવો જોઈએ.

કાયદો કોમી સૌહાર્દ માટે હોવો જોઈએ, સામાજિક અંતર માટે નહીં

કોઈપણ કાયદાનો મૂળ હેતુ સમાજમાં શાંતિ, સુરક્ષા અને ન્યાય સ્થાપવાનો હોવો જોઈએ. પરંતુ જો કોઈ કાયદાની જોગવાઈઓના અમલથી નાગરિકોમાં એવી લાગણી ઊભી થાય કે તેમના માટે અમુક વિસ્તારોમાં વસવાટ કરવો કે મિલકત ખરીદવી મુશ્કેલ છે, તો તે બાબત સરકાર અને નીતિ ઘડનારાઓએ ગંભીરતાથી સાંભળવી જોઈએ. શું આપણે એવું ગુજરાત ઇચ્છીએ છીએ જ્યાં લોકોની ઓળખ તેમના ધર્મના આધારે રહેઠાણની પસંદગીથી નક્કી થાય? કે પછી એવું રાજ્ય ગુજરાત ઇચ્છીએ છીએ જ્યાં હિન્દુ, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તી અને અન્ય તમામ સમાજના લોકો પરસ્પર વિશ્વાસ સાથે સાથે રહી શકે?

આપણી સામાજિક એકતાની સાચી કસોટી એ છે કે એક સમાજનો નાગરિક બીજા સમાજના વિસ્તારમાં રહે ત્યારે તેને અસુરક્ષિત કે અનિચ્છનીય હોવાની લાગણી ન થાય. કોમી શાંતિ માટે જરૂરી હોય ત્યાં કાયદેસર નિયંત્રણો હોઈ શકે, પરંતુ તે નિયંત્રણોનો અમલ નિષ્પક્ષ, પારદર્શક, સમયબદ્ધ અને પુરાવા આધારિત હોવો જોઈએ. કોઈ વિસ્તાર કે સમાજને કાયમી શંકાની નજરે જોવાની માનસિકતા લોકશાહી અને સામાજિક એકતા માટે યોગ્ય નથી.

સામાજિક સંસ્થાઓ અને આગેવાનો હવે આગળ આવે

આ મુદ્દો કોઈ એક રાજકીય પક્ષ કે વ્યક્તિનો નથી. આ મુદ્દો નાગરિકોના બંધારણીય અધિકારો, સમાન તક અને સામાજિક એકતાનો છે. મુસ્લિમ સમાજની સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વકીલો, બુદ્ધિજીવીઓ, ધાર્મિક આગેવાનો અને યુવા સંગઠનોએ આ મુદ્દે એક મંચ પર આવીને કાયદાકીય તથા લોકશાહી માર્ગે ચર્ચા શરૂ કરવી જોઈએ. માત્ર સોશિયલ મીડિયા પર વિરોધ કરવાથી પરિવર્તન નહીં આવે. આ માટે વ્યવસ્થિત અભ્યાસ, કાયદાકીય સંશોધન, અસરગ્રસ્ત નાગરિકોના અનુભવો અને સરકારી આંકડાઓના આધારે મજબૂત રજૂઆત કરવાની જરૂર છે. આપણે નીચેની માગણીઓ સાથે સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઈએઃ

૧. અશાંતધારા હેઠળ જાહેર કરાયેલા વિસ્તારો અને તેની પાછળનાં કારણોની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે.
૨. નવા 'સ્પેસિફાઇડ એરિયા' જાહેર કરતાં પહેલાં પારદર્શક માપદંડો અને સ્થાનિક નાગરિકોના અભિપ્રાયને યોગ્ય સ્થાન આપવામાં આવે.
૩. મિલકતના વ્યવહારો માટેની મંજૂરી પ્રક્રિયા સમયબદ્ધ, નિષ્પક્ષ અને કારણદર્શક બનાવવામાં આવે તેમજ ઓનલાઇન અને ટ્રાન્સફરન્સ હોવી જોઈએ જે સમય મર્યાદામાં નક્કી કરવામાં આવે.
૪. કાયદાના અમલમાં કોઈપણ પ્રકારના ધાર્મિક કે સામાજિક ભેદભાવને સ્થાન ન મળે.
૫. પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની સરકારી યોજનાઓમાં તમામ પાત્ર નાગરિકોને સમાન તક મળે તેની ખાતરી કરવામાં આવે.
૬. અશાંતધારાની બંધારણીય માન્યતા, જરૂરિયાત અને સામાજિક અસરો અંગે સ્વતંત્ર કાનૂની તથા નીતિગત સમીક્ષા કરવામાં આવે.
૭. કાયદો જો તેના મૂળ હેતુથી વિપરીત સામાજિક વિભાજન કે ભેદભાવનું કારણ બની રહ્યો હોય તો તેમાં જરૂરી સુધારા કરવામાં આવે અથવા તેને રદ કરવાની માગણી પર ગંભીરતાથી વિચાર કરવામાં આવે.

જનઆંદોલનનો માર્ગ : વિરોધ નહીં, બંધારણીય અધિકારો માટેનો સંઘર્ષ

મારી દૃષ્ટિએ હવે સમગ્ર ગુજરાતમાં આ મુદ્દે એક શાંતિપૂર્ણ અને સંગઠિત જનજાગૃતિ અભિયાનની જરૂર છે. આ અભિયાન કોઈ ધર્મ કે સમાજની વિરુદ્ધ ન હોવું જોઈએ. હિન્દુ સમાજના ન્યાયપ્રિય નાગરિકો, સામાજિક આગેવાનો અને લોકશાહીમાં વિશ્વાસ ધરાવતા તમામ વર્ગોને પણ આ ચર્ચામાં જોડવા જોઈએ. કારણ કે સમાનતાનો અધિકાર માત્ર એક સમાજ માટે નથી; તે દરેક ભારતીય નાગરિકનો અધિકાર છે. આપણે સરકાર સમક્ષ લોકશાહી ઢબે આવેદનપત્રો આપીએ, જાહેર ચર્ચાઓ યોજીએ, કાયદાકીય અભ્યાસ કરીએ અને જરૂર પડે તો બંધારણીય ઉપાયો દ્વારા ન્યાય મેળવવાનો પ્રયાસ કરીએ. કોઈપણ કાયદો જનતાથી મોટો નથી અને કોઈપણ સરકાર બંધારણીય જવાબદારીથી પર નથી.

અંતિમ વાત : ગુજરાતને જોડવાનું છે, વર્હેંચવાનું નથી!

ગુજરાતની ઓળખ વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, વિકાસ અને સામાજિક સૌહાર્દથી છે. આ ઓળખને વધુ મજબૂત બનાવવાની જવાબદારી સરકારની પણ છે અને સમાજની પણ છે. અમે એવો સમાજ ઇચ્છીએ છીએ જ્યાં મુસ્લિમ યુવાન હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારમાં આત્મવિશ્વાસથી ઘર ખરીદી શકે અને હિન્દુ પરિવાર મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં કોઈ ભય કે ભેદભાવ વિના રહી શકે. આ જ સાચું ભારત છે, આ જ બંધારણીય લોકશાહી છે અને આ જ સામાજિક એકતાનો સંદેશ છે. અશાંતધારાનો હેતુ જો કોમી શાંતિ અને મિલકતના માલિકોનું રક્ષણ કરવાનો હોય તો તેની અમલવારીમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. પરંતુ જો તેની જોગવાઈઓ કે અમલ નાગરિકોની સમાન તક, પસંદગી અને સામાજિક એકીકરણને અવરોધે છે, તો તેના પર ખુલ્લી ચર્ચા અને કાયદાકીય સમીક્ષા થવી જ જોઈએ. અમારી માગણી કોઈ વિશેષાધિકારની નથી; અમારી માગણી સમાન અધિકાર, સમાન તક અને સન્માનપૂર્વક જીવન જીવવાની છે. ચાલો, સમગ્ર ગુજરાતમાં એક અવાજ ઉઠાવીએઃ

અશાંતધારાની નિષ્પક્ષ સમીક્ષા કરો! નાગરિકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરો!

ધર્મના આધારે નહીં, ન્યાયના આધારે વહીવટ કરો! ગુજરાતને જોડો, સમાજને વર્હેંચો નહીં!

- ગુલમોઈન ખોખર (એડવોકેટ)
(gulmoin@gmail.com
Mo.9825868421

ICICI બેંકે 'વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યો નથી' : બોમ્બે હાઈકોર્ટે ચંદા કોચર સામે કાર્યવાહી કરવાની મંજૂરી રદ કરી

કોર્ટે કહ્યું કે ૧૫ મે, ૨૦૨૩નો મંજૂરી આદેશ ગેરકાયદેસર હતો, કારણ કે જે સત્તામંડળે તે આપ્યો હતો તે સક્ષમ નહોતું અને તેની સમક્ષ રજૂ કરવામાં આવેલી સામગ્રી પર તેણે યોગ્ય રીતે વિચાર કર્યો ન હતો.

(એજન્સી) તા.૧૮ ! બોમ્બે હાઈકોર્ટે બુધવારે ICICI બેંક દ્વારા તેની ભૂતપૂર્વ CEO ચંદા કોચર સામે કાર્યવાહી કરવા માટે આપવામાં આવેલી મંજૂરીને રદ કરી દીધી છે. આ મામલો વેણુગોપાલ ધૂત સંચાલિત વીડિયોકોન ગ્રુપને આપવામાં આવેલી લોનમાં કથિત અનિયમિતતાઓ સાથે જોડાયેલો છે. જસ્ટિસ મિલિંદ જાધવની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે, જે સત્તામંડળે આ મંજૂરી આપી હતી તેણે "પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યો નથી". કોર્ટે કહ્યું કે ૧૫ મે, ૨૦૨૩નો મંજૂરી આદેશ ગેરકાયદેસર હતો, કારણ કે જે સત્તામંડળે તે આપ્યો હતો તે સક્ષમ નહોતું અને તેની સમક્ષ રજૂ કરવામાં આવેલી સામગ્રી પર તેણે યોગ્ય રીતે વિચાર કર્યો ન હતો. હાઈકોર્ટે કહ્યું કે આ મંજૂરી આદેશ કાયદાની દૃષ્ટિએ ટકી શકે તેમ નથી અને તેથી તે રદબાતલ છે. કોર્ટે કહ્યું, "રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે ૧૫ મે, ૨૦૨૩નો વિવાદાસ્પદ મંજૂરી આદેશ ગેરકાયદેસર છે અને તેને રદ કરવો જોઈએ, કારણ કે જે સત્તામંડળે તે આપ્યો હતો તે સક્ષમ સત્તામંડળ નથી. મંજૂરી આપતી વખતે, તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલી સામગ્રી (અથવા સામગ્રીના અભાવ) પર તેમણે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ જ કર્યો નથી." કોચરે દાખલ કરેલી અરજી પર કોર્ટે આ આદેશ આપ્યો હતો. કોચરે દલીલ કરી હતી કે ICICI બેંકે તેમની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યું નથી. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ડિસેમ્બર ૨૦૨૨માં કથિત લોન ફ્રોડ કેસમાં ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચરની ધરપકડ કરી હતી. આ દંપતીને જાન્યુઆરી ૨૦૨૩માં વચગાળાના જામીન મળ્યા હતા. જૂન ૨૦૨૩માં CBIએ અહીંની એક વિશેષ અદાલતને જણાવ્યું હતું કે બેંકે ચંદા કોચર સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે, કારણ કે વીડિયોકોનને આપવામાં આવેલી લોનમાં 'ક્વિડ પ્રો ક્વો' (એટલે કે બે પક્ષો વચ્ચે પરસ્પર લાભની આપ-લે) હોવાનું જણાયું હતું. 'પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ' (ભ્રષ્ટાચાર નિવારણ કાયદો) હેઠળ આવી મંજૂરી લેવી ફરજિયાત છે, કારણ કે બેંક કર્મચારીને 'જાહેર સેવક' (public servant) ગણવામાં આવે છે. આ કેસ ૨૦૧૨માં ICICI બેંક દ્વારા વિડિયોકોન ગ્રુપને આપવામાં આવેલી રૂા. ૩,૨૫૦ કરોડની લોન સાથે સંબંધિત છે, જે સમયે ચંદા કોચર બેંકનું નેતૃત્વ કરી રહ્યા હતા. CBIએ આ લોન મંજૂર કરવામાં છેતરપિંડી અને અનિયમિતતાઓ આચરવામાં આવી હોવાનો આરોપ લગાવ્યો છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, કોચરે વિડિયોકોન ગ્રુપને લોન મંજૂર કરી હતી કારણ કે આવા વ્યવહારોથી તેમના પતિ અને પરિવારને લાભ થવાનો હતો. CBIના મતે, તેના બદલામાં તેમના પતિની કંપની, 'ન્યુ રિન્યુએબલ' (Nu Renewable) ને વિડિયોકોન તરફથી રોકાણ મળ્યું હતું. ત્યારબાદ આ લોન 'નોન-પરફોર્મિંગ એસેટ' (NPA) બની ગઈ અને તેને બેંક ફ્રોડ (બેંક સાથેની છેતરપિંડી)ના કેસ તરીકે વર્ગીકૃત કરવામાં આવી.

સરકારના આર્થિક ગેરવહીવટ અને જનવિરોધી નીતિઓને કારણે ફુગાવો નિયંત્રણ બહાર થઈ ગયો છે : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસે મંગળવારે (૧૭ નવેમ્બર) સરકાર પર 'આર્થિક ગેરવહીવટ અને જનવિરોધી નીતિઓ'નો આરોપ લગાવ્યો કે, ફુગાવો નિયંત્રણ બહાર થઈ ગયો છે. પાર્ટીએ કહ્યું કે, આ કટોકટી વચ્ચે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકારણમાં વ્યસ્ત છે, જે તેમની 'અસંવેદનશીલતા અને ઘમંડ' દર્શાવે છે. કોંગ્રેસના મહાસચિવ અને સંદેશાવ્યવહાર વિભાગના પ્રભારી જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો. એક સર્વેનો ઉલ્લેખ કરીને રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દર ૧૦માંથી ૬ પરિવારો હવે એક વર્ષ પહેલા કરતા ઘરગથ્થુ વસ્તુઓ પર ૨૦ ટકા વધુ ખર્ચ કરી રહ્યા છે. પોતાની X પોસ્ટમાં રમેશે કહ્યું, 'ફુગાવાની અસરને કારણે ઘરો મુશ્કેલીમાં છે, વ્યવસાયો બંધ છે ! મોદી સરકારના આર્થિક ગેરવહીવટ અને જનવિરોધી નીતિઓને કારણે, પ્રચંડ ફુગાવાએ સામાન્ય માણસ અને વ્યવસાયો બંનેની કમર તોડી નાખી છે.' સર્વેનો ઉલ્લેખ કરીને રમેશે કહ્યું કે, ૬૧ ટકા પરિવારોના માસિક ખર્ચમાં ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે. તેમણે ઉમેર્યું કે, ૭૪% લોકો છેલ્લા વર્ષમાં ઘી અને તેલના ભાવમાં ૭૫%, શાકભાજીમાં ૭૩%, ચોખા, ઘઉં અને અનાજમાં ૭૧%, દૂધ અને ડેરી ઉત્પાદનોમાં ૬૫% અને કઠોળમાં ૬૨%નો વધારો થયો છે !' રમેશે એવો પણ દાવો કર્યો હતો કે, અમેરિકાના ટેરિફ, મોંઘા કાચા માલ અને સરકારી બેદરકારીને કારણે એક જ વર્ષમાં નોઈડામાં ૨૦૦ ગાર્મેન્ટ ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે. આ દેશભરના કાપડ ઉદ્યોગની દુર્દશા દર્શાવે છે. રમેશે કહ્યું, 'ફુગાવાના બધા આંકડા ભયજનક છે. લોકોનું ભોજન ઘટી રહ્યું છે અને કારખાનાઓ બંધ થઈ રહ્યા છે પરંતુ વડાપ્રધાનની અસંવેદનશીલતા અને ઘમંડ એટલું ઊંડું છે કે આ કટોકટી વચ્ચે પણ તેઓ ફક્ત રાજકારણ સાથે જ સંકળાયેલા છે. જનતાની સમસ્યાઓને સ્વીકારવા અને રાહત આપવા માટે કોઈ પહેલ કરવામાં આવી રહી નથી.' બુધવારે બીજી એક પોસ્ટમાં તેમણે મીડિયા અહેવાલો શેર કર્યા, જેમાં કહ્યું કે, ફુગાવો હેડલાઈન્સમાં એકમાત્ર મુદ્દો છે. તેમણે કહ્યું, 'રસોડાનું બજેટ બગડી રહ્યું છે, રોજિંદા વસ્તુઓ વધુને વધુ મોંઘી થઈ રહી છે અને હવે મોબાઇલ ફોન અને ટેલિવિઝનથી લઈને બિસ્કિટ અને મીઠા સુધીની દરેક વસ્તુના ભાવમાં વધારો થવાના અહેવાલો છે. દૂધના ભાવ પણ વધ્યા છે અને ઘી અને તેલના ભાવ સતત વધી રહ્યા છે. કેટલીક જગ્યાએ ભાવ

હદીસ બોધ

જલદી ક્ષમા આપવી એ સજ્જનનું લક્ષણ છે. (હદીસ બોધ)

બોધ વચન

જે રાષ્ટ્ર મુકતવાણી આપી શકે નહિ, તેના જેટલું ગરીબ કોઈ રાષ્ટ્ર નથી.
- ડેવિડ માઈનીયન

આજની આરસી

૧૯ નવેમ્બર ગુરૂવાર ૨૦૨૬
૮ જમાદિલ આખર હિજરી ૧૪૪૮
કારતક સુદ નોમ સંવત ૨૦૮૩
સુબ્હ સાદિક ૫-૩૩
ખત્મે ઝવાલ ૧૨-૨૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૫૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

'ડબલ એન્જિન હવે ડબલ ઝીરો' : અખિલેશે કહ્યું, દલિતો ભાજપને યુપીમાંથી સત્તાભ્રષ્ટ કરશે

સપા પ્રમુખે વારાણસીની ચૂંટણીમાં મળેલી હાર બદલ ભાજપ પર નિશાન સાધ્યું, ઓવૈસી-આઝાદ મોરચા પર પણ કટાક્ષ કર્યો



(એજન્સી) આગ્રા, તા.૧૮

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે રવિવારે કહ્યું કે, ભાજપનું ખૂબ જ પ્રચારિત 'ડબલ-એન્જિન' મોડેલ હવે 'ડબલ ઝીરો'માં ફેરવાઈ ગયું છે. તેમણે દાવો કર્યો કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં દલિતો સત્તાધારી પક્ષ ભાજપને ઉત્તરપ્રદેશમાંથી સત્તાભ્રષ્ટ કરી દેશે. આગ્રાના જીઆઈસી (GIC) ગ્રાઉન્ડ ખાતે આયોજિત દલિત સંમેલનને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રીએ તાજેતરમાં યોજાયેલી યુપી વિધાન પરિષદની દ્વિવાર્ષિક ચૂંટણીમાં વારાણસીની બંને બેઠકો પર ભાજપની હારનો ઉલ્લેખ કર્યો. તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો કે, પક્ષ શિક્ષણ, રોજગાર અને સામાજિક ન્યાયના મુદ્દે દલિતોને નિરાશ કરવામાં નિષ્ફળ રહ્યો છે. "જેઓ એક સમયે 'ડબલ-એન્જિન' સરકારની વાત કરતા હતા, તેમને આ વખતે વારાણસીના મતદારોએ 'ડબલ ઝીરો' આપી દીધું છે," યાદવે કહ્યું. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણી પરિણામોમાં ભાજપે છ બેઠકો અને સપાએ પાંચ બેઠકો જીતી હતી, પરંતુ સત્તાધારી પક્ષ ભાજપ વારાણસીની બંને બેઠકો હારી ગયો હતો. યાદવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના તે નિવેદન પર પણ પ્રતિક્રિયા આપી, જેમાં તેમણે યુપીમાં ભાજપની સ્થિતિને 'અંગદના પગ' (રામાયણના પાત્ર અંગદનો એવો પગ જેને કોઈ હલાવી શકતું ન હતું) સાથે સરખાવી હતી. તેમણે કહ્યું કે, આગ્રામાં યોજાયેલું આ સંમેલન સપાના 'પીડીએ' (PDA - પછાત, દલિત, અલ્પસંખ્યક) અભિયાન હેઠળ દલિતોને મોટા પાયે એકત્ર કરવાની શરૂઆત છે. "આ દલિત સંમેલન આગ્રાથી 'પીડીએ' (PDA) આંદોલનની શરૂઆત કરે છે. જો કે, આનું આયોજન પશ્ચિમ યુપી માટે દલિત સંમેલન તરીકે કરવામાં આવ્યું હતું, પરંતુ અહીં મળેલા જનસમર્થનને જોતા એવું લાગે છે કે, આ સમગ્ર દેશ માટેનું દલિત સંમેલન બની રહ્યું છે," તેમણે કહ્યું. "જેઓ દાવો કરતા હતા કે તેઓ 'અંગદના પગ'ની જેમ અટલ છે, તેમને આ દલિત સંમેલન પછી પોતાના પગ નીચેથી જમીન સરકતી જણાશે. જ્યારે જમીન જ નહીં બચે, તો તમે 'અંગદનો પગ' ક્યાં રોપશો ? આ વખતે દલિતો ભાજપને સત્તા પરથી ઉખાડી ફેંકશે. દલિત સમુદાય ભાજપનો કાયમ માટે સફાયો કરી દેશે," યાદવે ઉમેર્યું. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી કે આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ના પ્રમુખ ચંદ્રશેખર આઝાદનું નામ લીધા વિના, યાદવે તેમના નવા રચાયેલા રાજકીય મોરચા 'સામાજિક પરિવર્તન મોરચા' પર કટાક્ષ કર્યો. તેમણે આ મોરચાના નેતાઓ પર 'PDA' (પીડીએ)ની નવી વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો અને સંકેત આપ્યો કે અન્ય રાજકીય શક્તિઓ તેમનું સંચાલન કરી રહી છે. તેમણે કહ્યું, "મેં સાંભળ્યું છે કે, નવા આવેલા લોકો પણ હવે PDAની વ્યાખ્યાઓ આપવા લાગ્યા છે. તેઓ PDAને સમજી શક્યા નથી અને કહેવા લાગ્યા છે કે, 'પલટ દિયે અખિલેશ' (અખિલેશને ઉથલાવી દીધા). હિન્દીમાં તેનો એવો અર્થ થતો નથી." તેમને "રાજકીય પ્રવાસીઓ" ગણાવતા યાદવે ઉમેર્યું, "તેમની દોરી ક્યાંક બીજે છે અને ચરખી પણ ક્યાંક બીજે જ છે. તેમને જેટલી છૂટ (દોરી) આપવામાં આવશે, તેઓ એટલા જ ઊંચે ઊડી શકશે." ઉત્તરપ્રદેશમાં દલિતોની સ્થિતિ અંગે વાત કરતા યાદવે આરોપ લગાવ્યો કે, ભાજપના શાસનમાં અત્યાચાર, ભેદભાવ અને સતામણીમાં વધારો થયો છે.

કર્ણાટક : મોટાભાગે આદિવાસી, લઘુમતીઓ, દલિત અને મહિલા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે, SIR ઓડિટમાં ખુલાસો

SIR વિરોધ ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું આપવાની, SIR પ્રક્રિયા બંધ કરવાની અને મતદારોને યાદીમાં પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી છે

(એજન્સી) બેંગલુરૂ, તા.૧૮

બુધવારે બેંગલુરૂમાં SIR વિરોધ ગઠબંધન દ્વારા બહાર પાડવામાં આવેલા SIR ઓડિટ રિપોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, SIR પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા અથવા નોટિસ આપવામાં આવેલા મતદારોની અપ્રમાણસર સંખ્યા માટે વિચરતી અને આદિવાસી સમુદાયો, લઘુમતીઓ, દલિત, અત્યંત પછાત સમુદાયો અને મહિલાઓ જવાબદાર છે. શશાકરા ભવન ખાતે રિપોર્ટ રિલીઝ કાર્યક્રમમાં બોલતા એડેલુ કર્ણાટકના પદાધિકારી નૂર શ્રીધરે જણાવ્યું હતું કે, ફિલ્ડ વેરિફિકેશન દર્શાવે છે કે, લઘુમતીઓ, દલિત અને આદિવાસી સમુદાયોની વધુ સાંદ્રતા ધરાવતા મતવિસ્તારોમાં વધુ મતદારો કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, ઘણા મતદારોને ખોટી રીતે સ્થાનાંતરિત, ગેરહાજર અથવા મૃત તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને દરેક મતદારને ૨૦૦૨ની મતદાર યાદી સાથે જોડવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ ગોપાલ ગૌડાએ આ કવાયતના કાનૂની આધાર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે, SIR પ્રક્રિયાનો ઉપયોગ મતદારોના કેટલાક વર્ગોને બાકાત રાખવા માટે થઈ રહ્યો છે. અભિનેતા પ્રકાશ રાજ, દિગ્દર્શક બી સુરેશ, કર્ણાટક સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રોફેસર એલ.એન. મુકુન્દરાજ, પૂર્વ મંત્રી કિમ્માને રત્નાકર અને કાર્યકરો હાજર હતા. ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું આપવાની, SIR પ્રક્રિયા બંધ કરવાની અને મતદારોને યાદીમાં પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી હતી. તેમણે ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે બંધારણીય પદ્ધતિ અને મતદાર યાદી સુધારણાની વૈજ્ઞાનિક, મતદાર-મૈત્રીપૂર્ણ પદ્ધતિની પણ માંગ કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને જ્ઞાનેશ કુમાર સામે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કરી હતી અને SIR કવાયત્ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસેથી માફી માંગી હતી. તેમણે બિહાર અને પશ્ચિમ બંગાળમાં ફરીથી મતદાનની પણ માંગ કરી હતી. ગઠબંધને કર્ણાટક સરકારને SIR કવાયત્માં કથિત ગેરરીતિઓની ચર્ચા કરવા માટે એક ખાસ સત્ર બોલાવવા અને તેના દ્વારા ઉત્પન્ન થતી પ્રક્રિયા અને યાદીઓને નકારી કાઢવાનો ઠરાવ પસાર કરવા વિનંતી કરી હતી. તેણે ખોટી રીતે કાઢી નાખવામાં આવેલા મતદારોને ઓળખવા માટે સામાજિક ઓડિટ અને તેમને મતદાર યાદીમાં પુનઃ સ્થાપિત કરવા માટે ઝુંબેશ ચલાવવાની માંગ કરી હતી અને માંગ કરી હતી કે જ્યાં સુધી બધા લાયક મતદારો પુનઃ સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈપણ ચૂંટણી માટે SIR યાદીનો ઉપયોગ ન કરવામાં આવે.

આગરામાં યોજાયેલા મહાસંમેલનમાં અખિલેશે PDAના 'દમદાર' દલિતોના વખાણ કર્યા

(એજન્સી) લખનૌ, તા.૧૮

સમાજવાદી પાર્ટીના 'PDA'ના સૂત્રમાં નવો અર્થ ઉમેરતા પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે રવિવારે આ સંક્ષિપ્ત શબ્દના 'D' અક્ષરને 'દમદાર (સશક્ત/નિર્ધારિત) દલિત' તરીકે વર્ણવ્યા. તેમણે કહ્યું કે, આ દલિતોએ "છેલ્લા ૧૦ વર્ષોમાં તેમના સમુદાયને વ્યવસ્થિત રીતે નિશાન બનાવનાર ભાજપને સત્તામાંથી બહાર ફેંકી દેવા માટે" હાથ મિલાવ્યા છે. અખિલેશ રવિવારે આગરામાં દલિતોના એક 'મહાસંમેલન'ને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ત્યાં એકત્ર થયેલી જનમેદનીને જોઈને કહ્યું કે, આ કોઈ સામાન્ય સંમેલન નથી, પરંતુ દલિત સમુદાયનું રાષ્ટ્રીય સ્તરનું સંમેલન હોય તેવું લાગે છે. સમાજવાદી પાર્ટીના 'PDA' સૂત્રમાં - જેમાં પછાત વર્ગો (Pichhde), દલિતો અને અ લ્પ સ ં ખ્ય ક ા ` (Alpsankhyak)નો સમાવેશ થાય છે - તેને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રાજકીય લાભ મળ્યો છે. હવે પાર્ટી ૨૦૨૭માં ઉત્તરપ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં આ વિચારધારા પર વધુ આક્રમક રીતે કામ કરવાની યોજના બનાવી રહી છે. ભાજપે દલિત સમુદાયને કઈ રીતે અનેક રીતે નિશાન બનાવ્યા છે તેની યાદી આપતા સપા પ્રમુખે કહ્યું કે, ભાજપ સરકારના દસ વર્ષના કાર્યકાળ દરમિયાન ડો. ભીમરાવ આંબેડકરની લગભગ ૨૦૦ પ્રતિમાઓ તોડવામાં આવી હતી અને આરોપીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અખિલેશે ભરતી પરીક્ષાઓમાં પેપર લીક કરાવવા માટે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી. તેમણે કહ્યું કે, આ કાવતરા પાછળનો હેતુ દલિત સમુદાય અને અન્ય વર્ગોને - જેમને ડો. આંબેડકરના બંધારણ દ્વારા અનામતનો અધિકાર મળ્યો છે - તે તકોથી વંચિત રાખવાનો હતો. તેમણે કહ્યું, "૨૬,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થવાથી PDA સમુદાયને સૌથી વધુ નુકસાન થયું છે." અખિલેશે કહ્યું, "આ પશ્ચિમ ઉત્તરપ્રદેશનું દલિત સંમેલન હતું, પરંતુ અહીંની ભીડ જોઈને એવું લાગે છે કે, આ રાષ્ટ્રીય સ્તરનું દલિત સંમેલન છે. PDAમાં રહેલો 'D' હવે 'દમદાર દલિત' બની ગયો છે." તેમણે આ કાર્યક્રમની સફળતાનો શ્રેય પાર્ટીના સાંસદ રામજી લાલ સુમનને આપ્યો. આગરાને પોતાનો 'ગઢ' ગણાવતા ભાજપ પર પ્રહાર કરતા અખિલેશે કહ્યું કે, ભાજપ ટૂંક સમયમાં જ આ વિસ્તાર અને તેની બહાર પણ પોતાનો પ્રભાવ ગુમાવી દેશે. તેમણે કહ્યું, "આ વખતે દલિત સમુદાય ભાજપને હરાવશે." તેમણે વધુમાં ઉમેર્યું કે, ૨૦૨૭ની ચૂંટણી એ 'લેપટોપ' અને 'લાઠી' વચ્ચેની પસંદગી હશે. અખિલેશે કહ્યું કે, "વિધાનસભા ચૂંટણીમાં લાઠીની હાર થશે અને લેપટોપની જીત થશે." તેમણે સંકેત આપ્યો કે, ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપને સત્તા પરથી હટાવવા માટે જનતા તેમને મત આપશે, તો સપા (સમાજવાદી પાર્ટી) સરકાર વિદ્યાર્થીઓને ફરીથી મફત લેપટોપ આપવાનું શરૂ કરશે. સપા સરકારે દાવો કર્યો છે કે, ૨૦૧૨-૧૭ના તેના કાર્યકાળ દરમિયાન તેણે ૧૫ લાખ લેપટોપનું વિતરણ કર્યું હતું. અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લેવાના તેમના નિર્ણયની ભાજપ દ્વારા કરવામાં આવેલી ટીકા પર તેમણે સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે, તેમને આમંત્રણ આપનારી તો ભાજપ સરકાર જ હતી.

સ્ટારલિંકને પડકારવા માટે અંબાણીની રિલાયન્સ ૧,૬૦૦ ઉપગ્રહ નેટવર્ક માટે ઉત્પાદન ભાગીદારી શોધી રહી છે : રિપોર્ટ

રિલાયન્સ ભારતમાં સ્ટારલિંકને ટક્કર આપવા માટે ૧,૬૦૦ સેટેલાઈટ બ્રોડબેન્ડ નેટવર્કની યોજના બનાવી રહી છે



મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ભારતમાં સ્ટારલિંક સાથે સ્પર્ધા કરવા માટે પ્રસ્તાવિત ૧,૬૦૦ સેટેલાઈટ બ્રોડબેન્ડ નેટવર્ક માટે ઉત્પાદન ભાગીદારી શોધી રહી હોવાના અહેવાલ છે. કંપની આયાતની સાથે સ્થાનિક ઉત્પાદનની પણ યોજના ધરાવે છે, જેમાં સપ્ટેમ્બર ૨૦૨૭ માટે પરીક્ષણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે અને ૨૦૩૫ સુધીમાં પૂર્ણ થશે. ઉત્પાદન મર્યાદાઓ, લોન્ચ ક્ષમતા અને નિયમનકારી આવશ્યકતાઓ જમાવટ માટે મહત્ત્વપૂર્ણ પડકારો છે

(એજન્સી) તા.૧૮

રિલાયન્સ ગ્રુપ ભારતીય ઉત્પાદકો અને ટેક્નોલોજી કંપનીઓ સાથે ભાગીદારી શોધી રહ્યું છે, જેથી ૧,૬૦૦ ઉપગ્રહ બ્રોડબેન્ડ નક્ષત્ર બનાવી શકાય જેનો હેતુ એલોન મસ્કના સ્ટારલિંકનો ભારતીય-નિયંત્રિત વિકલ્પ બનાવવાનો છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ મુકેશ અંબાણીની આગેવાની હેઠળની કંપની સેટેલાઈટ ઉત્પાદકો, ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ અને ઔદ્યોગિક જૂથો સાથે વાટાઘાટો કરી રહી છે, જે ઉત્પાદનને વધારવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ માટે ભંડોળ પૂરું પાડવાની ઓફર કરે છે. બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે કે, જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના વિકાસને ટેકો આપવાના હેતુથી આ પ્રોજેક્ટ ૨૦૩૫ સુધીમાં પૂર્ણ થવાનું લક્ષ્ય રાખે છે અને તેને વાર્ષિક ૨૦૦ ઉપગ્રહોનું ઉત્પાદન કરવાની જરૂર પડશે, જ્યારે ભારતના વર્તમાન ઉત્પાદન દર વર્ષે ૧૫ કરતા ઓછા છે, આ બાબતથી પરિચિત લોકોને ટાંકીને બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે.

કંપની સ્થાનિક ઉત્પાદનને આયાત સાથે જોડવાની યોજના ધરાવે છે, જેમાં યુએસમાંથી ઓછામાં ઓછા ૪૦૦ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. તેનું લક્ષ્ય સપ્ટેમ્બર ૨૦૨૭માં પરીક્ષણ મિશન હતું, ત્યારબાદ ૨૦૨૮ની શરૂઆતથી વ્યાપક જમાવટ. ઉત્પાદન અને પ્રક્ષેપણ અવરોધોને કારણે પૂર્ણતાની સમયમર્યાદા અગાઉના ૨૦૩૦ના લક્ષ્યથી પાછળ ધકેલી દેવામાં આવી છે.

રિલાયન્સ બે યુએસ કંપનીઓ સાથે સંભવિત ખરીદી અને યુરોપમાં સપ્લાયર્સનું મૂલ્યાંકન કરવા અંગે પણ ચર્ચા કરી રહી હતી, જ્યારે ચીનને સ્ત્રોત તરીકે નકારી કાઢ્યું હતું.

કંપનીએ બ્લૂમબર્ગ દ્વારા મોકલવામાં આવેલા ઈમેઈલનો જવાબ આપ્યો ન હતો જેમાં માંગ કરવામાં આવી હતી કે આ નક્ષત્ર મુખ્યત્વે સમગ્ર ભારતમાં કનેક્ટિવિટી સુધારવા માટે છે, જેમાં સંઘર્ષો અને ભૂ-રાજકીય તણાવ દરમિયાન વ્યૂહાત્મક સંદેશાવ્યવહારમાં સંભવિત એપ્લિકેશનો છે.

આ પહેલ ત્યારે આવી છે જ્યારે નવી દિલ્હી પાકિસ્તાન સાથે તાજેતરના સરહદ સંઘર્ષ પછી સ્થાનિક અવકાશ ક્ષમતાઓને મજબૂત બનાવવા માંગે છે પરંતુ પ્રક્ષેપણ ક્ષમતા એક મોટો અવરોધ સાબિત થઈ શકે છે. ઉદ્યોગ અધિકારીઓ કહે છે કે હજારો ઉપગ્રહોને તૈનાત કરવા માટે વધુ વારંવાર રોકેટ પ્રક્ષેપણ અને યોગ્ય ઓર્બિટલ સ્લોટની એક્સેસની જરૂર પડશે.

'સ્કેલ પર ઉત્પાદન શક્ય છે પરંતુ વાસ્તવિક પડકાર એ સુનિશ્ચિત કરવાનો રહેશે કે ભારતમાં પૂરતા રોકેટ લોન્ચ થાય જેથી ઉપગ્રહોને ઇચ્છિત ભ્રમણકક્ષામાં મૂકવામાં આવે, જો નક્ષત્રને ભારતીય પ્રક્ષેપણ વાહનો સાથે અમલમાં મૂકવાની યોજના છે,' સેટેલાઈટ ઉત્પાદક HEX20ના સીઈઓ અમલ ચંદ્રને બ્લૂમબર્ગને જણાવ્યું.

રિલાયન્સનું પ્રસ્તાવિત નેટવર્ક મુખ્યત્વે ભારતની કનેક્ટિવિટી અને વ્યૂહાત્મક જરૂરિયાતોને પૂર્ણ કરશે, સ્ટારલિંકના ૧૦,૦૦૦થી વધુ ઉપગ્રહોના વૈશ્વિક નેટવર્કથી વિપરીત.

સ્ટારલિંકનો ભારતમાં આયોજિત પ્રવેશ નિયમનકારી અને સુરક્ષા ચકાસણીને આધીન છે, સેટેલાઈટ નેટવર્ક પર વિદેશી નિયંત્રણ અંગેની ચિંતાઓ સ્થાનિક વિકલ્પો માટે કેસને મજબૂત બનાવે છે. સ્ટારલિંકના ભારતમાં પ્રવેશ અંગે રાજકીય ચર્ચા વચ્ચે પણ ઉપગ્રહ યોજનાઓ આવી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અગાઉ મસ્કના આરોપો પર મોદી સરકાર પર કટાક્ષ કર્યો હતો કે, શક્તિશાળી વ્યવસાયિક હિતો કંપનીની નિયમનકારી મંજૂરીઓમાં અવરોધ લાવી રહ્યા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી 'ભારતના વાસ્તવિક બોસ' છે કે, કેમ તે અંગે મસ્કના પ્રશ્નના જવાબમાં રાહુલે કહ્યું, 'ભારતમાં આપનું સ્વાગત છે, એલોન. જ્યાં સુધી તમે બીજા વ્યક્તિને શોધી ન લો ત્યાં સુધી રાહ જુઓ,' ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા મસ્કે રાહુલનો આભાર માન્યો અને પરિસ્થિતિને ચિંતાજનક ગણાવી.

મસ્કના આરોપ બાદ એક્સચેન્જે આ વાત કહી હતી કે અનામી ઓલિગાર્ક્સ ભારતમાં સ્ટારલિંકની નિયમનકારી મંજૂરીઓમાં વિલંબ કરીને તેમના વર્ચસ્વને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સરકારે આરોપોને ફગાવી દીધા કહ્યું કે, મંજૂરી માળખું વાજબી અને ભેદભાવ રહિત હતું.

UPના મુખ્ય ચૂંટણી અધિકારીએ ૧.૨૭ કરોડ 'ગાયબ હિન્દુ મતદારો' અંગે આદિત્યનાથના દાવાને નકાર્યો; કહ્યું કે, ચૂંટણી પંચ પાસે ધર્મ આધારિત કોઈ ડેટા નથી

આ ઉપરાંત 'સ્પેશિયલ સમરી રિવિઝન' પછી પણ ઉત્તરપ્રદેશની ડ્રાફ્ટ મતદાર યાદીમાં અંદાજિત પુખ્ત વયની વસ્તીની સરખામણીએ ૨.૫૮ કરોડ મતદારો ઓછા છે, જેમાં મહિલાઓ અને યુવા મતદારોનો મોટો હિસ્સો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ચૂંટણી પંચે મંગળવારે (૧૭ નવેમ્બર) સ્પષ્ટ કર્યું હતું કે, તેમના ડેટાબેઝમાં મતદારોની જ્ઞાતિ કે ધર્મ અંગેની માહિતી સંગ્રહિત કરવામાં આવતી નથી. આ સ્પષ્ટતા ત્યારે કરવામાં આવી જ્યારે પંચે 'સ્પેશિયલ સમરી રિવિઝન' બાદ મતદાર યાદીનો ડ્રાફ્ટ (કાચો મુસદ્દો) જાહેર કર્યો. આ પ્રક્રિયા દરમિયાન ઉત્તરપ્રદેશમાં ૧૮.૮૪ લાખ નવા મતદારો ઉમેરાયા છે; ઉલ્લેખનીય છે કે, અગાઉ એપ્રિલ મહિનામાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' હાથ ધરવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ પત્રકારોના પ્રશ્નોના જવાબમાં આ સ્પષ્ટતા કરી હતી. પત્રકારોએ મુખ્યમંત્રી આદિત્યનાથના તાજેતરના જાહેર દાવાઓનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે, રાજ્યની મતદાર યાદીમાંથી ૧.૨૭ કરોડ હિન્દુ મતદારો ગાયબ છે અને તેમને એક વિશેષ અભિયાન દ્વારા ફરીથી મતદાર યાદીમાં સામેલ કરવાની જરૂર છે. જો કે, ચૂંટણી પંચે એ પણ જણાવ્યું હતું કે, ૧૩ નવેમ્બર સુધીમાં ઉત્તરપ્રદેશમાં નોંધાયેલા મતદારોની સંખ્યા, રાજ્યની અંદાજિત પુખ્ત વયની વસ્તી કરતાં ૨.૫૮ કરોડ ઓછી છે. યોગી આદિત્યનાથના ૧.૨૭ કરોડ હિન્દુ મતદારો અંગેના દાવા પર પ્રતિક્રિયા આપતા રિનવાએ કહ્યું, 'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે, અમારી પાસે ધર્મ આધારિત આવો કોઈ ડેટા નથી અને અમે આવો ડેટા જારી પણ કરતા નથી. અમે જ્ઞાતિ આધારિત પણ કોઈ કામગીરી કરતા નથી.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી પંચ માત્ર વય જૂથો અને લિંગ (સ્ત્રી/પુરૂષ)ના આધારે જ ડેટાનું વિશ્લેષણ કરે છે. રિનવાએ જણાવ્યું કે, બજારમાં એવા ઘણા વ્યાવસાયિક સોફ્ટવેર પ્રોગ્રામ ઉપલબ્ધ છે, જેના દ્વારા લોકો જાહેર મતદાર યાદીઓમાંથી માહિતી ડાઉનલોડ કરી શકે છે અને ધર્મ કે લિંગના આધારે નામોને અલગ તારવી શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ કે તેના અધિકારીઓ ૧૩.૫૮ કરોડ (૧૩,૫૮,૮૪,૭૯૨) મતદારો હતા. જેમાં ૭.૩૦ કરોડ પુરૂષ મતદારો અને ૬.૦૮ કરોડ મહિલા મતદારોનો સમાવેશ થતો હતો, જ્યારે લિંગ ગુણોત્તર (જેન્ડર રેશિયો) ૮૩૪ હતો. બીજા શબ્દોમાં કહીએ તો, દર ૧૦૦૦ પુરૂષ મતદારો દીઠ ૮૩૪ મહિલા મતદારો હતા. ૧૮-૧૯ વય જૂથના મતદારોની સંખ્યા ૧૭.૬૩ લાખ હતી. ૧૦ એપ્રિલથી શરૂ થયેલી 'સ્પેશિયલ સમરી રિવિઝન' પ્રક્રિયા બાદ મતદારોની કુલ સંખ્યામાં ૧૮.૮૪ લાખ (૧૮,૮૪,૧૧૩)નો વધારો થયો છે, જેમાં ૧૦.૯૬ લાખ મહિલાઓ અને ૭.૮૭ લાખ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. નવા મતદારો - એટલે કે ૧૮-૧૯ વય જૂથના લોકોની સંખ્યામાં ૫.૮૦ લાખનો ઘટાડો જોવા મળ્યો છે અને ૧૭ નવેમ્બર સુધીમાં આ સંખ્યા ૧૧.૮૩ લાખ થઈ છે. જો કે, રિનવાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવું માત્ર લોકોની ઉંમરમાં થતાં ફેરફારને કારણે થયું છે. રિનવાએ કહ્યું, 'આ આંકડો વિચિત્ર અને આશ્ચર્યજનક લાગી શકે છે પરંતુ તેનું કારણ એ છે કે, આપણી મતદાર યાદી ગતિશીલ (ડાયનેમિક) છે.' તેમણે સમજાવ્યું કે, ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જેઓ ૧૮થી ૧૯ વર્ષની વયના હતા, તેમાંથી ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો છેલ્લા કેટલાક મહિનાઓમાં ૧૯ વર્ષના થઈ ગયા છે અને જેઓ ૧૯ વર્ષના હતા તેઓ ૨૦ વર્ષના થઈ ગયા છે. તેમણે ખાતરી આપી હતી કે, SSR પ્રક્રિયા પૂર્ણ થતાં અને ૪ જાન્યુઆરીએ અંતિમ મતદાર યાદી પ્રકાશિત થાય તે પહેલાં ૧૮-૧૯ વય જૂથના મતદારોની સંખ્યામાં વધારો થશે. મતદાર-વસ્તી ગુણોત્તર - એટલે કે અંદાજિત વસ્તીની સામે નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા - મતદાર યાદીમાં ૫૫.૯૫ રહ્યો, જ્યારે વસ્તીના આંકડા મુજબ તે ૬૬.૬૭ હતો; આમ બંને વચ્ચે ૧૦.૭૨નો તફાવત જોવા મળ્યો. વસ્તીના આંકડા મુજબ લિંગ ગુણોત્તર ૯૨૨ હતો, જ્યારે મતદારોમાં તે ૮૪૦ જેટલો નીચો હતો; જોકે, આ આંકડો SIR પછી નોંધાયેલા ૮૩૪ના આંકડા કરતાં વધુ છે. દરમિયાન અખિલેશ યાદવે ૧.૨૭ કરોડના દાવાને લઈને આદિત્યનાથ પર ફરી કટાક્ષ કર્યો. X પર એક પોસ્ટમાં યાદવે કહ્યું, 'ઉત્તરપ્રદેશની જનતા મુખ્યમંત્રીને પૂછી રહી છે કે: કાયદાની કઈ કલમ હેઠળ અફવા ફેલાવવા બદલ કોઈની સામે કેસ નોંધવામાં આવે છે ? શું ૧.૨૭ કરોડ હિન્દુ મતો ગુમાવવાનો આંકડો તેમના માહિતી વિભાગની ટંકશાળમાં (છાપખાનામાં) તૈયાર કરવામાં આવ્યો હતો ?' તેમણે આદિત્યનાથને સલાહ આપી કે તેઓ પોતાની મજાક ઉડાવવાનું બંધ કરે. ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન બાદ તેમાં નામ ઉમેરવા, દૂર કરવા અથવા સુધારા કરવા માટે દાવા અને વાંધાઓ રજૂ કરવાની પ્રક્રિયા ૧૭ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધી ચાલશે. અંતિમ મતદાર યાદી ૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે, જે સંભવતઃ વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાતના થોડા દિવસો પહેલા જ હશે. યાદવે આરોપ લગાવ્યો કે, ઉત્તરપ્રદેશમાં પોતાની હાર નિશ્ચિત જોઈને, ભાજપના સભ્યો અને તેમના ચાલબાજ 'સંઘી-સાથીઓ'એ જનાદેશ (મતદાન) સાથે છેડછાડ કરવા માટે એક 'ખાસ ગુપ્ત અભિયાન' શરૂ કર્યું છે. આ અભિયાન હેઠળ તેઓ ASDD શ્રેણીઓમાં - એટલે કે 'ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અથવા ડુપ્લિકેટ' - નકલી નામો ઉમેરી રહ્યા છે. યાદવે X પર લખ્યું, 'અમે દરેક મતનો હિસાબ માંગીશું. જો સહેજ પણ ગેરરીતિ જણાશે, તો અમે તે મતને યાદીમાં ઉમેરવા દઈશું નહીં. અને જો કોઈ રીતે તે ઉમેરાઈ પણ જાય તો અમે તરત જ પુરાવા સાથે જવાબદાર અધિકારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવીશું, તેમને નોકરીમાંથી બરતરફ કરાવીશું, તેમનું પેન્શન અને અન્ય ભંડોળ અટકાવી દઈશું અને ખાતરી કરીશું કે તેમને કડક સજા મળે.' જ્યારે પત્રકારોએ 'ભ્રષ્ટ' અધિકારીઓ અંગે યાદવના આરોપો વિશે પૂછ્યું, ત્યારે રિનવાએ કહ્યું કે, જો કોઈ અધિકારી બેદરકારી કે અન્ય અનિયમિતતાઓ માટે દોષિત જણાશે, તો તેની સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જો કે, રિનવાએ ભારપૂર્વક કહ્યું કે ચૂંટણી પંચ મતદારોની નોંધણી વધારવા માટે સખત મહેનત કરી રહ્યું છે. તેમણે ફરિયાદના સુરે કહ્યું, 'SIR અંગેની એક મુખ્ય ટીકા એ હતી કે, તે લોકોને મતાધિકારથી વંચિત રાખવાની પ્રક્રિયા છે. અમે તો લોકોને મતાધિકાર

હદીસ બોધ

જલદી ક્ષમા આપવી એ સજ્જનનું લક્ષણ છે. (હદીસ બોધ)

બોધ વચન

જે રાષ્ટ્ર મુકતવાણી આપી શકે નહિ, તેના જેટલું ગરીબ કોઈ રાષ્ટ્ર નથી.
- ડેવિડ માઈનીયન

આજની આરસી

૧૯ નવેમ્બર ગુરૂવાર ૨૦૨૬
૮ જમાદિલ આખર હિજરી ૧૪૪૮
કારતક સુદ નોમ સંવત ૨૦૮૩
સુબ્હ સાદિક ૫-૩૩
ખત્મે ઝવાલ ૧૨-૨૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૫૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

ભારતથી હારીને પાકિસ્તાને દિલ જીત્યાં, SAFF ફાઇનલમાં ટીમ ઇન્ડિયાને ગાર્ડ ઓફ ઓનર આપ્યું

ઢાકા ખાતે SAFF ચેમ્પિયનશિપની ફાઇનલમાં ભારતીય ફૂટબોલ ટીમે પાકિસ્તાનને ૨-૧થી હરાવી ૧૦મી વખત ખિતાબ જીત્યો, મેચ બાદ પાકિસ્તાની ટીમે વિજેતા ભારતને 'ગાર્ડ ઓફ ઓનર' આપી ખેલદિલીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું, ક્રિકેટના તણાવ વચ્ચે ફૂટબોલના મેદાન પર જોવા મળેલા આ અનોખા દૃશ્યએ બંને દેશોના ખેલાડીઓ વચ્ચે રમતગમતની સાચી ભાવનાનો પરિચય કરાવ્યો, આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે



ઢાકા, તા.૧૮

ભારતીય ફૂટબોલ ટીમે મંગળવારે ઢાકા ખાતે રમાયેલી SAFF ચેમ્પિયનશિપની ફાઇનલમાં પાકિસ્તાનને ૨-૧થી હરાવીને ઐતિહાસિક ૧૦મી વખત ખિતાબ પોતાના નામે કર્યો છે. જો કે, આ રોમાંચક ખિતાબી જંગમાં ભારત ચેમ્પિયન બન્યું હોવા છતાં પાકિસ્તાની ખેલાડીઓએ મેચ પૂરી થયા બાદ જે ખેલદિલી બતાવી તેની સમગ્ર વિશ્વમાં પ્રશંસા થઈ રહી છે. મેચની સમાપ્તિ બાદ પાકિસ્તાની ટીમે લાઇનમાં ઊભા રહીને વિજેતા ભારતીય ટીમને 'ગાર્ડ ઓફ ઓનર' આપ્યું હતું અને બંને દેશોના ખેલાડીઓએ હાથ મિલાવીને રમતગમતની સાચી ભાવનાનો પરિચય આપ્યો હતો. એપ્રિલ ૨૦૨૫માં પહેલગામ આતંકી હુમલા અને ત્યારબાદ બંને દેશો વચ્ચે વધેલા સૈન્ય તણાવ પછી ક્રિકેટના મેદાન પર ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ ટોસ અને મેચ બાદ હાથ મિલાવવાનું ટાળી રહ્યા છે. જો કે, ફૂટબોલ ટૂર્નામેન્ટમાં તદ્દન અલગ જ તસવીર જોવા મળી. અગાઉ ૫ નવેમ્બરે ગ્રુપ સ્ટેજની મેચ પહેલાં પણ ભારતીય કોચ નૌશાદ મૂસાએ સ્પષ્ટ કર્યું હતું કે, તેમની ટીમ સામાન્ય રીતે અભિવાદન કરશે, જેના પગલે ભારતીય કેપ્ટન વિજય વર્ગાસિ અને પાકિસ્તાની કેપ્ટન યુસુફ ઈજાઝ બટે હાથ મિલાવ્યા હતા. ફાઇનલ બાદ મેડલ સેરેમનીમાં પણ બંને ટીમોના ખેલાડીઓએ એકબીજા સાથે હાથ મિલાવીને હાઈ-ફાઈવ આપ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

ખિતાબી મુકાબલામાં ભારતે પાછળ રહ્યા બાદ જોરદાર વાપસી કરીને પાકિસ્તાનને પરાજય આપ્યો હતો :

● **પ્રથમ હાફમાં પાકિસ્તાનની લીડ :** મેચના પ્રથમ હાફના ઈન્જરી ટાઇમમાં આલમગીર ગાઝીએ ગોલ કરીને પાકિસ્તાનને ૧-૦ની લીડ અપાવી હતી.

● **રેડ કાર્ડ અને ભારતની વાપસી :** ૫૯મી મિનિટે VARની મદદથી ખતરનાક ટેકલ બદલ પાકિસ્તાનના જુનૈદ શાહને રેડ કાર્ડ બતાવવામાં આવતાં પાકિસ્તાનની ટીમ ૧૦ ખેલાડીઓ સાથે રમવા મજબૂર બની હતી. ભારતે આ તકનો પૂરો ફાયદો ઉઠાવતા ૬૦મી મિનિટે સુહૈલ અહમદ ભટના શાનદાર ગોલ વડે સ્કોર ૧-૧થી બરાબર કર્યો હતો.

● **અંતિમ ક્ષણોમાં નિર્ણાયક ગોલ :** મુકાબલો બરાબરી પર ચાલી રહ્યો હતો ત્યારે ૮૮મી મિનિટે સંદીપ મંડી એ નિર્ણાયક ગોલ ફટકારીને ભારતને ૨-૧થી યાદગાર વિજય અપાવ્યો હતો.

આ જીત સાથે ભારતે SAFF ચેમ્પિયનશિપમાં કુલ ૧૦મું અને સતત ત્રીજું ટાઇટલ જીત્યું છે, જ્યારે પાકિસ્તાનની ટીમ પ્રથમ વખત આ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી હતી. નોંધનીય છે કે, છ દેશોની આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં ભારતે પોતાની મુખ્ય સિનિયર ટીમને બદલે યુવા ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા અને ટીમની કમાન અંડર-૨૩ કોચ નૌશાદ મૂસા સંભાળી રહ્યા હતા.

'ડબલ એન્જિન હવે ડબલ ઝીરો' : અખિલેશે કહ્યું, દલિતો ભાજપને યુપીમાંથી સત્તાભ્રષ્ટ કરશે

સપા પ્રમુખે વારાણસીની ચૂંટણીમાં મળેલી હાર બદલ ભાજપ પર નિશાન સાધ્યું, ઓવૈસી-આઝાદ મોરચા પર પણ કટાક્ષ કર્યો



(એજન્સી) આગ્રા, તા.૧૮

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે રવિવારે કહ્યું કે, ભાજપનું ખૂબ જ પ્રચારિત 'ડબલ-એન્જિન' મોડેલ હવે 'ડબલ ઝીરો'માં ફેરવાઈ ગયું છે. તેમણે દાવો કર્યો કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં દલિતો સત્તાધારી પક્ષ ભાજપને ઉત્તરપ્રદેશમાંથી સત્તાભ્રષ્ટ કરી દેશે. આગ્રાના જીઆઈસી (GIC) ગ્રાઉન્ડ ખાતે આયોજિત દલિત સંમેલનને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રીએ તાજેતરમાં યોજાયેલી યુપી વિધાન પરિષદની દ્વિવાર્ષિક ચૂંટણીમાં વારાણસીની બંને બેઠકો પર ભાજપની હારનો ઉલ્લેખ કર્યો. તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો કે, પક્ષ શિક્ષણ, રોજગાર અને સામાજિક ન્યાયના મુદ્દે દલિતોને નિરાશ કરવામાં નિષ્ફળ રહ્યો છે. "જેઓ એક સમયે 'ડબલ-એન્જિન' સરકારની વાત કરતા હતા, તેમને આ વખતે વારાણસીના મતદારોએ 'ડબલ ઝીરો' આપી દીધું છે," યાદવે કહ્યું. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણી પરિણામોમાં ભાજપે છ બેઠકો અને સપાએ પાંચ બેઠકો જીતી હતી, પરંતુ સત્તાધારી પક્ષ ભાજપ વારાણસીની બંને બેઠકો હારી ગયો હતો. યાદવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના તે નિવેદન પર પણ પ્રતિક્રિયા આપી, જેમાં તેમણે યુપીમાં ભાજપની સ્થિતિને 'અંગદના પગ' (રામાયણના પાત્ર અંગદનો એવો પગ જેને કોઈ હલાવી શકતું ન હતું) સાથે સરખાવી હતી. તેમણે કહ્યું કે, આગ્રામાં યોજાયેલું આ સંમેલન સપાના 'પીડીએ' (PDA - પછાત, દલિત, અલ્પસંખ્યક) અભિયાન હેઠળ દલિતોને મોટા પાયે એકત્ર કરવાની શરૂઆત છે. "આ દલિત સંમેલન આગ્રાથી 'પીડીએ' (PDA) આંદોલનની શરૂઆત કરે છે. જો કે, આનું આયોજન પશ્ચિમ યુપી માટે દલિત સંમેલન તરીકે કરવામાં આવ્યું હતું, પરંતુ અહીં મળેલા જનસમર્થનને જોતા એવું લાગે છે કે, આ સમગ્ર દેશ માટેનું દલિત સંમેલન બની રહ્યું છે," તેમણે કહ્યું. "જેઓ દાવો કરતા હતા કે તેઓ 'અંગદના પગ'ની જેમ અટલ છે, તેમને આ દલિત સંમેલન પછી પોતાના પગ નીચેથી જમીન સરકતી જણાશે. જ્યારે જમીન જ નહીં બચે, તો તમે 'અંગદનો પગ' ક્યાં રોપશો ? આ વખતે દલિતો ભાજપને સત્તા પરથી ઉખાડી ફેંકશે. દલિત સમુદાય ભાજપનો કાયમ માટે સફાયો કરી દેશે," યાદવે ઉમેર્યું. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી કે આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ના પ્રમુખ ચંદ્રશેખર આઝાદનું નામ લીધા વિના, યાદવે તેમના નવા રચાયેલા રાજકીય મોરચા 'સામાજિક પરિવર્તન મોરચા' પર કટાક્ષ કર્યો. તેમણે આ મોરચાના નેતાઓ પર 'PDA' (પીડીએ)ની નવી વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો અને સંકેત આપ્યો કે અન્ય રાજકીય શક્તિઓ તેમનું સંચાલન કરી રહી છે. તેમણે કહ્યું, "મેં સાંભળ્યું છે કે, નવા આવેલા લોકો પણ હવે PDAની વ્યાખ્યાઓ આપવા લાગ્યા છે. તેઓ PDAને સમજી શક્યા નથી અને કહેવા લાગ્યા છે કે, 'પલટ દિયે અખિલેશ' (અખિલેશને ઉથલાવી દીધા). હિન્દીમાં તેનો એવો અર્થ થતો નથી." તેમને "રાજકીય પ્રવાસીઓ" ગણાવતા યાદવે ઉમેર્યું, "તેમની દોરી ક્યાંક બીજે છે અને ચરખી પણ ક્યાંક બીજે જ છે. તેમને જેટલી છૂટ (દોરી) આપવામાં આવશે, તેઓ એટલા જ ઊંચે ઊડી શકશે." ઉત્તરપ્રદેશમાં દલિતોની સ્થિતિ અંગે વાત કરતા યાદવે આરોપ લગાવ્યો કે, ભાજપના શાસનમાં અત્યાચાર, ભેદભાવ અને સતામણીમાં વધારો થયો છે.

સ્ટારલિંકને પડકારવા માટે અંબાણીની રિલાયન્સ ૧,૬૦૦ ઉપગ્રહ નેટવર્ક માટે ઉત્પાદન ભાગીદારી શોધી રહી છે : રિપોર્ટ

રિલાયન્સ ભારતમાં સ્ટારલિંકને ટક્કર આપવા માટે ૧,૬૦૦ સેટેલાઇટ બ્રોડબેન્ડ નેટવર્કની યોજના બનાવી રહી છે

(એજન્સી) તા.૧૮

રિલાયન્સ ગ્રુપ ભારતીય ઉત્પાદકો અને ટેક્નોલોજી કંપનીઓ સાથે ભાગીદારી શોધી રહ્યું છે, જેથી ૧,૬૦૦ ઉપગ્રહ બ્રોડબેન્ડ નક્ષત્ર બનાવી શકાય જેનો હેતુ એલોન મસ્કના સ્ટારલિંકનો ભારતીય-નિયંત્રિત વિકલ્પ બનાવવાનો છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ મુકેશ અંબાણીની આગેવાની હેઠળની કંપની સેટેલાઇટ ઉત્પાદકો, ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ અને ઔદ્યોગિક જૂથો સાથે વાટાઘાટો કરી રહી છે, જે ઉત્પાદનને વધારવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ માટે ભંડોળ પૂરું પાડવાની ઓફર કરે છે. બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે કે, જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના વિકાસને ટેકો આપવાના હેતુથી આ પ્રોજેક્ટ ૨૦૩૫ સુધીમાં પૂર્ણ થવાનું લક્ષ્ય રાખે છે અને તેને વાર્ષિક ૨૦૦ ઉપગ્રહોનું ઉત્પાદન કરવાની જરૂર પડશે, જ્યારે ભારતના વર્તમાન ઉત્પાદન દર વર્ષે ૧૫ કરતા ઓછા છે, આ બાબતથી પરિચિત લોકોને ટાંકીને બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે.

કંપની સ્થાનિક ઉત્પાદનને આયાત સાથે જોડવાની યોજના ધરાવે છે, જેમાં યુએસમાંથી ઓછામાં ઓછા ૪૦૦ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. તેનું લક્ષ્ય સપ્ટેમ્બર ૨૦૨૭માં પરીક્ષણ મિશન હતું, ત્યારબાદ ૨૦૨૮ની શરૂઆતથી વ્યાપક જમાવટ. ઉત્પાદન અને પ્રક્ષેપણ



મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ભારતમાં સ્ટારલિંક સાથે સ્પર્ધા કરવા માટે પ્રસ્તાવિત ૧,૬૦૦ સેટેલાઇટ બ્રોડબેન્ડ નેટવર્ક માટે ઉત્પાદન ભાગીદારી શોધી રહી હોવાના અહેવાલ છે. કંપની આયાતની સાથે સ્થાનિક ઉત્પાદનની પણ યોજના ધરાવે છે, જેમાં સપ્ટેમ્બર ૨૦૨૭ માટે પરીક્ષણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે અને ૨૦૩૫ સુધીમાં પૂર્ણ થશે. ઉત્પાદન મર્યાદાઓ, લોન્ચ ક્ષમતા અને નિયમનકારી આવશ્યકતાઓ જમાવટ માટે મહત્ત્વપૂર્ણ પડકારો છે

અવરોધોને કારણે પૂર્ણતાની સમયમર્યાદા અગાઉના ૨૦૩૦ના લક્ષ્યથી પાછળ ધકેલી દેવામાં આવી છે.

રિલાયન્સ બે યુએસ કંપનીઓ સાથે સંભવિત ખરીદી અને યુરોપમાં સપ્લાયર્સનું મૂલ્યાંકન કરવા અંગે પણ ચર્ચા કરી રહી હતી, જ્યારે ચીનને સ્ત્રોત તરીકે નકારી કાઢ્યું હતું.

કંપનીએ બ્લૂમબર્ગ દ્વારા મોકલવામાં આવેલા ઈમેઈલનો જવાબ આપ્યો ન હતો જેમાં માંગ કરવામાં આવી હતી કે આ નક્ષત્ર મુખ્યત્વે સમગ્ર ભારતમાં કનેક્ટિવિટી સુધારવા માટે છે, જેમાં સંઘર્ષો અને ભૂ-રાજકીય તણાવ દરમિયાન વ્યૂહાત્મક સંદેશાવ્યવહારમાં સંભવિત એપ્લિકેશનો છે.

આ પહેલ ત્યારે આવી છે જ્યારે નવી દિલ્હી પાકિસ્તાન સાથે તાજેતરના સરહદ સંઘર્ષ પછી સ્થાનિક અવકાશ ક્ષમતાઓને મજબૂત બનાવવા માંગે છે પરંતુ પ્રક્ષેપણ ક્ષમતા એક મોટો અવરોધ સાબિત થઈ શકે છે. ઉદ્યોગ અધિકારીઓ કહે છે કે હજારો ઉપગ્રહોને તૈનાત કરવા માટે વધુ વારંવાર રોકેટ પ્રક્ષેપણ અને યોગ્ય ઓર્બિટલ સ્લોટની એક્સેસની જરૂર પડશે.

'સ્કેલ પર ઉત્પાદન શક્ય છે પરંતુ વાસ્તવિક પડકાર એ સુનિશ્ચિત કરવાનો રહેશે કે ભારતમાં પૂરતા રોકેટ લોન્ચ થાય જેથી ઉપગ્રહોને ઇચ્છિત ભ્રમણકક્ષામાં મૂકવામાં આવે, જો નક્ષત્રને ભારતીય પ્રક્ષેપણ વાહનો સાથે અમલમાં મૂકવાની યોજના છે,' સેટેલાઇટ ઉત્પાદક HEX20ના સીઈઓ અમલ ચંદ્રને બ્લૂમબર્ગને જણાવ્યું.

રિલાયન્સનું પ્રસ્તાવિત નેટવર્ક મુખ્યત્વે ભારતની કનેક્ટિવિટી અને વ્યૂહાત્મક જરૂરિયાતોને પૂર્ણ કરશે, સ્ટારલિંકના ૧૦,૦૦૦થી વધુ ઉપગ્રહોના વૈશ્વિક નેટવર્કથી વિપરીત.

સ્ટારલિંકનો ભારતમાં આયોજિત પ્રવેશ નિયમનકારી અને સુરક્ષા ચકાસણીને આધીન છે, સેટેલાઇટ નેટવર્ક પર વિદેશી નિયંત્રણ અંગેની ચિંતાઓ સ્થાનિક વિકલ્પો માટે કેસને મજબૂત બનાવે છે. સ્ટારલિંકના ભારતમાં પ્રવેશ અંગે રાજકીય ચર્ચા વચ્ચે પણ ઉપગ્રહ યોજનાઓ આવી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અગાઉ મસ્કના આરોપો પર મોદી સરકાર પર કટાક્ષ કર્યો હતો કે, શક્તિશાળી વ્યવસાયિક હિતો કંપનીની નિયમનકારી મંજૂરીઓમાં અવરોધ લાવી રહ્યા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી 'ભારતના વાસ્તવિક બોસ' છે કે, કેમ તે અંગે મસ્કના પ્રશ્નના જવાબમાં રાહુલે કહ્યું, 'ભારતમાં આપનું સ્વાગત છે, એલોન. જ્યાં સુધી તમે બીજા વ્યક્તિને શોધી ન લો ત્યાં સુધી રાહ જુઓ,' ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા મસ્કે રાહુલનો આભાર માન્યો અને પરિસ્થિતિને ચિંતાજનક ગણાવી.

મસ્કના આરોપ બાદ એક્સચેન્જે આ વાત કહી હતી કે અનામી ઓલિગાર્ક્સ ભારતમાં સ્ટારલિંકની નિયમનકારી મંજૂરીઓમાં વિલંબ કરીને તેમના વર્ચસ્વને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સરકારે આરોપોને ફગાવી દીધા કહ્યું કે, મંજૂરી માળખું વાજબી અને ભેદભાવ રહિત હતું.

કર્ણાટક : મોટાભાગે આદિવાસી, લઘુમતીઓ, દલિત અને મહિલા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે, SIR ઓડિટમાં ખુલાસો

SIR વિરોધ ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું આપવાની, SIR પ્રક્રિયા બંધ કરવાની અને મતદારોને યાદીમાં પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી છે

(એજન્સી) બેંગ્લુરુ, તા.૧૮

બુધવારે બેંગ્લુરૂમાં SIR વિરોધ ગઠબંધન દ્વારા બહાર પાડવામાં આવેલા SIR ઓડિટ રિપોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, SIR પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા અથવા નોટિસ આપવામાં આવેલા મતદારોની અપ્રમાણસર સંખ્યા માટે વિચરતી અને આદિવાસી સમુદાયો, લઘુમતીઓ, દલિત, અત્યંત પછાત સમુદાયો અને મહિલાઓ જવાબદાર છે. શશાકરા ભવન ખાતે રિપોર્ટ રિલીઝ કાર્યક્રમમાં બોલતા એડલુ કર્ણાટકના પદાધિકારી નૂર શ્રીધરે જણાવ્યું હતું કે, ફિલ્ડ વેરિફિકેશન દર્શાવે છે કે, લઘુમતીઓ, દલિત અને આદિવાસી સમુદાયોની વધુ સાંદ્રતા ધરાવતા મતવિસ્તારોમાં વધુ મતદારો કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, ઘણા મતદારોને ખોટી રીતે સ્થાનાંતરિત, ગેરહાજર અથવા મૃત તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને દરેક મતદારને ૨૦૦૨ની મતદાર યાદી સાથે જોડવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ ગોપાલ ગૌડાએ આ કવાયતના કાનૂની આધાર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે, SIR પ્રક્રિયાનો ઉપયોગ મતદારોના કેટલાક વર્ગોને બાકાત રાખવા માટે થઈ રહ્યો છે. અભિનેતા પ્રકાશ રાજ, દિગ્દર્શક બી સુરેશ, કર્ણાટક સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રોફેસર એલ.એન. મુકુન્દરાજ, પૂર્વ મંત્રી કિમ્માને રત્નાકર અને કાર્યકરો હાજર હતા. ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું આપવાની, SIR પ્રક્રિયા બંધ કરવાની અને મતદારોને યાદીમાં પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી હતી. તેમણે ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે બંધારણીય પદ્ધતિ અને મતદાર યાદી સુધારણાની વૈજ્ઞાનિક, મતદાર-મૈત્રીપૂર્ણ પદ્ધતિની પણ માંગ કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને જ્ઞાનેશ કુમાર સામે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કરી હતી અને SIR કવાયત્ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસેથી માફી માંગી હતી. તેમણે બિહાર અને પશ્ચિમ બંગાળમાં ફરીથી મતદાનની પણ માંગ કરી હતી. ગઠબંધને કર્ણાટક સરકારને SIR કવાયત્માં કથિત ગેરરીતિઓની ચર્ચા કરવા માટે એક ખાસ સત્ર બોલાવવા અને તેના દ્વારા ઉત્પન્ન થતી પ્રક્રિયા અને યાદીઓને નકારી કાઢવાનો ઠરાવ પસાર કરવા વિનંતી કરી હતી. તેણે ખોટી રીતે કાઢી નાખવામાં આવેલા મતદારોને ઓળખવા માટે સામાજિક ઓડિટ અને તેમને મતદાર યાદીમાં પુનઃ સ્થાપિત કરવા માટે ઝુંબેશ ચલાવવાની માંગ કરી હતી અને માંગ કરી હતી કે જ્યાં સુધી બધા લાયક મતદારો પુનઃ સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈપણ ચૂંટણી માટે SIR યાદીનો ઉપયોગ ન કરવામાં આવે.

UPના મુખ્ય ચૂંટણી અધિકારીએ ૧.૨૭ કરોડ 'ગાયબ હિન્દુ મતદારો' અંગે આદિત્યનાથના દાવાને નકાર્યો; કહ્યું કે, ચૂંટણી પંચ પાસે ધર્મ આધારિત કોઈ ડેટા નથી

આ ઉપરાંત 'સ્પેશિયલ સમરી રિવિઝન' પછી પણ ઉત્તરપ્રદેશની ડ્રાફ્ટ મતદાર યાદીમાં અંદાજિત પુખ્ત વયની વસ્તીની સરખામણીએ ૨.૫૮ કરોડ મતદારો ઓછા છે, જેમાં મહિલાઓ અને યુવા મતદારોનો મોટો હિસ્સો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ચૂંટણી પંચે મંગળવારે (૧૭ નવેમ્બર) સ્પષ્ટ કર્યું હતું કે, તેમના ડેટાબેઝમાં મતદારોની જ્ઞાતિ કે ધર્મ અંગેની માહિતી સંગ્રહિત કરવામાં આવતી નથી. આ સ્પષ્ટતા ત્યારે કરવામાં આવી જ્યારે પંચે 'સ્પેશિયલ સમરી રિવિઝન' બાદ મતદાર યાદીનો ડ્રાફ્ટ (કાચો મુસદ્દો) જાહેર કર્યો. આ પ્રક્રિયા દરમિયાન ઉત્તરપ્રદેશમાં ૧૮.૮૪ લાખ નવા મતદારો ઉમેરાયા છે; ઉલ્લેખનીય છે કે, અગાઉ એપ્રિલ મહિનામાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' હાથ ધરવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ પત્રકારોના પ્રશ્નોના જવાબમાં આ સ્પષ્ટતા કરી હતી. પત્રકારોએ મુખ્યમંત્રી આદિત્યનાથના તાજેતરના જાહેર દાવાઓનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે, રાજ્યની મતદાર યાદીમાંથી ૧.૨૭ કરોડ હિન્દુ મતદારો ગાયબ છે અને તેમને એક વિશેષ અભિયાન દ્વારા ફરીથી મતદાર યાદીમાં સામેલ કરવાની જરૂર છે. જો કે, ચૂંટણી પંચે એ પણ જણાવ્યું હતું કે, ૧૭ નવેમ્બર સુધીમાં ઉત્તરપ્રદેશમાં નોંધાયેલા મતદારોની સંખ્યા, રાજ્યની અંદાજિત પુખ્ત વયની વસ્તી કરતાં ૨.૫૮ કરોડ ઓછી છે. યોગી આદિત્યનાથના ૧.૨૭ કરોડ હિન્દુ મતદારો અંગેના દાવા પર પ્રતિક્રિયા આપતા રિનવાએ કહ્યું, 'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે, અમારી પાસે ધર્મ આધારિત આવો કોઈ ડેટા નથી અને અમે આવો ડેટા જારી પણ કરતા નથી. અમે જ્ઞાતિ આધારિત પણ કોઈ કામગીરી કરતા નથી.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી પંચ માત્ર વય જૂથો અને લિંગ (સ્ત્રી/પુરૂષ)ના આધારે જ ડેટાનું વિશ્લેષણ કરે છે. રિનવાએ જણાવ્યું કે, બજાર૨માં એવા ઘણા વ્યાવસાયિક સોફ્ટવેર પ્રોગ્રામ ઉપલબ્ધ છે, જેના દ્વારા લોકો જાહેર મતદાર યાદીઓમાંથી માહિતી ડાઉનલોડ કરી શકે છે અને ધર્મ કે લિંગના આધારે નામોને અલગ તારવી શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ કે તેના અધિકારીઓ દ્વારા કોઈ ચોક્કસ જ્ઞાતિ કે ધર્મને નિશાન બનાવવાનું કોઈ 'ષડ્યંત્ર' રચવામાં આવ્યું નથી. બીજી તરફ, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આ પ્રક્રિયાને શંકાની નજરે જોવાનું ચાલુ રાખ્યું છે. તેમણે પોતાનો અગાઉનો આરોપ ફરી દોહરાવ્યો કે સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એક ષડ્યંત્ર રચી રહી છે, જેના દ્વારા મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢ જેવા અન્ય રાજ્યોના 'અજ્ઞાત અને બિન-નોંધાયેલા' લોકોને ઉત્તર પ્રદેશની મતદાર યાદીમાં સામેલ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. 'પ્રથમ પ્રશ્ન એ છે કે, મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ૧.૨૭ કરોડ હિન્દુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. ત્યાર બાદ જ મતદારોની સંખ્યામાં આ વધારો જોવા મળ્યો છે,' એમ યાદવે ૧૮ નવેમ્બરે લખનૌમાં મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું. તેમણે 'એસએસઆર' પ્રક્રિયા બાદ મતદારોની સંખ્યામાં થયેલા ૧૮.૮૪ લાખના વધારાને આદિત્યનાથના નિવેદન સાથે જોડ્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, સમાજવાદી પાર્ટી આ ૧૮.૮૪ લાખના વધારાનું બૂથ-વાર વિશ્લેષણ કરશે. જો કે, રિનવાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આદિત્યનાથે 'ગાયબ' મતદારોનો ઉલ્લેખ કર્યો હતો, નહીં કે એવા મતદારોનો જેમનાં નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હોય. આદિત્યનાથના દાવાઓથી વિપરીત રિનવાએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચે મતદારોના ડેટાનું ધર્મ કે જાતિના આધારે વિશ્લેષણ કર્યું નથી. આ સંદર્ભમાં યાદવે પ્રશ્ન કર્યો કે મુખ્યમંત્રીને ૧.૨૭ કરોડનો ધર્મ-આધારિત આંકડો ક્યાંથી મળ્યો ? પત્રકારો સાથે વાત કરતા યાદવે કટાક્ષમાં કહ્યું, 'આનો અર્થ એ થાય કે આ માહિતી કોઈ દૈવી શક્તિ પાસેથી - કદાચ આકાશમાંથી - આવી હશે અથવા કોઈ પ્રકાશના ઝબકારા કે વીજળીના કડાકા દ્વારા તેમને મળી હશે.' 'એસએસઆર' પ્રક્રિયા બાદ ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલી મતદાર યાદીના ડ્રાફ્ટમાં, આદિત્યનાથે જે ૧.૨૭ કરોડ મતદારો (હિન્દુ કે અન્ય) વિશે વાત કરી હતી, તેનો ક્યાંય ઉલ્લેખ નથી. જો કે, તેમાં એવું જરૂર જણાયું છે કે, રાજ્યમાં ઓછામાં ઓછા ૨.૫૮ કરોડ પુખ્ત વયના લોકો મતદાર તરીકે નોંધાયેલા નથી. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના 'નેશનલ કમિશન ઓન પોપ્યુલેશન' (રાષ્ટ્રીય વસ્તી પંચ) દ્વારા જુલાઈ ૨૦૨૦માં જાહેર કરાયેલા 'પોપ્યુલેશન પ્રોજેક્શન્સ ફોર ઇન્ડિયા એન્ડ સ્ટેટ્સ, ૨૦૧૧-૨૦૩૬' (ભારત અને રાજ્યો માટે વસ્તી અનુમાન)ના અહેવાલ મુજબ ઉત્તરપ્રદેશની વસ્તી અંદાજે ૨૪.૨૮ કરોડ છે. રાજ્યની પુખ્ત વયની વસ્તી (૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો) ૧૬.૧૬ કરોડ (૧૬,૧૬,૮૫,૦૦૦) હોવાનું અનુમાન છે. બીજી બાજુ, ૧૭ નવેમ્બર સુધીમાં મતદાર યાદીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩.૫૮ કરોડ (૧૩,૫૮,૬૮,૯૦૫) છે, જે અંદાજિત વસ્તી કરતાં ૨.૫૮ કરોડ ઓછી છે. વાસ્તવિક તફાવત ૨,૫૮,૧૬,૦૯૫ મતદારોનો છે. મહિલા મતદારોના કિસ્સામાં આ તફાવત વધુ સ્પષ્ટ છે. રાજ્યમાં પુખ્ત વયની મહિલાઓની અંદાજિત વસ્તી ૭.૮૪ કરોડ (૭,૮૪,૦૯,૦૦૦) છે, જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬.૨૦ કરોડ (૬,૨૦,૦૬,૩૫૩) છે. આમ, આમાં ૧.૬૪ કરોડનો - ચોક્કસ આંકડા મુજબ ૧,૬૪,૦૨,૬૪૭નો — તફાવત જોવા મળે છે. પુખ્ત વયના પુરૂષોની અંદાજિત વસ્તી અને નોંધાયેલા પુરૂષ મતદારો વચ્ચેનો તફાવત ૬૪.૧૭ લાખ (૬૪,૧૭,૪૬૦) હતો. પુરૂષોની અંદાજિત વસ્તી ૮.૩૨ કરોડ હતી, જ્યારે મતદાર યાદીની વિશેષ સંક્ષિપ્ત પુનરાવર્તન પ્રક્રિયા (SSR) પછી પુરૂષ મતદારોની સંખ્યા ૭.૩૮ કરોડ રહી હતી. ચૂંટણી પંચે એ પણ જણાવ્યું કે, ૧૮-૧૯ વર્ષની વયના મતદારોની સંખ્યા લગભગ ૧૧.૮૩ લાખ છે, જ્યારે આ વયજૂથની અંદાજિત વસ્તી ૮૪.૪૭ લાખ છે; એટલે કે આ વયજૂથમાં ૭૨.૬૩ લાખ મતદારો ઓછા છે. રિ

આસામમાં ઘરો અને મસ્જિદ તોડી પાડવામાં આવ્યા એકમાત્ર હિન્દુ પરિવારને બાકાત રાખવામાં આવ્યો

આ હટાવવાની કાર્યવાહી (eviction drive) આસામ સરકારના તે અભિયાનનો ભાગ છે, જેનો ઉદ્દેશ્ય કથિત ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓને દૂર કરવાનો છે

(એજન્સી) લખીમપુર, તા.૧૮

આસામના લખીમપુર જિલ્લાના બોગીનાદી ગામમાં, મહેસૂલ અધિકારીઓએ મુસ્લિમોના અનેક ઘરો અને એક મસ્જિદને તોડી પાડી હતી. અધિકારીઓનો આરોપ હતો કે આ બાંધકામો અતિક્રમણ કરેલી જમીન પર ઊભાં હતાં, પરંતુ તેમણે એક હિન્દુ પરિવારના ઘરને તોડ્યું ન હતું. ચારે બાજુ ફેલાયેલા કાટમાળની વચ્ચે આ ઘર અકબંધ ઊભું હતું. આ કાર્યવાહી આસામ સરકારના તે અભિયાનનો ભાગ છે, જેનો ઉદ્દેશ્ય કથિત ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓને દૂર કરવાનો છે. જોકે, સામે આવેલા વીડિયોમાં કરવામાં આવેલા દાવાઓથી વિપરીત દ્રશ્યો જોવા મળે છે. સોમવારે, ૧૭ નવેમ્બરે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે તેમની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧૮,૦૦૦ હેક્ટરથી વધુ જમીનને અતિક્રમણમાંથી મુક્ત કરાવી છે, પરંતુ હજુ પણ ૩.૧૬ લાખ હેક્ટર વનભૂમિ ગેરકાયદેસર કબજા હેઠળ છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં તેમણે જાહેરાત કરી કે તેમની સરકાર રાજ્યમાં અતિક્રમણ હેઠળની જમીનનો એક-એક ઇંચ ભાગ મુક્ત કરાવવા માટે "સખત અને અડગ રણનીતિ" અપનાવશે. છેલ્લા છ વર્ષમાં, ૨૦,૦૦૦થી વધુ પરિવારો



અને ૧,૦૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. સરમા સરકાર આ પ્રક્રિયાને "આસામમાં અતિક્રમણ હેઠળની જમીનનો એક-એક ઇંચ ભાગ મુક્ત કરાવવો" તરીકે વર્ણવે છે. વિસ્થાપિત થયેલા પરિવારોમાં મુખ્યત્વે મુસ્લિમોનો સમાવેશ થાય છે. સરકારી આંકડા મુજબ, ૨૦૧૬થી ઓગસ્ટ ૨૦૨૪ની વચ્ચે જે પરિવારોને હટાવવામાં આવ્યા, તેમાં ૧૦,૬૨૦થી વધુ પરિવારો મુસ્લિમ હતા.

'SIT વિદ્યાર્થીઓને એક વાર પણ મળી નથી' : SRFTIના પૂર્વ વિદ્યાર્થીઓએ કેમ્પસમાં થયેલા હુમલા હિંદુત્વવાદી ટોળાની હિંસા અને વિદ્યાર્થીઓને હાંકી કાઢવાની ઘટનાઓની સ્વતંત્ર તપાસ શરૂ કરી

રાજ્યની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા હજુ સુધી એક પણ વિદ્યાર્થીનું નિવેદન નોંધવામાં આવ્યું નથી, આ સ્થિતિમાં, રત્ના પાઠક શાહ, અનિતા અગ્નિહોત્રી અને જવાહર સરકારના નેતૃત્વમાં SRFTIના પૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થાના વાંધાઓને અવગણીને, વિદ્યાર્થીઓ પર થયેલા હિંદુત્વવાદી ટોળાના હુમલાઓ અને વહીવટીતંત્ર દ્વારા વિદ્યાર્થીઓને હાંકી કાઢવાની કાર્યવાહીની સ્વતંત્ર તપાસ શરૂ કરી છે

(એજન્સી) તા.૧૮

કોલકાતાની સત્યજીત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (SRFTI)ના પૂર્વ વિદ્યાર્થીઓએ ત્રણ સભ્યોની એક 'તથ્ય-શોધ સમિતિ' (fact-finding committee) બનાવી છે. પશ્ચિમ બંગાળ સરકારની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) છ અઠવાડિયાથી વધુ સમય વીતી જવા છતાં એક પણ વિદ્યાર્થીનું નિવેદન નોંધવામાં નિષ્ફળ રહી છે, ત્યારબાદ પૂર્વ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાઓ અને વહીવટીતંત્ર દ્વારા તેમના પર કરવામાં આવેલી - જેની વ્યાપક ટીકા થઈ છે તેવી - કડક કાર્યવાહીની સ્વતંત્ર તપાસ કરવાનો નિર્ણય લીધો છે. આ સમિતિમાં અભિનેત્રી રત્ના પાઠક શાહ, લેખિકા અનિતા અગ્નિહોત્રી અને પૂર્વ અમલદાર તથા સાંસદ જવાહર સરકારનો સમાવેશ થાય છે. જવાહર સરકારે SITની કામગીરી પર સવાલ ઉઠાવ્યા છે. રાજ્ય સરકારે ૩૦ સપ્ટેમ્બરે આ SITની રચના કરી હતી. 'ધ વાયર હિન્દી'ના અહેવાલ મુજબ, જવાહર સરકારે કહ્યું, 'SITની રચના થયાને દોઢ મહિનાથી વધુ સમય થઈ ગયો છે, તેમ છતાં તેઓ એક વાર પણ વિદ્યાર્થીઓને મળ્યા નથી." તેમણે વધુમાં જણાવ્યું કે, "આ ટીમ એકવાર કેમ્પસમાં આવી હતી અને વાઇસ-ચાન્સેલર, ડીન તથા અન્ય અધિકારીઓને મળી હતી, પરંતુ તેમણે કોઈ પણ વિદ્યાર્થી સાથે વાત કરી ન હતી. વિદ્યાર્થીઓને માત્ર એટલું જ આશ્વાસન આપવામાં આવ્યું હતું કે તેમણે ચિંતા કરવાની જરૂર નથી અને બધું ઠીક થઈ જશે. પરંતુ, આને તપાસ કરવી કે લોકોની વાત સાંભળવી ન કહી શકાય." વિદ્યાર્થીઓનો આરોપ છે કે SITના સભ્યોએ કેમ્પસમાં વહીવટીતંત્ર સાથે ઘણો સમય વિતાવ્યો હતો. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, ૩૦ ઓક્ટોબરે SIT વિદ્યાર્થી સંઘના ત્રણ પ્રતિનિધિઓને મળી હતી, પરંતુ તેમણે તેમના નિવેદનો નોંધ્યા ન હતા કે ૨૭ સપ્ટેમ્બરની ઘટનાઓ વિશે તેમને કોઈ પ્રશ્નો પૂછ્યા ન હતા. કોલકાતા પોલીસના એડિશનલ કમિશનર (ક્રાઈમ) કુણાલ અગ્રવાલના નેતૃત્વ હેઠળની આ SITને પંચસાયર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ત્રણ FIRની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આકાશવાણી સમાચારના ૨ ઓક્ટોબરના અહેવાલ મુજબ, રાજ્યના ગૃહ અને પહાડી બાબતોના વિભાગને (Department of Home and Hill Affairs) સોંપાયેલા છ પાનાના પ્રથમ અહેવાલમાં જણાવાયું છે કે, તેમણે ૨૩ લોકોની પૂછપરછ કરી છે અને અન્ય ૨૫૦ લોકોની ઓળખ કરી છે. પરંતુ, તેમના કાર્યક્ષેત્રમાં માત્ર ૨૭ સપ્ટેમ્બરની ઘટનાનો જ સમાવેશ થાય છે. ૨૭ સપ્ટેમ્બરે, કેમ્પસમાં આરએસએસ (RSS) સાથે સંકળાયેલી 'અખિલ ભારતીય ગ્રાહક પંચાયત' (ABGP) દ્વારા આયોજિત એક કાર્યક્રમનો વિરોધ કરવા બદલ ઓછામાં ઓછા છ વિદ્યાર્થીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે આ જૂથના સભ્યોએ તેમના પર છરીઓ, લાકડીઓ અને અન્ય વસ્તુઓ વડે હુમલો કર્યો હતો, જ્યારે સંસ્થાની બહાર એક ટોળું એકત્ર થઈ ગયું હતું અને તેણે સંસ્થા પર પથ્થરમારો કર્યો હતો. અહેવાલો અનુસાર, લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ કેમ્પસની અંદર ફસાઈ ગયા હતા. ૪ ઓક્ટોબરે સંસ્થાની બહાર ફરી હિંસા ફાટી નીકળી હતી. સિરકારે આરોપ લગાવ્યો કે આ હુમલો સ્પષ્ટપણે રાજકીય પ્રેરિત હતો અને તેમાં 'હિન્દુ જાગરણ મંચ'ના સભ્યો સામેલ હતા. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓએ ૨ ઓક્ટોબરે જ વહીવટીતંત્રને ચેતવણી આપી હતી કે ૪ ઓક્ટોબરે તેમના પર હુમલો થઈ શકે છે, તેમ છતાં હુમલો થયો જ. ૪ ઓક્ટોબરની હિંસા તપાસના દાયરામાં નથી. સિરકારે જણાવ્યું હતું કે, હિંસાની તપાસ કરવા અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે, વાઇસ-ચાન્સેલર સંતોષ અજમેરાના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે વિદ્યાર્થીઓ સામે જ પગલાં લીધાં. 'ધ વાયર હિન્દી' સાથે વાત કરતા સિરકારે કહ્યું, "૪ ઓક્ટોબરની ઘટનાની તપાસ કરવાને બદલે, વાઇસ-ચાન્સેલરે વિદ્યાર્થીઓને સંસ્થામાંથી કાઢી મૂકવાનું (expel કરવાનું) શરૂ કરી દીધું. કેટલાકને કારણદર્શક નોટિસ (show-cause notice) આપવામાં આવી, જ્યારે અન્યને



ધમકાવવામાં આવ્યા. કરાર આધારિત (contractual) ફેકલ્ટી સભ્યોને પણ છૂટા કરી દેવામાં આવ્યા. આ બધું ૪ ઓક્ટોબર પછી શરૂ થયું." તેમણે આને "ભયનું વાતાવરણ" ઊભું કરવાનો પ્રયાસ ગણાવ્યો. ૧૫ ઓક્ટોબરે સંસ્થાએ છ વિદ્યાર્થીઓને હાંકી કાઢ્યા. પાંચ વિદ્યાર્થીઓને બે સેમેસ્ટર માટે અને એક વિદ્યાર્થી, શુભમ વાયદાન્ડેને, ત્રણ સેમેસ્ટર માટે સંસ્થામાંથી કાઢી મૂકવામાં આવ્યા. વાઇસ-ચાન્સેલર પર કથિત હુમલા બદલ વાયદાન્ડે વિરુદ્ધ એફઆઈઆર (FIR) પણ નોંધવામાં આવી છે. કલકત્તા હાઈકોર્ટના વકીલ ઝુમા સેન, જેઓ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે અગાઉ 'ધ વાયર હિન્દી'ને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને હાંકી કાઢતા પહેલા તેમનો પક્ષ રજૂ કરવાની તક પણ આપવામાં આવી ન હતી, અને આ કાર્યવાહી કાયદાકીય રીતે ખોટી છે. વિદ્યાર્થીઓનો એવો પણ આરોપ છે કે વહીવટીતંત્રે મેસ (ભોજનાલય), વર્ગખંડો અને પીવાના પાણી સુધીની તેમની પહોંચ બંધ કરી દીધી છે, અને જે વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ આ વિરોધ પ્રદર્શનને સમર્થન આપે છે, તેમની સામે કાર્યવાહી કરી છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ સત્તા પર આવ્યા ત્યારથી, રાજ્યભરની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓને આરએસએસ (RSS) સાથે સંકળાયેલા જૂથો તરફથી વધતા દબાણ અને હસ્તક્ષેપનો સામનો કરવો પડી રહ્યો છે. આ દરમિયાન, કેમ્પસના પરિસરો પર નિયંત્રણ મેળવવા અને અસંમતિના અવાજને દબાવી દેવાના પ્રયાસો એક ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમિતિ ૨૭ સપ્ટેમ્બર અને ૪ ઓક્ટોબરની ઘટનાઓ, સંસ્થા અને પોલીસની ભૂમિકા, તેમજ ૧૫ ઓક્ટોબરથી વિદ્યાર્થીઓ સામે વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાંની તપાસ કરશે. તે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને જેમને આ ઘટનાઓ વિશે પ્રત્યક્ષ જાણકારી હોય તેવા અન્ય લોકોના નિવેદનો નોંધશે અને તેના તારણો જાહેર કરશે. આ સમિતિની પ્રથમ સુનાવણી ૧૩ નવેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાઈ હતી. નિવેદનો ગુપ્ત રીતે નોંધવાના હતા અને આ સુનાવણીમાં પ્રેસ (પત્રકારો) ને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. "અમે અમારો તપાસ અહેવાલ પ્રકાશિત કરીશું, પરંતુ તેમાં સમય લાગશે. સેંકડો નિવેદનો છે અને લોકો..."",તેઓએ તેમના દાવાઓના સમર્થનમાં પુરાવા પણ રજૂ કરવા પડશે. અમે તે પુરાવાઓની સમીક્ષા કરીશું અને નક્કી કરીશું કે તે સ્વીકાર્ય છે કે નહીં," સિરકરે કહ્યું. તેમણે ઉમેર્યું કે આ તપાસમાં લગભગ એક મહિનો લાગી શકે છે. SRFTI (એસઆરએફટીઆઈ) વહીવટીતંત્રે આ તપાસ સામે વાંધો ઉઠાવ્યો છે. ૧૨ નવેમ્બરે પૂર્વ વિદ્યાર્થી સમિતિ (અલુમનાઈ કમિટી)ને લખેલા પત્રમાં, રજિસ્ટ્રાર દીપક કુમારે જણાવ્યું હતું કે SIT (એસઆઈટી) પહેલેથી જ તપાસ કરી રહી છે અને સંસ્થાએ પણ હકીકત શોધવા માટે પોતાની એક સમિતિ બનાવી છે, તેથી કોઈ "બિનઅધિકૃત ખાનગી સંસ્થા" પાસે સમાંતર તપાસ કરવાનો કોઈ કાનૂની આધાર નથી. તેમણે આક્ષેપ કર્યો કે આ તપાસનો હેતુ વિરોધાભાસી નિવેદનો ઊભા કરવાનો, તથ્યોને તોડીમરોડીને રજૂ કરવાનો અને હાલમાં ચાલી રહેલી તપાસને નબળી પાડવાનો હોઈ શકે છે.

મધ્ય પ્રદેશે બેથી વધુ બાળકો ધરાવતા લોકોને સરકારી નોકરી માટે અયોગ્ય ઠેરવતા નિયમને નાબૂદ કર્યો

મુખ્યમંત્રી મોહન યાદવની અધ્યક્ષતામાં મળેલી મધ્ય પ્રદેશ કેબિનેટે સેવા નિયમોમાં ફેરફારને મંજૂરી આપી છે, જે અંતર્ગત બેથી વધુ બાળકો ધરાવતા લોકો સરકારી નોકરી માટે અયોગ્ય ગણાતા હતા, આ નિર્ણય બુધવારે મંદસૌરમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૧૮

મુખ્યમંત્રી મોહન યાદવની અધ્યક્ષતામાં મળેલી મધ્ય પ્રદેશ કેબિનેટે સેવા નિયમોમાં ફેરફારને મંજૂરી આપી છે, જે અંતર્ગત બેથી વધુ બાળકો ધરાવતા લોકો સરકારી નોકરી માટે અયોગ્ય ગણાતા હતા. બુધવારે મોહન યાદવના નેતૃત્વ હેઠળની કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણય બાદ, હવે મધ્ય પ્રદેશમાં બેથી વધુ બાળકો ધરાવતા લોકો સરકારી નોકરી માટે અયોગ્ય ગણાશે નહીં. આ નિર્ણય મંદસૌરના ગાંધી સાગર માં મુખ્યમંત્રી મોહન યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી એક વિશેષ 'ડેસ્ટિનેશન કેબિનેટ' બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો. કેબિનેટે 'મધ્ય પ્રદેશ સિવિલ સર્વિસીસ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૧૯૬૧'માં સુધારો કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ સુધારા દ્વારા તે જોગવાઈ દૂર કરવામાં આવી છે, જે બાળકોની સંખ્યાના આધારે સરકારી નોકરી માટેની પાત્રતાને મર્યાદિત કરતી હતી. વર્તમાન જોગવાઈ મુજબ, જે વ્યક્તિને ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ કે તે પછી ત્રીજું બાળક થયું હોય, તેને રાજ્યમાં સરકારી નોકરી માટે અયોગ્ય ગણવામાં આવતા હતા. આ નિયમનો અર્થ એ હતો કે બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારો રાજ્ય



સરકાર હેઠળની સરકારી નોકરીઓ માટે પાત્ર બની શકતા ન હતા. કેબિનેટના આ નવા નિર્ણયથી આ પ્રતિબંધ દૂર થશે, જેનાથી આવા વ્યક્તિઓ સરકારી સેવા માટે પાત્ર બની શકશે. હા. કેબિનેટે 'મધ્ય પ્રદેશ સિવિલ સર્વિસીસ (આચરણ) નિયમો, ૧૯૬૫'માં પણ સુધારો કરવાનો નિર્ણય લીધો છે. હાલના નિયમો મુજબ, સરકારી કર્મચારીઓ માટે બેથી વધુ બાળકો હોવાને 'ગેરવર્તણૂક' (misconduct) ગણવામાં આવે છે. વર્તમાન જોગવાઈઓ હેઠળ, જે સરકારી કર્મચારીઓને નિર્ધારિત તારીખ પછી ત્રીજું બાળક થયું હોય, તેઓ સામે કાર્યવાહી થઈ શકતી હતી, જેમાં નોકરીમાંથી બરતરફીનો પણ સમાવેશ થતો હતો. આ પ્રસ્તાવિત સુધારા સાથે, હવે આ નિયમો હેઠળ બેથી વધુ બાળકો હોવાને 'ગેરવર્તણૂક' ગણવામાં આવશે નહીં. આ નિર્ણય સરકારી નોકરી મેળવવા ઇચ્છતા લોકો અને રાજ્ય સરકારના વિભાગોમાં પહેલેથી જ કામ કરી રહેલા કર્મચારીઓ - બંનેને લાગુ પડે છે. જે નિયમોમાં સુધારો કરવામાં આવી રહ્યો છે તે બે સેટ નીચે મુજબ છે:

- મધ્યપ્રદેશ સિવિલ સર્વિસીસ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૧૯૬૧: બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારોને સરકારી નોકરી માટે અયોગ્ય ઠેરવતી જોગવાઈ દૂર કરવામાં આવશે.
- મધ્યપ્રદેશ સિવિલ સર્વિસીસ (આચરણ) નિયમો, ૧૯૬૫: સરકારી કર્મચારીઓ માટે બેથી વધુ બાળકો હોવાને 'ગેરવર્તણૂક' (misconduct) ગણતી જોગવાઈમાં સુધારો કરવામાં આવશે. આ પ્રસ્તાવને બુધવારે મંદસૌરના ગાંધી સાગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આ સુધારાઓ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧થી અમલમાં રહેલા વર્તમાન નિયમોમાં ફેરફાર થશે.

ભારત તેની જરૂરિયાત કરતાં વધુ ચોખાનું ઉત્પાદન કરે છે; વધારાનો જથ્થો સબસિડીના બોજમાં વધારો કરે છે

પૂરગ્રસ્ત પૂર્વીય ભારત માટે અનુકૂળ ચોખાની નવી જાતોએ છેલ્લા એક દાયકામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૫૦%નો વધારો કરવામાં મદદ કરી છે, પરિણામે, ૨૦૨૫/૨૬માં ઉત્પાદન વધીને ૧૫.૪ કરોડ ટનના રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે, જે ૧૦.૭ કરોડ ટનના સ્થાનિક વપરાશ કરતાં ઘણું વધારે છે

(એજન્સી) તા.૧૮

પાક-વિજ્ઞાન ક્ષેત્રે થયેલી પ્રગતિ અને દેશની ખાદ્ય જરૂરિયાતો પૂરી કરવા માટે દાયકાઓ પહેલાં શરૂ કરવામાં આવેલી સબસિડીને કારણે ભારત ચોખા ઉત્પાદનનું એક મોટું કેન્દ્ર બની ગયું છે. આના પરિણામે ચોખાનો વધારાનો જથ્થો (સરપ્લસ) પણ પેદા થયો છે – જેનો મોટો હિસ્સો નિકાસ કરવામાં આવે છે – જ્યારે બીજી તરફ ભારત સરકાર સબસિડીના વધતા ખર્ચનો બોજ ઉઠાવી રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચેના પત્રવ્યવહારના રોઇટર્સ દ્વારા કરાયેલા વિશ્લેષણ અને ૧૦ અધિકારીઓ તથા એક ડઝનથી વધુ વૈજ્ઞાનિકો સાથેની વાતચીત પરથી જાણવા મળે છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વહીવટીતંત્ર ચોખા પર આપવામાં આવતી સબસિડીના નાણાકીય બોજને લઈને ચિંતિત છે. આ સબસિડી માત્ર ભારતીયોને જ નહીં, પરંતુ વિદેશના લોકોને પણ સસ્તા દરે ચોખા પૂરા પાડે છે. ભારતના કુલ ખાદ્ય સબસિડી બિલમાં ચોખાની સબસિડીનો હિસ્સો બે-તૃતીયાંશથી વધુ છે. છેલ્લા એક દાયકામાં આ બિલ બમણાથી પણ વધીને ૨૦૨૫/૨૬માં ૨.૨૮ ટ્રિલિયન રૂપિયા (૨૪.૧ અબજ ડોલર) સુધી પહોંચી ગયું છે. કૃષિ અર્થશાસ્ત્રી અને પાકના ભાવ અંગે સરકારના ભૂતપૂર્વ સલાહકાર અશોક ગુલાટીએ કહ્યું, "હકીકતમાં, આપણે કરદાતાઓના પૈસાનો ઉપયોગ વિદેશી ગ્રાહકોને સબસિડી આપવા માટે કરી રહ્યા છીએ." તેમણે ઉમેર્યું કે, આ વધારાનો જથ્થો "વૈશ્વિક બજારોમાં એવી કિંમતો પર ઠાલવવામાં આવી રહ્યો છે, જે અન્ય સ્પર્ધકોની કિંમતો કરતાં પણ ઓછી છે." જોકે 'એલ નીનો' (El Niño)ને કારણે નબળા વરસાદને લીધે ૨૦૨૬/૨૭માં ભારતમાં પાકનું ઉત્પાદન ઓછું રહેવાની શક્યતા છે, તેમ છતાં ચોખાનો પૂરતો ભંડાર હોવાથી યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (USDA)નું અનુમાન છે કે આગામી બે વર્ષમાં ભારતની ચોખાની નિકાસમાં વધારો થશે. આ વધારાનું ઉત્પાદન મુખ્યત્વે ચોખાની નવી જાતોને આભારી છે, જેના કારણે પૂર્વ ભારતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પણ હવે વિશ્વસનીય ખેતી શક્ય બની છે. આના પરિણામે એક દાયકામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૫૦%નો વધારો થયો છે અને ૨૦૨૫/૨૬માં તે ૧૫૪ મિલિયન ટનના વિક્રમી સ્તરે પહોંચ્યું છે – જે ૧.૪ અબજની વસ્તી ધરાવતા દેશના ૧૦૩ મિલિયન ટનના સ્થાનિક વપરાશ કરતાં ઘણું વધારે છે. આ વૃદ્ધિને ૧૯૬૦ના દાયકાના મધ્યભાગથી કેન્દ્ર સરકારની ચોખા સબસિડી પ્રણાલીનું સમર્થન મળ્યું છે; તે સમયે ભારત પોતાની વસ્તીને પૂરતું અનાજ પૂરું પાડવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું. તાજેતરના સમયમાં, રાજ્ય સરકારોએ પણ કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત લઘુત્તમ ભાવ ઉપરાંત 'બોનસ' આપવાનું શરૂ કર્યું છે, જેનાથી ઉત્પાદનમાં વધુ વધારો થયો છે. ૧૯૬૫માં, અપૂરતા પાકને કારણે સરકારે ભારતીયોને અઠવાડિયામાં એક દિવસ રાત્રિનું ભોજન ન લેવાની (ઉપવાસ કરવાની) અપીલ કરી હતી. આજે, એક દાયકામાં નિકાસ બમણી થઈને ૨૦૨૫માં ૨.૨૩ કરોડ ટન પર પહોંચી ગઈ છે. વૈશ્વિક ચોખાના વેપારમાં ભારતીય ચોખાનો હિસ્સો ૪૦% છે અને વધતા જતાં ભંડારને સાચવવા માટે પૂરતી સંગ્રહ ક્ષમતા પણ ઉપલબ્ધ નથી. પૂર્વ ભારતના ઓડિશા રાજ્યના કટક ખાતે ખાનગી મિલ ચલાવતા નવીન અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમારી પાસે હવે સંગ્રહ માટે જગ્યા જ નથી. અમે સરકારી એજન્સીઓની રાહ જોઈ રહ્યા છીએ કે તેઓ અમારી પાસેથી ખરીદેલા ચોખાનો જથ્થો ઉપાડી જાય." સબસિડી પ્રણાલી હેઠળ, કેન્દ્ર



સરકાર દર વર્ષે ચોખા માટે 'લઘુત્તમ ટેકાના ભાવ' (Minimum Support Price - MSP) નક્કી કરે છે. આ ભાવ નક્કી કરતી વખતે મજૂરીથી લઈને ખાતરના ખર્ચ સુધીના તમામ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે, જે ખેડૂતોને ચોખાની ખેતી કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. ચોખાનું ઉત્પાદન કરતા રાજ્યો ઘણીવાર આ ભાવ ઉપરાંત વધારાની રકમ (બોનસ) આપે છે, જેનાથી ચોખાની ખેતી વધુ નફાકારક બની જાય છે. આ વધારાના ઉત્પાદનને કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે તણાવ વધ્યો છે. રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતા આ બોનસને કારણે ચોખાનું ઉત્પાદન જરૂરિયાત કરતાં વધી જાય છે, અને તેના લીધે તેલબિયાં અને કઠોળ જેવા અન્ય પાકોનું વાવેતર ઘટી જાય છે, પરિણામે આ પાકોની આયાત કરવી પડે છે. કેન્દ્રીય ખાદ્ય મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ રોઇટર્સને જણાવ્યું કે, ચોખા ઉત્પાદક રાજ્યો મંત્રાલય પર વધુ ચોખા ખરીદવા માટે સતત દબાણ કરી રહ્યા છે. તેમણે આ પરિસ્થિતિને "ખૂબ જ કંટાળાજનક અને પરેશાન કરનારી" ગણાવી હતી. આ રાજકીય તણાવ માત્ર ભારત પૂરતો સીમિત નથી. જેમ જેમ ભારતની નિકાસ વધી રહી છે, તેમ તેમ થાઈલેન્ડ અને વિયેતનામથી લઈને યુનાઇટેડ સ્ટેટ્સ સુધીના હરીફ ઉત્પાદક દેશોમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. ડિસેમ્બરમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર "ડમ્પિંગ" કરવાનો અથવા કિંમત કરતાં ઓછા ભાવે ચોખા વેચવાનો આરોપ મૂક્યો હતો. વોશિંગ્ટન સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરી રહેલી નવી દિલ્હીએ આ આરોપને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે તેણે યુએસને મોંઘા પ્રીમિયમ બાસમતી ચોખા વેચ્યા છે. વેપાર સંસ્થા યુએસએ રાઇસે એપ્રિલમાં જણાવ્યું હતું કે "ભારત જેવા ખરાબ કલાકારો તરફથી અયોગ્ય સ્પર્ધા" યુએસ વેચાણને જોખમમાં મૂકે છે. યુએસડીએના પ્રવક્તાએ એક નિવેદનમાં રોઇટર્સને જણાવ્યું હતું કે વોશિંગ્ટન ભારતની ચોખા સબસિડી અંગે "લાંબા સમયથી ચિંતાઓ વ્યક્ત કરી રહ્યું છે". યુએસ વેપાર, વાણિજ્ય અને વ્હાઇટ હાઉસના અધિકારીઓએ ટિપ્પણી માટેની વિનંતીઓનો જવાબ આપ્યો ન હતો. દરમિયાન, થાઈલેન્ડે ૨૦૨૫માં ભાવ ઘટતા અટકાવવા માટે ભારત અને વિયેતનામ સાથે સહયોગની અપીલ કરી હતી અને ઓક્ટોબરમાં, બેંગકોકે કહ્યું હતું કે ભારતના મોટા સ્ટોકે થાઈ નિકાસકારો પર દબાણ વધાર્યું હતું.

અમેરિકામાં, રાહુલ ગાંધી કહે છે કે ભારત 'આર્થિક આપત્તિ પર બેઠેલું છે', નોકરીઓ અને ઉત્પાદન સંકટનો સંકેત આપે છે

ગાંધીએ કહ્યું કે ભારતના આર્થિક મોડેલે લગભગ એક દાયકા પહેલા પરિણામો આપવાનું બંધ કરી દીધું હતું, તેમણે ઉત્પાદનને પુનર્જીવિત કરવામાં અને નોકરીઓ વધારવામાં નિષ્ફળ જવા બદલ સરકારી પહેલની ટીકા કરી

(એજન્સી) તા.૧૮

વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ન્યૂ યોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં 'સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ એન્ડ પબ્લિક અફેર્સ'ની મુલાકાત લીધી. અહીં તેમણે લિડિયા પોલગ્રીન સાથે વાતચીત કરી અને ત્યારબાદ વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યો સાથે પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લીધો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ભારતની સ્થિતિને "આર્થિક આપત્તિના આરે" ગણાવી હતી. તેમણે આ માટે વ્યાપક બેરોજગારી, પડી ભાંગેલો ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) આધાર અને શિક્ષણ પ્રણાલીમાં રહેલી ઊંડી સમસ્યાઓને જવાબદાર ગણાવી. તેમણે ચેતવણી આપી કે જો દેશ વર્તમાન આર્થિક માર્ગ પર આગળ વધતો રહેશે, તો તે ગંભીર મુશ્કેલીમાં મુકાઈ શકે છે. અમેરિકાની બે દિવસીય મુલાકાત દરમિયાન, ન્યૂ યોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથેની અનૌપચારિક ચર્ચા (fireside chat) દરમિયાન કોંગ્રેસ નેતાએ કહ્યું કે ભારતનું આર્થિક મોડેલ "લગભગ એક દાયકા પહેલા જ પરિણામ આપવાનું બંધ કરી ચૂક્યું હતું". તેમણે દેશના ઉત્પાદન ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે સરકારની 'મેક ઇન ઇન્ડિયા' અને 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા' જેવી પહેલોની અસરકારકતા પર પણ સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું, "સીધી વાત એ છે કે ભારત એક આર્થિક આપત્તિના આરે ઊભું છે. આ જ વાસ્તવિકતા છે. કોઈ તેને નકારી શકે છે; મીડિયા પણ તેને નકારી શકે છે. પરંતુ ભારતમાં બેરોજગારીની ગંભીર સમસ્યા છે. ભારતની શિક્ષણ પ્રણાલીમાં પણ મોટી સમસ્યાઓ છે." ભારતના યુવાનો અંગેના એક પ્રશ્નના જવાબમાં, વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે ઘણા યુવાનો, ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારોમાંથી આવતા અને ઔપચારિક શિક્ષણ મેળવેલા યુવાનો, વધુને વધુ હતાશ થઈ રહ્યા છે કારણ કે તેમને પોતાનું ભવિષ્ય દેખાતું નથી. તેમણે કહ્યું, "અમે આ બાબતનો અભ્યાસ કરી રહ્યા છીએ, તપાસ કરી રહ્યા છીએ, અને તેનું કારણ ખૂબ જ રસપ્રદ છે - મૂળ વાત એ છે કે તેમને પોતાનું ભવિષ્ય દેખાતું નથી." તેમણે કારકિર્દીની પસંદગી અને રોજગારીની તકોને લઈને યુવાનો અને તેમના માતા-પિતા વચ્ચે વધતા જતા અંતર (વિચારભેદ) તરફ પણ ઈશારો કર્યો. "તેઓ વાસ્તવમાં તેમના માતા-પિતાને શું કહી રહ્યા છે - અને અમને આ વાત ખુદ માતા-પિતા પાસેથી જ જાણવા મળી છે - તે એ છે કે: 'જુઓ, તમે

વંથલી તાલુકાના ધણફૂલિયા ગામની સીમમાંથી સિંહનો મૃતદેહ મળતા દોડધામ

વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી : મોતનું કારણ જાણવા મૃતદેહને પીએમ માટે ખસેડાયો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ધણફૂલિયા ગામની સીમમાંથી વન્યજીવ સિંહના મોતના સમાચાર સામે આવતા વહીવટી તંત્ર અને વન વિભાગમાં દોડધામ મચી ગઈ છે. ધણફૂલિયા ગામની સીમ વિસ્તારમાંથી અંદાજિત પથી ૭ વર્ષની વયના એક સિંહનો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વન વિભાગની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

સિંહના મૃત્યુના વાસ્તવિક કારણો હજુ સુધી અકબંધ છે અને સિંહનું મૃત્યુ કેવી રીતે થયું તથા તેની પાછળના ચોક્કસ સંજોગો શું હતા તે જાણવા માટે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાથમિક અનુમાન મુજબ સિંહની ઉંમર અંદાજે પથી ૭ વર્ષની હોવાનું સામે આવ્યું છે. સિંહના મૃતદેહને



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

પોસ્ટમોર્ટમ અને તબીબી તપાસ માટે જૂનાગઢના સક્કરબાગ ઝૂ ખાતે ખસેડાયો છે. જ્યાં નિષ્ણાંત પશુચિકિત્સકોની ટીમ દ્વારા તેનું પેનલ પીએમ કરાશે.

ગિરનાર અને તેની આસપાસના જંગલ વિસ્તારોમાં વન્યજીવનોની સુરક્ષા એક મોટો પડકાર બની રહી છે. અગાઉ પણ વિસાવદર પંથક નજીક રેલવે ટ્રેન અડફેટે આવી જવાથી એક સિંહનું કરૂણ મોત નિપજ્યું હતું, જેને લઈને વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા વ્યાપી ગઈ હતી. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે સિંહોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

વન વિભાગ દ્વારા હાલ ધણફૂલિયા ગામની સીમમાં બનેલી આ ઘટનામાં પ્રાકૃતિક મૃત્યુ છે કે, અન્ય કોઈ અઘટિત બનાવ, તે દિશામાં ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ જ સિંહના વાસ્તવિક મૃત્યુનું કારણ સ્પષ્ટ થઈ શકશે.

પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો : રાહુલ વામજા

અંકલેશ્વરમાં ૯૦ દિવસ પાણીની કટોકટી સર્જાવાની શક્યતા : તંત્ર સજ્જ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૮

ઉકાઈ જમણા કાંઠાની કેનાલના સમારકામની કામગીરી આગામી ૧૬ નવેમ્બર, ૨૦૨૬થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી એટલે કે ૯૦ દિવસ માટે હાથ ધરવામાં આવનાર છે. આ કારણે અંકલેશ્વર શહેર અને GIDC વિસ્તારમાં આગામી દિવસોમાં પાણીની કટોકટી સર્જાય તેવી શક્યતા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે અંકલેશ્વર નગરપાલિકા દ્વારા આગોતરૂં આયોજન કરવામાં આવ્યું છે.નગરપાલિકાના કારોબારી ચેરમેન રાહુલ વામજાએ જણાવ્યું હતું કે, "શહેરમાં પાણીની કટોકટી સામે પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તળાવોમાં ૫૦ દિવસ ચાલે તેટલો પાણીનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો છે. હાલ શહેરમાં ૨૪ બોર કાર્યરત છે અને આ ઉપરાંત પાણીની અછત ન સર્જાય તે માટે અંદાજે રૂા.૪૦ લાખના ખર્ચે વધુ ૬ નવા બોર તૈયાર કરવામાં આવી રહ્યા છે.વધુમાં તેમણે નગરજનોને અપીલ કરી છે કે, પાણીની આ અછતના સમયગાળા દરમિયાન નાગરિકો પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરે અને કોઈપણ પ્રકારનો બગાડ ન કરે, જેથી તમામ લોકોને જરૂરિયાત મુજબ પાણી મળી રહે.આગામી ૯૦ દિવસના આ સંકટને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાઓ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ડાયમંડ મીની પાર્કમાં ચોરી કરવા ઘૂસેલા ચોર પર કારીગરને દયા દાખવવી ભારે પડી

ચોરને સિવિલ લઈ ગયેલા કારીગરનો જ મોબાઈલ ચોરાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરતના ભેસ્તાનના ડાયમંડ મીની પાર્કમાં ચોરી કરવા ઘૂસેલા એક યુવકને લોકોએ રંગેહાથ પકડી પોલીસને સોંપ્યો હતો. જોકે, ચોરી કરવા આવેલા યુવકના પગમાં ગંભીર ઈજા થઈ હોવાથી એક યુવક તેની સામે કાયદેસરની કાર્યવાહી કરાવવાને બદલે દયા દાખવી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. પરંતુ અહીં માનવતાની અનોખી મિસાલ આપનાર યુવકનો જ મોબાઈલ ફોન ચોરાઈ ગયો હતો. ચોરને મદદ કરવા ગયેલા યુવકને અંતે પોતે જ ચોરીનો ભોગ બનવું પડ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ઉત્તરપ્રદેશનો વતની ૨૦ વર્ષીય પ્રદીપ સંતોષ પટેલ હાલ સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં અરમાન ડાઈની પાસે પોતાના મિત્રો સાથે રહે છે. રવિવારે વતનથી પરત આવ્યા બાદ સોમવારે પ્રદીપ કામ અર્થે ભેસ્તાન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ડાયમંડ મીની પાર્ક ખાતે ગયો હતો. કામ દરમિયાન મોડું થઈ જતાં તે પોતાના મિત્ર શ્યામસિંગ સાથે ત્યાં જ ઊંઘી ગયો હતો.આ દરમિયાન મધરાત્રે આશરે અઢી વાગ્યાના અરસામાં એક અજાણ્યો યુવક ચોરી કરવાના ઈરાદે ત્યાં ઘૂસી આવ્યો હતો. ઊંઘમાં રહેલા પ્રદીપ અને તેના મિત્રના મોબાઈલ ફોન ચોરી કર્યા બાદ તે ત્યાં મૂકેલી બેગમાં હાથફેરો કરી રહ્યો હતો. આ દરમિયાન અચાનક શ્યામસિંગની ઊંઘ ઊડી જતાં તેની નજર ચોરી કરતા યુવક પર પડી હતી. તેણે બૂમાબૂમ કરતાં પ્રદીપ પણ જાગી ગયો હતો. બંને યુવકો જાગી જતાં ચોર ગભરાઈ ગયો હતો .ચોરી કરેલા બંને મોબાઈલ સાથે પહેલા માળેથી નીચે કૂદી પડ્યો હતો. જોકે, નીચે પટકાતાં તેના પગમાં ગંભીર ઈજા થઈ હતી. બૂમાબૂમ સાંભળીને આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. પગમાં ઈજા થવાના કારણે ચોર ભાગી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી લોકોએ તેને પકડી લીધો હતો. ત્યારબાદ લોકોએ તેને માર માર્યો હતો અને ૧૧૨ નંબર પર જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ઈજાગ્રસ્ત યુવકને ભેસ્તાન પોલીસ સ્ટેશન લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ પ્રદીપે ઈજાગ્રસ્ત યુવકની હાલત જોઈ માનવતા દાખવી હતી. ચોરી કરવા આવેલા યુવકના પગમાં ગંભીર ઈજા થઈ હોવાથી તેની સામે પોલીસ ફરિયાદ અને કાર્યવાહી કરાવવાને બદલે પ્રદીપે તેને સારવાર અપાવવાનું નક્કી કર્યું હતું. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે, આ ઘટનામાં સૌથી વિચિત્ર વળાંક હોસ્પિટલમાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ઇમરજન્સી વિભાગમાં લઈ જવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ પ્રદીપનો મોબાઈલ ફોન ચોરી ગયો હતો. જે યુવકના મોબાઈલની ચોરી થઈ હતી, એ જ યુવક ચોરને મદદ કરવા હોસ્પિટલ સુધી પહોંચ્યો હતો, પરંતુ ત્યાં પોતે જ ચોરીનો ભોગ બન્યો હતો.

ગિરનાર નેચર સફારી ૯ દિવસ માટે બંધ લીલી પરિક્રમાને લઈ વન વિભાગનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢમાં પ્રખ્યાત એવી ગિરનારની લીલી પરિક્રમા શરૂ થઈ ચુકી છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારના જંગલમાં પદયાત્રા માટે આવતા હોય છે. યાત્રાળુઓની સુરક્ષા અને જંગલના વન્યપ્રાણીઓની શાંતિ જળવાઈ રહે તે હેતુસર વન વિભાગ દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આજથી આગામી ૯ દિવસ એટલે કે, ૧૮થી ૨૬ નવેમ્બર સુધી ગિરનાર નેચર સફારી પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવી છે.

ગિરનારના જંગલમાં સિંહ સહિતના અનેક વન્યજીવો વસવાટ કરે છે. પરિક્રમા દરમિયાન લાખો ભક્તોની ભીડ જામતી હોવાથી વન્યપ્રાણીઓની સુરક્ષા જોખમાય નહીં અને પ્રવાસીઓ તેમજ વન્યજીવો વચ્ચે કોઈ ઘર્ષણ ન થાય તે માટે વન વિભાગ અત્યંત સજ્જ બન્યું છે. આ નિર્ધારિત સમયગાળા દરમિયાન સિંહ દર્શનની તમામ ગતિવિધિઓ સ્થગિત કરવામાં આવી છે, જેથી સફારી જીપ કે પ્રવાસીઓની અવરજવરથી પરિક્રમાર્થીઓને કે પ્રાણીઓને કોઈ ખલેલ ન પહોંચે.

લીલી પરિક્રમાના સમગ્ર રૂટ પર વન વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને દેખરેખ રાખવામાં આવી રહી છે. રૂટ પર વન કર્મચારીઓ અને અધિકારીઓનો સ્ટાફ સતત તૈનાત રહેશે, જે યાત્રાળુઓની મદદ કરવા સાથે જંગલની સુરક્ષા પણ સુનિશ્ચિત કરશે. વન વિભાગ દ્વારા પ્રવાસીઓ અને વન્યપ્રાણીઓના હિતમાં લેવાયેલા આ પગલાને ધ્યાનમાં રાખીને સફારી પ્રેમીઓને આ મુદત દરમિયાન મુલાકાત ન લેવા અને તંત્રને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

લસકાણામાં ગેરકાયદે લોડેડ પિસ્તોલ સાથે મુંબઈનો યુવક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

શહેરના લસકાણા સ્વામિનારાયણ મિશન સ્કૂલ વાવ તરફ જતાં રોડ પર રેલવે ગરનાળા પાસેથી પોલીસે બાતમીના આધારે ગેરકાયદે પિસ્તોલ સાથે મુંબઈના યુવકને પકડી પાડ્યો હતો.

પોલસ સૂત્રોના જણાવ્યા મુજબ લસકાણા પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ એન.આર. પટેલ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે લસકાણા સ્વામિનારાયણ મિશન સ્કૂલ-વાવ તરફ જતાં જાહેર રોડ પર રેલવે ગરનાળા પાસે એક યુવક પિસ્તોલ સાથે ફરી રહ્યો છે. આ હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવી એક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતા આશિષ રાકેશભાઈ વિશ્વકર્મા (ઉ.વ. ૧૮ વર્ષ, રહે. જયહનુમાનનગર ચાલ, દૂધેશ્વરીની પાછળ, નહેરૂનગર, રેલવે સ્ટેશન પાસે, કુર્લા વેસ્ટ, થાણા નહેરૂનગર, મુંબઈ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી લોડેડ પિસ્તોલ કબજે કરી છે. પોલીસે તેની વિરૂદ્ધ લસકાણા પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસના સોદા શરૂ

સુરેન્દ્રનગર, તા.૧૮

સુરેન્દ્રનગર જિલ્લાના માર્કેટિંગ યાર્ડમાં કપાસની નવી સીઝનની આવક શરૂ થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં જ કપાસનો પ્રતિ મણનો ભાવ ૧૯૨૦ સુધી પહોંચતા ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. સુરેન્દ્રનગર જિલ્લો સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન કરતો જિલ્લો ગણાય છે, ત્યારે આ વર્ષે પણ ૪ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થયું હોવાનો અંદાજ છે. સુરેન્દ્રનગર માર્કેટિંગ યાર્ડમાં સવારથી જ ખેડૂતો કપાસ ભરેલા ટ્રેક્ટર અને ટ્રકો સાથે આવી રહ્યા છે. યાર્ડમાં કપાસની હરાજી શરૂ થતાની સાથે જ વેપારીઓ વચ્ચે સ્પર્ધા જોવા મળી રહી છે. કપાસના ભાવ ઊંચા બોલાતા ખેડૂતોએ પણ કપાસનું વેચાણ કરવાનું શરૂ કર્યું છે. ખેડૂતોને આ વર્ષે સારો ભાવ મળી રહ્યો હોવાથી તેઓમાં સંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને લખતર માર્કેટિંગ યાર્ડમાં સૌથી વધુ કપાસની આવક નોંધાઈ છે. લખતર ઉપરાંત સુરેન્દ્રનગર, વઢવાણ, મુળી, ચુડા, સાયલા, ચોટીલા, લીંબડી, ધ્રાંગધ્રા અને થાનગઢના યાર્ડમાં પણ કપાસની આવક ધીરે ધીરે વધી રહી છે.

હાલના તબક્કામાં કપાસ માર્કેટીંગ યાર્ડમાં આવતો થયો છે. પ્રથમ તબક્કામાં ૧૯૨૦ જેટલા પ્રતિ મણના ભાવ બોલાયા છે ત્યારે સરકાર દ્વારા હજુ સુધી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી નથી ત્યારે ટેકાના ભાવે કપાસ ખરીદી માટે નવા ભાવ જાહેર કરવામાં આવે અને તાત્કાલિક ધોરણે ટેકાના ભાવે પણ કપાસની ખરીદી કરવામાં આવે તો ખેડૂતોને ફાયદો થશે તેવું ખેડૂત કૃષ્ણરાજ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ભાવનગરમાં તા.૨૦ નવેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

એજિનિયરિંગ, મેનેજમેન્ટ સહિતના ક્ષેત્રોમાં નોકરીની તક મેળવવાનો અવસર

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૮

ભાવનગર યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવાના હેતુથી તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન ખાતે સવારે ૧૦:૩૦ કલાકે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રનાં અંદાજિત પાંચ એકમો દ્વારા સુપરવાઈઝર, એન્જિનિયર, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ, મેનેજર, બેંક ઓફિસ આસિસ્ટન્ટ, જુનિયર એન્જિનિયર, પ્રોડક્શન સુપરવાઈઝર, ક્વોલિટી કંટ્રોલર, ફેકલ્ટી તથા ક્યુ.સી. કેમીસ્ટ સહિતના વિવિધ હોદ્દાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે બી.ઈ. મિકેનિકલ, બી.ઈ. પ્રોડક્શન, એમ.કોમ., એમ.એ., એમ.એસ.ડબલ્યુ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.એસ.સી.-આઈ.ટી., એમ.એસ.સી.-કેમિસ્ટ્રી, બી.એસ.સી.-કેમિસ્ટ્રી તથા ડિપ્લોમા મિકેનિકલ જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઈચ્છુક ઉમેદવારોએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એફ-૪/૬, એનેક્સી બિલ્ડિંગ, બહુમાળી ભવન ખાતે ચાર બાયોડેટા (રિઝ્યૂમે)ની નકલો સાથે સ્વખર્ચે રૂબરૂ મુલાકાત અને ઈન્ટરવ્યૂ માટે ઉપસ્થિત રહેવાનુ રહેશે તેમ યુનિવર્સિટી રોજગાર કેન્દ્રના નાયબ વડાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાજપીપળા કોર્ટે NDPS કેસમાં રાજસ્થાનના બે આરોપીઓને ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૮

નર્મદા જિલ્લામાં નશીલા પદાર્થોની હેરાફેરી કરતા તત્વો સામે કોર્ટે લાલ આંખ કરી છે. રાજપીપળા સ્થિત એડિશનલ સેશન્સ જજ કે. આર. પંડ્યાની કોર્ટે એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળના એક ગંભીર ગુનામાં રાજસ્થાનના બે આરોપીઓને દોષિત ઠેરવીને ૨૦-૨૦ વર્ષની સખત કેદ અને રૂા.૨,૦૦,૦૦૦/- (બે લાખ)ના દંડની આકરી સજા ફટકારી છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, માદક પદાર્થની ગેરકાયદે હેરાફેરી થઈ રહી હોવાની ચોક્કસ બાતમીના આધારે સાગબારા પોલીસે જૂની આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક વોચ ગોઠવીને વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન એક શંકાસ્પદ ટેમ્પોને અટકાવીને તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ટેમ્પોમાં ભરેલી લસણની પ્લાસ્ટિકની બોરીઓની નીચે અત્યંત ચાલાકીપૂર્વક છુપાવેલો માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. સાગબારા પોલીસે સ્થળ પરથી જ માદક પદાર્થની હેરાફેરી કરતા રાજસ્થાનના જોધપુર જિલ્લાના ફલોદી તાલુકાના દયાસાગર ખારા ગામના રહેવાસી ભંવરલાલ સુંદરરામ બિશ્નોઈ (સારણ) અને સારણો કી ઢાણી, દયાસાગર ખારાના રહેવાસી અખાદારામ શૌતારામ બિશ્નોઈ (સારણ)ની ધરપકડ કરી હતી. પોલીસે માદક પદાર્થ ઉપરાંત ટેમ્પો, લસણની બોરીઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને બંને આરોપીઓ સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસ નર્મદાની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે સરકારી વકીલની દલીલો અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને બંને આરોપીઓને ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. આ ચુકાદો સમાજમાં નશીલા પદાર્થોનું દૂષણ ફેલાવતા તત્વો માટે એક કડક દાખલો બેસાડનાર સાબિત થયો છે.

દુબઈથી ઓપરેટ થતી ગેંગ દ્વારા

વાપીના સોનાના વેપારી પાસે રૂા.૫ કરોડની ખંડણી માંગવાના કેસમાં ત્રણ આરોપીઓ ઝડપાયા

વલસાડ જિલ્લા પોલીસની એલસીબી, એસઓજી અને વાપી ટાઉન પોલીસની સંયુક્ત કામગીરી

(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૧૮

વાપીમાં સોનાના વેપારી પાસેથી રૂા.૫ કરોડની ખંડણી મેળવવાના ઈરાદે જીવલેણ હુમલો કરવાના ગંભીર ગુનામાં વલસાડ જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગત ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ફરિયાદીને અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ અને વોઈસ મેસેજ દ્વારા રૂા.૫ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. ખંડણી નહીં આપે તો ફરિયાદી અને તેના નાના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

ત્યારબાદ ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વાપીના મહાત્મા ગાંધી માર્કેટ વિસ્તારમાં આવેલા શોપિંગ સેન્ટરના જનરલ વોશરૂમ પાસે ફરિયાદીના નાના ભાઈ પર ધારદાર હથિયારો વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓએ માથાના પાછળના ભાગે અને પીઠ પર ઘા મારતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ બાદ આરોપીઓ ભાગી છૂટ્યા હતા, જોકે એક આરોપી લવપ્રીતસિંહ સ્થળ પરથી પકડાઈ ગયો હતો.



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક અને સુરત રેન્જના પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી તથા વાપી ટાઉન પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તેમજ ટેકનિકલ માહિતીના આધારે તપાસ શરૂ કરી હતી. બાતમીના આધારે અન્ય બે આરોપીઓ જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ અને અમોલકસિંહ બક્ષીસસિંહને સુરત ખાતેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. ત્રણેય આરોપીઓ પંજાબના રહેવાસી છે.

પોલીસ તપાસ મુજબ, મુખ્ય આરોપી હેરી ઢિલ્લોને સોનાના વેપારીને ડરાવવા અને તેના પર હુમલો કરવા માટે આરોપીઓને કામ સોંપ્યું હતું. આ કામના બદલામાં દરેકને રૂા.૫૦ હજાર આપવાનું નક્કી થયું હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આરોપીઓએ વેપારીની દુકાનની રેકી કરી હતી અને હુમલાનો વીડિયો બનાવી હેરી ઢિલ્લોનને મોકલ્યો હોવાની વિગતો પણ સામે આવી છે.

પોલીસે ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં આઠ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે. સમગ્ર મામલે વધુ તપાસ એસઓજી વલસાડના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. પરમાર કરી રહ્યા છે.

કીમમાં આંબેડકર પ્રતિમા પર ધ્વજ વિવાદ : અન્ય ધ્વજ હટાવી રાષ્ટ્રધ્વજ લગાવવાની માંગ

સમસ્ત ગુજરાત અનુસૂચિત જાતિ સમાજે કલેક્ટર કચેરી ખાતે મોરચો માંડી વિરોધ પ્રદર્શન કરી આવેદનપત્ર આપ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરત કીમમાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને લઈ વિવાદ વકર્યો છે. ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર ધ્વજ લગાવવાને લઈ ભારે હોબાળો મચ્યો છે. સમસ્ત ગુજરાત અનુસૂચિત જાતિ સમાજે કલેક્ટર કચેરી ખાતે મોરચો માંડી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી પ્રતિમા પર ફરકાવવામાં આવેલા અન્ય ધ્વજને ઊતારી રાષ્ટ્રધ્વજ ફરકાવવાની માંગ કરવામાં આવી છે, સાથે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરાઈ છે. પ્રતિમા હટાવવાના માર્ગ-મકાન વિભાગના હુકમો રદ કરવાની પણ માંગ ઊઠી છે. આ મામલે રાજ્યપાલને કલેક્ટર મારફતે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ચીમકી આપવામાં આવી છે કે જો ૧૮ નવેમ્બરની રાત સુધી કાર્યવાહી નહીં થાય તો ૨૦ નવેમ્બરે બપોરે ૧૨ વાગ્યે ગુજરાતભરમાંથી આંબેડકરી સમાજ કીમમાં એકત્ર થશે અને જો માંગ નહીં સ્વીકારાય તો કલેક્ટર કચેરી સામે આત્મવિલોપન કરવામાં આવશે.

સુરતમાં દંપતી વચ્ચે ઝઘડો થયા બાદ પત્નીએ ફાંસો ખાઈ લીધો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

શહેરના પાંડેસરા વિસ્તારમાં સામાન્ય ઘરેલુ ઝઘડાથી કંટાળીને ૩૫ વર્ષીય પરિણીતાએ ઘરમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પાંડેસરમા રહેતા ૩૭ વર્ષીય રવિ વિશ્વકર્મા છેલ્લા ૧૨ વર્ષથી સુરતમાં રહી કારપેન્ટર તરીકે કામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. રવિ અને તેની ૩૫ વર્ષીય પત્ની વચ્ચે કોઈ સામાન્ય બાબતે ઝઘડો થયો હતો. ત્યારબાદ રવિ વિશ્વકર્મા ઘરની બહાર ગયો હતો. આ દરમિયાન નિશાએ બાળકોને પણ ઘરની બહાર મોકલી દીધા હતા અને ઘરમાં એકલાં હોવાનો લાભ લઈ ફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર બાદ ઘટનાની જાણ થતાં પતિ રવિ વિશ્વકર્માએ તાત્કાલિક ઘરના દરવાજા તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. પત્નીને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ તેમણે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. જોકે, મહિલાનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ પાંડેસરા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

નવી ભીલડીમાં એક જ રાતમાં સાત બંધ મકાનોના તાળાં તૂટ્યા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૮

ડીસા તાલુકાના નવી ભીલડી પંથકમાં તસ્કરોએ જાણે કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંક્યો હોય તેમ એક જ રાતમાં સાત બંધ મકાનોને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. વેકેશનનો માહોલ હોવાથી પરિવારો બહારગામ ગયા હોવાનો પૂરો લાભ ઉઠાવી તસ્કરોએ આનંદ બંગલોઝ સોસાયટીમાં રહેતા ભરતભાઈ ચૌધરી (ફેન્સિંગ વાડના વેપારી), મયંકભાઈ પટેલ (શિક્ષક), નંદલાલ મીણા (રેલવે કર્મચારી), સંજનાબેન ભગોરા (શિક્ષિકા) અને ભરતભાઈ દેસાઈ (શિક્ષક)ના બંધ મકાનોના તાળાં તોડી ઘરનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.પ્રાથમિક વિગતો મુજબ ભરતભાઈ ચૌધરીના ઘરેથી અંદાજિત રૂા.૧૦,૦૦૦, મયંકભાઈ પટેલના ઘરેથી રૂા.૧૨,૦૦૦, નંદલાલ મીણાના ઘરેથી રૂા.૫,૦૦૦, કનુભાઈ જોશીના ઘરેથી ૫,૦૦૦ની ચોરી અને ડાયમંડ વેપારી રણજીતસિંહ રાઠોડના ઘરે પણ સરસામાન ફેંદી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જ્યારે સંજનાબેન ભગોરા અને ભરતભાઈ દેસાઈ બહારગામ હોવાથી તેમના મકાનમાં થયેલી ચોરીની ચોક્કસ વિગતો જાણી શકાઈ નથી. એક જ રાતમાં પાંચ મકાનોના તાળાં તૂટતાં સમગ્ર પંથકમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.ભીલડી પંથકમાં છેલ્લા કેટલાક સમયથી આનંદ બંગલોઝ, રાજ સોસાયટી અને ધરણીધર સોસાયટી વિસ્તારમાં વારંવાર ચોરીના બનાવો બની રહ્યા છે. સ્થાનિક રહીશોએ આક્રોશ ભેર જણાવ્યું કે, પોલીસ તંત્ર પોતાની પ્રતિષ્ઠા અને કાઇમ રેટ બચાવવા માટે ગંભીર ગુનો નોંધવાને બદલે માત્ર 'જાણવા જોગ અરજી' લઈને સંતોષ માની લે છે. તેના કારણે તસ્કરોને મોકળું મેદાન મળી ગયું છે.

રાજ્યપાલ દેવવ્રતજીએ કોટડી મુકામે દલિતના ઘરે આતિથ્ય માણ્યું



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે રાજુલા તાલુકાના કોટડી ગામના અનુસૂચિત જાતિ પરિવારના પ્રેમજીભાઈ જોગદિયાના ઘરે પધારી સવારના સાત્વિક અલ્પાહાર સાથે ભાવપૂર્વક આતિથ્ય માણ્યું હતું. જેની ઉપરોકત તસવીર.આ પ્રસંગે અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા - લીલિયાના ધારાસભ્ય રાજુલા ધારાસભ્યના, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ કુમાર મૌર્ય, આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, એ.એસ.પી. જયવીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા જિલ્લા રાજપૂત સેવા સમિતિના હોદ્દેદારોની વરણી

રાજપીપળા, તા.૧૮

નર્મદા જિલ્લા રાજપૂત સેવા સમિતિના વર્ષ ૨૦૨૭ માટેના નવા હોદ્દેદારોની સર્વસંમતિથી બિનહરીફ વર

ગાંધીનગરમાં આંદોલનના મંડાણ

સરકારની ખાતરી બાદ પણ ભરતી અટવાતા વ્યાયામ શિક્ષક ઉમેદવારો આકરા પાણીએ

૧૯ મહિના પહેલાં સમાધાન છતાં ભરતી પ્રક્રિયા શરૂ ન થતાં ઉમેદવારોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજયની સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતીની માંગ ફરી ઉગ્ર બની છે. ભરતી પ્રક્રિયા શરૂ કરવાની સરકારની અગાઉની ખાતરી છતાં લાંબા સમયથી કોઈ નક્કર કાર્યવાહી ન થતાં ઉમેદવારોએ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યું છે. મોટી સંખ્યામાં ઉમેદવારો એકઠા થઈ સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે અને વહેલી તકે સત્તાવાર ભરતી જાહેરનામું બહાર પાડવાની માંગ કરી રહ્યા છે.

આંદોલન કરી રહેલા ઉમેદવારોનો આક્ષેપ છે કે, આજથી આશરે ૧૯ મહિના પહેલાં સરકાર સાથે વ્યાયામ શિક્ષકોની ભરતી અંગે સમાધાન થયું હતું અને ભરતી કરવાની બાંહેધરી આપવામાં આવી હતી. જોકે, આટલો લાંબો સમય પસાર થયા બાદ પણ ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. ઉમેદવારોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રક્રિયામાં કોઈ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી નથી. ઉમેદવારોની મુખ્ય માગ રાજયની શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવાની છે. આ ભરતી TAT/SAT જેવી યોગ્યતા કસોટીના આધારે પારદર્શક રીતે કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ઉમેદવારોનું કહેવું છે કે, લાયકાત ધરાવતા અનેક યુવાનો લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહ્યા છે અને પ્રક્રિયામાં વિલંબને કારણે તેમના ભવિષ્ય પર સીધી અસર થઈ રહી છે.

ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયેલા ઉમેદવારોએ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, માત્ર ખાતરી અને આશ્વાસનથી હવે કામ નહીં ચાલે. ભરતી અંગે સત્તાવાર જાહેરનામું બહાર પાડીને પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી તેમની સ્પષ્ટ માગ છે. ઉમેદવારોએ ચીમકી આપી છે કે, જ્યાં સુધી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી અંગેનું જાહેરનામું બહાર નહીં પડે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવામાં આવશે. હવે સરકાર આ ઉમેદવારોની માગ પર શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

અધિકારીઓ જે બતાવી રહ્યા છે તે વિકાસ નહીં પણ વિનાશ છે : શહેઝાદ ખાન

ચંડોળાના અસરગ્રસ્તો મામલે AMCના પૂર્વ વિરોધ પક્ષના નેતાએ દક્ષિણ ઝોનના ડેપ્યુટી કમિશનરને આડે હાથ લીધા

૧૫ દિવસમાં મકાનો બાંધવા માટેનું ટેન્ડર બહાર પાડવાની ડે. કમિશનરની બાંહેધરી

દોઢ વર્ષથી મકાન ફાળવણીની રાહ જોતા અસરગ્રસ્તોનો આક્રોશ : AMCની ઓફિસમાં જ સૂઈ ગયા

અમદાવાદ, તા.૧૮



અમદાવાદમાં અભૂતપૂર્વ ડિમોલિશન માટે જાણીતા બનેલા ચંડોળા ડેવલપમેન્ટમાં દોઢ વર્ષ જેટલો સમય વિતવા છતાં અસરગ્રસ્ત પરિવારોને હજુ સુધી મકાન મળ્યા નથી ત્યારે તા.૧૮ નવેમ્બરના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણની આગેવાનીમાં ચંડોળા તળાવના અસરગ્રસ્તો અને અન્ય લોકો મ્યુનિસિપલ કમિશનરની ઓફિસ ખાતે મોટી સંખ્યામાં રજૂઆત માટે ગયા હતાં અને ત્યાં જ સૂઈ જઈને અનોખો વિરોધ દર્શાવ્યો હતો જ્યારે અસરગ્રસ્તોને ક્યારે મકાન ફાળવશો સહિતની રજૂઆતો કરી હતી ત્યારબાદ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે આગામી ૧૫ દિવસમાં મકાનો બાંધવા માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી.

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં રહેતા લોકોના ઝૂપડાં અને કાચા મકાન તોડી નાખવામાં આવ્યા હતા અને સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ થયા પછી ફોર્મ ભરવા અને બેન્કના DD (ડિમાન્ડ ડ્રાફ્ટ) જેવી પ્રક્રિયા પછી આ અસરગ્રસ્ત પરિવારોને મકાન ફાળવવામાં આવ્યા નથી કે એ અંગે કોઈ ઠોસ કાર્યવાહી થઈ ન હતી આ વાતને દોઢ વર્ષ જેટલો સમય વિતવા છતાં AMCના પેટનું પાણીય ન હાલતાં AMCના વિરોધ પક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણની આગેવાનીમાં ચંડોળા તળાવના અસરગ્રસ્તો સહિતના લોકોએ આજે આ મુદ્દે રજૂઆત કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની ઓફિસ ખાતે પહોંચી જઈ વિરોધ નોંધાવ્યો હતો અને ત્યાં જ સૂઈ ગયા હતા. ત્યારે શહેઝાદ ખાને આ અંગે જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકોના ઘર તોડીને તેમને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશી ગણાવવામાં આવ્યા સાથે જ તેમણે એમ પણ જણાવ્યું કે, અહીં જે વિકાસ કાર્યોની પ્રગતિ જોવા આવે છે અને અધિકારીઓ વાસ્તવમાં જે બતાવી રહ્યા છે તે વિકાસ નહીં પણ વિનાશ છે સાથે જ તેમણે દોઢ વર્ષ વીતવા છતાં અસરગ્રસ્તોને મકાનો ન ફાળવતા તેમનામાં રોષ જોવા મળી રહ્યો છે તે અંગે દક્ષિણ ઝોનના ડેપ્યુટી કમિશનરને ઉગ્ર રજૂઆત કરી હતી ત્યારે આ અંગે પૂર્વ વિરોધ પક્ષના નેતાની રજૂઆત બાદ ડેપ્યુટી કમિશનર કિશોર પટેલે આવીને જણાવ્યું હતું કે, બે પુરાવાવાળા અસરગ્રસ્તો માટે આવનાર ૧૫ દિવસમાં મકાનો બાંધવા માટેનું ટેન્ડર બહાર પાડી દેવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી સાથે જ તેમણે દોઢ વર્ષ જેટલા વિલંબ અંગે જણાવ્યું હતું કે, જગ્યાના અભાવે આ વિલંબ થયો છે. તેમના જણાવ્યા મુજબ કોર્પોરેશનને અઠવાડિયા પહેલાં જ કેલિકો મિલની આશરે ૧૬૦૦૦ ચોરસ મીટર જેટલી જગ્યા મળી છે ત્યારે આવનાર સમયમાં ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી ચંડોળાના જેટલા વિસ્થાપિતોને આ જગ્યામાં સમાવી શકાશે તે તમામ લોકોને મકાન ફાળવવામાં આવશે. તે અંગેની બાંહેધરી આપી હતી.

અમદાવાદના નારોલનો શરમજનક બનાવ

પિતરાઈના ઘરેલું ઝઘડાની અદાવતમાં પરિવારની મહિલાઓના બિભત્સ ફોટા કર્યા વાયરલ

આરોપીએ બે અલગ-અલગ Instagram એકાઉન્ટ પરથી ફોટા પોસ્ટ કર્યા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે પરિવારને બદનામ કરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. પિતરાઈ ભાઈના ઘરેલુ ઝઘડાની અદાવત રાખીને એક યુવકે કલર કોન્ટ્રાક્ટર અને તેના પરિવારની મહિલાઓના ફોટોગ્રાફ્સ સાથે છેડછાડ કરી તેના પર બિભત્સ લખાણ અને અપશબ્દો લખીને Instagram પર વાયરલ કર્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ બે અલગ-અલગ Instagram એકાઉન્ટ પરથી ફોટા પોસ્ટ કર્યા હોવાનો આક્ષેપ છે. આ મામલે નારોલ પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી ૩૮ વર્ષીય કલર કોન્ટ્રાક્ટર નારોલના શાહવાડી રોડ વિસ્તારમાં રહે છે. તેમની પિતરાઈ બહેનનાં લગ્ન વર્ષ ૨૦૨૧માં હિમતનગરના ઉદયપુર હાઈવે પર રહેતા પ્રદિપ યાદવના પુત્ર સાથે થયાં હતાં. લગ્ન બાદ પતિ-પત્ની વચ્ચે અણબનાવ થતાં બંને અલગ રહેવા લાગ્યાં હતાં.

ફરિયાદ મુજબ, પિતરાઈ ભાઈના ઘરેલુ ઝઘડામાં ફરિયાદીના કાકા-કાકી તેમના પરિવારનું વધુ માન રાખતા હોવાનો પૂજાના ભાઈ સચિન પ્રદિપ યાદવને વહેમ હતો. આ બાબતની અદાવત રાખીને તે અવારનવાર ફરિયાદી પરિવાર સાથે બોલાચાલી કરતો હતો. એટલું જ નહીં, મિલકતમાં ભાગ પાડી દેવા માટે પણ દબાણ કરતો હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૩ નવેમ્બરની સવારે ફરિયાદીની પત્ની Instagram પર રીલ્સ જોઈ રહી હતી ત્યારે તેને બે અલગ-અલગ એકાઉન્ટ પરથી પરિવારના સભ્યોના ફોટોગ્રાફ્સ પોસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપી સચિને ૨ નવેમ્બરની રાત્રે ફરિયાદી, તેમની પત્ની, કાકી અને પિતરાઈ બહેનના ફોટા પર અપશબ્દો લખીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા. આ ઉપરાંત પરિવારને બદનામ કરવાના ઈરાદે ફોટોગ્રાફ્સ સાથે મોબાઈલ નંબર પણ જાહેર કરવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

પરિવારના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ફરિયાદીએ સચિનને ફોન કરીને આ અંગે ઠપકો આપ્યો હતો. જોકે, ફરિયાદ મુજબ સચિને ઉશ્કેરાઈને પોતે જ ફોટા વાયરલ કર્યા હોવાનું સ્વીકાર્યું હતું અને હજુ પણ વધુ ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે હિમતનગરના સચિન પ્રદિપ યાદવ વિરૂદ્ધ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટોગ્રાફ્સ, Instagram એકાઉન્ટ અને સમગ્ર ઘટનાક્રમને આધારે તપાસ શરૂ કરી છે. ઘરેલુ વિવાદની અદાવતમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને પરિવારને બદનામ કરવાના આક્ષેપથી શહેરમાં ચકચાર મચી છે.

સુદીપ ન્યુટ્રિશન સામે GPCBની લાલ આંખ

મહીસાગર નદીમાં ઝેરી પાણી છોડતી કંપનીને તાત્કાલિક બંધ કરવાનો આદેશ

પાણીના સેમ્પલના લેબોરેટરી રિપોર્ટમાં ગેરરીતિ સામે આવતાં કાર્યવાહી, ૧૬ નવેમ્બરે કારણદર્શક નોટિસ ફટકારાઈ હતી

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં નદીઓ અને કુદરતી જળસ્રોતોને પ્રદૂષિત કરતી કંપનીઓ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વડોદરા જિલ્લાના પોઈચા ખાતે આવેલી સુદીપ ન્યુટ્રિશન પ્રાઈવેટ લિમિટેડ કંપની સામે મહીસાગર નદીમાં પ્રદૂષિત પાણી છોડવાની ગંભીર ફરિયાદો ઉઠતાં તંત્રએ લાલ આંખ કરી છે. GPCB દ્વારા તપાસ અને પાણીના નમૂનાઓના રિપોર્ટના આધારે કંપનીને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ઔદ્યોગિક એકમોમાં ફફડાટ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ પોઈચા ખાતે આવેલી સુદીપ ન્યુટ્રિશન કંપની દ્વારા જરૂરી પરવાનગી અને પર્યાવરણીય નિયમોનું પાલન કર્યા વિના પ્રદૂષિત પાણી સીધું મહીસાગર નદીમાં છોડવામાં આવતું હોવાની ફરિયાદો મળી હતી. નદીના પાણીમાં પ્રદૂષણ ફેલાતું હોવાની ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને GPCBની ટીમે સ્થળ પર તપાસ હાથ ધરી હતી. ફરિયાદના આધારે GPCBના અધિકારીઓએ કંપની અને આસપાસના વિસ્તારમાંથી પાણીના નમૂના એકત્રિત કર્યા હતા. ત્યારબાદ આ સેમ્પલ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. લેબોરેટરીના રિપોર્ટમાં ગંભીર બાબતો સામે આવતાં કંપનીની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા હતા. આ પછી બોર્ડ દ્વારા કંપની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ GPCB દ્વારા ગત ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુદીપ ન્યુટ્રિશન કંપનીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. જો કે, પર્યાવરણ સંબંધિત નિયમોના પાલન અંગેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્રએ હવે કંપનીને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ જાહેર કર્યો છે. મહીસાગર નદી સહિત રાજ્યના કુદરતી જળસ્રોતોને પ્રદૂષણથી બચાવવા GPCB દ્વારા કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. કંપનીને પ્રદૂષિત પાણીનો નિકાલ બંધ કરવા અને પર્યાવરણ સુરક્ષાના તમામ નિયમોનું પાલન કરવા સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી ઉદ્યોગોને પણ સ્પષ્ટ સંદેશ મળ્યો છે કે, નદી અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હવે કંપની સામેની આગળની કાર્યવાહી અને પર્યાવરણના નિયમોના પાલન અંગે તંત્રની દેખરેખ પર સૌની નજર રહેશે.

કોંગ્રેસ વિદેશી નાગરિકોને ભારતમાં બોલાવી લોકતંત્રનું અપમાન કરાવી રહી છે : ચુડાસમા

અમદાવાદ, તા.૧૮



ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા એ જણાવ્યું છે કે, તા.૧૩, ૧૪ નવેમ્બર હૈદરાબાદ ખાતે કોંગ્રેસ દ્વારા 'ભારત સમીટ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં જ્યોર્જ સોરેસ ફંડ ૭૦ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ભારત વિરોધી કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હતા. જેમાં યુરોપિયન ડેમોક્રેટિક સોસિયાલીસ્ટ પાર્ટીના મંત્રી ઈટાલીના જાકોમો ફીલીબેક દ્વારા ભાષણમાં કહેવામાં આવ્યું 'વોટ ચોર, ગદ્દી છોડ.' લોકસભામાં બંધારણીય પદ ઉપર બેઠેલા વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ તાળીઓ પાડી ભારતની બંધારણીય સંસ્થા અને વડાપ્રધાન મોદીના અપમાનને વધાવી લીધું. અત્યાર સુધી રાહુલ ગાંધી વિદેશમાં જઈ ભારતનું અપમાન કરતા હતા. હવે વિદેશી નાગરિકોને ભારતમાં બોલાવી લોકતંત્રનું અપમાન કરાવી મોજ માણી રહ્યા છે.ભાજપા ખૂબ લાંબા સુધી વિપક્ષમાં હતી, પરંતુ ક્યારેય સ્વ. અટલજી, સ્વ. સુષ્માજી કે. અડવાણીજીએ ભારતનું અપમાન કર્યું નથી કે બદનામી કરી નથી. દેશભક્તિ અને ખાનદાનીનું ઉત્તમ ઉદાહરણ અટલજીએ પૂરૂં પડ્યું હતું. વિદેશમાં જ્યારે પત્રકારોએ ભારત વિશે સવાલ પૂછ્યા ત્યારે તેમણે ભારતની બદનામી નહીં વખાણ કર્યા હતા. પત્રકારોએ કહ્યું તમે ભારતમાં તો કોંગ્રેસ શાસનની ખૂબ ટીકા કરો છો અને વિદેશમાં વખાણ કેમ કરો છો. ત્યારે દેશભક્ત અટલજીએ જવાબમાં કહ્યું 'ભારતમાં અમે સો અને પાંચ છીએ વિદેશમાં એકસોને પાંચ છીએ' (એટલે કે, ભારતમાં વિચાર અને સિદ્ધાંતોથી સામસામે છીએ, વિદેશમાં ભારતીય તરીકે એક છીએ).જેમને દિવાળીમાં ઈદ દેખાતી હોય, વંદે માતરમ પૂરું ગાવામાં મતબેંક દેખાતી હોય તેમને અટલજીનો જવાબ નહીં સમજાય.

ગુજરાતમાં બે દિવસ બાદ ઠંડીનો ચમકારો જોવા મળશે

ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાતા શિયાળાની થશે જમાવટ અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી સુધી જવાની શક્યતા

અમદાવાદ, તા.૧૮ ગુજરાતમાં શિયાળાની શરૂઆત વચ્ચે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ બાદ રાજ્યમાં ઉત્તર-પૂર્વીય પવનોનું જોર વધતા લઘુતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધશે. અમદાવાદમાં પણ લઘુતમ તાપમાન ઘટીને ૧૭ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.હાલ રાજ્યમાં ઠંડીની શરૂઆત થઈ હોવા છતાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત્ છે. હવામાન વિભાગના આંકડા મુજબ અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી વધુ છે. જો કે, આગામી દિવસોમાં પવનની દિશામાં ફેરફાર થતાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હાલમાં ૧૮.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે ડીસા રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. રાજ્યના પાંચ જેટલાં મુખ્ય શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે પહોંચ્યું છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે તાપમાન ઊંચું રહેતા લોકોને મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જો કે, ઉત્તર-પૂર્વીય પવનોની શરૂઆત બાદ રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. હવામાનની બદલાતી સ્થિતિ અને અલ નીનોની સંભવિત અસરોને કારણે ચાલુ વર્ષે શિયાળાની શરૂઆતમાં વિલંબ જોવા મળી રહ્યો હોવાનો અહેવાલ છે. જો કે, આગામી દિવસોમાં ઉત્તર-પૂર્વીય દિશામાંથી ફૂંકાનારા શુષ્ક પવનો ઠંડી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે બહાર નીકળતા લોકો, બાળકો અને વૃદ્ધોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. ખાસ કરીને રાત્રિના સમયે હળવા ગરમ કપડાં પહેરવા અને બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી બનશે. આગામી બે દિવસ બાદ તાપમાનમાં થનારા ઘટાડા સાથે ગુજરાતમાં શિયાળાની ધીમે-ધીમે જમાવટ થવાની શક્યતા છે. હવે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો કેટલો વધે છે તેના પર રાજ્યભરના નાગરિકોની નજર રહેશે.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની મુદત લંબાવાઈ

હવે ૩ ડિસેમ્બર સુધી ઓનલાઈન અહેવાલ ભરી શકાશે, બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ માન્યતા પ્રાપ્ત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો 'વાર્ષિક નિરીક્ષણ અહેવાલ' ઓનલાઈન ભરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. શાળા સંચાલકો, આચાર્યો અને વહીવટી કર્મચારીઓની સુવિધા માટે આ નિર્ણય લેવાયો છે.

અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવાની અંતિમ તારીખ ૧૭ નવેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી. પરંતુ, કોઈ કારણોસર જે શાળાઓ આ પ્રક્રિયા પૂર્ણ કરી શકી નથી, તેઓને વધુ એક તક આપતા બોર્ડે આ સમયગાળો લંબાવીને હવે ૩ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીનો કર્યો છે. આ અહેવાલ ભરવા માટે શાળાઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જવાનું રહેશે. ત્યારબાદ શાળાના નિયત ઈન્ડેક્ષ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગ-ઈન કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરી શકાશે. અહેવાલ ઓનલાઈન કેવી રીતે ભરવો તે અંગેની તમામ વિગતવાર સૂચનાઓ અને માર્ગદર્શિકા બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

બોર્ડના સચિવ આર. આર. વ્યાસ દ્વારા જારી કરાયેલી અખબારી યાદીમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની તમામ માન્યતા પ્રાપ્ત શાળાઓએ આ લંબાવેલી સમયમર્યાદામાં એટલે કે ૩ ડિસેમ્બર સુધીમાં ફરજિયાતપણે પોતાનો વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરી દેવાનો રહેશે. જે શાળાઓએ હજુ સુધી આ કામગીરી પૂર્ણ કરી નથી, તેઓએ સમયસર પ્રક્રિયા પૂર્ણ કરી લેવા બોર્ડ દ્વારા અનુરોધ કરાયો છે.

ગોધરા કાંડ : સજા માફીની અરજીઓ પર નિર્ણય ન લેવાતા ગુજરાત હાઈકોર્ટે ૭ દોષિતોના પેરોલ ૧૦ ડિસેમ્બર સુધી લંબાવ્યા

અમદાવાદ, તા.૧૮

૨૦૦૨ના ગોધરા ટ્રેન હત્યાકાંડ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૭ દોષિતોની જેલમાંથી વહેલી મુક્તિ (સજા માફી) માટેની અરજીઓ રાજ્ય સરકાર સમક્ષ વિચારણા હેઠળ પેન્ડિંગ હોવાથી, ગુજરાત હાઈકોર્ટે તેમની પેરોલ રજા ૧૦ ડિસેમ્બર સુધી લંબાવી આપી છે. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારના વલણ સામે નારાજગી વ્યક્ત કરતા હાઈકોર્ટે સ્પષ્ટ ટિપ્પણી કરી હતી કે, જ્યાં સુધી સરકાર સજા માફીની અરજીઓ પર કોઈ નિર્ણય ન લે, ત્યાં સુધી દોષિતોના પેરોલ લંબાવવા જ પડશે, કારણ કે નિર્ણય લેવામાં થઈ રહેલા વિલંબમાં તેમનો કોઈ વાંક નથી.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા રેલવે સ્ટેશન નજીક અયોધ્યાથી પરત ફરી રહેલા ૫૯ કારસેવકોના મોત નિપજાવનાર સાબરમતી એક્સપ્રેસના S-6 કોચને સળગાવવાના કેસમાં કુલ ૩૧ વ્યક્તિઓ આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. આ પૈકી ૭ દોષિતો-મહેબૂબ પોપા, મહેબૂબ લતીફો, જાબીર બિન્યામીન બેહરા, રમજાની બિન્યામીન બેહરા, શોકત બીબીનો, સિરાજ મેડા અને અનવર મેડાએ જૂન અને જુલાઈ મહિનામાં તેમને ૪ મહિના માટે મંજૂર કરાયેલી પેરોલ રજા લંબાવવા માટે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

અગાઉ, પ્રથમ વખત સજા માફીની અરજીઓ નકારી કાઢવામાં આવ્યાના એક વર્ષ બાદ આ દોષિતોએ વહેલી મુક્તિ માટે બીજી વખત અરજી કરી હતી. તે સમયે હાઈકોર્ટે દોષિતોના લાંબા જેલવાસને ધ્યાનમાં રાખીને-જેમાં મહેબૂબ પોપાએ ૨૨ વર્ષ અને ૧૧ મહિનાનો જેલવાસ ભોગવ્યો હોવાની નોંધ લેવાઈ હતી-તેમને ૪ મહિના અથવા સજા માફીની અરજી પર નિર્ણય આવે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના પેરોલ મંજૂર કર્યા હતા. આ સાથે જ કોર્ટે રાજ્ય સત્તાધીશોને પ્રાધાન્યતઃ ૪ મહિનામાં આ અરજીઓ પર પુનર્વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

જોકે, ચાર મહિનાનો સમયગાળો પૂર્ણ થવા છતાં રાજ્ય સરકાર દ્વારા સજા માફીની અરજીઓ પર કોઈ નિર્ણય લેવામાં ન આવતા દોષિતોએ ફરી પેરોલ લંબાવવાની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલે અરજીઓ વિચારણા હેઠળ હોવાની રજૂઆત કરીને પેરોલ લંબાવવાનો વિરોધ કર્યો હતો. જેના પર કડક વલણ અપનાવતા હાઈકોર્ટે ટકોર કરી હતી કે, સરકાર સજા માફી અંગે નિર્ણય પણ ન લે અને દોષિતોને પેરોલ પણ ન મળે તેવી બે બાબતો એકસાથે શક્ય નથી. આ અવલોકન સાથે કોર્ટે અગાઉ મંજૂર કરાયેલી પેરોલ રજા લંબાવીને આ મામલાની વધુ સુનાવણી ૧૦ ડિસેમ્બર પર મુલતવી રાખી છે.

ભાવનગરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી ત્રણ પેઢીને ૧૪ લાખનો દંડ ફટકારાયો

દેવ સેલ્સ અને એલિયા ઓઈલ ડેપોનું કપાસિયા તેલ અને સોફ્ટ-બી રેસ્ટોરન્ટના પનીરના નમૂના 'સબ સ્ટાન્ડર્ડ'

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ભાવનગર મહાનગર પાલિકાના ફૂડ વિભાગે આશરે એક વર્ષ પહેલાં શહેરની અલગ-અલગ ત્રણ પેઢીઓમાંથી લીધેલા ખાદ્ય પદાર્થોના નમૂના લેબોરેટરી તપાસમાં 'સબ-સ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. આ મામલે એડજ્યુડિકેટિંગ ઓફિસરની કોર્ટમાં આ કેસ ચાલી જતાં તમામ પેઢીઓ અને ઉત્પાદકોને મળીને કુલ રૂા.૧૪ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ અંગે ભાવનગર મનપાના ફૂડ ઓફિસર દેવાંગ જોષીએ જણાવ્યું હતું કે, ફૂડ વિભાગ દ્વારા બે કપાસિયા તેલના અને એક પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો, ત્રણેય નમૂના નાપાસ થયા હતા, દેવ સેલ્સ સત્યનારાયણ રોડ કપાસિયા તેલનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતાં પેઢી અને ઉત્પાદનકર્તા સહિત સંયુક્ત રીતે રૂ.૬ લાખનો દંડ કરાયો છે. 'એલિયા ઓઈલ ડેપો સ્ટેશન રોડ કપાસિયા તેલનો નમૂનો ફેલ થતાં પેઢી તથા ઉત્પાદનકર્તા સહિત તમામને સંયુક્ત રીતે રૂ.૬ લાખનો દંડ ફટકાર્યો, જ્યારે સોફ્ટ બી રેસ્ટોરન્ટ વાઘાવાડી રોડ પનીરનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જણાતાં પેઢીને કુલ રૂ.૨ લાખનો દંડ કરાયો છે, નમૂનો લેવાયો ત્યારે આ ભાગીદારી પેઢી કાર્યરત હતી, જોકે હાલમાં આ રેસ્ટોરન્ટ બંધ છે.' આ બાબતમાં ફૂડ ઓફિસરે વધુમાં જણાવ્યું હતું કે, સરકારી લેબોરેટરીમાં નમૂના મોકલ્યા બાદ મુખ્ય બે પ્રકારે કેસ ચાલતા હોય છે જેમાં સબ-સ્ટાન્ડર્ડ સામાન્ય ભેળસેળ જ્યારે ખાદ્ય પદાર્થમાં સામાન્ય ભેળસેળ હોય અને તેસબ-સ્ટાન્ડર્ડ જાહેર થાય, ત્યારે તેનો કેસ એડજ્યુડિકેટિંગ કોર્ટ ડી.એમ. શાખામાં ચાલે છે. જેમાં માત્ર દંડાત્મક કાર્યવાહી થાય છે અને દંડ ભર્યા બાદ વેપારીને ધંધો કરવાની છૂટ મળે છે. 'અખાદ્ય વસ્તુ જ્યારે ખાદ્ય પદાર્થ આરોગ્ય માટે હાનિકારક એટલે કે અખાદ્ય જાહેર થાય, ત્યારે ફૂડ વિભાગ પોતે ફરિયાદી બનીને સંબંધિત વિસ્તારની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ દાખલ કરે છે, જેમાં દંડ ઉપરાંત જેલની સજાની પણ કડક જોગવાઈ રહેલી છે.'

અમદાવાદમાં વાહન અને ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાતાં ચાર ગુનાનો ભે

મધ્ય પ્રદેશમાં મુસ્લિમ અને આદિવાસી પરિવારોના મકાનો તોડી પાડવામાં આવ્યા; પસંદગીયુક્ત કાર્યવાહીનો આરોપ

મધ્ય પ્રદેશના શાજાપુર જિલ્લાના ભોપાખેડી ગામમાં તોડફોડની કાર્યવાહી દરમિયાન ૨૫૦થી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

મધ્ય પ્રદેશના શાજાપુર જિલ્લાના ભોપાખેડી ગામમાં બે મુસ્લિમ પરિવારો અને એક આદિવાસી પરિવારના ત્રણ મકાનો તોડી પાડવાની ઘટના બાદ 'પસંદગીયુક્ત કાર્યવાહી' (selective action)ના આરોપો લાગ્યા છે. સ્થાનિક રહેવાસીઓએ સવાલ ઉઠાવ્યો છે કે, જે વિસ્તારમાં અંદાજે ૨૦૦ મકાનો આવેલા છે, ત્યાં માત્ર આ ત્રણ મકાનોને જ કેમ નિશાન બનાવવામાં આવ્યા? સ્થાનિક મીડિયા અહેવાલો અને 'X' (ટ્વિટર) પર ફરતી પોસ્ટ્સ અનુસાર, ૧૪ નવેમ્બરના રોજ સવારે લગભગ ૬ વાગ્યે મહેસૂલ વિભાગ અને પોલીસ અધિકારીઓની એક ટીમ ભારે મશીનરી સાથે ગામમાં પહોંચી હતી અને આ ત્રણ મકાનો તોડી પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ૨૫૦થી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા, જે બે કલાકથી વધુસમય સુધી ચાલી હતી. એસડીએમ (SDM) મનીષા વાસ્કાલેના જણાવ્યા અનુસાર, સર્વે નંબર ૨૯૩ પર આવેલા આ મકાનો આઝાદ શાહના પુત્ર સલમાન, આદિવાસી રહેવાસી આનંદીલાલ અને વાહિદના હતા. વહીવટીતંત્રનું કહેવું છે કે આ બાંધકામો સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ હતા અને તોડફોડ કરતા પહેલા રહેવાસીઓને નોટિસ આપવામાં આવી હતી. જોકે, ગ્રામજનોનો આરોપ છે કે રાજકીય દબાણ હેઠળ આ ત્રણ પરિવારોને ખાસ નિશાન બનાવવામાં આવ્યા છે. તેમણે પ્રશ્ન કર્યો કે, જ્યારે સર્વે નંબર ૨૯૧, ૨૯૩ અને ૨૯૮ પર અન્ય લગભગ ૨૦૦ મકાનો આવેલા છે, ત્યારે વહીવટીતંત્રે માત્ર આ મકાનો જ કેમ તોડી પાડ્યા? રહેવાસીઓના જણાવ્યા અનુસાર, આ વસાહત ૧૯૯૬-૯૭ના સમયની છે, જ્યારે ગ્રામ પંચાયતે ગ્રામીણ આવાસ યોજના હેઠળ રહેણાંક પ્લોટ ફાળવ્યા હતા અને પ્લોટના પ્રમાણપત્રો તથા બાંધકામની મંજૂરીઓ આપી હતી. ત્યારબાદ ૨૦૦૧થી ૨૦૦૫ દરમિયાન વધુ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા, જેના પછી આ જમીન પર મકાનો બાંધવામાં આવ્યા હતા. ગ્રામજનોનું કહેવું છે કે આ મકાનો તાજેતરમાં બાંધવામાં આવ્યા ન



હતા, પરંતુ સ્થાનિક પંચાયત દ્વારા ફાળવવામાં આવેલા પ્લોટ પર વર્ષો દરમિયાન બાંધવામાં આવ્યા હતા. જમીનની સ્થિતિ અંગેનો વિવાદ રાજ્ય સરકાર સુધી પણ પહોંચ્યો હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, દુપાડા ગ્રામ પંચાયતે મધ્યપ્રદેશના મહેસૂલ મંત્રી કરણ સિંહ વર્માનો સંપર્ક કરીને આ જમીનને 'ગ્રામ આબાદી' (ગામના વસવાટનો વિસ્તાર) તરીકે જાહેર કરવાની વિનંતી કરી હતી. ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ, મંત્રીએ શાજાપુર કલેક્ટરને પત્ર લખીને સર્વે નંબર ૨૯૧, ૨૯૨, ૨૯૩ અને ૨૯૮ને 'ગ્રામ આબાદી' જમીન તરીકે જાહેર કરવા અંગે જાણ કરી હતી. રહેવાસીઓનો આરોપ છે કે વહીવટીતંત્ર દ્વારા તોડફોડની કાર્યવાહી હાથ ધરવામાં આવી તે પહેલાં આ પત્ર કે સૂચના પર કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા ન હતા. આ તોડફોડની કાર્યવાહીને કારણે અસરગ્રસ્ત મકાનમાલિકો સાથે જોડાયેલી કાનૂની પ્રક્રિયાઓ અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આનંદીલાલ અને વાહિદે અગાઉ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચ પાસેથી વચગાળાની રાહત મેળવી હતી. ત્યારબાદ, દિવાળીના એક દિવસ પહેલાં શાજાપુરની એક અદાલતે આ કામચલાઉ રક્ષણ (સ્ટે) રદ કરી દીધું હતું, જેના પગલે મકાનમાલિકોએ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ (જિલ્લા અને સત્ર ન્યાયાધીશ) સમક્ષ અરજી કરી હતી. રહેવાસીઓના કહેવા મુજબ, આગામી સુનાવણી માટે ૧૭ નવેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી હતી અને સરકારને પણ નોટિસ આપવામાં આવી હતી. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે નિર્ધારિત સુનાવણીના ત્રણ દિવસ પહેલાં, એટલે કે ૧૪ નવેમ્બરે શા માટે તોડફોડની કાર્યવાહી કરવામાં આવી? બીજી તરફ, એસડીએમ (SDM) મનીષા વાસ્કાલેએ જણાવ્યું હતું કે ત્રણ વ્યક્તિઓએ સર્વે નંબર ૨૯૩ પર ગેરકાયદેસર રીતે અતિક્રમણ કરીને ત્યાં મકાનો બાંધ્યા હતા. તેમણે કહ્યું કે સંબંધિત વ્યક્તિઓને નોટિસ આપ્યા બાદ આ અતિક્રમણો દૂર કરવામાં આવ્યા હતા. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, એસડીઓપી (SDOP) કીર્તિ બઘેલે જણાવ્યું હતું કે દુપાડા વિસ્તારમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા અતિક્રમણ વિરોધી અભિયાન દરમિયાન પૂરતા પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઘટનાક્રમ પર સોશિયલ મીડિયા પર પણ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે, જેમાં યુઝર્સે સત્તાવાળાઓ પાસે સ્પષ્ટતાની માંગ કરી છે અને તોડફોડની ઘટનાની તપાસ કરવાની અપીલ કરી છે. 'X' (ટ્વિટર) પર એક યુઝરે સત્તાવાળાઓને ટેગ કરીને લખ્યું: "કૃપા કરીને આ બાબતે સ્પષ્ટતા કરો અને યોગ્ય કાર્યવાહી કરો." આ અહેવાલ લખાય છે ત્યાં સુધી, જિલ્લા વહીવટીતંત્ર કે પોલીસ તરફથી 'પસંદગીયુક્ત નિશાન' (selective targeting) બનાવવાના આરોપો અંગે કોઈ વધુ પ્રતિક્રિયા મળી નથી.

આઝમ ખાનને જામીન મળ્યા : હાઈકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટે પણ EDને ફટકાર લગાવી; 'આકાશ તૂટી નહીં પડે'

અલ્હાબાદ હાઈકોર્ટે આઝમ ખાનને વચગાળાના જામીન આપતી વખતે EDને ઠપકો આપ્યો, ED એ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને વચગાળાના જામીન રદ કરવાની માંગ કરી, સુપ્રીમ કોર્ટે વળતો જવાબ આપ્યો, "શું આકાશ તૂટી પડશે?"

(એજન્સી) તા.૧૮

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મંત્રી આઝમ ખાનને બુધવારે સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી. સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા આઝમ ખાનને આપવામાં આવેલા વચગાળાના જામીન પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અને આઝમ ખાનની મુક્તિ પર તાત્કાલિક સ્ટે માંગતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ઈડીની માંગણી સ્વીકારી ન હતી. સુનાવણી દરમિયાન, જસ્ટિસ જોયમલ્યા બાગચીએ ટિપ્પણી કરી, "આકાશ નહીં પડે, તેમને વચગાળાના જામીન પર રહેવા દો." મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે EDની અરજી પર ગુરુવાર, ૧૯ નવેમ્બરના રોજ સુનાવણી કરવાનો નિર્ણય લીધો. બેન્ચમાં ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહના પણ સામેલ હતા. બુધવારે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ (ASG) SV રાજુએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સમક્ષ તાકીદે આ બાબતનો ઉલ્લેખ કર્યો. EDએ અલ્હાબાદ હાઈકોર્ટના ૧૭ નવેમ્બરના આદેશને પડકાર્યો, જેમાં માંગ કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ આઝમ ખાનને આપવામાં આવેલા વચગાળાના જામીન પર રોક લગાવે. SV રાજુએ દલીલ કરી કે અલ્હાબાદ હાઈકોર્ટે ઉતાવળમાં વચગાળાના જામીનનો આદેશ પસાર કર્યો હતો અને એજન્સીને તેનો સંપૂર્ણ જવાબ દાખલ કરવા અને તેનો કેસ રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવી ન હતી. EDના વકીલે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે સંબંધિત અધિકારીને કેસમાં પક્ષકાર પણ બનાવવામાં આવ્યો ન હતો ત્યારે હાઈકોર્ટ પ્રથમ દૃષ્ટિએ ધરપકડની કાર્યવાહીને બદનક્ષી અને પ્રેરિત કેવી રીતે જાહેર કરી શકે છે. રાજુએ દલીલ કરી હતી કે હાઈકોર્ટનો વચગાળાનો આદેશ મૂળભૂત રીતે અંતિમ આદેશ છે. એજન્સીને તેનો સંપૂર્ણ જવાબ દાખલ કરવા માટે સમય આપવામાં આવ્યો ન હતો, ન તો ધરપકડ સંબંધિત દસ્તાવેજોની સેવા અંગે ટ્રાયલ કોર્ટ પાસેથી રિપોર્ટ માંગવાની વિનંતી પર વિચાર કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન, EDએ દાવો કર્યો હતો કે તેના અધિકારીઓએ આઝમ ખાનને ધરપકડના કારણો સંબંધિત દસ્તાવેજો પૂરા પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે તે સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. SV રાજુએ જણાવ્યું હતું કે દસ્તાવેજો પૂરા પાડવાના પ્રયાસનો ઉલ્લેખ પંચનામામાં પણ કરવામાં આવ્યો હતો. EDએ દલીલ કરી હતી કે હાઈકોર્ટે આ દલીલને પૂરતું મહત્વ આપ્યું નથી અને ધરપકડ પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવતા વચગાળાના જામીન આપ્યા છે. જોકે, બુધવારે સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાનો ઇન્કાર કર્યો હતો. અલ્લાહાબાદ હાઈકોર્ટે સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તરપ્રદેશના પૂર્વ કેબિનેટ મંત્રી આઝમ ખાનને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં વચગાળાના જામીન આપ્યા છે. કોર્ટે પ્રથમ દૃષ્ટિએ જણાવ્યું હતું કે ED ની ધરપકડની કાર્યવાહી પ્રેરિત અને દુર્ભાવનાપૂર્ણ લાગે છે. જસ્ટિસ રાજીવ ગુપ્તા અને દેવેન્દ્ર સિંહની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે ૩૧ ઓક્ટોબરના રોજ જેલના દરવાજા પર આઝમ ખાનની ધરપકડ, બીજા કેસમાં જામીન મળ્યા બાદ જેલમાંથી મુક્ત થયા પછી તરત જ,



ધરપકડ પાછળના હેતુ પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. કોર્ટે એમ પણ અવલોકન કર્યું કે ED એ ધરપકડના કારણો અને આઝમ ખાનની આ કેસમાં કથિત સંડોવણી હોવાનું માનવાના કારણો લેખિતમાં આપ્યા નથી. રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવે તે પહેલાં પણ તેમને આ દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા ન હતા. કોર્ટે પ્રથમ દૃષ્ટિએ જણાવ્યું હતું કે EDએ બંધારણની કલમ ૨૨(૧) અને મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA)ની કલમ ૧૯ હેઠળ નિર્ધારિત ફરજિયાત પ્રક્રિયાનું સંપૂર્ણપણે પાલન કર્યું નથી. હાઈકોર્ટે તેની તપાસ દરમિયાન ED દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોમાં ઘણી નોંધપાત્ર ખામીઓ શોધી કાઢી હતી. કોર્ટે નોંધ્યું હતું કે ધરપકડના કારણો સંબંધિત દસ્તાવેજોમાં તેમની તૈયારીનું સ્થળ, તારીખ અને સમય નોંધવામાં આવ્યો નથી. આ ત્રણ વિગતો ખાલી છોડી દેવામાં આવી હતી. વધુમાં, ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૧૦ વાગ્યે આઝમ ખાનની બહેનને મોકલવામાં આવેલા WhatsApp સંદેશમાં ધરપકડના કારણો સંબંધિત દસ્તાવેજોનો સમાવેશ થતો ન હતો. EDએ દાવો કર્યો હતો કે તેના અધિકારીઓએ આઝમ ખાનને ધરપકડના કારણો સંબંધિત દસ્તાવેજો પૂરા પાડવા માટે ઘણી વખત પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે તે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ત્યારબાદ, જ્યારે આઝમ ખાન ૩૧ ઓક્ટોબરના રોજ રામપુર જિલ્લા જેલમાંથી બહાર નીકળ્યા, ત્યારે EDએ તેમને બીજા કેસમાં જેલના દરવાજા પર ધરપકડ કરી. આ કેસ મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી સાથે સંબંધિત કથિત નાણાકીય અનિયમિતતાઓ અને મની લોન્ડરિંગની તપાસ સાથે સંબંધિત છે. EDની કાર્યવાહી બાદ, આઝમ ખાનને ૧ નવેમ્બરના રોજ ગાઝિયાબાદની ખાસ PMLA કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. આઝમ ખાને અગાઉ તેમની ધરપકડને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. ૫ નવેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે તેમની અરજી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી હતી અને પ્રાથમિક સુનાવણીનો આદેશ આપ્યો હતો. આઝમ ખાનને EDના સંક્ષિપ્ત જવાબનો જવાબ દાખલ કરવા માટે પણ સમય આપવામાં આવ્યો છે. આ કેસમાં આગામી સુનાવણી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ થશે. જો કે, ૧૦ ડિસેમ્બરે આગામી સુનાવણીમાં EDનો વિગતવાર જવાબ અને બંને પક્ષોની દલીલો કેસનો ભાવિ માર્ગ નક્કી કરશે.

મધ્ય પ્રદેશમાં ૩૦૦ વર્ષ જૂની દરગાહ રાતોરાત તોડી પાડવામાં આવી

આ ઘટના પહેલાં, ખંડવા સિટી મેજિસ્ટ્રેટ અને દરગાહના કાઝી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી

(એજન્સી) ખંડવા, તા.૧૮

મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં ૩૦૦ વર્ષ જૂની એક દરગાહને મંગળવાર (૧૭ નવેમ્બર) અને બુધવાર (૧૮ નવેમ્બર)ની વચ્ચેની રાત્રે તોડી પાડવામાં આવી હતી. મુસ્લિમ સમુદાયના સખત વિરોધ છતાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ખંડવા સિટી મેજિસ્ટ્રેટ બજરંગ બહાદુર શાહ અને કાઝી સૈયદ નિસાર અલી વચ્ચે ઉગ્ર બોલાચાલી થયાના એક દિવસ બાદ, ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે હઝરત કાસિમ શાહ વલીની દરગાહને તોડી પાડવામાં આવી. મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં ૩૦૦ વર્ષ જૂની એક દરગાહને મંગળવાર અને બુધવારની વચ્ચેની રાત્રે તોડી પાડવામાં આવી હતી, જેમાં મુસ્લિમ સમુદાયે સખત વિરોધ નોંધાવ્યો હતો. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે હઝરત કાસિમ શાહ વલીની દરગાહ તોડી પાડવામાં આવી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ માળખું રસ્તા પહોળા કરવાની યોજનામાં અવરોધરૂપ હતું, તેથી તેની દીવાલનો એક ભાગ તોડી પાડવો જરૂરી હતો. કાઝી સૈયદે એવા નકશાઓ અને દસ્તાવેજોની માંગણી કરી જે સાબિત કરે કે આ દીવાલ સરકારી જમીન પર આવેલી છે. જ્યારે મેજિસ્ટ્રેટ શાહે કહ્યું કે આ શહેરના વિકાસ માટે વહીવટીતંત્ર દ્વારા તૈયાર કરાયેલ 'માસ્ટર પ્લાન'નો એક ભાગ છે, ત્યારે કાઝી સૈયદે 'ઈન્દોર નાકા'નો ઉલ્લેખ કરતા



પૂછ્યું કે, ત્યાં એક મંદિર આવેલું છે અને તે વિસ્તાર અકસ્માતો માટે સંવેદનશીલ હોવા છતાં, ત્યાં આ નિયમ કેમ લાગુ પડતો નથી?

કાઝીએ કહ્યું, "ત્યાં મંદિર આવેલું હોવાથી કોઈ તોડફોડ કરવામાં આવતી નથી. આ માળખાને એટલા માટે નિશાન બનાવવામાં આવ્યું છે કારણ કે તે એક દરગાહ છે." તેમણે વધુમાં કહ્યું, "જ્યારે અમે સદ્ભાવનાથી જવાબ આપીએ છીએ, ત્યારે તમે અમને ધમકી આપી રહ્યા છો?"

શિંદેની શિવસેનાએ સોનિયા ગાંધીના પુસ્તકના પાના ફાડી નાખ્યા, પ્રતિબંધની માંગ કરી; કહ્યું, 'સાવરકરનું અપમાન સહન કરવામાં આવશે નહીં'

મુંબઈમાં, શિવસેનાના નેતાઓ સંજય નિરુપમ, શાઈના એનસી અને અન્ય લોકોએ સોનિયા ગાંધીના પુસ્તક "બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ"ના પાના ફાડી નાખ્યા, જેમાં તેમણે સાવરકર અને બાળાસાહેબ ઠાકરેનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૧૮

મુંબઈમાં, સંજય નિરુપમ, શૈના એનસી અને અન્ય શિવસેનાના નેતાઓએ સોનિયા ગાંધીના પુસ્તક "બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ" ના પાના ફાડીને વિરોધ કર્યો. તેમણે પુસ્તકના પાના ૨૦૧ અને ૪૪૩ પર વાંધો ઉઠાવ્યો અને પ્રકાશક હાર્પર કોલિન્સ પાસેથી તે પાના દૂર કરવાની માંગ કરી. પાર્ટીએ મહારાષ્ટ્ર સરકારને પુસ્તક પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી અને ઉદ્ધવ ઠાકરે પર મૌન રહેવાનો આરોપ લગાવતા તેમને પ્રશ્ન કર્યો. શિવસેનાના પ્રવક્તા સંજય નિરુપમ, શૈના એનસી, આનંદ દુબે અને અન્ય નેતાઓ એકનાથ શિંદેના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનમાં જોડાયા. તેમનો આરોપ છે કે પુસ્તકમાં વિનાયક દામોદર સાવરકર વિશે અપમાનજનક ટિપ્પણીઓ છે અને શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેનું પણ અપમાન કરવામાં આવ્યું છે. શિવસેનાના નેતાઓએ ખાસ કરીને પુસ્તકના પાના ૨૦૧ અને ૪૪૩ સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે પ્રકાશક હાર્પર કોલિન્સને કાનૂની નોટિસ મોકલવાની ધમકી આપી હતી અને માંગ કરી હતી કે આ પાના દૂર કર્યા વિના પુસ્તક વેચવામાં ન આવે. પાર્ટીએ મહારાષ્ટ્ર સરકારને પુસ્તક પર પ્રતિબંધ મૂકવાની પણ માંગ કરી છે. શિવસેનાના પ્રવક્તા સંજય નિરુપમે મુંબઈમાં એક પત્રકાર પરિષદ દરમિયાન સોનિયા ગાંધીના પુસ્તક પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે પુસ્તકનું શીર્ષક "બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ" હોવા છતાં, જેનો અર્થ પ્રેમ અને માલિકીની યાત્રા છે, તે પ્રેમ નહીં, પણ નફરતને પ્રતિબિંબિત કરે છે. નિરુપમે આરોપ લગાવ્યો હતો કે સોનિયા ગાંધી ભારતીય સંસ્કૃતિ, સ્વતંત્રતા સેનાનીઓ અને હિન્દુ સમાજ પ્રત્યે નફરત રાખે છે. સાવરકરને મહારાષ્ટ્રનું ગૌરવ અને દેશના મહાન ક્રાંતિકારી ગણાવતા તેમણે કહ્યું હતું કે સોનિયા ગાંધીએ પુસ્તકમાં તેમના વિશે અપમાનજનક ટિપ્પણીઓ લખી છે. નિરુપમે એમ પણ કહ્યું કે બાબરી મસ્જિદના ધ્વંસ પછી સોનિયા ગાંધીએ પોતાની લાગણીઓનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ રામ મંદિર પ્રત્યેની તેમની લાગણીઓ શંકાસ્પદ છે. કોંગ્રેસના એક જૂના સોગંદનામાને ટાંકીને, તેમણે રામના અસ્તિત્વ અંગે પાર્ટીની પાછલી સરકારના વલણ પર પણ હુમલો કર્યો. પોતાની આત્મકથામાં, સોનિયા



ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેના વિચારકોની ટીકા કરી છે. સાવરકરના સંદર્ભમાં, તેમણે બ્રિટિશ શાસન દરમિયાન લખાયેલી તેમની દયા અરજીઓનો ઉલ્લેખ કર્યો છે. પુસ્તકમાં, સોનિયા ગાંધી લખે છે કે જ્યારે કોંગ્રેસના સ્વાતંત્ર્ય સેનાનીઓ બ્રિટિશ શાસકોના હાથે હુમલાઓ અને કેદનો સામનો કરી રહ્યા હતા, ત્યારે વરિષ્ઠ આરએસએસ વિચારક વિનાયક દામોદર સાવરકર તેમના વસાહતી શાસકોને દયા અરજીઓ લખી રહ્યા હતા. તેણી એવો પણ આરોપ લગાવે છે કે કેટલાક આરએસએસ સભ્યો બ્રિટિશ અધિકારીઓ માટે માહિતી આપનારા તરીકે કામ કરી રહ્યા હતા. સોનિયા ગાંધી પુસ્તકમાં એમ પણ લખે છે કે આરએસએસ કોંગ્રેસ અને તેના મૂલ્યોને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની તેની યોજનામાં સૌથી મોટો અવરોધ માનતો હતો. તેમના મતે, અગ્રણી આરએસએસ વિચારકોએ તેમના લખાણો અને ભાષણોમાં હિટલર અને લઘુમતીઓ પ્રત્યેની તેની નીતિઓની પ્રશંસા કરી હતી. શિવસેનાએ આ ટિપ્પણીઓનો વિરોધ કર્યો છે. પક્ષના નેતાઓનું કહેવું છે કે સાવરકરે દેશની સ્વતંત્રતા માટે લડત આપી હતી અને તેમને આ રીતે દર્શાવવાથી તેમના યોગદાનને ઓછું થાય છે. સાવરકરની દયા અરજીઓનો મુદ્દો લાંબા સમયથી ભારતીય રાજકારણમાં વિવાદનો વિષય રહ્યો છે. સાવરકરના સમર્થકો આ અરજીઓને જેલમાંથી બહાર નીકળીને રાજકીય પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવાની રણનીતિ તરીકે જુએ છે, જ્યારે ટીકાકારો તેમને બ્રિટિશ સરકાર પાસેથી દયાની અરજી તરીકે રજૂ કરે છે.

CRPF પર હુમલાના આરોપી લશ્કર-એ-તૈયબાના કમાન્ડર લતીફ ભટનું કુલગામમાં અથડામણ દરમિયાન મોત

ભટ ૧૧ નવેમ્બરે CRPFની ચોકી પર થયેલા હુમલામાં સામેલ હતો, જેમાં અર્ધલશ્કરી દળના ત્રણ જવાનો ઘાયલ થયા હતા; તેનો સાથી ઉમર નિસાર ડાર આ અઠવાડિયાની શરૂઆતમાં માર્યો ગયો હતો

(એજન્સી) તા.૧૮

અધિકારીઓએ જણાવ્યું કે, કાશ્મીરમાં સૌથી વધુ વોન્ટેડ આતંકવાદી અને ખીણમાં સક્રિય સ્થાનિક આતંકવાદીઓમાં એકમાત્ર બચેલો લશ્કર-એ-તૈયબા (LeT)નો કમાન્ડર લતીફ ભટ, બુધવારે કુલગામ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણ દરમિયાન માર્યો ગયો. તેણે શરણાગતિ સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો. દક્ષિણ કાશ્મીરના દેવસર વિસ્તારમાં આવેલા ઝંગલપોરા ગામમાં સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા 'કોર્ડન એન્ડ સર્ચ' (ઘેરાબંધી અને શોધખોળ) ઓપરેશન દરમિયાન ભટ ફસાઈ ગયો હતો. સુરક્ષા દળોએ તેને શરણાગતિ સ્વીકારવાની તક આપી હતી, પરંતુ તેણે ના પાડી દીધી. સોશિયલ મીડિયા પર એવા વીડિયો પણ વાયરલ થયા છે જેમાં સુરક્ષાકર્મીઓ તેને હથિયાર હેઠાં મૂકી દેવા માટે અપીલ કરી રહ્યા છે. આ અથડામણ બુધવારે વહેલી સવારે શરૂ થઈ હતી, જે સમગ્ર ખીણની મસ્જિદોમાંથી સવારની નમાઝ માટેની અઝાન (હાકલ) આપવામાં આવે તે પહેલાંનો સમય હતો. ભટ અને તેનો સાથી ઉમર નિસાર ડાર ૧૧ નવેમ્બરે કુલગામમાં CRPFની ચોકી પર થયેલા હુમલામાં કથિત રીતે સામેલ હતા, જેમાં અર્ધલશ્કરી દળના ત્રણ જવાનો ઘાયલ થયા હતા. આ તાજેતરની અથડામણ, સોમવારે કુલગામના લારુ બાયપાસ વિસ્તારમાં થયેલી અથડામણમાં ડારના માર્યા ગયાના બે દિવસ બાદ થઈ છે. તે સમયે ભટ ત્યાંથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, ચોક્કસ ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ ઝંગલપોરા ગામમાં સઘન 'કોર્ડન એન્ડ સર્ચ' ઓપરેશન શરૂ કર્યું હતું. આ ગામ અગાઉની અથડામણના સ્થળથી થોડે દૂર આવેલું છે. સોમવારે ડારના માર્યા ગયા પછી, ત્યાં કોઈ ગોળીબાર થયો ન હતો, પરંતુ સુરક્ષા દળોએ ભટને શોધવા માટે અગાઉની અથડામણના સ્થળની આસપાસના વિશાળ વિસ્તારમાં વ્યાપક શોધખોળ અભિયાન ચાલુ રાખ્યું હતું.




બુધવારે વહેલી સવારે શોધખોળ દરમિયાન ભટ સાથે ફરી સંપર્ક થયો, જેના પગલે ફરીથી ગોળીબાર શરૂ થયો. અગાઉ, કાશ્મીર ઝોન પોલીસે 'X' (ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા આ અથડામણ વિશે માહિતી આપી હતી. પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, "કુલગામમાં આતંકવાદીઓ અને જમ્મુ-કાશ્મીર પોલીસ (JKP) તથા સુરક્ષા દળો (SF)ની સંયુક્ત ટુકડી વચ્ચે અથડામણ શરૂ થઈ છે." અધિકારીઓના જણાવ્યા અનુસાર, દારે કથિત રીતે લગભગ છ મહિના સુધી ભટને આશરો અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડી હતી. CRPF ચોકી પર હુમલો કરતા પહેલા આ બંનેએ તે સ્થળની રેકી (નિરીક્ષણ) પણ કરી હતી. દારે, જે અગાઉ બ્રેડ બનાવવાનું કામ કરતો હતો અને જેના પરિવાર દ્વારા તેના ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી, તે સોમવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યો ગયો. તેણે કથિત રીતે 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF) - જે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાનું જ એક અંગ છે - તેમાં જોડાયાના માત્ર એક અઠવાડિયા બાદ જ આ ઘટના બની હતી.

'નફરતનો અંત લાવવો એ આપણી જવાબદારી છે,' ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ દિવાળી કાર્યક્રમનું આયોજન કર્યું; રામાયણ અને મહાભારતનો ઉલ્લેખ કર્યો

(એજન્સી) તા.૧૮

ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીએ મંગળવારે (સ્થાનિક સમય) તેમની ઓફિસમાં દિવાળી ઉજવણીનું આયોજન કર્યું. આ કાર્યક્રમ દરમિયાન, તેમણે ભારતીય અમેરિકન સમુદાય સામે વધતા જાતિવાદની નિંદા કરી. તેમણે કહ્યું કે આ નફરતનો અંત લાવવો એ આપણી જવાબદારી છે. મમદાનીએ છેલ્લા ૧૨ મહિનામાં હિન્દુઓ અને શીખો સામેના નફરતના ગુનાઓ તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું, "ગયા વર્ષે જ, અમે અમારા હિન્દુ મંદિરોને નિશાન બનાવતા જોયા. અમે અમારી ફેડરલ સરકારમાં ઉચ્ચ સ્તરના નેતાઓને શીખોને નિશાન બનાવતા જોયા." અમે જોયું કે તે નફરત, જે એક સમયે સમાજના છેડા સુધી મર્યાદિત હતી, હવે ચૂંટણી પ્રચારના કેન્દ્રમાં પહોંચી ગઈ છે. ન્યૂ યોર્કના મેયરે હિન્દુ ધાર્મિક ગ્રંથો રામાયણ અને મહાભારતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, "રામાયણ આપણને ભાઈઓ, પત્નીઓ, પતિઓ અને મિત્રો બતાવે છે જે આપણે બનવાની ઇચ્છા રાખીએ છીએ. મહાભારત આપણને બતાવે છે કે



પરિવારો ખરેખર કેવા છે, જ્યાં સૌથી બહાદુર નાયકો અને જ્ઞાની દેવતાઓ પણ ઠોકર ખાય છે. જ્યાં કોઈનો ધર્મ વ્યક્તિની વફાદારી પહેલા આવે છે." ન્યૂ યોર્કના મેયરે તાજેતરમાં દુર્ગા પૂજા ઉજવણીમાં કહ્યું હતું કે, "મને ખબર છે કે ઇલિનોઇસમાં એક હિન્દુ મંદિરમાં થયેલા ગોળીબારના પ્રયાસ પછી હું તમારા બધાની સાથે

ગુજરાતમાં બે દિવસ બાદ ઠંડીનો ચમકારો જોવા મળશે

ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાતા શિયાળાની થશે જમાવટ

અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી સુધી જવાની શક્યતા

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં શિયાળાની શરૂઆત વચ્ચે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ બાદ રાજ્યમાં ઉત્તર-પૂર્વીય પવનોનું જોર વધતા લઘુતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધશે. અમદાવાદમાં પણ લઘુતમ તાપમાન ઘટીને ૧૭ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.હાલ રાજ્યમાં ઠંડીની શરૂઆત થઈ હોવા છતાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત્ છે. હવામાન વિભાગના આંકડા મુજબ અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી વધુ છે. જો કે, આગામી દિવસોમાં

તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થશે

પવનની દિશામાં ફેરફાર થતાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે.

રાજ્યના વિવિધ વિસ્તારોમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હાલમાં ૧૮.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે ડીસા રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. રાજ્યના પાંચ જેટલાં મુખ્ય શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે પહોંચ્યું છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે તાપમાન ઊંચું રહેતા લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જો કે, ઉત્તર-પૂર્વીય પવનોની શરૂઆત બાદ રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે.

હવામાનની બદલાતી સ્થિતિ અને અલ નીનોની સંભવિત અસરોને કારણે ચાલુ વર્ષે શિયાળાની શરૂઆતમાં વિલંબ જોવા મળી રહ્યો હોવાનો અહેવાલ છે. જો કે, આગામી દિવસોમાં ઉત્તર-પૂર્વીય દિશામાંથી ફૂંકાનારા શુષ્ક પવનો ઠંડી વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે બહાર નીકળતા લોકો, બાળકો અને વૃદ્ધોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. ખાસ કરીને રાત્રિના સમયે હળવા ગરમ કપડાં પહેરવા અને બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી બનશે. આગામી બે દિવસ બાદ તાપમાનમાં થનારા ઘટાડા સાથે ગુજરાતમાં શિયાળાની ધીમે-ધીમે જમાવટ થવાની શક્યતા છે. હવે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો કેટલો વધે છે તેના પર રાજ્યભરના નાગરિકોની નજર રહેશે.

એન્ટી નાર્કોટિક્સ વિંગની કાર્યવાહી

રાજપીપળામાં ૧.૮૩૮ કિલો ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૮

નર્મદા જિલ્લામાં નશીલા અને પ્રતિબંધિત પદાર્થોનું વેચાણ તથા હેરાફેરી અટકાવવા માટે પોલીસ દ્વારા સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમને મળેલી બાતમીના આધારે રાજપીપળામાંથી સૂકા ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પોલીસ ટીમે બાતમીના આધારે રાજપીપળા ખાતે આવેલા જકાતનાકા કાળિયાભૂત રોડ પર સિવિલ હોસ્પિટલ સામેના વિસ્તારમાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા હાર્દિક ઉર્ફે બપ્પા રહિત વસાવા (ઉ.વ. ૨૫, રહે. ટેકરા ફળિયા, રાજપીપળા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની સઘન પૂછપરછ અને તપાસ કરતા તેની પાસેથી એક્ટિવા ટુ-વ્હીલરના ખાનામાંથી ૧ કિલો ૮૩૮ ગ્રામ જેટલો શંકાસ્પદ સૂકો ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂા.૧૮,૬૦૦ થાય છે. પોલીસે આરોપી પાસેથી ગાંજો અને હેરાફેરીમાં વપરાયેલું એક્ટિવા વાહન (નંબર GJ-22-AA-5571) અને મોબાઈલ ફોન તથા રોકડા રૂા.૧,૧૦૦ મળીને કુલ રૂા.૧,૨૪,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

કોંગ્રેસ વિદેશી નાગરિકોને ભારતમાં બોલાવી લોકતંત્રનું અપમાન કરાવી રહી છે : ચુડાસમા

અમદાવાદ, તા.૧૮



ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા એ જણાવ્યું છે કે, તા.૧૩, ૧૪ નવેમ્બર હૈદરાબાદ ખાતે કોંગ્રેસ દ્વારા 'ભારત સમીટ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં જ્યોર્જ સોરેસ ફંડેડ ૭૦ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ભારત વિરોધી કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હતા. જેમાં યુરોપિયન ડેમોક્રેટિક સોસિયાલીસ્ટ પાર્ટીના મંત્રી ઈટાલીના જાકોમો ફીલીબેક દ્વારા ભાષણમાં કહેવામાં આવ્યું 'વોટ ચોર, ગદ્દી છોડ.' લોકસભામાં બંધારણીય પદ ઉપર બેઠેલા વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ તાળીઓ પાડી ભારતની બંધારણીય સંસ્થા અને વડાપ્રધાન મોદીના અપમાનને વધાવી લીધું. અત્યાર સુધી રાહુલ ગાંધી વિદેશમાં જઈ ભારતનું અપમાન કરતા હતા. હવે વિદેશી નાગરિકોને ભારતમાં બોલાવી લોકતંત્રનું અપમાન કરાવી મોજ માણી રહ્યા છે.ભાજપા ખૂબ લાંબા સુધી વિપક્ષમાં હતી, પરંતુ ક્યારેય સ્વ. અટલજી, સ્વ. સુષ્માજી કે. અડવાણીજીએ ભારતનું અપમાન કર્યું નથી કે બદનામી કરી નથી. દેશભક્તિ અને ખાનદાનીનું ઉત્તમ ઉદાહરણ અટલજીએ પૂરૂં પડ્યું હતું. વિદેશમાં જયારે પત્રકારોએ ભારત વિશે સવાલ પૂછ્યા ત્યારે તેમણે ભારતની બદનામી નહીં વખાણ કર્યા હતા. પત્રકારોએ કહ્યું તમે ભારતમાં તો કોંગ્રેસ શાસનની ખૂબ ટીકા કરો છો અને વિદેશમાં વખાણ કેમ કરો છો. ત્યારે દેશભક્ત અટલજીએ જવાબમાં કહ્યું 'ભારતમાં અમે સો અને પાંચ છીએ વિદેશમાં એકસોને પાંચ છીએ' (એટલે કે, ભારતમાં વિચાર અને સિદ્ધાંતોથી સામસામે છીએ, વિદેશમાં ભારતીય તરીકે એક છીએ).જેમને દિવાળીમાં ઈદ દેખાતી હોય, વંદે માતરમ પૂરૂં ગાવામાં મતબેંક દેખાતી હોય તેમને અટલજીનો જવાબ નહીં સમજાય.

વડોદરા પાલિકા દ્વારા શહેરમાં ગંદકી ફેલાવવા મુદ્દે વેપારીઓ સામે કાર્યવાહી

એક જ દિવસમાં ૧.૧૪ લાખનો દંડ વસૂલ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન દ્વારા ગંદકી ફેલાવતા કોમર્શિયલ એકમો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ ઝોનના વહીવટી વોર્ડ નંબર ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન એક જ દિવસમાં કુલ રૂા.૧,૧૪,૪૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

કોર્પોરેશન દ્વારા કોમર્શિયલ એકમો, ખાણીપીણીની દુકાનો, ચા-પાન અને પડીકીનું વેચાણ કરતી દુકાનો તેમજ લારીઓ પર સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવતા અને સ્વચ્છતાના નિયમોનું પાલન કરવામાં બેદરકારી દાખવતા એકમોના સંચાલકો સામે સ્થળ પર જ દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

પશ્ચિમ ઝોન દ્વારા સારાભાઈ કેમ્પસ, ગેંડા સર્કલ, સેવાસી પોલીસ ચોકીથી પ્રિયા સિનેમા સુધીનો વિસ્તાર, વાસણા-ભાયલી રોડ, ઈલોરા પાર્ક, દિવાળીપુરા, સનફાર્મા રોડ, મુજમહુડા અને અકોટા સહિતના વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરાયું હતું.

કોર્પોરેશનની આ કાર્યવાહીને પગલે જાહેરમાં ગંદકી ફેલાવતા વેપારીઓ અને કોમર્શિયલ એકમોના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે. કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ વધુ સઘન બનાવવામાં આવશે તેમ જણાવાયું છે.

રાજપીપળા ખાતે 'સરદાર પટેલ નર્મદા ટ્રેક-૧'નો પ્રારંભ : દેશભરના ૪૯૯ NCC કેડેટ્સ ભાગ લેશે

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૮



(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

વડોદરા સ્થિત '૧ ગુજરાત કમ્પોઝિટ ટેકનિકલ રેજિમેન્ટ NCC' દ્વારા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલી જી.એન.એલ.એ. (GNLA) ખાતે 'સરદાર પટેલ નર્મદા ટ્રેક-૧'નો ઉત્સાહભેર ગૌરવપૂર્ણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વિશેષ રાષ્ટ્રીય ટ્રેકિંગ કેમ્પમાં દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ગુજરાત ડાયરેક્ટોરેટના મળીને કુલ ૪૯૯ NCC કેડેટ્સ ઉત્સાહભેર સહભાગી થયા છે.

આ કેમ્પનું સફળ આયોજન અને સંચાલન ૨ અધિકારીઓ, ૧૬ એસોસિએટ NCC ઓફિસર્સ (ANOs) અને ૧૧ પરમેનન્ટ ઈન્સ્ટ્રક્ટર (PI) સ્ટાફના સચોટ માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ ટ્રેકિંગ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા કેડેટ્સમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકીકરણ, શિસ્ત, શારીરિક સહનશક્તિ અને ઉત્તમ ટીમ ભાવના (Team Spirit) વિકસાવવાનો છે.આ આગામી ૮ દિવસના રોમાંચક કેમ્પ દરમિયાન કેડેટ્સ માત્ર પ્રકૃતિ માણશે નહીં, પરંતુ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની વિશેષ મુલાકાત પણ લેશે. આ ઉપરાંત, કેડેટ્સ દ્વારા સુંદરપુરા, કરજણ ડેમ અને ઐતિહાસિક જૂનારાજ ખાતે યોજાનારા ત્રણ અગત્યના ટ્રેક (પદયાત્રા અભિયાનો)માં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવશે. આ પ્રકારના આયોજનોથી યુવાનોમાં સાહસિક વૃત્તિની સાથે સામાજિક જાગૃતિ પણ કેળવાય છે.

શિયાળાની શરૂઆત સાથે લાખોની સંખ્યામાં પક્ષીઓનું આગમન

કોડીનાર પંથકનાં જળાશયો બન્યા વિદેશી યાયાવર પક્ષીઓનું સ્વર્ગ

સોડવ અને બરડા બંધારા સહિત કોડીનારના દરિયાકાંઠા અને વેટલેન્ડ વિસ્તારોમાં પક્ષીઓનો કલરવ; પેલિકન, ફ્લેમિંગો, કુંજ સહિત ૪૦ જેટલી પ્રજાતિઓએ જમાવ્યો ડેરો

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાનો કોડીનાર તાલુકો કુદરતી સૌંદર્ય અને દરિયાઈ વિસ્તારની આગવી ઓળખ ધરાવે છે. ત્યારે શિયાળાની શરૂઆત થતાં જ કોડીનાર પંથકના દરિયાકાંઠા અને જળાશયો વિદેશી યાયાવર પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠ્યા છે. ખાસ કરીને સોડવ અને બરડા બંધારા સહિતના જળાશયો હાલ વિદેશી પક્ષીઓ માટે મનપસંદ આશ્રયસ્થાન બન્યા છે. લાખોની સંખ્યામાં વિદેશી પક્ષીઓનું આગમન થતાં સ્થાનિક પક્ષીપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સાઇબેરિયા, મધ્ય યુરોપ, મંગોલિયા સહિતના ઠંડા પ્રદેશોમાંથી હજારો કિલોમીટરનું અંતર કાપીને યાયાવર પક્ષીઓ કોડીનાર પંથકમાં આવી પહોંચ્યાં છે. આ પક્ષીઓ અહીં અનુકૂળ વાતાવરણમાં અંદાજે ચાર મહિના સુધી રોકાણ કરી શિયાળો વિતાવે છે. સોડવ અને બરડા બંધારા ખાતે વહેલી સવારથી જ પક્ષીઓના કલરવ અને પાણીમાં વિહરતાં



(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

પક્ષીઓનાં ટોળાં મનમોહક દૃશ્યો સર્જી રહ્યાં છે. સ્થાનિક પક્ષીપ્રેમીઓના જણાવ્યા અનુસાર સામાન્ય રીતે દર વર્ષે ગીર સોમનાથ જિલ્લામાં આશરે ૬૫ જેટલી પ્રજાતિનાં યાયાવર પક્ષીઓનું આગમન થાય છે. જોકે, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં અંદાજે ૩૫થી ૪૦ જેટલી પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળી રહ્યાં છે. આ વર્ષે સારો વરસાદ થવાથી જળાશયો અને વેટલેન્ડ વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા વધી છે. ખાસ કરીને છીછરા પાણીવાળા વિસ્તારો પક્ષીઓ માટે અનુકૂળ રહેઠાણ અને ખોરાકની વ્યવસ્થા પૂરી પાડતા હોવાથી શિયાળાની શરૂઆત સાથે જ તેમનું આગમન શરૂ થઈ ગયું છે. આગામી દિવસોમાં હજુ વધુ પ્રજાતિઓ અને મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળે તેવી શક્યતા પક્ષીપ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે. કોડીનાર પંથકમાં આવેલા જળાશયોમાં પેલિકન, ફ્લેમિંગો, કુંજ, કોમન ક્રેન અને સોવલર સહિતની વિવિધ પ્રજાતિઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. ખાસ કરીને કુંજ પક્ષીઓ ગુજરાતમાં મગફળીના પાકની લણણીના સમયગાળા દરમિયાન અહીં પહોંચે છે. જ્યારે પેલિકન અને ફ્લેમિંગો છીછરા તળાવો તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં વસવાટ કરી નાની માછલીઓનો શિકાર કરતા જોવા મળે છે. આ પક્ષીઓનાં રંગબેરંગી ટોળાં અને તેમની આગવી જીવનશૈલી કુદરતપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે.

મહેમદાવાદમાં જૂની અદાવતમાં યુવક પર લોખંડની પાઈપથી હુમલો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

મહેમદાવાદના ખાત્રાજ દરવાજા બહાર સનમ પાર્ક સોસાયટીમાં રહેતા અને ગેરેજ ચલાવી ગુજરાન ચલાવતા જાફર અનવરભાઈ મન્સૂરી ગત ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાતના નવેક વાગ્યાના અરસામાં એક્ટિવા લઈને કચેરી દરવાજા તરફ ગયા હતા. તે દરમિયાન મહેમદાવાદ પડતર પૂજન હોસ્પિટલ પાછળ રહેતા સલમાન ઉર્ફે સલ્લુએ તેમને જોઈ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. જાફરે ગાળો બોલવાની ના પાડતા સલમાને ફોન કરીને યાસર ઈબ્રાહીમ શેખ તથા તેના ભાઈ બિરજુ ઈબ્રાહીમ શેખને બોલાવી લીધા હતા. સલમાન અને બિરજુએ આવીને જાફરને જણાવ્યું હતું કે, તું અમને પચ્ચીસ લાખ રૂપિયા આપી દે, તારા લીધે અમારે પચ્ચીસ લાખ રૂપિયાનો ખર્ચો થયો છે તેમ કહી યાસરે તેના હાથમાં રહેલી લોખંડની પાઇપ જાફરભાઈના માથામાં મારી દીધી હતી જેથી લોહી નીકળવા લાગ્યું હતું. તેમજ સલમાન ઉર્ફે સલ્લુ અને બિરજુએ ગડદાપાટુનો માર માર્યો હતો. બૂમાબૂમ થતા આજુબાજુના માણસો ભેગા થઈ જતા ત્રણેય શખ્સો ત્યાંથી જતા રહ્યા હતા. ઈજાગ્રસ્ત જાફરભાઈને પ્રાઇવેટ વાહનમાં મહેમદાવાદ સરકારી દવાખાનામાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર માટે તેમને નડિયાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. આ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ૧૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન

મોટર અકસ્માત વળતર, ચેક રિટર્ન અને જમીન સંપાદન સહિતના સમાધાનપાત્ર કેસો પક્ષકારો પરસ્પર સમજૂતીથી પૂરા કરાવી શકશે

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૮

નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તારીખ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬, શનિવારના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય લોક અદાલતનો મહત્તમ પક્ષકારો લાભ લઈ શકે તે હેતુથી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે, જેના ભાગરૂપે નર્મદા જિલ્લા ન્યાયાલય સહિત જિલ્લાની તમામ અદાલતોમાં આ લોક અદાલત યોજાશે.આ લોક અદાલતમાં રાજ્યની કોઈપણ અદાલત, તાલુકા કોર્ટ, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં લાંબા સમયથી પડતર હોય તેવા તમામ સમાધાનપાત્ર કેસો મૂકી શકાશે. જેમાં ખાસ કરીને મોટર અકસ્માત વળતરના કેસો, ચેક રિટર્ન (Negotiable Instruments Act)ના કેસો, જમીન સંપાદનને લગતા વિવાદો, દીવાની (Civil) દાવાઓ, કામદાર અને માલિક વચ્ચેના વિવાદો તેમજ ટ્રાફિક ચલણ અને માત્ર દંડથી શિક્ષાપાત્ર નાના ગુનાઓ જેવા તમામ પ્રકારના સમાધાનપાત્ર કેસોનો નિકાલ કરાવી શકાશે. લોક અદાલતના માધ્યમથી પક્ષકારો પરસ્પર સંમતિ અને મનમેળથી વર્ષો જૂના વિવાદોનો કાયમી અને ઝડપી ઉકેલ લાવી શકે છે. કોર્ટમાં લાંબો સમય કેસ ચલાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળતી હોવાથી વધુમાં વધુ નાગરિકો આ સુવર્ણ તકનો લાભ લે અને પોતાના પેન્ડિંગ કેસોનો સ્વેચ્છાએ નિકાલ કરાવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી કે માર્ગદર્શન મેળવવા માટે નાગરિકો નજીકની તાલુકા અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરીનો સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારના અધિકૃત ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ પર ફોન કરીને અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને પણ જરૂરી માહિતી મેળવી શકાશે તેમ નર્મદા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી બી. એમ. પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ધોરાજીમાં જળસંકટ ઘેરાયું

સિંચાઈ માટે ભાદર-૧ ડેમમાંથી પાણી છોડવાની ખેડૂતોની માંગ

ઓછા વરસાદ અને કમોસમી વરસાદથી ખેડૂતોને બેવડો ફટકો; કપાસ, મગફળી સહિતના ઊભા પાકને પાણીની જરૂર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં સિંચાઈના પાણીની અછતને કારણે ખેડૂતોની મુશ્કેલી વધી છે. ઓછા વરસાદ અને ત્યારબાદ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. હવે ઊભા પાકને બચાવવા માટે ખેડૂતો ભાદર-૧ ડેમમાંથી કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવાની માંગ કરી રહ્યા છે. જોકે, ડેમમાં પીવાના પાણીનો જથ્થો પણ મર્યાદિત હોવાથી તંત્ર સામે પાણીની ફાળવણીનો પડકાર ઊભો થયો છે.

ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન અપેક્ષા મુજબ વરસાદ ન થતાં ધોરાજી પંથકમાં ખેતી પર તેની અસર જોવા મળી હતી. ઓછા વરસાદને કારણે કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાકના ઉત્પાદન પર અસર થઈ હતી. જે પાક માંડ-માંડ બચ્યા હતા તેમને પણ પૂરતું પાણી ન મળતાં ખેડૂતોની ચિંતા વધી હતી.

ચોમાસુ પાકમાં નુકસાન સહન કર્યા બાદ ખેડૂતોને શિયાળુ વાવેતરથી આશા હતી, પરંતુ ઓક્ટોબર મહિનામાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો હતો. પરિણામે ખેડૂતોને સતત કુદરતી આફતોનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદની અછતને કારણે ધોરાજી પંથકમાં ભૂગર્ભજળના સ્તર પણ નીચે ઉતર્યા છે. કૂવા અને બોરમાં પાણીના તળ ઊંડા જતાં ખેડૂતો માટે સિંચાઈ કરવી મુશ્કેલ બની છે.હાલમાં કપાસ, મગફળી, તુવેર અને એરંડા સહિતના ઊભા પાકને પાણીની જરૂરિયાત છે. બીજી તરફ શિયાળુ વાવેતરની મોસમ શરૂ થઈ ગઈ છે, પરંતુ પાણીની અછતને કારણે ઘઉં, જીરું, ધાણા અને ચણા જેવા પાકનું વાવેતર કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

આ સ્થિતિમાં ખેડૂતોની માંગ છે કે, ભાદર-૧ ડેમમાંથી કેનાલ દ્વારા સિંચાઈ માટે પાણી છોડવામાં આવે, જેથી ઊભા પાકને બચાવી શકાય અને શિયાળુ વાવેતર પણ થઈ શકે. ખેડૂતોની માંગ સામે તંત્રની મુશ્કેલી એ છે કે, ભાદર-૧ ડેમમાં પીવાના પાણીનો જથ્થો પણ મર્યાદિત છે. મળતી વિગતો મુજબ, ડેમમાં હાલમાં આશરે ૯૯૫ MCFT પાણી ઉપલબ્ધ છે. જ્યારે પીવાના પાણીની વાર્ષિક જરૂરિયાત પૂરી કરવા માટે અંદાજે ૬૦૦ MCFT પાણીની વધુ જરૂર હોવાનું જણાવાયું છે.

ભાદર-૧ ડેમમાંથી જેતપુર, નવાગઢ નગરપાલિકા, રાજકોટ મહાનગરપાલિકા, અમરનગર જૂથ પાણી પુરવઠા યોજના અને ખોડલધામ ટ્રસ્ટ સહિતના વિસ્તારો અને સંસ્થાઓને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

ભાવનગરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી ત્રણ પેઢીને ૧૪ લાખનો દંડ ફટકારાયો

દેવ સેલ્સ અને એલિયા ઓઈલ ડેપોનું કપાસિયા તેલ અને સોફ્ટ-બી રેસ્ટોરન્ટના પનીરના નમૂના 'સબ સ્ટાન્ડર્ડ'

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ભાવનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગે આશરે એક વર્ષ પહેલાં શહેરની અલગ-અલગ ત્રણ પેઢીઓમાંથી લીધેલા ખાદ્ય પદાર્થોના નમૂના લેબોરેટરી તપાસમાં 'સબ-સ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. આ મામલે એડજ્યુડિકેટિંગ ઓફિસરની કોર્ટમાં આ કેસ ચાલી જતાં તમામ પેઢીઓ અને ઉત્પાદકોને મળીને કુલ રૂા.૧૪ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ અંગે ભાવનગર મનપાના ફૂડ ઓફિસર દેવાંગ જોષીએ જણાવ્યું હતું કે, ફૂડ વિભાગ દ્વારા બે કપાસિયા તેલના અને એક પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો, ત્રણેય નમૂના નાપાસ થયા હતા, દેવ સેલ્સ સત્યનારાયણ રોડ કપાસિયા તેલનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતાં પેઢી અને ઉત્પાદનકર્તા સહિત સંયુક્ત રીતે રૂ.૬ લાખનો દંડ કરાયો છે.

'એલિયા ઓઈલ ડેપો સ્ટેશન રોડ કપાસિયા તેલનો નમૂનો ફેલ થતાં પેઢી તથા ઉત્પાદનકર્તા સહિત તમામને સંયુક્ત રીતે રૂ.૬ લાખનો દંડ ફટકાર્યો, જ્યારે સોફ્ટ બી રેસ્ટોરન્ટ વાઘાવાડી રોડ પનીરનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જણાતાં પેઢીને કુલ રૂ.૨ લાખનો દંડ કરાયો છે, નમૂનો લેવાયો ત્યારે આ ભાગીદારી પેઢી કાર્યરત હતી, જોકે હાલમાં આ રેસ્ટોરન્ટ બંધ છે.'

આ બાબતમાં ફૂડ ઓફિસરે વધુમાં જણાવ્યું હતું કે, સરકારી લેબોરેટરીમાં નમૂના મોકલ્યા બાદ મુખ્ય બે પ્રકારે કેસ ચાલતા હોય છે જેમાં સબ-સ્ટાન્ડર્ડ સામાન્ય ભેળસેળ જ્યારે ખાદ્ય પદાર્થમાં સામાન્ય ભેળસેળ હોય અને તે સબ-સ્ટાન્ડર્ડ જાહેર થાય, ત્યારે તેનો કેસ એડજ્યુડિકેટિંગ કોર્ટ ડી.એમ. શાખામાં ચાલે છે. જેમાં માત્ર દંડાત્મક કાર્યવાહી થાય છે અને દંડ ભર્યા બાદ વેપારીને ધંધો કરવાની છૂટ મળે છે.'અખાદ્ય વસ્તુ જ્યારે ખાદ્ય પદાર્થ આરોગ્ય માટે હાનિકારક એટલે કે અખાદ્ય જાહેર થાય, ત્યારે ફૂડ વિભાગ પોતે ફરિયાદી બનીને સંબંધિત વિસ્તારની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ દાખલ કરે છે, જેમાં દંડ ઉપરાંત જેલની સજાની પણ કડક જોગવાઈ રહેલી છે.'

મહુવામાં શ્રમ સંહિતાઓ અંગે જિલ્લા કક્ષાનો 'શ્રમ સંવાદ' કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૧૮

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે એ.પી.એમ.સી.ના સરદાર હોલમાં શ્રમ સંહિતાઓ અંગે જાગૃતિ કેળવવા અને તેના અસરકારક અમલીકરણને વેગ આપવા તથા ઔદ્યોગિક એકમોની ક્ષમતા વધારવાના હેતુથી જિલ્લા કક્ષાનો શ્રમ સંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રમ સંહિતાઓની જોગવાઈ, નોકરીદાતાઓની વૈધાનિક જવાબદારીઓ, શ્રમિકોના હિતો અને સામાજિક સુરક્ષાના વિવિધ પાસાઓ અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના સલાહકાર ડૉ. આર.જી. મીનાએ શ્રમ સંહિતાઓની જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, નવી શ્રમ સંહિતાઓ હેઠળ શ્રમ વિભાગની કામગીરી માત્ર નિરીક્ષણ પૂરતી મર્યાદિત રહેશે નહીં પરંતુ ઉદ્યોગો અને સંસ્થાઓને કાયદાકીય જોગવાઈઓનું પાલન કેવી રીતે કરવું તે અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન કોઈ ખામી જણાય તો સંબંધિત સંસ્થાને સુધારણા માટે નોટિસ આપી પોતાનો જવાબ રજૂ કરવાની તક મળશે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર ક્રિષ્ના કુમારે સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ની જોગવાઈઓ તથા તેના અનુપાલન અંગે વિસ્તૃત સમજ આપી હતી. ભવિષ્ય નિધિ સંગઠનના યોગેન્દ્રસિંહ શેખાવતે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PMVBRY) અંગે માહિતી આપી હતી. મદદનીશ શ્રમ આયુક્ત એસ.એ. ભપલે વેતન સંહિતા, ૨૦૧૯, વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા, ૨૦૨૦ તથા ઔદ્યોગિક સંબંધ સંહિતા હેઠળની જોગવાઈઓ અને તેના અનુપાલન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મની લોન્ડ્રિંગ કેસમાં વચગાળાના જામીન પર આઝમ ખાન દાસના જેલમાંથી બહાર આવ્યા; રામપુર જવા રવાના થયા

(એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૮

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન બુધવારે ગાઝિયાબાદની દાસના જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન પર મુક્ત થયા છે. તેઓ રામપુર જઈ રહ્યા છે. ખાનના પુત્ર, અબ્દુલ્લા આઝમ ખાન, તેમના પિતાના સ્વાગત માટે જેલ પરિસરમાં પહોંચ્યા હતા. સમાચાર એજન્સી ANIના અહેવાલ મુજબ SP નેતાના સમર્થકો પણ દાસના જેલની બહાર એકઠા થયા હતા. અલ્હાબાદ હાઇકોર્ટે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ખાનને વચગાળાના જામીન આપ્યા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે, તેમની ધરપકડને લગતી ફરિયાત જોગવાઈઓનું પ્રથમ દૃષ્ટિએ ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું ન હતું. ન્યાયમૂર્તિ રાજીવ ગુપ્તા અને ન્યાયમૂર્તિ દેવેન્દ્ર સિંહની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ, ખાનની ધરપકડ સમયે બંધારણની કલમ ૨૨(૧) અને 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ'ની કલમ ૧૯ હેઠળની ફરજિયાત જોગવાઈઓનું કડકાઈથી પાલન કરવામાં આવ્યું ન હતું. કોર્ટે ખાનને વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમના બે જામીનદારો સાથે મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. ANIના અહેવાલ મુજબ તેમણે ગાઝિયાબાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને સંતોષ થાય તે રીતે જામીન બોન્ડ રજૂ કરવા પડશે. આ મામલે આગામી સુનાવણી ૧૦ ડિસેમ્બરે નક્કી કરવામાં આવી છે. અલ્હાબાદ હાઇકોર્ટમાં ખાન વતી વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ અને ઈમરાન ઉલ્લાહ હાજર રહ્યા હતા. આ વચગાળાની રાહત વરિષ્ઠ SP નેતા વિરુદ્ધ EDના મની લોન્ડ્રિંગ કેસમાં મળી છે.

વિરોધ પ્રદર્શન ઊંધું પડ્યું! સોનિયા ગાંધીના પુસ્તક સામે વિરોધ કરતી વખતે શિંદે સેનાના નેતા શાઈના NCએ ભૂલથી બાળ ઠાકરેનો ફોટો ફાડી નાખ્યો

સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોન્ગિંગ' સામે શિંદે સેનાનો વિરોધ ત્યારે ઊંધો પડ્યો જ્યારે શાઈના NCએ બાળ ઠાકરેનો ફોટો ફાડી નાખ્યો, UBT સેનાએ તેમને 'નકલી સૈનિકો' ગણાવ્યા, જ્યારે કોંગ્રેસે પોલીસ કેસ કરવાની માંગ કરી

(એજન્સી) તા.૧૮

એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના દ્વારા સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોંગિંગ' સામે વિરોધ પ્રદર્શન, પાર્ટીના નેતા શાઈના NCએ ભૂલથી સેનાના સ્થાપક બાલ ઠાકરેનો ફોટો ફાડી નાખ્યા બાદ મોટા રાજકીય વિવાદમાં પરિણમ્યું.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના અને કોંગ્રેસે શાઈના NC પર કથિત રીતે સેનાના સ્થાપકનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે.

સોનિયા ગાંધીના પુસ્તકનો વિરોધ : એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ બુધવારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના સંસ્મરણોના વિતરણનો વિરોધ કર્યો, જેમાં વીર સાવરકરને બદનામ કરવાનો અને ઇતિહાસને સફેદ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

શાઇના NC, સંજય નિરૂપમ અને આનંદ દુબે સહિત શિવસેનાના નેતાઓએ પુસ્તકમાંથી પાના ફાડી નાખ્યા અને માંગ કરી કે પ્રકાશક હાર્પરકોલિન્સ પાના ૨૦૧ અને ૪૪૩ પરના ફકરા દૂર કરે. જો કે, નેતાઓએ પુસ્તકમાંથી પાના ફાડી નાખ્યતા, શાઇના NCએ બાલ ઠાકરેનો એક ફોટો ફાડી નાખ્યો જેમાં તેઓ કોંગ્રેસના દિગ્ગજ નેતા મણિશંકર ઐયરના પુતળાને ચપ્પલથી મારતા જોવા મળે છે.

પાર્ટીના સાથી સંજય નિરૂપમે ભૂલ તરફ ધ્યાન દોર્યા પછી શાઇના NC ઉતાવળે ફાટેલા ફોટોગ્રાફને કાળજી નીચે છૂપાવતી જોવા મળી. સેનાના નેતાઓએ પાછળથી આગ્રહ કર્યો કે ફાટેલા ફોટોગ્રાફમાં બાલ ઠાકરે નહીં પણ ઐયરનો ફોટો છે. શાઇના NCએ પાછળથી સ્પષ્ટતા કરી કે તેણીએ બાલ ઠાકરેનો નહીં પણ મણિશંકર ઐયરનો ફોટો ફાડી નાખ્યો હતો.

શિંદે સેના ઠાકરેનો ફોટો કેમ લાવ્યો ? : બાલ ઠાકરે પાર્ટીના કટ્ટર વિરોધી રહ્યા હોવા છતાં કોંગ્રેસ સાથે જોડાણ કરવા બદલ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેનાને નિશાન બનાવવા માટે સેનાના નેતાઓ ઐયરના પુતળા પર માર મારતો ઠાકરેનો ફોટો લાવ્યા હતા.

યુબીટી સેના, કોંગ્રેસે શાઇના NCની ટીકા કરી : શિંદે સેના પર પ્રહાર કરતા યુબીટી સેનાના સાંસદ સંજય રાઉતે તેમને 'નકલી સૈનિક' કહ્યા અને કહ્યું કે, 'બાળાસાહેબનું અપમાન કરનારાઓને જાહેરમાં કોરડા મારવા જોઈએ'. આ ઘટનાથી બીએમસીમાં હોબાળો મચી ગયો, યુબીટી સેનાના કોર્પોરેટરોએ શાઇના NC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને તેમને પાર્ટીમાંથી હાંકી કાઢવાની માંગ કરી. UBT સેનાના પૂર્વ મુંબઈ મેયર કિશોરી પેડણેકરે કહ્યું કે, બાલાસાહેબના અપમાનને કોઈ સહન કરશે નહીં અને શિંદે જૂથ દ્વારા સેનાના સ્થાપક પ્રત્યે દર્શાવવામાં આવેલા પ્રેમને 'ખોટો' ગણાવ્યો. UBT સેનાના કોર્પોરેટરોએ BMC મુખ્યાલયમાં મેયર રીતુ તાવડેની ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન પણ કર્યું. વળતો પ્રહાર કરતા શિવસેના (શિંદે જૂથ)ના ગ્રુપ લીડર અમી ઘોલેએ કહ્યું કે, સોનિયા ગાંધીનું પુસ્તક UBT જૂથ માટે 'ભગવદ્ ગીતા' બની ગયું છે. ઘોલેએ પુનરોચ્ચાર કર્યો કે તેમણે જે તસવીર ફાડી હતી તે મણિશંકર અય્યરની હતી અને ઉમેર્યું કે વાસ્તવમાં આ બાબતથી જ UBT જૂથને પીડા થઈ રહી છે. આ વિવાદ વચ્ચે સેના પ્રમુખ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શાઇના NCને બોલાવી હતી. તેમણે વિધાનસભામાં શિંદે સાથે મુલાકાત કરી. કોંગ્રેસ નેતા નાના પટોલેએ આ ઘટનાને લઈને શિંદેના નેતૃત્વવાળી શિવસેનાની આકરી ટીકા કરી અને માંગ કરી કે તેમાં સામેલ પ્રવક્તાઓ વિરુદ્ધ પોલીસ કેસ નોંધવામાં આવે. મુંબઈ કોંગ્રેસના પ્રમુખ વર્ષા ગાયકવાડે પણ શિવસેના પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું, 'આ માત્ર એક તસવીરનું અપમાન નહોતું પરંતુ મહારાષ્ટ્રના ગૌરવનું અને લાખો શિવસૈનિકોની લાગણીઓનું અપમાન હતું, જેઓ બાલાસાહેબ પ્રત્યે અપાર પ્રેમ અને આદર ધરાવે છે.'

તસવીર વિશે : ૨૩ ઓગસ્ટ, ૨૦૦૪ના રોજ બાળ ઠાકરે મુંબઈના શિવાજી પાર્ક ખાતે સાવરકર સ્મારક પાસે 'જોડે મારો' (ચંપલ મારવા) આંદોલન શરૂ કરવા માટે પોતાના નિવાસસ્થાનેથી બહાર આવ્યા હતા. ઠાકરે પોતાની સાથે ચંપલ લાવ્યા હતા અને તેમણે મણિશંકર અય્યરના પૂતળા પર ચંપલ માર્યા હતા. ત્યારબાદ સેનાના વરિષ્ઠ નેતાઓ અને સેંકડો કાર્યકરો પણ તેમાં જોડાયા અને તેમણે પણ જૂના પગરખાં વડે પૂતળા પર પ્રહાર કર્યા. ઓગસ્ટ ૨૦૦૪નું આ વિરોધ પ્રદર્શન શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે દ્વારા તત્કાલીન કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી મણિશંકર અય્યર વિરુદ્ધ આયોજિત કરવામાં આવ્યું હતું, કારણ કે, તેમણે હિન્દુત્વ વિચારક વીર સાવરકરનું અપમાન કરતી ટિપ્પણીઓ કરી હોવાનો આરોપ હતો.

'આની બેગમાં ગાંજો મૂકી દો' : સિયોનીના ASP CCTVમાં કેદ, યુવાન અપરિણીત યુગલને ફસાવવાની ધમકી આપી

હોટેલમાં દરોડા દરમિયાન યુવાન અપરિણીત યુગલને ફસાવવાની ધમકી; મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ ૬ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો



વાયરલ થયેલા CCTV ફૂટેજમાં ASP દીપક મિશ્રા યુગલને ફસાવવાની ધમકી આપતા જોવા મળે છે. આ ઘટના ત્યારે બની જ્યારે યુગલે તેમના પરિવારજનોને ફોન કરવાનો ઈન્કાર કર્યો હતો

(એજન્સી) સિયોની, તા.૧૮

મધ્યપ્રદેશના સિયોની જિલ્લામાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સ્થાનિક હોટેલમાં રોકાયેલા એક યુગલને ફસાવવા માટે તેમની પાસે 'ગાંજો' (કેફી પદાર્થ) મૂકી દેવાની ધમકી આપી હોવાનો આરોપ છે. આ ઘટના બાદ મુખ્યમંત્રી મોહન યાદવે બુધવારે ૬ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા CCTV ફૂટેજમાં એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (ASP) દીપક મિશ્રા યુગલને ફસાવવાની ધમકી આપતા જોવા મળે છે. આ ઘટના ૧૩ નવેમ્બરની હોવાનું મનાય છે. આ વીડિયો મુખ્યમંત્રી સુધી પહોંચતા તેમણે કહ્યું કે, પોલીસ ગણવેશમાં રહીને શિસ્તહીનતા કે ગેરવર્તન કોઈપણ સ્વીકાર્ય નથી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુગલને લઈને પોલીસ અને હોટેલ માલિક વચ્ચે વિવાદ થયો હતો. મહિલા પર તેના પરિવારજનોને ફોન કરવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાનો આરોપ છે. જ્યારે તેણે તેમ કરવાનો ઈન્કાર કર્યો, ત્યારે તેની સાથે રહેલા યુવકને કહેવામાં આવ્યું કે તેની બેગમાં ગાંજો મૂકી દેવામાં આવશે. આ વીડિયોને કારણે પોલીસની ભારે ટીકા થતાં, ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) કૈલાશ મકવાણાએ મુખ્યમંત્રી યાદવને એક પ્રસ્તાવ મોકલીને ASP દીપક મિશ્રા અને સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર (SDOP) ચંચલેશ મરકામને સસ્પેન્ડ કરવાની ભલામણ કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, પોલીસ ગણવેશમાં રહીને શિસ્તહીનતા કે ગેરવર્તન કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. પોલીસ દળમાં શિસ્ત, જવાબદારી અને સમર્પણ સર્વોપરી છે.

સોનિયા ગાંધીના પુસ્તકનું વિમોચન એ વિપક્ષી એકતા માટેની એક રાજકીય કવાયત પણ હતી

ગાંધી-નેહરૂ પરિવારના બલિદાનો અંગેનું તેમનું વર્ણન, ચૂંટણીઓમાં ભાવનાત્મક સ્તરે ભાજપના પ્રભુત્વને પડકારે છે

(એજન્સી) તા.૧૮

વિપક્ષ સમયાંતરે એકબીજાની નજીક આવી રહ્યો છે. તાજેતરના બે કાર્યક્રમો - ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' અંગે યોજાયેલી રેલી અને ૧૬ નવેમ્બરે સોનિયા ગાંધીના પુસ્તકનું વિમોચન - એક મહત્ત્વપૂર્ણ લક્ષ્ય સિદ્ધ કરતા જણાય છે: ગાંધી પરિવારનું નેતૃત્વ સ્થાપિત કરવું. 'બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ' પુસ્તકના વિમોચન પ્રસંગે વિપક્ષી નેતાઓને પ્રથમ હરોળમાં સ્થાન મળ્યું, જેણે કોંગ્રેસમાં ફરી એવી આશાઓ જગાડી છે કે, કદાચ ૨૦૦૪માં 'યુનાઇટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ' (UPA)-Iની રચના વખતે જે તાલમેલ જોવા મળ્યો હતો, તે ફરી સર્જી શકાય. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પુસ્તક વિમોચન અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા આશાવાદ દર્શાવ્યો. તેમણે લખ્યું, 'ચાલો આપણે સાથે મળીને એક એવું પુસ્તક લખીએ જેમાં પરિવર્તનની ક્રાંતિનું વર્ણન હોય.' તેમણે પુસ્તકો અને પ્રકાશનના મહત્ત્વ વિશે પણ વાત કરી. જો કે, તેમને અને તેમના પત્ની ડિમ્પલ યાદવને જે ઉષ્માભર્યું સ્વાગત મળ્યું, તેનાથી તેઓ સંતુષ્ટ જણાતા હતા. વિપક્ષ અને રાજકીય વિશ્લેષકોની નજર હવે ઉત્તરપ્રદેશ પર છે. નવી દિલ્હીની સત્તાની ચાવી લખનૌ પાસે છે અને ફેબ્રુઆરી-માર્ચમાં ઉત્તરપ્રદેશમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ આગામી સમયમાં ભારતીય રાજકારણ કઈ દિશામાં જશે તે સ્પષ્ટ કરી શકે છે. રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાયેલા આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ - જેમાં કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ પદાધિકારીઓનો સમાવેશ થાય છે - તેઓ પાછળની હરોળમાં રહ્યા. ઓમર અબ્દુલ્લાહથી લઈને હેમંત સોરેન સુધી, સુપ્રિયા સુલેથી લઈને સી. જોસેફ વિજય સુધી અને અખિલેશ યાદવથી લઈને અભિષેક બેનર્જી સુધીના નેતાઓની હાજરી દ્વારા, સોનિયા ગાંધીના પુસ્તક વિમોચનના માધ્યમે કોંગ્રેસે પ્રાદેશિક વિપક્ષી પક્ષોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, તેઓ કોંગ્રેસના નેતૃત્વ હેઠળના જૂથનો હિસ્સો છે. આ કાર્યક્રમમાં રાજકીય રંગ પણ સ્પષ્ટપણે જોવા મળ્યો, કારણ કે, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ પણ ત્યાં હાજર રહ્યા હતા. થોડા અઠવાડિયા પહેલા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સિંહના વખાણ કર્યા હતા અને તેમને એક સેન્ય ઈતિહાસકાર તરીકે ઓળખાવ્યા હતા. પંજાબમાં રાજકીય ગરમાવો પહેલેથી જ વધી રહ્યો છે, કારણ કે આવતા વર્ષની શરૂઆતમાં ત્યાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે.

મારી સાથે સ્પર્ધા કરવા માટે ૪૦૦૦ કિ.મી. ચાલો : રાહુલ ગાંધીએ અલગ રાજકીય ઓળખ અંગે વડાપ્રધાન મોદીનો ઉલ્લેખ કર્યો

અમેરિકામાં બોલતા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પોતાની ૪૦૦૦ કિ.મી. લાંબી 'ભારત જોડો યાત્રા'નો ઉલ્લેખ કરતા સમજાવ્યું કે, શા માટે અન્ય લોકો સાથે સ્પર્ધા કરવા કરતાં પોતાની એક અલગ રાજકીય ઓળખ ઊભી કરવી વધુ મહત્ત્વપૂર્ણ છે, તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અન્ય રાજકારણીઓ કરતાં મૂળભૂત રીતે અલગ ગણાવ્યા

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં એક કાર્યક્રમ દરમિયાન રાજકીય વિશિષ્ટતાના ખ્યાલને સમજાવતી વખતે પોતાની ૪૦૦૦ કિલોમીટર લાંબી 'ભારત જોડો યાત્રા'નો ઉલ્લેખ કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક એવા રાજકારણીના ઉદાહરણ તરીકે ટાંકતા જેમણે પોતાની એક અલગ ઓળખ બનાવી છે, રાહુલ ગાંધીએ કહ્યું કે, જે કોઈ તેમની સાથે 'યાત્રા'ના મોરચે સ્પર્ધા કરવા માંગતું હોય, તેણે પણ આવી જ યાત્રા કરવી પડશે. વાયનાડના સાંસદે મંગળવારે કહ્યું, 'જો તમે મારી સાથે સ્પર્ધા કરવા માંગતા હો, તો તમારે ૪૦૦૦ કિલોમીટર ચાલવું પડશે. પરંતુ જો તમે ૪૦૦૦ કિલોમીટર ચાલશો, તો લોકો કહેશે કે તમે મારી નકલ કરી રહ્યા છો.' લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ વડાપ્રધાન મોદીને એવા રાજકારણીના ઉદાહરણ તરીકે રજૂ કર્યા જેઓ એક વિશિષ્ટ રાજકીય સ્થાન ધરાવે છે. તેમણે કહ્યું, 'એક રાજકારણી તરીકે, મોદી પણ વાસ્તવમાં તેની (અન્ય રાજકારણીઓ સાથેની) સ્પર્ધામાં નથી હોતા. જો તમે તેના વિશે વિચારો, તો તેઓ મૂળભૂત રીતે અન્ય તમામ રાજકારણીઓથી અલગ છે.' કોંગ્રેસ નેતા એ વિચાર સમજાવી રહ્યા હતા કે, સફળતા અન્ય લોકો સાથે સ્પર્ધા કરવામાં નથી પરંતુ એક એવી જગ્યા ઊભી કરવામાં છે જ્યાં વ્યક્તિની ઓળખ બીજા બધાથી સાવ અલગ હોય. સ્પર્ધા વિશે પોતાના ભત્રીજા સાથે થયેલી વાતચીતને યાદ કરતા તેમણે કહ્યું, 'જો તમે સ્પર્ધા કરી રહ્યા છો, તો તમે પહેલેથી જ હારી ગયા છો (અથવા 'મૃત' સમાન છો), ખરું ને? કારણ કે, પછી તો માત્ર એ જ સવાલ રહે છે કે કોણ વધુ ઝડપથી દોડશે અને તમને હંમેશા કોઈ એવું મળી જ જશે જે તમારા કરતા વધુ ઝડપથી દોડતું હોય.' રાહુલ ગાંધીએ દલીલ કરી કે આગળ વધવાનો માર્ગ એ છે કે અટક્યા વિના કંઈક વિશિષ્ટ કરતા રહેવું, જ્યાં સુધી અન્ય લોકો પાછળ ન રહી જાય. તેમણે રાજકારણમાં પ્રવર્તતા એવા 'અલિખિત નિયમો'ને પડકારવા વિશે પણ વાત કરી, જેમાં એવી માન્યતાનો સમાવેશ થાય છે કે, રાજકારણીઓ સારા કે પ્રમાણિક ન હોઈ શકે અથવા તેઓ પ્રેમ અને સ્નેહનો ઉપયોગ ન કરી શકે. તેમણે કહ્યું, 'રાજકારણમાં એક એવો અલિખિત નિયમ છે કે, તમે સારા ન હોઈ શકો, તમે પ્રમાણિક ન હોઈ શકો અને તમે પ્રેમ કે સ્નેહનો ઉપયોગ ન કરી શકો.'

કોંગ્રેસે મોંઘવારી અંગે શ્વેતપત્રની માંગ કરી, વધતા ભાવોને નિયંત્રિત કરવા માટે વડાપ્રધાન મોદીની યોજના માંગી

જયરામ રમેશે છૂટક ફુગાવો ૬.૦૯% અને જથ્થાબંધ ફુગાવો ૧૨.૨૯% હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઘરના બજેટ પર દબાણ વધી રહ્યું છે

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસે બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી ફુગાવા પર શ્વેતપત્ર બહાર પાડવાની માંગ કરી હતી, જેમાં સરકાર વધતી કિંમતોને કાબૂમાં લેવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો અને સામાન્ય પરિવારોને રાહત આપવા માટે નક્કર પગલાં અંગે સ્પષ્ટતા માંગી હતી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સ્માર્ટફોન, ટેલિવિઝન, રેફ્રિજરેટર અને અન્ય રોજિંદા ઉત્પાદનો બનાવતી કંપનીઓ દ્વારા સંભવિત ભાવ વધારા અંગેના અહેવાલોને ટાંકીને આવશ્યક ચીજવસ્તુઓ અને ગ્રાહક માલના વધતા ભાવોને ધ્યાનદેવન કર્યું હતું. X પરની એક પોસ્ટમાં રમેશે ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવો ૧૨.૨૯ ટકા સુધી પહોંચવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે ઈંધણ, વીજળી અને બિન-ખાદ્ય વસ્તુઓના ઊંચા ભાવને કારણે છે. પોતાની હિન્દી પોસ્ટમાં રમેશે કહ્યું કે, ફુગાવો મુખ્ય હેડલાઈન બની ગયો છે, જેના કારણે ઘરગથ્થુ બજેટ પર દબાણ વધી રહ્યું છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, રોજિંદા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે, જેમાં મોબાઇલ ફોન અને ટેલિવિઝનથી લઈને બિસ્કિટ અને મીઠા સુધીના ઉત્પાદનોમાં સંભવિત વધારો સૂચવવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે, દૂધના ભાવમાં વધારો થયો છે, જ્યારે ઘી અને ખાદ્ય તેલ પણ વધુ મોંઘા થયા છે. રમેશે આરોપ લગાવ્યો હતો કે, કંપનીઓ કાં તો ભાવ વધારી રહી છે અથવા પેકેટમાં ઉત્પાદનોની માત્રા ઘટાડી રહી છે, જેના કારણે ગ્રાહકોને તેમના પૈસા ઓછા મળી રહ્યા છે. પરિણામે સામાન્ય માણસ દરેક દિશામાંથી ફુગાવાના બોજનો સામનો કરી રહ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. ફુગાવાના આંકડા ટાંકીને રમેશે જણાવ્યું હતું કે, ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૬.૦૮ ટકા પર પહોંચી ગયો હતો, જ્યારે ખાદ્ય ફુગાવો ૮.૪૪ ટકા હતો. વર્તમાન ગ્રાહક ભાવ સૂચકાંક શ્રેણી હેઠળ, પ્રથમ વખત છૂટક ફુગાવાએ ભારતીય રિઝર્વ બેંકની ૬%ની ઉપલી સહનશીલતા મર્યાદાનો ભંગ કર્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. 'ઘરગથ્થુ ઉપકરણોથી લઈને દૈનિક જરૂરિયાતો સુધીની દરેક વસ્તુના ભાવમાં સતત વધારાને કારણે ૬૧% ભારતીય પરિવારોના માસિક ખર્ચમાં ૨૦%થી વધુનો વધારો થયો છે,' તેમણે કહ્યું. જથ્થાબંધ ફુગાવો પણ ૧૨.૨૯ ટકા સુધી વધી ગયો છે, જે નવી જથ્થાબંધ ભાવ સૂચકાંક શ્રેણીની રજૂઆત પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે, જેમાં ૨૦૨૨-૨૩ને આધાર વર્ષ તરીકે ગણવામાં આવે છે, રમેશે જણાવ્યું હતું. 'આનો અર્થ એ છે કે, ફુગાવાનું દબાણ હવે માત્ર ગ્રાહકોના ખિસ્સા પૂરતું સીમિત નથી રહ્યું; તે હવે ઉત્પાદન ખર્ચ અને વ્યવસાયિક કામગીરીના ખર્ચમાં પણ વધારો કરી રહ્યું છે,' રમેશે કહ્યું. તેમણે ઉધાર લેવાના ખર્ચમાં (વ્યાજ દરોમાં) વધારો થવાની શક્યતા તરફ પણ ધ્યાન દોર્યું અને ઉલ્લેખ કર્યો કે RBIએ ઓક્ટોબરમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરીને તેને ૫.૫૦ ટકા કર્યો હતો.

મ્યાનમાર દ્વારા રોહિંગ્યા વિરુદ્ધ નરસંહાર કરવાના આરોપના કેસમાં UNની ટોચની અદાલત ચુકાદો આપશે

ગયા વર્ષની શરૂઆતમાં યોજાયેલી જાહેર સુનાવણીઓમાં મ્યાનમારે તેના ઘાતક સૈન્ય અભિયાનનો બચાવ કર્યો અને તેને આતંકવાદ વિરોધી એક કાયદેસરની કાર્યવાહી ગણાવી, જે નરસંહાર સમાન ન હતી

(એજન્સી) હેગ, તા.૧૮

સંયુક્ત રાષ્ટ્રની ટોચની અદાલત ગુરૂવારે મ્યાનમાર પર મુસ્લિમ લઘુમતી રોહિંગ્યા વિરુદ્ધ નરસંહાર કરવાનો આરોપ લગાવતા કેસમાં ચુકાદો આપવાની છે, જે તેમની દુર્દશાને હળવી કરવા અને રાજકીય રીતે આરોપિત અન્ય કેસો માટે કાનૂની દાખલો બેસાડવાનો પ્રયાસ કરી શકે છે. મુસ્લિમ બહુમતી ધરાવતા આફ્રિકન રાષ્ટ્ર ગામ્બિયાએ ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં તેને આદેશ આપવાનું કહેવામાં આવ્યું હતું કે, મ્યાનમાર ૧૯૪૮ના નરસંહાર સંમેલનનો ભંગ કરે છે, રાષ્ટ્રને રોહિંગ્યાઓને લક્ષ્ય બનાવતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો અંત લાવવાનો આદેશ આપે અને નરસંહાર માટે જવાબદાર લોકોને સજા મળે તેની ખાતરી કરે. ગયા વર્ષની શરૂઆતમાં જાહેર સુનાવણીમાં, મ્યાનમારે તેના ઘાતક લશ્કરી અભિયાનનો બચાવ કર્યો હતો, તેને કાયદેસર આતંકવાદ વિરોધી કાર્યવાહી ગણાવી હતી જે નરસંહાર સમાન નહોતી. આ ચુકાદો ત્યારે આવ્યો છે જ્યારે વિશ્વ અદાલત પણ ગાઝા સંઘર્ષ અને યુક્રેનમાં યુદ્ધ સાથે જોડાયેલા નરસંહારના આરોપોને સંભાળી રહી છે. 'નરસંહાર કેવી રીતે કરવામાં આવે છે તેમાં સમાનતાઓ છે તેથી આ નિર્ણય અન્ય કેસો પર અસર કરશે,' યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રોફેસર મેલાની ઓ'બ્રાયને જણાવ્યું હતું. જો ન્યાયાધીશોએ મ્યાનમાર પર નરસંહારનો આરોપ લગાવ્યો હોય, તો આંતરરાષ્ટ્રીય ન્યાયાલયે આ પ્રકારનો ચુકાદો આપ્યો હોય તેવી આ પહેલી ઘટના હશે. ૨૦૦૭માં કોર્ટે કહ્યું હતું કે, ૧૯૯૫ના સ્રેબ્રેનિકા હત્યાકાંડમાં સર્બિયાએ 'નરસંહાર અટકાવવાની જવાબદારીનું ઉલ્લંઘન કર્યું', જ્યારે બોસ્નિયન સર્બ દળોએ બોસ્નિયન ક્ષેત્રમાં લગભગ ૮૦૦૦ મુસ્લિમ પુરૂષો અને છોકરાઓની હત્યા કરી હતી.

મ્યાનમારમાં રોહિંગ્યાઓને લાંબા સમયથી મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા છે : બૌદ્ધ બહુમતી ધરાવતા મ્યાનમાર લાંબા સમયથી રોહિંગ્યાઓને બાંગ્લાદેશના 'બંગાળીઓ' માનતા આવ્યા છે, તેમ છતાં તેમના પરિવારો પેઢીઓથી દેશમાં રહે છે. ૧૯૮૨થી લગભગ બધાને નાગરિકતા નકારવામાં આવી છે, જેના કારણે તેઓ રાજ્યવિહીન બની ગયા છે. તેમને હિલચાલની સ્વતંત્રતા અને અન્ય મૂળભૂત અધિકારોનો પણ ઇન્કાર કરવામાં આવ્યો છે.

દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો સામે વેપારીઓની અરજી પર સુપ્રીમ કોર્ટે CJP, કોંગ્રેસ, AAP અને AISAને નોટિસ જારી કરી

ભારતના મુખ્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની એક બેન્ચે દિલ્હીની કિરાણા સમિતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ પાઠવી

(એજન્સી) તા.૧૮

સુપ્રીમ કોર્ટે બુધવારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો તેમજ 'કોકરોચ જનતા પાર્ટી' અને 'ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ યુનિયન' જેવી સંસ્થાઓ પાસેથી જવાબ માંગ્યા છે. આ માગણી બજારના વેપારી સંગઠનો દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજીના સંદર્ભમાં કરવામાં આવી છે, જેમાં રામલીલા મેદાનને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકે નિયત કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. વેપારીઓએ દલીલ કરી છે કે, આ મેદાન પર થતાં વિરોધ પ્રદર્શનોને કારણે વેપાર-ધંધામાં વિક્ષેપ પડે છે, આજીવિકા પર અસર થાય છે અને નજીકના રહેણાંક વિસ્તારો તરફ જતા રસ્તાઓ સુધી પહોંચવામાં અવરોધ ઊભો થાય છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (અહીં ઉલ્લેખિત સંદર્ભ મુજબ સૂર્યકાંત)ના નેતૃત્વ હેઠળની ખંડપીઠે આ નોટિસ જારી કરી છે. આ અરજી દિલ્હીની 'કિરાણા કમિટી' અને ચાવરી બજારના 'દિલ્હી આયર્ન એન્ડ હાર્ડવેર મર્ચન્ટ્સ એસોસિએશન' દ્વારા ૧૬ ઓક્ટોબરે દાખલ કરવામાં આવી હતી. આ અરજી તે સમયે દાખલ કરવામાં આવી હતી જ્યારે CJP દ્વારા કોનોટ પ્લેસ ખાતે 'લેહરા દો તિરંગા' (ત્રિરંગો લહેરાવો) કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં AISA પણ સહભાગી થવાનું હતું. ન્યાયાધીશ જોયમાલ્યા અને વી. મોહનાનો સમાવેશ કરતી આ ખંડપીઠે કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર, કોંગ્રેસ, AAP, CJP અને AISA પાસેથી જવાબ માંગ્યા છે. કોર્ટે આ મામલાની સુનાવણી બે અઠવાડિયા પછી હાથ ધરવાનું નક્કી કર્યું છે. અરજદારો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહત

ભાજપના નેતા પબુભા માણેકના કોળી સમાજના મુખ્યમંત્રીના નિવેદનથી મધપૂડો બરોબરનો છંછેડાયો !

પરષોત્તમભાઇએ જે કહ્યું તે બરાબર, સમાજને હજી મોટું સ્થાન મળવું જોઇએ

નિવેદનના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે કોળી સમાજના CMના સમર્થનમાં ભાજપ MLAનું નિવેદન

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીને હજી એક વર્ષ કરતા વધુ સમયની વાર છે. પરંતુ દ્વારકાના ભાજપના અગ્રણી નેતા પબુભા માણેકે કોળી સમાજના મુખ્યમંત્રીને લઈ નિવેદન આપી જે મધપૂડો છંછેડ્યો છે. તેના ઘેરા પ્રત્યાઘાતો જારી રહ્યા છે. આ સાથે રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે. કોળી સમાજના દિગ્ગજ નેતા અને રાજ્ય સરકારમાં મંત્રી પરસોત્તમ સોલંકીએ પબુભાના નિવેદનને સમર્થન આપ્યા બાદ હવે આ મામલે હિરા સોલંકીએ પણ નિવેદન આપ્યું છે. તેઓએ કહ્યું કે, 'ભાઇએ જે કહ્યું તે બરાબર છે સમાજને હજુ મોટું મળવું જોઇએ'.

રાજુલાના ધારાસભ્ય હિરા સોલંકીએ જણાવ્યું કે, રાજ્યપાલ અહીં આવ્યા છે જેથી હું બે દિવસથી એમની સાથે છું, એટલે મને નથી ખબર કોણે શું વાત કરી છે. પણ હું સ્પષ્ટતા કરી દઉં કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ દેશનું ઉચ્ચસ્થાન પણ એકવાર કોળી સમાજને મળ્યું છે. મહામહિમ રાષ્ટ્રપતિ પણ રામનાથ કોવિંદને બનાવ્યા હતા. મુખ્યમંત્રી કોને બનાવવા એ પાર્ટીનું મોવડીમંડળ નક્કી કરતું હોય છે. સમય-સમયાંતરે દરેક સમાજને ધ્યાન ઉપર રાખી અને જેને જે વ્યવસ્થા પર બેસાડવાના થતા હોય ત્યારે પાર્ટી બેસાડે છે, એમાં કોઇ શંકાનું સ્થાન નથી. મુખ્યમંત્રી કોળી સમાજના હોવા જોઇએના પરસોત્તમ સોલંકીના નિવેદન મામલે જણાવ્યું કે, ભાઇએ જે કાંઇ વાત કરી છે તે બરાબર છે, બધાના વિચારો અલગ-અલગ હોય છે. ભાઇએ વાત કરી તેમ હજુ મોટું સ્થાન મળવું જોઇએ. આ દરેક સમાજની લાગણી હોય અને થવું જોઇએ પણ મુખ્યમંત્રીની જે વાત છે એ તો મોવડીમંડળ નક્કી કરે અને એના પ્રમાણે જ ચાલતું હોય છે.

દ્વારકા કોળી સમાજની વાડી ખાતે ૧૨ નવેમ્બરે યોજાયેલા માતાના માંડવાના પ્રસંગે રાજુલાના ધારાસભ્ય હિરા સોલંકીની હાજરીમાં પબુભાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી પણ તમારા સમાજના હોવા જોઈએ. તમારો સમાજ ગુજરાત લેવલે બીજા નંબરનો છે, આગળ જે થયું એ આપણા વડીલોએ પણ બધુ સારૂં જ કર્યું હશે.

આ અંગે પ્રતિક્રિયા આપતા પરસોત્તમ સોલંકીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, પબુભા માણેકે જે નિવેદન આપ્યું છે તેને મારૂં સમર્થન છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સમાજ પ્રમાણે કોળી સમાજને પણ મોટું સ્થાન મળવું જોઇએ. તેમના આ નિવેદનથી રાજ્યના રાજકારણમાં



કોળી સમાજને રાજકીય પ્રતિનિધિત્વ અને સત્તામાં વધુ સ્થાન આપવાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. બીજી તરફ કોળી સમાજના જ કેટલાક આગેવાનો વચ્ચે કુંવરજી બાવળિયાના રાજકીય ભવિષ્યને લઈને મતભેદ સામે આવ્યા છે ત્યારે સવાલ એ છે કે, પબુભાના નિવેદનને ભાજપના કોળી સમાજના ધારાસભ્યો કેવી રીતે જુએ છે ? શું તેઓ પણ સમાજમાંથી મુખ્યમંત્રી બનાવવાની માગ સાથે સહમત છે કે પછી મુખ્યમંત્રીપદનો નિર્ણય પાર્ટી પર છોડવો જોઇએ તેવું માને છે ?

દારૂ ભરેલી ગાડીઓ રોકતા હુમલાના પ્રયાસમાં પોલીસે માંડ માંડ જીવ બચાવ્યો

બનાસકાંઠામાં પોલીસની ટીમ પર બુટલેગરો દ્વારા હુમલો : ગાડી ચડાવી દેવાનો કર્યો પ્રયાસ

બુટલેગરો બેફામ બન્યા છે, SP-IGનો ખુલાસો કેમ માંગતા નથી : મેવાણીના પ્રહારો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

રાજસ્થાનથી બનાસકાંઠામાં દારૂની હેરાફેરી રોકવા માટે દરોડો પાડવા ગયેલી સ્ટેટ મોનિટરિંગ યુનિટ (SMC)ની ટીમ પર બુટલેગરોએ ગાડીઓ ચઢાવી દેવાનો ગંભીર પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. દારૂ ભરેલી અનેક વાહનોને રોકવાનો પ્રયાસ કરતા ચાલકોએ પોલીસ કર્મચારીઓ અને પંચોને ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચક્કાર મચી જવા પામી છે.

આ મામલે વડગામના કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આ ઘટનાને ગંભીર ગણાવીને બનાસકાંઠાના એસપી (SP) અને રેન્જ આઈજી (IG) સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માગ કરી છે. હાલ SMC દ્વારા આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિગ્નેશ મેવાણીએ આક્ષેપ કર્યો કે, બુટલેગરો ભયંકર બેફામ બન્યા છે. બનાસકાંઠામાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમ ઉપર બુટલેગરોએ હુમલો કર્યો. થોડાક દિવસ પૂર્વે આ જ બનાસકાંઠામાં બુટલેગરોએ બીએસએફ (BSF)ના જવાન ઉપર પણ હુમલો કર્યો હતો, છતાં એસપી કે આઈજીનો કોઈ ખુલાસો માંગવામાં આવ્યો નહીં કે



તેમની સામે કોઈ ઈન્કવાયરી ઓર્ડર કરવામાં આવી નહીં. મેવાણીએ આક્ષેપ કર્યો કે, બનાસકાંઠામાં બહેનો, દીકરીઓ અને માતાઓ સતત વિધવા બની રહી છે છતાં એસપી કે આઈજી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી; તમામ કાર્યવાહી માત્ર કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, પીએસઆઈ અને પીઆઈ સામે જ કરવામાં આવે છે. એનું જ પરિણામ છે કે ગઈકાલે રાત્રે દાંતીવાડામાં એસએમસીની ટીમ ઉપર બુટલેગરોએ હુમલો કર્યો અને ખેરાલુમાં એક ફોર્ચ્યુનર ગાડી દ્વારા બુટલેગરે સથવારા સમાજના એક વ્યક્તિ પર ગાડી ચઢાવીને તેમની હત્યા કરી નાખી. આ રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું છે કે નહીં ? તેમણે વધુમાં આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે, ગુજરાતના આઈપીએસ અધિકારીઓ, તમને શરમ આવી જોઈએ ! ચરસ, ગાંજા અને દારૂ-ડ્રગ્સની કમાણી કરનાર આવા સંતાનો જોઈને તમારા મા-બાપને પણ થતું હશે કે આવા સંતાનો અમારી કૂખે કેમ પેદા થયા ? કાલે જયારે તમારા દીકરા-દીકરીઓ મોટા થશે અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમને કહેશે કે, 'તારા બાપ પેલો દારૂ અને ડ્રગ્સમાંથી કમાણી કરનાર અધિકારી છે ને ?' ત્યારે તમને કેવું લાગશે ? હવે તો સુધરો ! છેલ્લા પાંચ વર્ષમાં કેટલાય પોલીસ કર્મચારીઓ પર બુટલેગરોએ હુમલા કર્યા છે. ગાંધી અને સરદારના આ ગુજરાતને પૈસાની હવસ માટે શા માટે બદનામ કરો છો ? તમને તમારા સરકારી પગારથી સંતોષ કેમ નથી ?" રાજસ્થાનના મેથીપુરા ગામે આવેલા પ્રદીપ મેવાડાના દારૂના ઠેકા પરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને કેટલીક ફોરવ્હીલ ગાડીઓ દાંતીવાડા થઈને ગુજરાતમાં પ્રવેશવાની છે તેવી બાતમી SMCને મળી હતી. આ ગાડીઓનું પાયલોટિંગ દાંતીવાડાના રામનગર ખાતે રહેતા ગુલાબસિંહ ઉર્ફે વાસુ વાઘેલા દ્વારા કાળા રંગની સ્કોર્પિયો કારથી કરવામાં આવી રહ્યું હતું. આ બાતમીના આધારે SMCના પીઆઈ પી.બી. જેબલિયા સહિતની ટીમે મારવાડા અને દાંતીવાડા વિસ્તારમાં સઘન વોચ ગોઠવી હતી. આ દરમિયાન સ્કોર્પિયોની પાછળ ઈનોવા અને બ્રેઝા સહિતની દારૂ ભરેલી ગાડીઓ કાફલા સાથે આવી પહોંચતા પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બુટલેગરોના ચાલકોએ પોલીસ કર્મચારીઓ અને પંચો પર સીધી ગાડીઓ ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસની કેટો કારને જોરદાર ટક્કર મારી હતી.



અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, ગાંધીનગરની SMC ટીમ બનાસકાંઠામાં આટલા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપવા માટે આવતી હોય, તો સ્થાનિક પોલીસ અને એલસીબી (LCB) ટીમ શું કરી રહી હતી ? તેને લઈને અનેક પ્રકારના ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

"ડ્રગ્સ મુક્ત ગુજરાત"ના લક્ષ્યને લઈ ૯૫૦થી વધુ NDPSના આરોપીઓને અપાઈ ચીમકી

અમદાવાદમાં ડ્રગ્સના આરોપીઓને પોલીસે કરાવી પરેડ : મંડપમાં લઈ જઈ કરી સર્વિસ

ફરી પકડાયા તો બુલડોઝર ફરશે : બેદરકાર PI સામે પણ થશે તવાઈ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં તાજેતરમાં જ ઝડપાયેલી ડ્રગ્સની ફેક્ટરી બાદ નશાના કાળા કારોબારને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે અમદાવાદ પોલીસ કડક બની છે. યુવા પેઢીને બરબાદીના રસ્તે ધકેલતા ડ્રગ્સ નેટવર્કને નાબૂદ કરવા મેગા ઓપરેશન હાથ ધરાયું છે. જે અંતર્ગત શહેરના વિવિધ પોલીસ સ્ટેશનો, ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને (SOG) અને એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) સહિતની એજન્સીઓના ચોપડે ચડેલા ૯૫૦થી વધુ NDPS (નાર્કોટિક્સ)ના આરોપીઓને શાહીબાગ સ્થિત પોલીસ હેડ ક્વાર્ટરના સ્ટેડિયમ ખાતે એકત્રિત કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બોલાવવામાં આવેલા આ ૯૫૦થી વધુ નશાના સોદાગરોમાં શહેરના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારના ૫૦૦ અને ક્રાઈમ બ્રાન્ચ, SOG તેમજ ANTFના ચોપડે નોંધાયેલા ૪૫૦ જેટલા આરોપીઓનો સમાવેશ થાય છે. સ્ટેડિયમના વિશાળ મેદાનમાં તમામ આરોપીઓને કતારબંધ બેસાડવામાં આવ્યા હતા. જોકે, આ કાર્યવાહીમાં સૌથી વધુ ચર્ચાસ્પદ દ્રશ્યો ત્યારે સર્જાયા જ્યારે આ ટોળામાંથી અનેક ગુનાઓમાં સંડોવાયેલા અને રીઢા ગુનેગારોને અલગ તારવવામાં આવ્યા. આ રીઢા આરોપીઓને મેદાનમાં જ બનાવવામાં આવેલા એક ખાસ બંધ મંડપની અંદર લઈ જવામાં આવ્યા હતા. આ ગુનેગારો જ્યારે બંધ મંડપમાં પ્રવેશ્યા ત્યારે તેમના ચહેરા પર કોઈ ડર નહોતો અને તેઓ હસતા મોઢે અંદર ગયા હતા, પરંતુ થોડી જ વારમાં જ્યારે તેઓ મંડપમાંથી બહાર નીકળ્યા ત્યારે લંગડા પગે ચાલતા જોવા મળ્યા હતા. જેના પરથી જણાઈ આવતું હતું કે મંડપમાં આરોપીઓની પોલીસ દ્વારા બરોબરની સર્વિસ કરવામાં આવી હતી. આ દરમિયાન JCPએ તમામ આરોપીઓને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે, હવે શહેરમાં ડ્રગ્સની



હેરાફેરી કે વેચાણ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈપણ આરોપી ફરીથી નશાના વેપારમાં સંડોવાયેલો જણાશે, તો તેની સામે માત્ર કેસ જ નહીં થાય પરંતુ તેના ગેરકાયદે મકાનો અને મિલકતો પર બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવશે. આ ઉપરાંત, આરોપીઓને એવી કડક કલમો હેઠળ જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે કે તેમને વર્ષો સુધી જામીન પણ નસીબ નહીં થાય. જેસીપીએ વધુમાં ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૮ સુધીમાં સમગ્ર ગુજરાતને સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત બનાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ડ્રગ્સ પેડલરો અને સપ્લાયરો સામે આ આક્રમક ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાનમાં માત્ર ગુનેગારો જ નહીં, પરંતુ પોલીસ તંત્રની જવાબદારી પણ નક્કી કરવામાં આવી છે. જેસીપીએ શહેરના તમામ પોલીસ ઈન્સ્પેક્ટરોને પણ કડક સૂચના આપી છે કે, જો કોઈપણ PIના વિસ્તારમાંથી ડ્રગ્સ વેચાતું પકડાશે કે નશાનું નેટવર્ક ચાલતું જણાશે, તો ગુનેગારોની સાથે-સાથે તે સંબંધિત PI સામે પણ કડક ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે.

૧૦ દિવસમાં બીજી વખત પથ્થરમારો

સુરતના સચિન નજીક વંદે ભારત ટ્રેન પર થયેલા પથ્થરમારાથી મુસાફરોમાં ફફડાટ !

● સી-૪ કોચના કાચ તૂટ્યા, સદ્દનસીબે મુસાફરોને ઈજા ન થઈ ● રેલવે અને આરપીએફએ તપાસ શરૂ કરી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૮

ગાંધીનગરથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેન પર સુરત અને નવસારી વચ્ચે આવેલા સચિન રેલવે સ્ટેશન નજીક અજાણ્યા શખ્સો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા પ્રવાસીઓમાં ભારે ડર અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. સી-૪ કોચની બારીનો બહારનો કાચ તૂટ્યો હતો. પરંતુ સદનસીબે કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી. દેશની અત્યાધુનિક ગણાતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર ગુજરાતમાં ફરી એકવાર પથ્થરમારાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માત્ર ૧૦ દિવસના ટૂંકા સમયગાળામાં બીજી વખત વંદે ભારત ટ્રેનને નિશાન બનાવવામાં આવતા મુસાફરોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે વંદે ભારત એક્સપ્રેસ સુરતથી નવસારી તરફ મંગળવારે તા.૧૭ નવેમ્બરના રોજ સાંજે અંદાજે પ:૨૩ વાગ્યાના સુમારેપસાર થઈ રહી હતી, તે દરમિયાન સચિન રેલવે સ્ટેશન પાસે કોઈ અજાણ્યા શખ્સે ચાલતી ટ્રેન પર પથ્થર ફેંક્યો હતો. પથ્થર ટ્રેનના સી-૪ કોચની બારી પર જોરથી અથડાતાં અંદર બેઠેલા મુસાફરો ગભરાઈને ચોંકી ઉઠ્યા હતા. આ પથ્થરમારાના કારણે સી -૪ કોચની બારીનો બહારનો કાચ તૂટ્યો હતો. જોકે, સદનસીબે બારીનો અંદરનો કાચ સંપૂર્ણપણે સુરક્ષિત રહેતા કોચમાં બેઠેલા કોઈ પણ મુસાફરને ઈજા પહોંચી ન હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. રેલવે તંત્ર દ્વારા આ મામલે સચિન પોલીસ સ્ટેશન અને આરપીએફ માં અજાણ્યા શખ્સ વિરુદ્ધ સત્તાવાર ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ચાલતી ટ્રેન પર પથ્થરમારો કરીને મુસાફરોના જીવ જોખમમાં મૂકનારા આવા અસામાજિક તત્ત્વોને વહેલી તકે ઝડપી પાડવા માટે રેલવે સુરક્ષા દળ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે.ખાસ કરીને દેશની ગૌરવ સમાન સેમી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનને જ વારંવાર કેમ નિશાન બનાવવામાં આવી રહી છે તે એક મોટો તપાસનો વિષય બન્યો છે.

વર્તમાન સંઘર્ષના મેદાનમાં લોકશાહી મૂલ્યોની રક્ષા અને ખેડૂતોના અધિકારનો અવાજ - ડો. સુનીલમ

ખેડૂત આંદોલનથી લઈને મતાધિકારના સંરક્ષણ સુધીની લડાઈમાં સક્રિય ડો. સુનીલમ સાથે વિશેષ મુલાકાત

દેશના સામાજિક, રાજકીય અને લોકશાહી આંદોલનોમાં કેટલાક એવા ચહેરા છે, જેમની ઓળખ કોઈ એક સંગઠન કે એક મુદ્દા પૂરતી મર્યાદિત નથી. ખેડૂતોના અધિકાર, લોકશાહીનું રક્ષણ, બંધારણીય મૂલ્યો અને સામાજિક ન્યાય જેવા પ્રશ્નો પર સતત સંઘર્ષ કરનારા ડો. સુનીલમ આવું જ એક નામ છે. સંયુક્ત કિસાન મોરચાના માધ્યમથી દેશના ૫૫૦ જેટલા ખેડૂત સંગઠનોને એક મંચ પર લાવવાના પ્રયાસોથી લઈને મતાધિકારના રક્ષણ માટેની લડાઈ સુધી તેઓ સક્રિય છે. તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા સુનીલમ સાથે થયેલી વાતચીતમાં દેશના વર્તમાન રાજકીય સંજોગો, ખેડૂત આંદોલન, SIRની પ્રક્રિયા, વૈકલ્પિક મીડિયા અને સામાજિક સંગઠનોની ભૂમિકા સહિતના અનેક મહત્ત્વના મુદ્દાઓ પર તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

૩૮૦ દિવસનું ખેડૂત આંદોલન : સામૂહિક નેતૃત્વની તાકાત : ડો. સુનીલમ કહે છે કે, હાલમાં તેમની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ સંયુક્ત કિસાન મોરચા સાથે જોડાયેલી છે. આશરે ૫૫૦ ખેડૂત સંગઠનોનું આ સંયુક્ત મંચ કોરોના કાળ દરમિયાન ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં ઊભું થયું હતું. દિલ્હીની સરહદો પર ચાલેલું ૩૮૦ દિવસનું આંદોલન માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વ માટે લોકશાહી ઢબે ચાલતા જનઆંદોલનનું ઉદાહરણ બન્યું હતું. આ આંદોલન દરમિયાન ૭૫૦ જેટલા ખેડૂતોનાં મૃત્યુ થયાં હતાં. તેમ છતાં આંદોલનનું સામૂહિક નેતૃત્વ, સંગઠનશક્તિ અને શાંતિપૂર્ણ સંઘર્ષ તેની સૌથી મોટી તાકાત બની રહ્યાં. ભગતસિંહ અને બાબાસાહેબ આંબેડકરના વિચારોને પ્રેરણારૂપ રાખીને ગાંધીવાદી પદ્ધતિથી ચાલેલા આંદોલને હિંસાને કોઈ સ્થાન આપ્યું નહોતું. આંદોલનને ખાલિસ્તાની કે વિદેશી ભંડોળથી ચાલતું ગણાવવાના પ્રયાસોનો પણ સંગઠિત રીતે જવાબ આપવામાં આવ્યો હતો. ૨૬ જાન્યુઆરીની લાલકિલ્લાની ઘટનાથી આંદોલનને અલગ રાખવાની ભૂમિકા પણ સ્પષ્ટ કરવામાં આવી હતી. સરકાર સાથેની સમજૂતી અને ૯ ડિસેમ્બર, ૨૦૨૧ના લેખિત આશ્વાસન છતાં ખેડૂતોની મુખ્ય માગણીઓ પૂરી થઈ નથી. તેથી સંઘર્ષ આજે પણ ચાલુ છે.

MSPની કાનૂની ગેરંટી વિના ખેડૂતોને ન્યાય નહીં : ખેડૂતોના પ્રશ્ને ડો. સુનીલમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે, માત્ર ટેકાના ભાવ જાહેર કરવાથી ખેડૂતોની સમસ્યા ઉકેલાતી નથી. ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોની ખરીદી માટે કાનૂની ગેરંટી મળવી જોઈએ. સ્વામીનાથન આયોગની ભલામણ મુજબ C2 ખર્ચના દોઢ ગણા એટલે કે C2+50 ટકાના આધારે ભાવ નક્કી થવા જોઈએ. તેમાં જમીન અને અન્ય મૂડીનું વ્યાજ, ખેતીનાં સાધનોના ઘસારા સહિતના વાસ્તવિક ખર્ચનો પણ સમાવેશ થવો જોઈએ. આ માગણીને લઈને ૨૬ નવેમ્બરે દેશવ્યાપી કાર્યક્રમની તૈયારી ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમના મતે ખેડૂતોની આવક અને ખેતીની આર્થિક સુરક્ષાનો પ્રશ્ન દેશની અર્થવ્યવસ્થા સાથે સીધો જોડાયેલો છે.

SIR સામેની લડાઈ માત્ર મતદાર યાદીનો પ્રશ્ન નથી : વાતચીત દરમિયાન ડો. સુનીલમે SIRની પ્રક્રિયા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમના મતે આ લડાઈ માત્ર મતદાર યાદીમાં નામ ઉમેરવા કે કાપવાનો મુદ્દો નથી, પરંતુ નાગરિકોના બંધારણીય મતાધિકારને સુરક્ષિત રાખવાનો પ્રશ્ન છે. તેમણે જણાવ્યું કે, આ મુદ્દે વિવિધ રાજકીય પક્ષો, ખેડૂત સંગઠનો, શ્રમિક સંગઠનો, યુવા સંગઠનો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓને એક મંચ પર લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ૧૪ ઓક્ટોબરે દિલ્હીના સુરજીત ભવનમાં મળેલી બેઠકમાં આશરે ૧૫૦ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાયા હતા. પ્રશાંત ભૂષણ અને પ્રકાશ રાજ સહિતના જાણીતા



સામાજિક કાર્યકરોની હાજરીએ આ પ્રયાસને વ્યાપકતા આપી હતી. તેમના જણાવ્યા અનુસાર આ સંયુક્ત મંચનું નામ 'પીપલ્સ અગેન્સ્ટ' રાખવામાં આવ્યું છે. આ મંચની મુખ્ય માગણી SIRની પ્રક્રિયા રદ કરવાની, મતાધિકારથી વંચિત થયેલા લોકોનાં નામ ફરીથી મતદાર યાદીમાં સામેલ કરવાની અને લોકશાહી પ્રક્રિયાની વિશ્વસનિયતા જાળવવાની છે. તેમણે ૨૬ નવેમ્બરના બંધારણ દિવસને લોકશાહી અને મતાધિકારના રક્ષણના દિવસ તરીકે ઉજવવા દેશવ્યાપી કાર્યક્રમની વાત પણ કરી હતી.

RSSની નોંધણી અને ભંડોળની તપાસનો પ્રશ્ન : ડો. સુનીલમની ગુજરાત મુલાકાતનો બીજો મહત્ત્વનો હેતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની નોંધણી અને તેના ભંડોળના વ્યવહારો અંગે જાહેર ચર્ચા ઊભી કરવાનો છે. તેમનો સવાલ છે કે, જ્યારે દેશની અનેક સંસ્થાઓ માટે નોંધણી અને નાણાકીય પારદર્શિતા જરૂરી છે, ત્યારે આટલી મોટી પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થા માટે પણ નોંધણી અને ભંડોળની તપાસનો પ્રશ્ન કેમ ન ઊઠવો જોઈએ ? આ મુદ્દે સમાજવાદી સમાગમ અને નાગરિક સમાજના અન્ય સંગઠનો સાથે મળીને ચર્ચા અને કાર્યક્રમો યોજવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. ગુજરાતમાં પણ આ વિચારને આગળ વધારવા વિવિધ સંગઠનો અને સામાજિક કાર્યકરો સાથે વાતચીત કરવામાં આવી રહી છે.

મતદાર યાદીમાં ગરબડ, ચૂંટણી પ્રક્રિયા અને પારદર્શિતા : ફોર્મ ૬ અને ફોર્મ ૭ના દુરૂપયોગના ગંભીર આરોપો કરતાં તેમણે જણાવ્યું હતું કે, દેશભરમાં ફોર્મ ૬ (નવું નામ જોડવા બાબત)ની પ્રક્રિયામાં થયેલી અનિયમિતતાઓની જવાબદારી કોઈ લેવા તૈયાર નથી, તેથી તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. ફોર્મ ૭ (નામ કમી કરવા બાબત)નો મોટાપાયે દુરૂપયોગ કરવામાં આવ્યો છે. કર્ણાટકના ગુલબર્ગા બેઠકનું ઉદાહરણ આપતા જણાવવામાં આવ્યું કે, ત્યાં ફોર્મ ૭ દ્વારા એકસાથે ૧૦,૦૦૦ વોટ કઢાવી લેવામાં આવ્યા હતા. SIT તપાસમાં એ પણ સામે આવ્યું કે વિરોધી ઉમેદવારે કોલ સેન્ટર દ્વારા માત્ર ૫૦ રૂપિયા પ્રતિ ઈમેલ ખર્ચીને આ ગેરરીતિ આચરી હતી. આ ઉપરાંત, કર્ણાટકમાં ભાજપના ૧૦ જિલ્લા કાર્યાલયોમાંથી મોકલવામાં આવેલા આશરે ૬૦૨ લાખ શંકાસ્પદ ફોર્મ પણ પકડાયા હતા.

પારદર્શિતા અને સાર્વજનિક સૂચિની માંગ : જે લોકોના નામ મતદાર યાદીમાંથી કાપવામાં આવ્યા છે, તેમની એક સાર્વજનિક સૂચિ (Public List) જાહેર થવી જોઈએ. આ યાદીમાં એ સ્પષ્ટ હોવું જોઈએ કે કોનું નામ કપાયું છે અને કોના કહેવાથી કે કયા આદેશથી કપાયું છે, જેથી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે.

ચૂંટણી પંચની નિમણૂક અને SIR પ્રક્રિયા પર પ્રશ્નો : વિશેષ પુનરીક્ષણ (SIR) અને ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા ડો. સુનીલમ દ્વારા એવું તારણ રજૂ કરાયું છે કે, ત્રણેય ચૂંટણી કમિશનરની નિમણૂક પ્રક્રિયા સામે જ ગંભીર સવાલો છે. જો તે નિમણૂકો પ્રક્રિયાગત રીતે અયોગ્ય ઠરે, તો તેના દ્વારા લેવાયેલા નિર્ણયો પણ પ્રશ્નાર્થ બની જાય છે.

ન્યાયપાલિકાની ભૂમિકા અને રાજકીય સ્થિતિ : સુપ્રીમ કોર્ટની કામગીરી અને રાજકીય હિલચાલ પર ટિપ્પણી કરતા તેમણે જણાવ્યું કે, મહારાષ્ટ્રની રાજનીતિ (પક્ષોમાં ભાગલા અને ચૂંટણી ચિહ્નો છીનવાયાની ઘટનાઓ) અને ધારાસભ્યોની ખરીદ-વેચાણ જેવા મામલાઓમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી લાંબી ચાલવાને કારણે ખુલ્લેઆમ લોકશાહીના ધોરણો જોખમાયા છે, જ્યારે બીજી બાજુ સરકારો અને પક્ષો પોતાના નિર્ણયો અમલમાં મૂકી દે છે.

વર્તમાન વિપક્ષી આંદોલન અને રાજકીય પરિપ્રેક્ષ્ય : વર્તમાન રાજકીય ઘટનાક્રમમાં એ બાબત પણ નોંધપાત્ર રહી કે 'જેન-જી' (Gen-Z) આંદોલન દરમિયાન સમગ્ર વિપક્ષ એક થઈને સીધો સરકાર/વડાપ્રધાનના દરવાજા સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો, જે બદલાતા રાજકીય સમીકરણો દર્શાવે છે.

વૈકલ્પિક મીડિયાએ સ્થાપિત માધ્યમોની એકાધિકારશાહી તોડી : મુલાકાત દરમિયાન વૈકલ્પિક મીડિયા અંગેનો તેમનો અભિપ્રાય પણ નોંધપાત્ર હતો. ડો. સુનીલમ માને છે કે, ખેડૂત આંદોલને સાબિત કર્યું કે, જનતાનો અવાજ પહોંચાડવા માટે માત્ર મોટા કોર્પોરેટ મીડિયા પર આધાર રાખવાની જરૂર નથી. સોશિયલ મીડિયા અને સ્વતંત્ર ડિજિટલ માધ્યમોએ આંદોલનની સાચી વાત દેશના લોકો સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે, એક સમય હતો જ્યારે લોકો ટેલિવિઝન ચેનલો દ્વારા નક્કી કરવામાં આવતી ચર્ચાઓ અને સમાચારો પર આધાર રાખતા હતા. આજે લોકો પાસે પોતાની પસંદગીના માધ્યમો છે. યુટ્યુબ અને ડિજિટલ પ્લેટફોર્મના કારણે ગામડાંમાંથી પણ પ્રતિભાશાળી પત્રકારો અને નવા અવાજો બહાર આવી રહ્યા છે. તેમના મતે હવે કોઈ એક માધ્યમ દેશનો જનમત નક્કી કરી શકે તેવી સ્થિતિ રહી નથી. સામાન્ય માણસના હાથમાં રહેલો મોબાઈલ પણ લોકશાહી અભિવ્યક્તિનું શક્તિશાળી સાધન બની ગયો છે.

ગુજરાતના મીડિયાની કામગીરી અંગે આશ્ચર્ય અને પ્રશંસા : ગુજરાતની મુલાકાત દરમિયાન ગુજરાત ટુડે અખબારની ૩૫ વર્ષની સફર અંગે વાત કરતાં તેમણે આશ્ચર્ય અને પ્રશંસા બંને વ્યક્ત કરી હતી. ગુજરાત જેવા રાજકીય અને સામાજિક રીતે પડકારજનક વાતાવરણમાં વૈકલ્પિક પત્રકારત્વની વિશ્વસનિયતા જાળવી રાખવી એ સરળ કામ નથી, તેમ તેમણે જણાવ્યું હતું. તેમના મતે કોઈપણ આંદોલન કે સંસ્થાની સફળતા પાછળ માત્ર વ્યક્તિગત હિંમત નહીં, પરંતુ સામૂહિક સંકલ્પ અને સતત કામ કરવાની તૈયારી જરૂરી છે. સંજોગો ગમે તેટલા મુશ્કેલ હોય, પરંતુ લોકો સંગઠિત થાય અને પોતાના વિચારો પ્રત્યે પ્રતિબદ્ધ રહે તો પરિવર્તન શક્ય બને છે.

સંઘર્ષનો માર્ગ હજુ લાંબો છે : ડો. સુનીલમ સાથેની આ વાતચીતમાંથી એક બાબત